


પાટણ
ઈડર
ઊંઝા
મહેસાણા
હિંમતનગર
અમદાવાદ

# સાધુતાની પગદંડી

પુસ્તક ત્રીજું

(સન ૧૯૪૯ના જૂનથી માંડીને ૩૧ માર્ચ ૧૯૫૧ સુધીનો
સમયગાળો આ ડાયરીમાં આવરી લીધો છે.)

મણિભાઈ બાપુભાઈ પટેલ

: સંપાદક :
મનુ પંડિત

: પ્રકાશક :
**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

પ્રકાશક :
**મનુ પંડિત**
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

❀

નકલ : એક હજાર

❀

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭

❀

ચૈત્ર સુદ એકમ, ગૂડી પડવો
તા. ૮-૪-૧૯૯૭
મુનિશ્રીની ૧૫મી નિર્વાણ તિથિ

❀

**કિંમત : રૂપિયા ચાલીસ**

❀

: મુદ્રક :
**પૂજા ગ્રાફીક્સ,** બી. જી. ટાવર, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# પ્રસ્તાવના

## સત્ય-પ્રેમ અને ન્યાયરૂપી સર્વવ્યાપી ઈશ્વરની શોધયાત્રા

સાધુતાની પગદંડી-ના આ પહેલાં બે ભાગ અમે પ્રગટ કરી ચૂક્યા છીએ. પ્રથમ ભાગમાં ૧૯૪૬ અને ૧૯૪૭નો સમયગાળો આવે છે. બીજા ભાગમાં ૧૯૪૫નું વિરમગામનું ચાતુર્માસ તથા (તા. ૩૦-૧૧-૧૯૪૭ થી ૧૮-૧૨-૧૯૪૮) સુધીનો સમયગાળો આવરી લેવામાં આવ્યો છે.

આ ત્રીજો ભાગ સંવત ૨૦૦૫નું ચાતુર્માસ ગૂંદી ગામમાં થયેલ ત્યાંથી શરૂ થાય છે. ગૂંદી એ મુનિશ્રીની પ્રવૃત્તિઓનું ત્યારપછી મુખ્ય કેન્દ્ર બની રહે છે. એ રીતે ૧૯૪૯ના જૂનથી માંડીને ૩૧ માર્ચ ૧૯૫૧ સુધી બનાસકાંઠાનો પ્રવાસ પૂરો કરે છે. એ ગાળાને અહીં આવરી લેવામાં આવ્યો છે.

ગૂંદીના ચાતુર્માસ પૂરા કરી તેમણે ભાલના ગામડાંમાં પોતાનો વિહાર શરૂ કર્યો. પ્રથમ મુકામ વેજળકા ગામે હતો ત્યાં જાહેરસભામાં કહે છે :

'માણસનું શરીર મળે તેટલાથી માણસ બનતો નથી. જેમ પાણી છે, તે સાચું ત્યારે કહેવાય કે તેનાથી તૃષા છીપે... આપણને ખોળિયું માણસનું મળ્યું છે, પણ અંદર જાનવર હશે તો માણસ નહીં કહી શકાય. માણસાઈ આવે ત્યારે જ તે માણસ કહેવાય' (પા. ૧).

મનુષ્ય યોનિમાં જન્મ લેવા માત્રથી મનુષ્ય થવાતું નથી. માટે જ માનવની તાલીમ-કહો કે સાધનાનું મહત્ત્વ છે. આ મનુષ્યત્વની સાધના આપણા દેશની પરંપરામાં સાચા સાધુ-સંતો-પોતાના સમદરશી અંતઃકરણથી કરતા આવ્યા છે, અને માનવોને ઘડતા આવ્યા છે. આ ડાયરીમાં પણ એનાં સુંદર ચિત્રો ઠેકઠેકાણે જોવા મળે છે.

છેવટે તો માનવે દિવ્યતા પ્રાપ્ત કરવાની છે. ત્યારે મનુષ્યજન્મની કૃતાર્થતા કહેવાય, પરંતુ જ્યાં મનુષ્યત્વ જ નથી પેદા થયું, ખીલ્યું નથી, ત્યાં દેવત્વની ક્યાં વાત કરવી ? એ માટે તેઓ સમજાવે છે કે માણસ બીજાને કેટલો ઉપયોગી થાય છે, અને તે કેટલો સદ્‌ગુણી બન્યો છે એનાથી માણસાઈનું માપ કાઢી શકાય.

આ અંગે તેઓ વિવિધ દૃષ્ટાંતો અને બોધકથાઓથી સમજાવે છે. તેમાં આપણી પ્રાચીન સંસ્કૃતિનાં મૂલ્યોને પણ જાગ્રત કરે છે. એક ઠેકાણે-**'સદાવ્રત'**નું મહત્ત્વ સમજાવતાં કહે છે : 'તમે એ શબ્દ ઉપર વિચાર કરો - અહીં રોજે રોજ પાળવાના વ્રતની વાત છે. કાયમી વ્રતની વાત છે, કોઈ સારા સંકલ્પની વાત છે' અને પછી કહે છે કે સારી વાતનો સંકલ્પ રોજેરોજ કરવો જોઈએ.

ઘણી વખત સંકલ્પ લેવાનું મન થાય છે, પણ અંદરથી બળ મળતું નથી. ત્યારે આપણા સાધુ-સંતો-ના પ્રત્યક્ષ સહવાસથી એ બળ અંદરથી જોર કરીને ફૂટી નીકળે છે, જેમ વરસાદ આવતાં વરાપ આવે, અને બીજ તૈયાર હોય તો ફૂટી નીકળે તેમ આવી હૃદયધરતીમાં કેટલાંક બીજ ત્વરિત પ્રગટી ઊઠે છે. અગાઉની બંને ડાયરીઓમાં આપણે નોંધ્યું છે કે મહારાજશ્રીએ ગામેગામ ફરીને સેંકડો લોકોને સમજાવી, વ્યસનમુક્તિથી છોડાવ્યા છે. પોતાની જાતને શુદ્ધ કરવી, ઇંદ્રિયોના ખેંચાણથી મોહિત ન થઈ જતાં, ઇંદ્રિયો પર કાબૂ ધરાવવો - તેમાં સંકલ્પો અને વ્રતો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ગ્રંથમાં પણ ભાલના ગામડાંમાં તો ખરા જ, પણ બનાસકાંઠાના ગામોમાં પણ ઘણા લોકોએ મુનિશ્રી આગળ વ્યસનમુક્તિ - શરાબ, ચા, માંસ-માટી વગેરેની પ્રતિજ્ઞાઓ લીધી છે.

મુનિશ્રીની લોકકેળવણીની આખી પદ્ધતિ તેમની આ વિહારયાત્રામાંથી આપણે જોઈ શકીએ છીએ. ગૂંદી આશ્રમમાં ખેડૂતોનો અઠવાડિક વર્ગ રાખ્યો હતો. પ્રથમ જ વર્ગ હતો. ખેડૂતો ચા-તમાકુ, બીડી વગેરેના વ્યસની પણ હતા, છતાં તેમને વર્ગમાં તાલીમ મળી. તેમનો મુખ્ય આશય હતો કે, ખેડૂત જો દેશ અને દુનિયાના પ્રશ્નો જાતે સમજતો નહીં થાય તો ખેતીમાં ગમે તેટલો શ્રમ કરશે, ભોગ આપશે, પણ જ્ઞાન વિના જીવન ઉન્નત બનાવી નહીં શકે.

આવા ઘડતર માટે તેમની આ પ્રદેશની વિહારયાત્રા સતત ચાલુ જ રહેતી.

તેમની લોકઘડતરની એક ચોક્કસ પ્રકારની પરિપાટી હતી. માનવના પરિવર્તન માટે તેના હૃદયનો આંતરસ્પર્શ થવો જોઈએ. એનો અર્થ એ કે વ્યક્તિગત સંપર્ક રહેવો જોઈએ. મહારાજશ્રીનો વ્યક્તિગત સંપર્ક અસાધારણ રહેતો, વિહારમાં ગામે ગામ-અનેક લોકઆગેવાનોને પ્રત્યક્ષ રીતે તેઓ ઓળખતા.

આ વિહારયાત્રામાં તેમણે બે પ્રશ્નને મુખ્ય બનાવ્યા છે : **કંટ્રોલ કાઢવા.** પણ સંત કેવળ નકારાત્મક લડાઈ કેવી રીતે આપી શકે. ગાંધીજીએ પ્રજાને અસહકારનો મંત્ર આપ્યો, તો સાથે અઢારવિધ રચનાત્મક કાર્યો પણ આપ્યાં. તેમ મહારાજશ્રીએ સમજાવ્યું કે - કંટ્રોલનું અનિષ્ટ જરૂર છે, પણ તે કાઢવું હોય તો આપણે સ્વયં

આપણી જાત ઉપર નિયંત્રણ મૂકવું જોઈએ. અને એ માટે ખેડૂતોનું સંગઠન જરૂરી છે. ગામડાના ઉદ્ધારમાં જ દેશના ઉદ્ધારની ચાવી છે, એવા **ગામડાનું સંગઠન** થવું જોઈએ. તેથી ગામેગામ ખેડૂતો, મંડળના સભ્ય બને, સ્વેચ્છાએ સભ્ય બને - એ જાતની સમજૂતી આપે છે. ખેડૂતમંડળના પાયામાં નૈતિકતા રહેલી છે. તેઓ કહે છે : કોઈપણ સંસ્થાના પાયામાં સર્વજન હિતનો ખ્યાલ નહીં હોય, તો તે મંડળનું નૈતિક બળ પૂરેપૂરું નહીં ખીલી શકે... દરેક જણ એકબીજા માટે ઘસાઈ છૂટે તો જ તેમાંથી ત્યાગ અને સહકાર આવશે' (પા. ૪૧).

વ્યક્તિગત સ્પર્શ થયા પછી તેઓ સમૂહને લે છે. એ માટે શિબિરો, સંમેલનો અને વર્ગો ચલાવે છે. કેટલીક વખત મોટા પાયે સંમેલનોની ભલામણ કરે છે. જ્યાં આખા સમૂહને સ્પર્શતો પ્રશ્ન હોય ત્યાં સંમેલન સિવાય સુધારનો માર્ગ જ નથી.

સંવત ૧૯૯૫માં માણકોલમાં પ્રથમ લોકપાલ સંમેલન યોજી એ કોમના સામાજિક સુધારાના શ્રીગણેશ માંડ્યા હતા. હવે એ સુધારાઓ પણ ઢીલા થતા જતા હતા. વળી ખેડૂત સંમેલનની વાત પણ સમજાવવી હતી તેથી ૫૬ ગામના આગેવાનોનું એક સંમેલન માણકોલમાં મળે છે. આ સંમેલનની વિશેષતા વર્ણવતાં મહારાજશ્રી પોતે નોંધે છે : 'આ સંમેલનની વિશેષતા એ હતી કે બહેનોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી, અને ઉત્સવનું રૂપ સહેજે મળી ગયું હતું' (પા. ૧૬).

કોઈપણ સુધારો માનવજાતની અડધી સંખ્યા—સ્ત્રી સુધારણા ઉપર આધાર રાખે છે. સમાજની પ્રગતિનું માપ સ્ત્રી-સન્માન કે સ્ત્રી-વહેવારથી મપાવું જોઈએ. મહારાજશ્રી સ્ત્રી-પુરુષનાં બંને પલ્લાંને સરખાં ઘડતા જાય છે.

નાનાં સંમેલનો તો આ ગાળા દરમિયાન અને ત્યારપછી પણ અખંડ રીતે આપણને જોવા મળે છે. એ સિલસિલો બનાસકાંઠામાં પણ ચાલુ રહ્યો છે.

ભારતના ગણતંત્રદિન ૨૫-૨૬ જાન્યુઆરીએ આદરોડામાં શ્રી રવિશંકર મહારાજના પ્રમુખપદે મળેલું ખેડૂતોનું સંમેલન, આ ડાયરીનું પણ એક સંભારણું બની રહે છે.

રવિશંકર મહારાજ પોતાની તળપદી ગામઠી ભાષામાં સમજાવે છે : આપણે આટલા બધા ઘઉં અને ડાંગર પકવીએ છીએ છતાં મોઢા ઉપર તેજ નથી, દેવામાંથી મુક્ત નથી, આનું કારણ શોધવા અને ઉપાય કરવા આપણે ભેગા મળીએ છીએ (પા. ૧૦૫).

મુનિશ્રીના આગમન પૂર્વે આ પ્રદેશનો એક મુખ્ય સવાલ હતો 'ઢોરચોરીનો'. વાહણ પગી મુનિશ્રીના સંપર્કમાં આવ્યો, તેણે સંતને ચરણે લીંબડીની જાહેરસભામાં

પોતાની જાત સમર્પિત કરી, તેની જ્ઞાતિના સુધારણામાં પહેલ કરવા લાગ્યો. મુનિશ્રીનો સંપર્ક સતત રહેતો. આનો ઉપયોગ કરી તેણે પોતાના વતન-પાણીસણામાં તા. ૪-૫-૫૦ ના રોજ મોટું સંમેલન રાખ્યું હતું. આ એક મહત્ત્વનું પગલું ગણી શકાય, સંમેલન–ચોરી, લૂંટ, શિકાર, પરસ્ત્રીહરણ અને વ્યસનોથી મુક્ત રહેવા અંગેના ઠરાવ કર્યા હતા. જેમની મથરાવટી જ ધાડપાડુ કે ચોર-લૂંટારા તરીકેની મેલી છે, તેમની પાસે આવું કામ લેવું કેટલું વસમું હોય છે, એ તો જે એ કોમમાં કામ કરે એને જ સમજાય !

આવી જ બીજી કોમ ખમીરવંતી શ્રમજીવી પઢારની છે. ધરજી ગામમાં પઢારોનું મોટું સંમેલન ભરાયું. મણિભાઈ પઢારોની ભક્તિને આ પ્રમાણે નોંધે છે : મહારાજશ્રી પ્રત્યેની ભક્તિ એવી કે મહારાજ એમના ગામમાં રહે ત્યાં સુધી કોઈ માંસાહાર ન કરે. (પા. ૩૮) સંમેલનમાં એમના મતભેદના મુદ્દા ચર્ચાયા અને સમજાવટથી તેનું નિરાકરણ કરવામાં આવ્યું.

સંતોનું કામ જ એ છે કે જ્યાં હૃદય ભાંગ્યાં, મતભેદ પડ્યા, તેનું સમાધાન કે સંધાનમાં ઉપયોગી થઈ પડવું.

આ ડાયરીમાં મુનિશ્રીના જીવનની ઘટનાઓનાં કેટલાંક મહત્ત્વનાં પાસાં જોવા મળે છે. એમાં અત્યંત કરુણ અને ઘાતકી રીતે થયેલ કાળુ પટેલનું ખૂન. કાળુ પટેલ મુનિશ્રીની પ્રવૃત્તિઓના સ્તંભરૂપ હતા. ગૂંદી આશ્રમમાં જલસહાયક સમિતિની બેઠકમાં હાજરી આપીને સ્ટેશને જાય છે, ત્યાં આશ્રમના લગભગ પરિસરમાં જ તેમનું ખૂન થાય છે. સમગ્ર માનવતાનો આ કારમો અને કરુણ ઘા હતો. તેની વ્યથા મુનિશ્રીને કેટલી પહોંચી હશે તે વાચક સમજી શકશે.

કાળુ પટેલનું તેમને હાથે ઊતરી આવેલ રેખાચિત્ર, તેમના માનવ પારખુ સ્વભાવનો એક ઉત્તમ નમૂનો છે : તેઓ કહે છે :

'એ ગીતાનો પૂર્ણ ક્ષત્રિય ભલે ન હોય પણ આ પ્રદેશના મારા અનુભવમાં સૌથી વધુ ક્ષાત્રતેજ મેં એ મરદમાં ભાળ્યું હતું. જેમણે ખૂન કર્યું એવા કૈંકને આંખના ડોળામાત્રથી ધ્રુજાવનાર એમની કોમના બે માણસોથી આમ મરે ખરો ?... કેવું એ મૃત્યુ ? અનેક સેવક-સેવિકાઓ એને અંત વખતે સાંપડે છે. એના હાથને એના શ્રદ્ધાપાત્રે પોતાના હાથમાં લીધો છે અને નાડ બંધ થવા માંડે છે' (પા. ૧૭૧).

મુનિશ્રીની પ્રવૃત્તિઓના પાયામાં કેટલાંક વીર બલિદાનો દેવાયાં છે, તેનો પ્રારંભ આ ભડવીરથી થયો. રવિશંકર મહારાજ અને સંતબાલજીની હાજરીમાં ખૂનીઓ હથિયાર, લૂગડાં વ. સોંપી ખૂનનો એકરાર કરે છે. પાછળથી કોર્ટમાં ફરી જઈ

નિર્દોષ છૂટી જાય છે. આ ન્યાયના નાટકરૂપ ભજવાયેલ આખો પ્રસંગ બંને સંત પુરુષોને ભારે આઘાત પહોંચાડે છે. તેમને સજા કરાવવા નહીં, પણ અદાલતોમાંથી લોકવિશ્વાસ ઊઠી જશે તો આ એકમાત્ર શ્રદ્ધા કેન્દ્ર પણ તૂટી પડશે માટે.

અદાલતોમાં સાક્ષીને ઈશ્વરના નામના સોગંદ લેવાના હોય છે. મહારાજશ્રી જે રીતે આ પ્રતિજ્ઞા ઉચ્ચારે છે તેમાં તેઓ કયા ઈશ્વરને માને છે તેનું દર્શન થાય છે. તેઓ કહે છે : 'સત્ય પ્રેમ અને ન્યાય માથે રાખીને, જે પૂછશો તે બોલીશ. (તા. ૧૨-૧૨-૫૦)

કાળુ પટેલ ખૂન કેસમાં સાક્ષી આપવા આવે છે ત્યારે એકાદ માસ તેઓ અમદાવાદમાં ગાળે છે, તેનો લાભ અમદાવાદના શાણા નગરજનો અને સંસ્થાઓ જે રીતે લે છે તે જોઈને આશ્ચર્યમુગ્ધ થઈ જવાય છે. અહીં પીઢ મજૂરનેતા શંકરલાલ બૅંકર અને અનસૂયાબહેન સાથે કંટ્રોલ અંગે ચર્ચા કરે છે. આ દૂષણથી પ્રજાને કેવી રીતે મુક્ત કરવી, તેમાં તેઓ ઘણાનાં સલાહ સૂચનો સ્વીકારે છે. રોજરોજ જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ કાર્યકર્તાઓની મુલાકાતનો દોર ચાલુ જ હોય છે.

ઢાળની પોળમાં વિદ્યાર્થી શહીદ રસિકના ઘરે તેનાં માતાપિતાને આશ્વાસનાર્થે જાય છે. ત્યારે ત્યાં એકઠા થયેલા સમૂહને કહે છે : શહીદ થયેલ વ્યક્તિના કોઈ ને કોઈ ગુણ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ એ જ તેનું સાચું સ્મરણ છે. વીરની પૂજા સ્વાર્પણથી જ થાય. (૧૦-૧૨-૫૦)

એ દિવસોમાં પંડિત સુખલાલજી, પં. લાલન, પં. બહેચદાસજી જેવા વિદ્વાન જૈન અગ્રણીઓની તો મુલાકાત થાય છે, પરંતુ અન્ય સંપ્રદાયના સાધુઓ અને જનતાના બધા વર્ગોનાં મિલન ગોઠવાય છે. કોંગ્રેસ સમિતિઓ, ઈશ્વર પ્રાર્થના સમાજ, બાલસંરક્ષણ ગૃહ, મજૂર મહાજન, ગૂજરાત વિદ્યાપીઠ, ગાંધી આશ્રમ, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ, ચી. ના. વિદ્યાવિહાર—આ રીતે ધાર્મિક, શૈક્ષણિક, રાજકીય અને દલિત વર્ગની સંસ્થાઓની મુલાકાત લઈ પ્રજાને લાભ આપે છે. વધારામાં અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં જાહેરસભા યોજાઈ, તેમાં સૌ નાગરિકોને મળવાની તક મળી રહે છે. આમ બાલમંદિરથી માંડીને મહાવિદ્યાલય અને મજૂર મહાજનથી માંડી મિલલત્તાઓ સુધી એકધારું મિલન રહે છે.

આ ડાયરીના ગાળા દરમિયાન બે વિદેશી મહિલાઓની મુલાકાત પણ નોંધપાત્ર છે. સાણંદ તાલુકાના ચરણ ગામમાં (૧૨-૧-૫૦) એક અમેરિકન દંપતી-જ્યાં ગાંધી આંદોલન અને બ્રિટિશ સંસ્કૃતિની અસર પ્રવેશી ન હોય તેવા ગામડામાં

અભ્યાસ કરવા આવે છે. મહારાજશ્રી તેમની આ સંશોધનવૃત્તિને વખાણતાં કહે છે : આવું સંશોધન કેટલી તપશ્ચર્યા અને આત્મભોગ માગે છે ? (પા. ૧૮)

અમદાવાદની મુલાકાતમાં કુ. એલિઝાબેથની મુલાકાતનો અહેવાલ આ પ્રમાણે છે :

મહારાજશ્રી : 'ભારતમાં આવીને આપે અમંગલ શું જોયું ?' તેનો જવાબ મળ્યા પછી બીજો પ્રશ્ન કરે છે : 'ત્યારે મંગલ શું જોયું ?'

પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે તેઓ આ દેશની સંસ્કૃતિના હાર્દને-ફકીરી, ઉચ્ચજીવન અને દિવ્ય વિચારો એ અહીંનું ઉચ્ચ જીવન છે એમ કહીને મનુષ્યે કેવળ બાહ્ય વિકાસ નહીં, આંતર વિકાસ સાધવો, એને અહીંનું મુખ્ય લક્ષણ ગણાવે છે.

આ ડાયરીનું એક રસિક પાસું મુનિશ્રી સંતબાલજી અને રવિશંકર મહારાજનું સામિપ્ય, સહવાસ અને સહપ્રવાસ નોંધપાત્ર છે. ભાલના ખેડૂતોએ બનાસકાંઠાને ઘઉંનું બી, ખરા ટાણે પૂરું પાડ્યું તેનો ઋણ સ્વીકાર ખેડૂતોના મિલનોમાં જોઈ શકાય છે. રવિશંકર મહારાજ ઠેકઠેકાણે સંતબાલજીનો પરિચય આપે છે. એમના કાર્ય પ્રદેશમાં વિહાર કરે છે ને !

'મુનિશ્રીએ જૈન સંપ્રદાયમાં દીક્ષા લઈ પરિવ્રાજક બન્યા. પણ એમને લાગ્યું કે દુનિયામાં દરેક માણસ પોતાના માની લીધેલા વાડામાં રહે છે, કલહ ઉત્પન્ન કરે છે. મુનિશ્રીને એક વસ્તુ જડી કે દુનિયામાં પ્રેમ સિવાય કોઈ વસ્તુ મોટી નથી (પા. ૧૨૨).

હરિજનવાસની એક સભામાં કહે છે : 'સંતબાલજીને તમે નહીં ઓળખતા હો. જે જ્ઞાન પોતાને થયું તે જ્ઞાન આપવું, તેમાંય પછાત કોમો કે જ્યાં કોઈ જતું નથી ત્યાં તેઓ પહેલા જાય છે.'

બંને સંત-પાણી-જલદેવતાને રીઝવી લોકોનો પાણી પીવાનો ત્રાસ દૂર થાય, તેની સતત ચિંતા રાખી, તેવા પ્રયત્નો યોજ્યા કરે છે. રવિશંકર મહારાજે બોરિંગો કરાવવાં શરૂ કર્યાં છે, તે જોઈ મુનિશ્રી ઘણા રાજી થાય છે.

રસ્તામાં હરતાં ફરતાં, પ્રજા વચ્ચે, જાહેર સભાઓમાં જે વાર્તાલાપો અને પ્રવચનો થતાં તેમાંનો કેટલોક અંશ આમાંથી મળી આવે છે. વેશ જુદા, ભાષા જુદી પણ સેવાભાવ અને પ્રજાલગન બંને સંતોનાં એક જ જોવા મળે છે.

આ ડાયરીમાં મુનિશ્રી પોતાનો પરિચય પોતે આપતા હોય તેવા બે પ્રસંગો નોંધવા રસિક થઈ પડે એમ છે. એક તો અમદાવાદની સેશન્સ કોર્ટમાં જુબાની આપતાં, અને બીજો પાલનપુરની મહિલાઓની સભામાં. આ ગ્રંથમાં એ પ્રવચન પણ અત્યંત નોંધપાત્ર છે.

પોતાને માનવધર્મ તરફ જવાનું કેમ મન થયું તો સમજાવે છે : સત્યનો શોધક હોય છે તે અસત્યને ઓળખી લે છે. જેવી દૃષ્ટિ રાખે તેવું દેખાય. કોઈ કોઈ પૂછે છે : માનવસેવાથી આત્માનું દર્શન થાય ? માનવસેવા એટલે શું ?

પોતાની જાતના દુર્ગુણ કાઢવા, ચારિત્ર્યને ઊંચે લઈ જવું, પોતામાં રહેલા પ્રભુને બહાર કાઢવા એ સેવામાં અને ધર્મમાં ક્યાં ભેદ છે ?

બનાસકાંઠાનો પ્રદેશ, એનાં ગામડાં તેમને માટે નવાં હતાં. કેવળ ભાષા જ નહીં, રીતરિવાજ અને આચાર-વિચારમાં પણ ભેદ હતો. તેમ છતાં ભારતીય હૃદય એક અને અખંડ જોવા મળતું. આ દેશના લોકો સંતો પ્રત્યે હંમેશાં પૂજ્યભાવથી જોતા આવ્યા છે, તેમાં વિશેષ રવિશંકર મહારાજ સાથે હોય પછી શું પૂછવું ?

મહારાજશ્રી આ યાત્રા અંગે એક સ્થળે પ્રતિભાવ આપતાં કહે છે : 'હું ગામડાંમાં ફર્યો, ખેડૂતોનાં ટોળેટોળાં દરેક જગ્યાએ આવતાં હતાં તે ઉપરથી તમારી ભૂખ કેટલી બધી છે તે સમજાય છે' (પા. ૧૫૬).

ભાઈ મણિભાઈએ સતત પ્રવાસ વચ્ચે તેમાં પોતાની તેમજ મહારાજશ્રીની અંગત કાળજી વચ્ચે જે કાંઈ પળ-બેપળનો વિરામ મળે તેમાં પોતાની રીતે વાત નોંધી લે. આ ડાયરીઓ ભવિષ્યમાં પ્રગટ થશે એવી કોઈ કલ્પના પણ નહીં. માત્ર પોતાના આત્મસંતોષ ખાતર, કયા કયા ગામોમાં ફર્યા, અને લોકો ઉપર તેની શી અસર પડી. નવા કેટલા સંબંધો બંધાયા, પ્રજામાંથી ઉત્સાહી સેવકો તૈયાર થઈ શકે તેમ હોય તો ક્યારેક તેમને પ્રોત્સાહન આપવું, સંપર્ક ચાલુ રાખવો વગેરે રહે છે.

બરાબર આ જ ગાળામાં એટલે કે ૧૯૪૯ થી ૧૯૫૨ના ત્રણ વર્ષ-મુનિશ્રી સાથે, મણિભાઈની અવેજીમાં તેમના અંતેવાસી બનવાની તક આ સેવકને પણ મળી હતી. કોઠના ચાતુર્માસથી એનો પ્રારંભ થયો. કોઠમાં એક ભાઈએ પોતાના પડોશીના આંગણામાં પોતાને માતાનું સ્વપ્ન આવ્યું છે એમ કહીને બે દેરીઓ રાતોરાત ચણાવી લે છે. મહારાજશ્રી તે નજરે જુએ છે ત્યારે આ ભારે અન્યાય અને તે પણ ધર્મને નામે થતો જોઈ તેમનું હૃદય દ્રવી જાય છે. ભિક્ષા છોડે છે. ગામના આગેવાનો સમજાવટ કરાવે છે, પણ તેમાં ન્યાય મળતો નથી, ત્યારે મહારાજશ્રી વિભૂતિરૂપ ગુણ ઈશ્વર ત્રિપુટીમાં **ન્યાયને** ખંડિત થતો જોઈ તેમનું હૃદય ઘવાય છે. એ આખો પ્રસંગ આજે પણ આંખ સમક્ષ આવે છે. અને બીજો પ્રસંગ કોઠ ચાતુર્માસના વિદાયનું દૃશ્ય. રજપૂત બહેનો વિદાય આપતાં ગાય છે : 'અવસર છે છેલ્લો' મહારાજશ્રી માતાઓને વંદન કરી સમજાવે છે પાછાં જાઓ-શાંતિથી રહેજો.' આ તેમના ઉદ્ગારો આજે પણ અમારી આંખ ભીની કરી જાય છે.

મુનિશ્રીને ઓળખવા માટે આ ડાયરી તેમના જીવનપ્રવાહનું એક અતિપ્રબળ વહેણ છે. એક જૈન સાધુ સ્વયં જન સાધુ-લોકસંત કેવી રીતે પ્રગટ થતા જાય છે, તેમાં ગુજરાતની પ્રજાની ભક્તિ અને શક્તિનું આછું દર્શન થાય છે.

જીવ એ શિવનો અંશ અથવા તો પરમાત્મામાંથી છૂટો પડેલ આત્મા છે. છેવટે એણે પરમાત્મામાં સમાઈ જવાનું છે. માનવીમાત્રને ઈશ્વરમાં સમાઈ જવાની વાત તેઓ કરે છે. અને એ માટે પોતાના હૃદયમાં સમર્પણની જ્વાળા જલતી રાખવાનો સંકેત આપે છે. 'સમર્પણ માટે પાયામાં પુરાવું પડે છે, પાયામાં પુરાવાનું સદ્‌ભાગ્ય કોઈ વિરલને જ સાંપડે છે. સાચું સમર્પણ આવી ભાવના ઉગાડ્યા સિવાય બનતું નથી. ભાવના ઉગાડવા માટે ઈશ્વરનું શરણ અને તેની પ્રાર્થના જ કામ આવે છે.એ ઈશ્વર બીજો કોઈ નહીં પણ **સત્ય, પ્રેમ અને ન્યાય સ્વરૂપે વ્યાપેલો ઈશ્વર સમજવો જોઈએ** (પા. ૭૪).

મુનિશ્રીની આ વિહારયાત્રાના આનંદ સાથે સમાજમાં વ્યાપી રહેલ સત્ય, પ્રેમ અને ન્યાયરૂપ ઈશ્વરને ઓળખવાની આંખ આપણને પણ મળી આવે તો ?

૧૫, માર્ચ, ૧૯૯૭ **મનુ પંડિત**

મંત્રી, **મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**

# અનુક્રમણિકા અને વિહારયાત્રાનો ક્રમ

**સત્ય-પ્રેમ અને ન્યાયરૂપી-સર્વવ્યાપી ઈશ્વરની શોધયાત્રા..... .... .....** મનુ પંડિત

તા. ૨૧-૮-૪૯ : ગૂંદીમાં પર્યુષણ પ્રવચન

તા. ૧૦-૧૦-૪૯ : સર્વોદય તાલીમ વર્ગ

તા. ૧-૧૨-૪૯ : પ્રવાસ શરૂ - વેજળકા

તા. ૨-૧૨-૪૯ : કેસરગઢ - જવારજ : ખેડૂતમંડળનું મહત્ત્વ

તા. ૪-૨-૪૯ : અરણેજ

તા. ૫-૧૨-૪૯ : ભૂરખી

તા. ૧૦-૧૨-૪૯ થી તા. ૧૮-૧૨-૪૯ : ગૂંદી આશ્રમમાં ખેડૂતો માટે લોકશિક્ષણ તાલીમ વર્ગ
સર્વોદય વર્ગ દરમિયાન શ્રી બબલભાઈ મહેતા સાથે પ્રશ્નોત્તરી

તા. ૧૯-૧૨-૪૯ : બગોદરા

તા. ૨૦-૧૨-૪૯ થી તા. ૨૫-૧૨-૪૯ : શિયાળ ગામના મુખ્ય પ્રશ્નોમાં મદદ કરી.

તા. ૨૬-૧૨-૪૯ : કાણોતર

તા. ૨૭-૧૨-૪૯ : કેસરડી - બલદાણા

તા. ૨૮-૧૨-૪૯ : છબાસર - માણકોલ

## સન ૧૯૫૦ની ડાયરી

તા. ૧-૧-૫૦ : વીંછીઆ

તા. ૨-૧-૫૦ : આદરોડા

તા. ૩-૧-૫૦ : વાસણા

તા. ૪-૧-૫૦ : જુવાલ : શિકાર અંગેનો જૂનો અનુભવ તાજો થયો

તા. ૫-૧-૫૦ : ફાંગડી

તા. ૬-૧-૫૦ થી તા. ૧૦-૧-૫૦ : માણકોલ-(મુનિશ્રીની પ્રવૃત્તિનું પ્રેરણા કેન્દ્ર)
૫૬ ગામોનું ખેડૂત સંમેલન

તા. ૧૧-૧-૫૦ : ગોકળપુરા-કુંવાળ
સંશોધન વૃત્તિ પ્રવચન

તા. ૧૨-૧-૫૦ : ચરલ : અમેરિકી દંપતીની મુલાકાત એના અનુસંધાનમાં આપણી સંશોધનવૃત્તિ અંગે પ્રવચન

તા. ૧૩-૧-૫૦ : મખિયાવ-બકરાણા

તા. ૧૪-૧-૫૦ : દદૂકા

તા. ૧૫-૧-૫૦ : રેથળ

તા. ૧૬-૧-૫૦ : ઉપરદળ

તા. ૧૭/૧૮-૧-૫૦ : ઝાંપ

તા. ૧૯ અને ૨૦-૧-૫૦ : શિયાળ

તા. ૨૨ થી ૨૫-૧-૫૦ : ગૂંદી : શ્રી છોટુભાઈ મહેતાના પુત્ર સુમંતભાઈના વિશિષ્ટ પ્રકારના લગ્નમાં હાજરી

તા. ૨૬-૧-૫૦ : ધીગડા

તા. ૨૭-૧-૫૦ : જવારજ.

તા. ૨૭-૧-૫૦ થી ૩૦-૧-૫૦ : કોઠ : ગાંધીજીને શ્રદ્ધાંજલિ

તા. ૩૧-૧-૫૦ : રાયકા અને ગાંગડ

તા. ૨-૨-૫૦ : વાલથેરા

તા. ૩-૨-૫૦ : ધનવાડા-સાંકોદરા

તા. ૪-૨-૫૦ : ચિયાડા

તા. ૫-૨-૫૦ : કેરાળા

તા. ૬ અને ૭-૨-૫૦ : આદરોડા

તા. ૮ અને ૯-૨-૫૦ : ભાયલા

તા. ૧૦-૨-૫૦ : રાણેસર

તા. ૧૨ અને ૧૩-૨-૫૦ : છબાસર

તા. ૧૪-૨-૫૦ : કેસરડી

તા. ૧૫-૨-૫૦ : શિયાળ

તા. ૧૬-૨-૫૦ : બગોદરા

તા. ૧૭-૨-૫૦ : ગૂંદી : ખેડૂત મંડળ અને જલસહાયકની મિટિંગ, કાળુ પટેલનું ખૂન

તા. ૨૧-૨-૫૦ થી ૮-૩-૫૦ : અરણેજ ૧૫ દિવસ મૌન

પ્રેમ અને સત્યના પ્રવાહને પ્રબળ બનાવવા માટે મૌન, મુલાકાતો બંધ.

પ્રતિદાનનો મહિમા

રાજકારણ અને ધર્મકારણનો સંબંધ

તા. ૯-૩-૫૦ થી ૧૧-૩-૫૦ : ગૂંદી આશ્રમ

તા. ૧૨-૩-૫૦ : જનશાળી

તા. ૧૩-૩-૫૦ : બલોલ

તા. ૧૪-૩-૫૦ : હડાળા

તા. ૧૫-૩-૫૦ : ધોળી, કાળુ પટેલનું ખૂન થયા પછી તેમના પરિવારને અને ગામને આશ્વાસન આપવા ખાસ મુલાકાત

તા. ૧૮-૩-૫૦ થી ૧-૫-૯૦ : સુધીની નોંધ લખાઈ નથી.

પાછલા વર્ષે ૧૯૪૮માં ભાલમાં દુષ્કાળ હતો. તે પ્રસંગે સંઘે દુષ્કાળ સંકટ નિવારણ સમિતિ રચી તેનું કાર્ય કરેલ. ચાલુ વર્ષે પાક સારો થતાં, ખેડૂતોને પ્રતિદાનનું મહત્ત્વ સમજાવવા-દુષ્કાળક્ષેત્રનાં ગામોમાં પ્રવાસ રખાયો હતો. મણિભાઈ આ ગામોમાં સાથે રહી શક્યા નથી.

**તા.** ૨-૫-૫૦ : ધોળી

**તા.** ૩-૫-૫૦ : બાજરડા

**તા.** ૪-૫-૫૦ : પાણીસણા

**તા.** ૫-૫-૫૦ : પાણીસણામાં ચૂંવાળિયા પગીઓની પ્રરિષદ

**તા.** ૭-૫-૫૦ : રળોલ

**તા.** ૮-૫-૫૦ : પડનાળા

**તા.** ૯-૫-૫૦ : વડાલી.

**તા.** ૧૦-૫-૫૦ : રાણાગઢ : પઢારોનું મુખ્યગામ, પરંતુ સંપનો અભાવ લાગતાં તેમનું સંમેલન બોલાવવા નિર્ણય કર્યો.

**તા.** ૧૧ થી ૨૧ : શિયાળ

**તા.** ૨૧-૫-૫૦ : વેજી : પઢારનાં બાર ગામોનું સંમેલન

**તા.** ૧-૬-૫૦ : ગૂંદી

**તા.** ૪-૬-૫૦ : ગૂંદી આશ્રમમાં - ગુજરાતના ખેડૂત આગેવાનોની મિટિંગ

**તા.** ૭ અને ૮-૬-૫૦ : અરણેજ : કાળુ પટેલ ખૂન કેસમાં જુબાની લેવા કોર્ટ ખાસ અહીં આવી હતી.

**તા.** ૯-૬-૫૦ : રાયકા

**તા.** ૯-૬-૫૦ થી ૨૭-૬-૫૦ : શિયાળ (કાર્યકર્તાઓના ઘડતરની દૃષ્ટિએ આ કેન્દ્રમાં વારંવાર આવવાનું રાખ્યું હતું.)

## કોઠ ચાતુર્માસ - તા. ધોળકા

તા. ૨૮-૬-૫૦ : કોઠ ચાતુર્માસ અંગે પધરામણી થઈ

તા. ૧-૧૦-૫૦ : હરિજનદિનની ઉજવણીમાં ભાગ લીધો

તા. ૨-૧૦-૫૦ : ગાંધી જયંતી મનાવી

તા. ૧૫-૧૦-૫૦ : કોઠમાં વેપારીઓનું સંમેલન

તા. ૨૬-૧૧-૫૦ : ચાતુર્માસ પૂરા થતાં વિદાય પ્રસંગ

## ખંડ બીજો

કોઠ ચાતુર્માસ દરમિયાન - પ્રભાતનાં પ્રવચનો

તપ ● ન્યાય ● સત્ય એ જ પ્રભુ ● ઈશ્વરનિષ્ઠા ● સમાજરૂપી દેવ ● ઈશુનો સંદેશો ● દૃષ્ટિ એવી સૃષ્ટિ ● પૂ. રવિશંકર મહારાજની વાતો

● ગાયની ભક્તિ ● સેવક અને સમાધાન ● સાચા સુખનું મૂળ : સંતોષ ● ક્ષમાપના ● અસ્વચ્છતા વિ. સફાઈ ● માનવીની ન્યૂનતા વિ. વિશેષતા ● સમર્પણની જ્વાળા ● ન્યાય-નીતિ વ્યવહારમાં કેમ ઉતારવાં ● ખેડૂત મંડળમાં વિચારીને જોડાજો ● ગામડાના ઉદ્ધાર માટે શું કરવું ?

## વિહારયાત્રા શરૂ

તા. ૨૭-૧૧-૫૦ : ગાંગડ

તા. ૨૮-૧૧-૫૦ : ભાયલા

તા. ૨૯-૧૧-૫૦ : બેગામડા

તા. ૩૦-૧૧-૫૦ થી ૧-૧૨-૫૦ : આદરોડા

તા. ૨-૧૨-૫૦ : ડરણ

તા. ૩-૧૨-૫૦ : મોરૈયા

તા. ૪-૧૨-૫૦ : ફતેવાડી

તા. ૫-૧૨-૫૦ : સરખેજ

તા. ૬-૧૨-૫૦ થી ૨૯-૧૨-૫૦ : અમદાવાદ

તા. ૧૨-૧૨-૫૦ : અમદાવાદમાં સેસન્સ કોર્ટમાં કાળુ પટેલ ખૂન કેસમાં જુબાની આપી.

અમદાવાદની યાદગાર મુલાકાતનાં પ્રવચનો

વિદેશી મહિલા એલિઝાબેથની મુલાકાત

સી. એન. વિદ્યાવિહારમાં પ્રવચન

## સન ૧૯૫૧ની ડાયરી

તા. ૧-૧-૫૧ : મકરબા

તા. ૨-૧-૫૧ : તેલાવ

તા. ૨-૧-૫૧ થી તા. ૮-૧-૫૧ : સાણંદ

તા. ૯-૧-૫૧ : રણમલગઢ-ગોરજ

તા. ૧૦-૧-૫૧ : હીરાપુર

તા. ૧૧-૧-૫૧ : ચરલ

તા. ૧૨-૧-૫૧ : શિયાવાડા

તા. ૧૩-૧-૫૧ : બકરાણા

તા. ૧૪-૧-૫૧ : મખીઆવ

તા. ૧૫-૧-૫૧ : વીંછીઆ

તા. ૧૬-૧-૫૧ : કોદેળિયાથી જૂડા-ભરવાડોનું સંમેલન

તા. ૧૭-૧-૫૧ : માણકોલ

તા. ૧૮-૧-૫૧ : રેથલ

તા. ૧૯ અને ૨૦-૧-૫૧ : ઝાંપ

તા. ૨૧-૧-૫૧ થી ૨૭-૧-૫૧ : આદરોડા

આદરોડા ખેડૂત પરિષદનાં સંભારણાં

તા. ૨૮-૧-૫૧ : અમદાવાદ

અખિલ ભારત કોંગ્રેસ મહાસમિતિમાં હાજરી, પંડિત નહેરુ સાથે અછડતી મુલાકાત-ચિઠ્ઠીપત્ર

તા. ૨-૨-૫૧ : સરખેજ

તા. ૩-૨-૫૧ : સાણંદ

તા. ૪-૨-૫૧ : છારોડી

તા. ૫-૨-૫૧ : ચોરવડોદરા

તા. ૬-૨-૫૧ : જખવાડા

તા. ૭-૨-૫૧ : વિરમગામ

તા. ૧૨-૨-૫૧ : ધાકડી

તા. ૧૩-૨-૫૧ : માંડલ

તા. ૧૪-૨-૫૧ : દસાડા

**શ્રી રવિશંકર મહારાજના પ્રદેશ બનાસકાંઠાનો પ્રવાસ**

તા. ૧૬-૨-૫૧ : શંખેશ્વર

તા. ૧૭-૨-૫૧ : મુજપર

તા. ૧૮-૨-૫૧ : સમી

વેડછી આશ્રમના શ્રી ચૂનીભાઈ મહેતા સાથેની પ્રશ્નોત્તરી

તા. ૧૯-૨-૫૧ : બાસપા

તા. ૨૦-૨-૫૧ : ગોપનાથ

રોઝ અને તીડ મારવામાં હિંસા ખરી ?

જાગીરદારોનો ત્રાસ-માણસો ગિરે મુકાય છે

શ્રી રવિશંકર મહારાજની વાતો

તા. ૨૧ થી ૨૪-૨-૫૧ : રાધનપુર વિસ્તાર

તા. ૨૫-૨-૫૧ : દેવ

તા. ૨૬-૨-૫૧ : ઉજમવાડા

તા. ૨૭-૨-૫૧ : ભાંભર

તા. ૨૮-૨-૫૧ : કુંકાવ

તા. ૧ અને ૩-૩-૫૧ : દિઓદર

તા. ૩-૩-૫૧ : જાડા

તા. ૪-૩-૫૧ : પાલડી
તા. ૪-૩-૫૧ : ચીભડા
તા. ૫-૩-૫૧ : સણાવીઆ
તા. ૬-૩-૫૧ : ડોડગામ
તા. ૭-૩-૫૧ : થરાદ
તા. ૮-૩-૫૧ : વડગામડા
તા. ૧૧-૩-૫૧ : દેલનપુર, આસોદર
તા. ૧૨-૩-૫૧ : ડુઆ
તા. ૧૩-૩-૫૧ : જડિયાલી
તા. ૧૪-૩-૫૧ : ધાનેરા
તા. ૧૫-૩-૫૧ : રામસણ
તા. ૧૬-૩-૫૧ : કંસારી
તા. ૧૭-૧૮-૩-૫૧ : નવાડીસા
તા. ૧૯-૩-૫૧ : સરાંઠી
તા. ૨૦-૩-૫૧ : ગઢ
તા. ૨૧-૩-૫૧ : ટાકરવાડા
તા. ૨૨-૩-૫૧ : સાગરાસણ
તા. ૨૩-૩-૫૧ થી ૨૮-૩-૫૧ : પાલનપુર
તા. ૨૪-૩-૫૧ : સેદરાસણ
તા. ૨૮-૩-૫૧ : વગડા
તા. ૨૯-૩-૫૧ : વડગામ
તા. ૩૦-૩-૫૧ : સલીમકોટ
તા. ૩૧-૩-૫૧ : સંભરવાસણા

## ઉપસંહાર

પુરવણી - ૧ : ખેડૂત મંડળ પ્રશ્નોત્તરી - સંતબાલ
પુરવણી - ૨ : થાંભલો ભાંગ્યો - નવલભાઈ શાહ
પુરવણી - ૩ : કાળુ પટેલ ખૂન અંગે મુનિશ્રીની શ્રદ્ધાંજલિ
પુરવણી - ૪ : પાંચ માસમાં પરિવર્તન - નવલભાઈ શાહ
પુરવણી - ૫ : મુનિશ્રીની અનુબંધ વિચારધારા - અંબુભાઈ શાહ

❑

# સાધુતાની પગદંડી

સંવત ૨૦૦૫નું ચાતુર્માસ ગૂંદી ગામમાં કસ્ટમ બંગલે થયું હતું.

**• તા. ૨૧-૮-૪૯થી પર્યુષણપર્વનાં પ્રવચન થયાં હતાં.**

**• તા.૧૦-૧૦-૪૯થી આઠ દિવસના** સર્વોદય તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગુજરાતના અગ્રણી પૂ.રવિશંકર મહારાજ, શ્રી બબલભાઈ મહેતા વગેરેનાં પ્રવચન થયાં હતાં.

ગૂંદીનું ચાતુર્માસ પૂરું કરી ભાલપ્રદેશમાં પ્રવાસ થયો.

**• તા. ૧-૧૨-૪૯ : વેજળકાથી કેસરગઢ**

વેજળકાથી જવારજ આવ્યા. સાથે જવારજના ફૂલજીભાઈ ડાભી વગેરે કેટલાક આગેવાનો જોડાયા હતા. રાત્રે જાહેરસભા રાખવામાં આવી હતી. તેમાં મહારાજશ્રીએ માણસ કોને કહેવો ?-એ વિષય ઉપર પ્રવચન આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે માણસનું શરીર મળે તેટલાથી માણસ બનતો નથી. જેમ પાણી છે, તે સાચું ત્યારે કહેવાય કે તેનાથી તૃષા છીપે, કપડાં ધોઈ શકાય, પણ જો તેમ ન બને તો માનવું કે તે પાણી નથી પણ મૃગજળ છે. મોટો સાગર ભરેલો દેખાતો હોય, પણ તે જોવા પૂરતો જ. પીવાના કામમાં ન આવે. બીજી રીતે જોઈએ તો વાઘ ઉપર બકરાનું ખોળિયું ઓઢાડી દઈએ, તો તેથી તે કંઈ તે બકરું બની જતો નથી. તેમ આપણને ખોળિયું માણસનું મળ્યું છે, પણ અંદર જાનવર હશે તો માણસ નહીં કહી શકાય. માણસાઈ આવે ત્યારે જ તે માણસ કહેવાય.

સભામાં ૨૭ જણે ઓછા-વત્તા સમય માટે ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**• તા. ૨-૧૨-૪૯ : કેસરગઢથી જવારજ**

કેસરગઢથી જવારજ આવ્યા. અંતર છ માઈલ હતું. ઉતારો મોહનભાઈને ત્યાં રાખ્યો હતો. સાંજના હરિજન વાસની મુલાકાત લીધી હતી. ૩૧ ભાઈઓએ શરાબ-દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી. રાત્રે પ્રાર્થના પછીના પ્રવચનમાં

કુંતીમાતાને તરસ લાગી તે વખતે ધર્મરાજાએ યક્ષના જે પ્રશ્નો હતા તે વિસ્તૃત રીતે સમજાવ્યા હતા.

ખેડૂત પરિષદ ભરવા અંગે આયોજન વિચારાયું હતું. મહારાજશ્રીએ કહ્યું :

આપણે પ્રગતિનો ક્યાસ કાઢવો હોય તો બહુ પૈસા કે યંત્રો વધ્યાં છે, તેનાથી ન કાઢી શકીએ. પરંતુ માણસ બીજાને કેટલો ઉપયોગી થાય છે, અને તે કેટલો સદ્દ્ગુણી બન્યો છે એનાથી કાઢી શકાય.એ જ ખરું માપ છે. આ સદ્દ્ગુણોના વિકાસ માટે ગાંમડાંઓએ જાગવું જોઈએ. જાગવું એટલે કે સંગઠિત થવું. સંગઠનમાં જેટલું નીતિનું દિવેલ હશે, ઘસારો વેઠવાની શક્તિ હશે તેટલું કામ દીપી ઊઠશે.

ભાલ-નળકાંઠાના ૨૦૦ ગામો આપણે પ્રયોગ ક્ષેત્ર તરીકે લીધાં છે. તેમાં ચારથી પાંચ કરોડનું ઉત્પાદન થાય છે. તેમાંથી ૫૦ ટકા ખાવા માટે રાખીએ, તોપણ અઢી કરોડનો માલ બીજાને આપીએ છીએ. અને એટલો જ માલ બહારથી લાવીએ છીએ, બલકે એથી વધુ લાવતા હોઈશું. દસ ટકાના હિસાબે આપણે ૫૦ લાખ રૂપિયા વેપારીઓને નફાના આપીએ છીએ. ૪૫ લાખમાંથી જે ખરીદવાનું થાય—કાપડ, ગોળ, ખાંડ, ચા વગેરે-આ વપરાશની વસ્તુઓનો સહકારી ધોરણે વિનિમય કરીએ તો બધી રીતે ફાયદો થાય. એટલે આ અંગે બધા ગંભીરતાથી વિચારજો.

**● તા. ૪-૧૨-૪૯ : અરણેજ**

જવારજથી અરણેજ આવ્યા. અંતર દોઢ માઈલ હશે.ઉતારો નિશાળમાં રાખ્યો હતો. અહીં બૂટભવાની માતાનું પ્રખ્યાત મંદિર છે, લોકો બહારગામથી ઘણા આવતા હોય છે.

**● તા. ૫-૧૨-૪૯ : ભૂરખી**

અરણેજથી નીકળી ભૂરખી આવ્યા. અંતર દોઢ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો હતો.

**● તા. ૧૦-૧૨-૪૯ થી ૧૮-૧૨-૪૯ : ગૂંદી આશ્રમમાં**

અરણેજથી નીકળી ગૂંદી આવ્યા.ઉતારો ગામની ધર્મશાળામાં રાખ્યો હતો. ગૂંદી આશ્રમમાં ખેડૂતોનો વર્ગ યોજવામાં આવ્યો હતો. મહારાજશ્રીને સતત લાગ્યા કરતું હતું કે જ્યાં સુધી ખેડૂતનું ઘડતર નહીં થાય, એટલે કે સમાજના

અને દેશ-દુનિયાના પ્રશ્નો જાતે સમજતો નહીં થાય તો તે ખેતીમાં ગમે તેટલો શ્રમ કરશે, ભોગ આપશે, પણ જ્ઞાન વિના જીવન ઉન્નત બનાવી નહીં શકે. આવા ઘડતરની દૃષ્ટિએ આ અઠવાડિયા માટે શિબિર યોજ્યો હતો.

તેના પ્રારંભમાં પ્રવચન કરતાં જણાવ્યું કે ઉપનિષદમાં કહેવાયું છે તેન त्यक्तेन भूजीथाः એટલે ત્યાગીને ભોગવવાની વાત કરી છે. પણ આજે આપણે ભૂખ્યા છીએ. ભોગવવાનું પહેલાં ઈચ્છીએ છીએ-પરિણામે વસ્તુ મળતી નથી.

આપણી આર્ય સમાજની રચના એ પ્રમાણેની હતી. ચાર આશ્રમમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ આવે છે. તેમાં સંયમની વાત આવે છે. વીર્યનો સંચય કરો, પછી સારી સંતતિ માટે ગૃહસ્થાશ્રમી બનો. અને આ સંતતિ સુસંસ્કારી બને તે માટે વાનપ્રસ્થાશ્રમ પાળો અને છેલ્લે આત્મકલ્યાણ માટે સંન્યાસી બનો. સંન્યાસીએ પોતાના વ્યક્તિગત કલ્યાણ માટે નહીં, વિશ્વના કલ્યાણ અર્થે, વિશ્વના કલ્યાણ દ્વારા તમારું કલ્યાણ પણ આપોઆપ થશે.

આપણે ત્યાં સૌરાષ્ટ્રમાં અને બીજે સ્થળોએ 'સદાવ્રત' ચાલતાં હોય છે. આજે તો એના અર્થને બહુ જ મર્યાદિત અને સંકુચિત બનાવી દીધો છે કે સીધું આપ્યું કે કોઈને જમાડી લીધા એટલે સદાવ્રતપૂર્ણ થયું. તમે એ શબ્દ ઉપર વિચાર કરો-અહીં રોજે રોજ પાળવાના વ્રતની વાત છે. કાયમી વ્રતની વાત છે. કોઈ સારા સંકલ્પની વાત છે, તેમાં અન્ન કે જમાડવું એ પણ આવી જાય. પરંતુ ખરું જોતાં તો સારી વાતનો સંકલ્પ રોજે રોજ કરવો જોઈએ.

યાજ્ઞવલ્ક પાસે જનક વિદેહી રોજ કથા સાંભળવા આવે અને સાંભળવું એટલે માત્ર કાનથી નહીં, પણ મનથી, એનું સતત ધ્યાન રાખવું અને આચરણમાં ઉતારવું. આ સભામાં બધી જાતના લોકો આવે. એક વખત જનક આવેલા નહીં. બીજા બધા આવી ગયેલા પણ મુનિએ કથા શરૂ કરી નહીં. પછી જનક આવ્યા ત્યારે કથાની શરૂઆત કરી. આથી કેટલાકને ઈર્ષ્યા થઈ. કથાકાર સમજી ગયા. એટલે એમણે એક ભાસ ઊભો કર્યો : 'ગામમાં આગ લાગી છે, લોકો બૂમો પાડે છે. દોડો.... દોડો. કથા ચાલુ હતી. લોકો ઊઠ્યા. સંતો પણ ઊઠ્યા. કોઈનું કમંડલ, કોઈની લંગોટી રહી ગઈ હશે તે બચાવવા દોડ્યા. ન ઊઠ્યા એક જનક મહારાજ. તેઓ બેઠા રહ્યા.

કોઈકે કહ્યું : મહારાજ જનકપુરી બળે છે.

તો કહે, મારું કંઈ બળતું નથી. હું અત્યારે શ્રોતા છું. ત્યાગીને ભોગવવાની વાત તેઓ બરાબર જાણતા હતા.

❑

## લોકશિક્ષણ તાલીમ વર્ગ

ગૂંદીમાં તા. ૧૦ થી ૧૬સુધી ખેડૂતોનો એક વર્ગ રાખવામાં આવ્યો હતો. કાર્યકરોના વર્ગો તો અવારનવાર રખાતા હોય છે, પણ ખેડૂતોનો આવો વર્ગ તો આ પહેલો જ હતો. અનુભવે અમોને જણાયું છે કે આવા વર્ગો સમાજને માટે ખૂબ ઉપયોગી થઈ શકે તેમ છે. આ વર્ગનું નિયમન બહુ કડક રાખવામાં આવ્યું ન હતું કારણ કે વર્ગના સભ્યો સીધા ખેતીમાંથી આવતા અને કેટલાંક વ્યસનોની ટેવવાળા લોકો આવવાના હતા; એટલે પ્રથમ તો સમૂહજીવન જીવતાં શીખે તોપણ બસ હતું. તેઓ બહુ સારી રીતે રહ્યા એટલું જ નહિ પણ નિયમિતતા જાળવવાનો બનતો પ્રયત્ન કર્યો. કેટલાકે ચા બીડીનાં વ્યસનો છોડ્યાં, નાતજાતના ભેદો ઓછા થયા, કારણ કે બધી કોમના લોકો સાથે રહેતા અને સાથે જમતા. એકંદરે વર્ગથી સૌને ખૂબ સંતોષ થયો અને જીવનને ઉપયોગી એવું ભાથું પણ મળી ગયું. વર્ગની સંખ્યા ૩૧ ની હતી.

વર્ગના દિવસોમાં જુદા જુદા વક્તાઓએ ખેડૂતોને ઉપયોગી વાતો કહી હતી. મહારાજશ્રીની હાજરી સતત રહેતી. તેમણે જીવનમાં વહેવારમાં ધર્મ કેવી રીતે વણવો તે દૃષ્ટાંતો આપી સમજાવ્યું હતું. તેમજ સમાજના કુરિવાજોનો અને અસ્પૃશ્યતાનો ઈતિહાસ અને હવે પછી શું કરવું તે પણ જણાવ્યું હતું.

### શિવાભાઈ જે. પટેલ

શિવાભાઈ કે જેઓ ખેતીવાડીના અભ્યાસી છે અને ખેડૂતો સાથે વર્ગના સભ્ય તરીકે જોડાયા હતા. તેમણે વાર્તાલાપ દ્વારા ખેતી સુધારણા વિષે પ્રશ્નોત્તરી રાખી હતી. તેમાં પાકના રોગો શી રીતે અટકાવી શકાય, ખેતીમાં કયો સુધારો કરીએ તો પાક વધુ ઊતરે, ઓલાદ સુધારણા માટે શું કરવું, પેદાશના ભાવ સારા કેવી રીતે મળે અને ખેતીથી ફાજલ પડતા સમયમાં પૂરક ધંધો કયો કરી શકાય વગેરે સારી રીતે સમજાવ્યું હતું. ભાલમાં ગામેગામ ખાતરના મોટા ઢગ પડ્યા હોય છે. તેનો કોઈ ઉપયોગ કરતું નથી. ઊલટું ગામમાં ગંદકી વધે છે. વાહનની સગવડ હોય તો બીજા પ્રદેશને તે ખૂબ ઉપયોગી થાય તેમ છે. સ્થાનિક લોકોને પ્રયોગ દ્વારા આનો ફાયદો બતાવાય તો ભવિષ્યમાં ઉપયોગ કરે. વર્ગમાં આને માટે ઠીકઠીક વાતો થઈ અને સૌના મનમાં એક વાત ઠસી કે ગમે તેવા સંજોગોમાં પણ ખાતર નકામું જતું નથી, એને ઉપયોગમાં લેવાથી પાક વધુ ઊતરે છે.

## મગનભાઈ પટેલ

ગ્રામવિકાસ બોર્ડના મંત્રી અને જિલ્લાના ધારાસભ્ય શ્રી મગનભાઈએ જણાવ્યું કે વેદની ઋચામાં લખ્યું છે કે જે માણસ સૂતો હોય તેનું નસીબ સુતેલું હોય છે, બેઠો હોય તેનું નસીબ બેઠું રહે છે; અને ઊભો હોય તેનું નસીબ ઊભું રહે છે. પણ આજે ઊલટું દેખાય છે. ખેડૂત જે ઊભો જ રહે છે તેને ખાવા મળતું નથી અને જે સૂતો રહે છે તેને જોઈએ તે કરતાં અનેકગણું મળે છે. આથી બેમાંથી કોઈનેય આનંદ નથી. આનું કારણ છે આજની આપણી અર્થવ્યવસ્થા. દા.ત. બે ભાઈઓ પાસે બબ્બે હજાર રૂપિયા છે. તેનાથી એક જણ ખેતી શરૂ કરે તો એમાં એને બળદ, હળ, લાકડાં, મજૂરી, સાંથ કે ભાગ આપતાં થોડું પણ દેવું કરવું પડે છે. બીજો માણસ એટલા જ રૂપિયામાં વેપાર શરૂ કરે છે એટલે આબરૂ ઉપર બીજા એટલા રૂપિયાનો માલ એને મળે છે. જે દ્વારા તે વેપાર કરી સારો નફો મેળવે છે. આ તફાવત તોડવો છે અને તે પણ કોઈને ભૂખે મારીને નહિ. એટલા જ માટે સરકારે કાયદા કર્યા છે. કોઈ પણ હિસાબે ખેડૂત સ્વતંત્ર રીતે ઊભો રહી શકે એવી સ્થિતિ સર્જવાનો સરકારનો ઈરાદો છે. આ ઉપરાંત તેમણે ગ્રામપંચાયત અને હાલની ધારાસભાની કાર્યવાહીનો સુંદર ખ્યાલ આપ્યો હતો.

## શ્રી લાભુભાઈ આચાર્ય

કરાડી વિદ્યાલયના આચાર્ય શ્રી. લાભુભાઈએ નવી કેળવણીનો ખ્યાલ આપતાં જણાવ્યું કે આજ સુધીની આપણી કેળવણી ખર્ચ કરવાની, બેસી રહેવાની અને પાસ થવાની હતી. પાસ થયા પછી પણ એમાંથી હુકમ કરનારા પાકવાની હતી. બીજાના ચૂસણ દ્વારા પૈસા કમાવાની હતી. બાપુજીએ નવી દૃષ્ટિ આપી. ભણતર શરૂ થવાની સાથે જ ગણતર શરૂ થાય. એની સાથે જ એનો ઉદ્યોગ શરૂ થાય અને તે પણ ગમ્મત સાથે. સરકાર આને માટે પહોંચી વળવાની નથી એટલે સ્વાશ્રયી શિક્ષણ સંસ્થાઓ ચલાવવી પડશે અને તેને માટે તથા રાષ્ટ્રના ઘડતર માટે ઉદ્યોગ દ્વારા શિક્ષણ જ બંધબેસતું થઈ શકશે.

## હીરાભાઈ દેસાઈ

હીરાભાઈ દેસાઈ કે જેઓ ધારવાડ ખેતીવાડી કૉલેજના માજી પ્રિન્સિપાલ છે. તેમણે બે દિવસના નિવાસ દરમિયાન અમેરિકા, રશિયા, ઈંગ્લેડ અને બીજા દેશોની ખેતીનો સુંદર ખ્યાલ આપ્યો. પોતાના અનુભવો પણ કહ્યા. તેમણે જણાવ્યું કે અમેરિકામાં ૨૦ ટકા લોકો ખેતી કરે છે અને ૮૦ ટકા કારખાનાં ચલાવે છે. એ ૨૦ ટકા બીજા એંસી ટકાને પણ અનાજ પૂરું પાડે છે એટલું જ નહિ પણ સેંકડો ટન બીજા

દેશને વેચી શકે છે. જ્યારે આપણે ત્યાં ૮૦ ટકા ખેડૂત છતાં ૨૦ ટકા બીજી પ્રજાને અનાજ પૂરું પાડી શકતા નથી. આનું કારણ સ્પષ્ટ છે. આપણે ત્યાં દસ ટકા ખેડૂતો જ નફાવાળી ખેતી કરી શકે છે, ૩૦ ટકા સરભર કરે છે અને ૬૦ ટકા ખોટમાં ખેતી કરે છે. આનો ઉકેલ શોધ્યા સિવાય આપણો ઉદ્ધાર નથી. ખેડૂતને પૂરતાં સાધનો અને રક્ષણ મળશે તો જ ખેતી સુધરવાની છે.

બીજી વાત તેમણે એ કહી કે મુંબઈ ઇલાકાની બે કરોડ વસતી છે અને ત્રણ કરોડ એકર જમીન છે. એટલે માથા દીઠ દોઢ એકર જમીન આવે છે. પણ દરેકને સુખી કરવા હોય તો અઢી એકર જમીન કુટુંબ દીઠ જોઈએ. જમીન વધારવાની આપણી શક્તિ નથી. વસતી વધતી જાય છે. આથી ખેડૂતના ધંધામાંથી ૫૦ ટકા લોકોને ખેતીમાંથી છૂટા કરી તેમને બીજા ઉપધંધામાં ક્રમે લગાડવા જોઈએ.

## શ્રી બબલભાઈ મહેતા

શ્રી બબલભાઈ મહેતાએ સફાઈ વિષે બોલતાં જણાવ્યું : જીવનમાં જો પ્રથમ નંબરે ઉપયોગી કોઈ ચીજ હોય તો તે સ્વચ્છતા છે. પણ આપણને જ્યારે ગંદકીની ટેવ પડી જાય છે ત્યારે એ બાબતની સૂગ મરી જાય છે. બીજી બાજુ વિષ્ટાનું નામ સાંભળી આપણે ભડકીએ છીએ, પણ તેનું શાસ્ત્ર ખબર પડી જાય તો ભડકવાનું ન રહે.

સંપ વિષે તેમણે જણાવ્યું કે ગામડામાં કોઈપણ સારું કામ થવાનું હોય છે ત્યારે તેને કુસંપ તોડી નાખે છે. આમાં મુખ્યભાગ આપણા આગેવાનો ભજવે છે. તે લોકો પોતાની જાતને ગામથી આગળ રાખે છે. સાચો આગેવાન તો તે કે જે ગામના હિતમાં પોતાની જાતને પાછળ રાખે અને કહેવા કરતાં કરે વધારે.

## શ્રી માણેકલાલ શાહ

જિલ્લા લોકલબોર્ડના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી માણેકલાલભાઈએ લોકલબોર્ડનો ઇતિહાસ કહી બતાવી આજની લોકલબોર્ડની સ્થિતિનો ખ્યાલ આપ્યો હતો. બોર્ડ ગામડામાં ધાર્યા જેટલું કામ નથી કરી શકતી તેનું દુઃખ વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે; શહેરની આજુબાજુનાં ગામડાંના રસ્તા રીપેરમાં જ તે અટવાઈ પડી છે. તેનું મોટા ભાગનું ભંડોળ તેમાં વપરાઈ જાય છે. આ અમારે કરવું પડે છે. કારણકે શહેર નજીકના લોકોને બોલતાં લખતાં સારી રીતે આવડે છે. છતાં શક્ય તેટલો પ્રયત્ન ગામડાં માટે પણ અમો કરીએ છીએ. સરકારે હમણાં ૨૦૦ થી વધુ વસતીવાળા ગામોને પાણી પૂરું પાડવાની જવાબદારી લીધી છે. અને નિશાળો પણ તે જ સંભાળે છે. એના ખર્ચ માટે ૩૬ પાઈ લોકલસેસમાંથી ૧૫ પાઈ સરકાર લે છે.

## શ્રી ગુલામરસૂલ કુરેશી

કુરેશીભાઈએ ઈસ્લામ ધર્મનો સુંદર ખ્યાલ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે; ઈસ્લામનો અર્થ અરબીમાં 'સલમ' થાય છે. સલમ એટલે સર્વાર્પણ છે. સત્યની કસોટી આવે ત્યારે જાનના ભોગે તે પાર કરે તેવો તે ધર્મ છે. ઈસ્લામનો બીજો અર્થ શાન્તિ થાય છે. આવા સિદ્ધાંતથી વિરુદ્ધ વર્તનાર સાચો ઈસ્લામી નથી.

વર્ગ સમાપ્તિદિને સભ્યોએ વર્ગમાં પડેલી પોતાના મન પરની છાપ તથા અનુભવોની નોંધો મહારાજશ્રીને આપી હતી. તેમાં તેમણે પોતાનો સંતોષ વ્યક્ત કરી પોતાને ગામડે જઈ વર્ગમાં જે કંઈ સાંભળ્યું-અનુભવ્યું તેનો પ્રચાર કરવાનું તેમજ વ્યસનો છોડાવવાના કાર્યક્રમને ગામડાંમાં શરૂ કરવાનો અનુરોધ કર્યો હતો.

## સર્વોદય વર્ગ દરમિયાન
## શ્રી બબલભાઈ મહેતા સાથે થયેલી પ્રશ્નોત્તરી

*(વર્ગ દરમિયાન પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ રહેતો. તેવી એક ચર્ચા-શ્રમજીવી-શ્રમજીવન અને સાધુ જીવન અંગે થયેલી તેનો સારાંશ નીચે પ્રમાણે છે.)*

**પ્રશ્ન :** આપે કહ્યું કે સમાજમાં ચાલી રહેલું શોષણ અટકાવવું હોય તો શ્રમજીવન અને શ્રમજીવીની પ્રતિષ્ઠા વધવી જોઈએ અને એ પ્રતિષ્ઠા વધારવાની શરૂઆત આપણા જીવનમાં શ્રમ જીવનને અપનાવીને કરી શકાય છે. આ વિધાન સાથે હું સંપૂર્ણ સહમત થાઉં છું. પરંતુ મારો સવાલ એ છે કે માત્ર અનાજ ઉત્પન્ન કરવું કે કાપડ પેદા કરવું અથવા તો એવી જ જીવનની પ્રાથમિક જરૂરિયાતોના ઉત્પાદનમાં પ્રત્યક્ષ સક્રિય કામ કરવું એને જ શું આપ શ્રમજીવન કહેશો ?

**ઉત્તર :** એક વ્યક્તિ બધાં જ કામો જાતે કરે એ કદાચ અશક્ય બને, એથી એને કાયમી વહેંચણી કરવી પડે. પરંતુ જીવનની જરૂરિયાતની ચીજોના ઉત્પાદનમાં મદદરૂપ થાય એવો કોઈપણ શરીરશ્રમ કરવો જોઈએ, એટલો એનો અર્થ જરૂર કરી શકાય.

**પ્રશ્ન :** તો પછી સમાજજીવનના બધા અંગો વ્યવસ્થિત રીતે કામ કરી શકે, જેમકે, ઉત્પાદન કાર્યમાં પ્રત્યક્ષ પડેલા બધા વર્ગો નિશ્ચિત પણે પોતાનું કાર્ય કરી શકે, તેમની મહેનતનો પૂરો વાજબી બદલો તેમને મળે અને તેમનું શોષણ ન થાય, એમને શોષણવિહીન સમાજ રચનાના કાર્યમાં ઓછામાં ઓછો પરિગ્રહ રાખીને ત્યાગ અને સંયમપૂર્વક પોતાનું જીવન જીવીને જે વ્યક્તિઓ પોતાના જીવનનો બધો સમય સમાજ અર્થે આપતી હોય; તો સાચા અર્થમાં સાધુ કે સંન્યાસીઓ જેઓ શ્રમથી કંટાળીને નહિ પણ પોતે નક્કી કરેલી અથવા માનેલી મર્યાદાઓને લઈને પ્રત્યક્ષ ઉત્પાદન શ્રમ

કરતા નથી તેઓના વલણ માટે આપનો શો અભિપ્રાય છે ? વળી ઉત્પાદક શ્રમ કર્યા સિવાય પોતાની જરૂરિયાતો તેઓ સમાજ પાસેથી લેતા હોય છે. તેઓ એટલા અંશે સમાજને બોજારૂપ નથી ?

**ઉત્તર :** તમે જણાવો છો એવી જાગૃત વ્યક્તિઓ કદાચ એ ઢબે કામ કરે કે એ ઉત્પાદક શરીર શ્રમ ન કરતી હોવા છતાં સમાજને બોજારૂપ નયે થાય. કેટલીક વખત સમાજને ઉપકારક પણ થાય. પરંતુ એવી વ્યક્તિઓ અપવાદરૂપ ગણાય. બધા એ પ્રમાણે વર્તે તો સમાજ વ્યવસ્થા ટકે નહિ એટલે સામાન્ય સમાજ માટે એ આદર્શ નહિ ગણી શકાય. દરેક વ્યક્તિની માન્યતાઓ ઉપર જન્મગત, સંપ્રદાયગત, સમાજગત એમ અનેકવિધ અસરો હોય છે. એટલે એ એની માન્યતાઓ એકદમ ફેરવી શકતી નથી. એથી અકળાઈ જવાની પણ જરૂર નથી સમાજમાં શ્રમની પ્રતિષ્ઠા ઘટી ગઈ હોય અને બુદ્ધિજીવી તથા બેઠાડું જીવન વધીને સમાજમાં અસમાનતા ફેલાતી જતી હોય એવે વખતે સમાજહિતનો વિચાર કરવાવાળી તમે જણાવો છો એવી વ્યક્તિઓ ઉત્પાદક શ્રમને આવકારે તો એ મારા જેવાને બહુ ગમે.

**પ્રશ્ન :** જો સાધુ પુરુષો પણ શ્રમના સક્રિય કાર્યમાં પડે તો એવું બને કે તેઓ હાલ જે ઓછામાં ઓછો પરિગ્રહ રાખે છે તેમને પરિગ્રહની દિશામાં જવું પડે ? અને પરિગ્રહ એટલે જ સીધી કે આડકતરી રીતે શોષણને ઉત્તેજન જેવું ન મળે ?

**ઉત્તર :** સાધુનાં કમંડળ કે પાતરાં એ પણ એક રીતે તો પરિગ્રહ છે. ગાંધીજીએ તો આ દેહને પણ પરિગ્રહ માન્યો છે. અને જ્યાં સુધી આ જીવન છે ત્યાં સુધી કોઈ ને કોઈ સ્વરૂપે પરિગ્રહ અને હિંસા રહેવાનાં જ. એટલું ખરું કે એ સાધનો મેળવવામાં કે વાપરવામાં શ્રમજીવીનું શોષણ ન થાય એનો વિચાર થવો જોઈએ. પણ ખરી વાત તો એ છે કે, પરિગ્રહ સાધનોમાં નથી પણ પરિગ્રહ વૃત્તિમાં છે. માણસ વધારે પરિગ્રહ રાખીને અનાસક્ત હોવાનો દંભ પણ કરી શકે છે. અને અપરિગ્રહી બનીને અભિમાનનો પરિગ્રહ પણ કરી શકે છે. પ્રમાણિક અને જાગૃત પ્રયાસ એ જ માણસની પ્રગતિનો સાચો ભોમિયો છે. આવી જાગૃતિ સાથે માણસ દેશ અને કાળનો વિચાર કરીને વર્તે તો તે એ સમાજને ઉપયોગી થઈ પડે એવા પરિવર્તનો કરી શકે છે.

**પ્રશ્ન :** સાચા સાધુ સંન્યાસીઓ જેઓ માત્ર ઉપદેશ જ આપે છે. પ્રાણી માત્રના ભલા માટે જેઓ સતત ચિંતનશીલ રહે છે અને અનેકના પ્રેરણાદાતા પણ આવો શ્રમ કરતા નથી તેમનું જીવન જોઈને એવું ન બને કે સમાજમાં પણ એને આદર્શ રાખીને ચાલનારા લોકો નીકળે અને શ્રમ કરવા કરતાં આવા પ્રેરક બનવાનું જ પસંદ કરે ?

**ઉત્તર :** તમે કહો છો એવું બને પણ ખરું અને ન પણ બને. પરંતુ મેં આગળ કહ્યું છે તેમ સમાજ કાર્યમાં પડેલા એવા પુરુષો ઉત્પાદક શ્રમમાં ભલે થોડો પણ સમય આપે તો તેથી સમાજને જરૂર પ્રેરણા મળે. અને જેમના એ પ્રેરક હોય છે એમનામાં શ્રમ પ્રત્યેની નિષ્ઠા દૃઢ કરાવવામાં જરૂર સહાયક બની શકે છે. એથી એમને પોતાને તો કશું નુકસાન થતું જ નથી.

**પ્રશ્ન :** આવો ફેરફાર થાય એ માટે શું કરવું જોઈએ ?

**ઉત્તર :** આવો ફેરફાર જ્યારે માણસના અંતરમાં ઊતરે છે ત્યારે જ થાય છે. માણસની પાસે એનો ઉપાય એક જ છે. પ્રેમપૂર્વકની સમજૂતી. સામા માણસની આંતરિક કે બાહ્ય પરિસ્થિતિ સમજવી, એના તરફ સહાનુભૂતિ દાખવવી અને પ્રેમ તથા ધીરજપૂર્વક પોતે પોતાની ફરજ બજાવ્યે જવી; એ છે આવો ફેરફાર ઇચ્છનારની સાધના.

❑

**● તા. ૧૯-૧૨-૧૯૪૯ : ગુંદાના પરા તથા બગોદરા**

ગૂંદીથી નીકળી ગૂંદાના પરા આવ્યા. અંતર સાડા પાંચ માઈલ હશે, આ ગામ ગાંગડ સ્ટેટનું છે. ગામના લોકો સાથે કંઈ મુશ્કેલી હોય તો ચર્ચા સભા રાખી હતી.

ત્યાંથી વિહાર કરી સાંજના બગોદરા આવ્યા.. અહીં પણ જાહેર પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. સભામાં વ્યસનત્યાગ વિશે પ્રવચન થયું હતું. સભાના અંતે કેટલાક ભાઈઓએ પ્રતિજ્ઞા લીધી હતી.

**● તા. ૨૦-૧૨-૪૯ થી ૨૫-૧૨-૪૯ : શિયાળ**

શિયાળ એ મુનિશ્રી સંતબાલજીની રચનાત્મક પ્રવૃત્તિનું મોસાળ ગણાય છે. અહીંથી જ રચનાત્મક પ્રવૃત્તિનો પ્રારંભ થયો હતો. હાલમાં શ્રી છોટુભાઈ મહેતા, તેમનાં દીકરી કાશીબહેન અને ડૉ. વલ્લભદાસ દોશી ઉપરાંત બે-એક ગ્રામસેવકોથી કેન્દ્ર ખીલી ઊઠ્યું છે. તેથી અહીં થોડા વધુ દિવસ આપીને કાર્યકર્તાઓના ઘડતર તેમજ ગામના સ્થાનિક પ્રશ્નોમાં મદદગાર બની શકાય તે દૃષ્ટિથી અહીં અઠવાડિયાનો કાર્યક્રમ રાખ્યો હતો.

બગોદરાથી શિયાળ આવ્યા. અંતર ૭ માઈલ. ઉતારો લહેચંદભાઈ શાહને ત્યાં રાખ્યો હતો.

અહીં કરેલ પ્રવચનોમાંથી એક અગત્યનું નીચે આપ્યું છે.

સામાન્ય રીતે શરીરને જડ કહેવામાં આવે છે, પણ જો જડ હોય તો આશા-નિરાશાના પડઘા ન પડત. આત્માની અશુદ્ધિથી દેહની અશુદ્ધિ થાય છે, અને દેહની શુદ્ધિથી શુદ્ધિ થાય છે. કોઈપણ શુદ્ધિનો આધાર તેના વાપરનાર ઉપર છે. શરીરમાં બેઠેલો આત્મા સારી વૃત્તિઓને અનુસરે તો ઊંચે જાય, અને નબળી વૃત્તિઓને અનુસરે તો નીચે જાય. સ્વર્ગ અને નરક એ માનસિક ભૂમિકામાં જ થાય છે. માણસમાં પડેલી ટેવોથી,ગીતામાં વર્ણવ્યા પ્રમાણે કેટલીક વખત ન ઇચ્છે તોપણ, પ્રસંગ બને ત્યારે તેને આધીન થઈ જ જાય છે. એટલા માટે જાગ્રતિની ખૂબ જરૂર છે. નહીંતર પડી જવાનો ભય રહે છે. એટલા માટે આપણા ડાહ્યા પુરુષોએ બહુ પ્રવૃત્તિમાં ન પડવાનો આગ્રહ રાખ્યો હતો. તેમ છતાં આંતર કે બાહ્ય કોઈ ને કોઈ પ્રવૃત્તિ તો કરવી જ પડે છે. એના મૂળમાં જોઈશું તો પ્રકૃતિ મૂળે દોષિત નથી, પ્રકૃતિમાં રજ-તમ અને સાત્ત્વિક ગુણ ભરેલા છે. આપણી દરેક પ્રવૃત્તિમાં જાગૃતિ રાખવા મથીએ. એજ રીતે મલિનતા પણ કાઢીએ.

કેટલાંક સૂત્રો માનવ જાતને પ્રેરણા આપે છે. જેમકે, 'યથા રાજા તથા પ્રજા.' આ સૂત્ર સહેજે નથી ઊભાં થયાં તે વખતે પ્રજાનું ઘડતર અને માનસ એવા પ્રકારનું હતું.

પણ કેટલીક વખતે કેટલાંક સૂત્રોમાં યુગપ્રમાણે ફેરફાર પણ કરવો પડે છે. એ કોણ કરી શકે ? એને આપણે યુગ કે કાળ બળ કહીએ છીએ. પણ એ કાળ કોણ ? મોટો જનસમુદાય જે વિચારો કરે, તેવો તે કાળ બને છે. આજે આપણે કહીએ છીએ : ખેડે તેની જમીન ? આ અથવા તો આવી બીજી કોઈ બાબત હોય, વિચાર વહેતો મૂક્યા પછી એ જાણવું જોઈએ કે એનું પરિણામ કેવું આવશે ? પસ્તાવું તો નહીં પડે ને ? જેવા વિચાર કરીએ તેવા સજાતીય વિચારો એકત્ર થઈ મોટી તાકાત ઊભી કરે છે. એટલા માટે સમાજ આગળ વિચાર મૂકનારાઓએ ખૂબ વિચાર કરી, સાચો વિચાર મૂકવો જોઈએ.

અહીં ગામના સ્થાનિક પ્રશ્નો કેટલાક હતા તેથી માંહોમાંહે કોમોને મન-દુઃખ રહ્યા કરતું. આ અઠવાડિયું રહ્યા તે દરમિયાન-ભરવાડોના ભેલાણના, પઢારોની રોજીના, ખેડૂતોના તેમજ વ્યક્તિગત અને સમાજગત અનેક પ્રશ્નો

ચર્ચાયા હતા. કેટલાક અસત્ય વાતો એવી સીફતથી મૂકતા કે જાણે પોતે જ સાચા છે, પરંતુ મહારાજશ્રીની હાજરીથી વાતાવરણમાં જ એક પ્રકારની ઉન્નતતા છવાઈ જતી. તેથી ગામના બધા પ્રશ્નો શાંતિથી પતી ગયા હતા. અહીં કેટલાક દૃષ્ટાંતરૂપ આપવા લાગતાં નીચે આપું છું.

૧. સહકારી મંડળીના ગોટાળા પતાવ્યા...મેનેજરને હિસાબ ચોખ્ખો કરી આપ્યો.
૨. ભરવાડોના પ્રશ્નમાં મુખીપણું એક વરસ માટે ભરવાડ લઘરા રેવાને ડેપ્યુટી તરીકે આપવું. બીજે વખતે ગામની સમિતિ નક્કી કરે તેને આપવું. ભરવાડો ભેળ ન કરે તેમ કરવાની જવાબદારી સોંપી.
૩. ચતુર લાધાએ ગામની સંમતિ વિના પોતાના ખેતરની ડાંગર માટે તળાવમાંથી પાણી લીધું. તેની ઊપજનો દસમો ભાગ-રૂપિયા ૧૨૫ થાય, તે દંડ તરીકે લેવા ઠરાવ્યું.
૪. કેશુભાઈનો નોકર વચ્ચેથી કામ છોડી નીકળી ગયો. તેને પંચે ૬૪ રૂપિયા, બે હપતે આપવા એવો નિર્ણય કર્યો.
૫ ટોયાપણાના રૂપિયા ત્રીસ હવાલદાર પાસે બાકી હતા, તે કોળી પટેલોએ આપી દીધા.
૬. ચતુરભાઈના ભત્રીજાનું ખેતર જે કનુભાઈ (મુખી)એ ખેડ્યું છે, તેના મતભેદનો નિકાલ આવ્યો.
૭ આ રીતે અહીં અઠવાડિયા દરમિયાન ગામનું પ્રસન્ન વાતાવરણ થઈ ગયું.

**તા. ૨૬-૧૨-૪૯ : કાણોતર**

શિયાળથી નીકળી કાણોતર આવ્યા. અંતર અઢી માઈલ હશે.

અહીં ગામસભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે - માણસ ઘણી વખતે પોતાની જાત તરફેણમાં ન્યાય મેળવવા માગતો હોય છે. અને એ પ્રમાણે નથી બનતું ત્યારે નવી નવી દલીલો ઊભી કરે છે. આવા વખતે ન્યાય તોળનારે પોતે તટસ્થ અને ચોક્કસ છે કે કેમ તેનો ખાસ વિચાર કરવો જોઈએ. ગુનેગાર કોમોમાં એવી જાતના સંસ્કારો અને વિચારો ઘરઘાલીને બેઠા હોય છે કે - તમે અમને ચોર કહો છો ? અમે ચોર છીએ, જાઓ તમારે શું ?

આવા પ્રસંગે બધી પરિસ્થિતિનો ખ્યાલ કરી, ઉદાર બની, હેતથી ટકોર કરવી જોઈએ. તો તેઓ આપણું માનશે, અને સુધરવા પ્રયત્ન કરશે. એનો અર્થ એ કે પોતાની જાત માટે કડક અને અન્ય માટે ઉદાર બનવું જોઈએ.

● **તા. ૨૭-૧૨-૧૯૪૯ : કેસરડી-બલદાણા**

કાણોતરથી કેસરડી થોડું રોકાયા અને પછી બલદાણા આવ્યા. હમણાં જમીનોના ટુકડાનું એકત્રીકરણ ચાલે છે, તેને લઈને ખેડૂતોમાં ઘણી ગેરસમજો ઊભી થઈ છે, મુશ્કેલીઓ પણ દર્શાવે છે મહારાજશ્રી આ પ્રશ્નને સરળતાથી સમજાવે છે.

● **તા. ૨૮-૧૨-૪૯ : છબાસર-સાંકોડ-માણકોલ**

બલદાણાથી વિહાર કરી, છબાસર સાંકોડ થઈને માણકોલ આવ્યા. આજે કુલ દસ માઈલનો વિહાર થયો. ઉતારો ચોરામાં રાખ્યો હતો. આ જ ગામમાં સંવત ૧૯૯૫ના પોષ સુદ પૂનમે, નળકાંઠા વિસ્તારના ગામોનું મોટું સંમેલન ભર્યું હતું. આ દિવસના સંભારણારૂપે એક સંમેલન ભરવાની દરખાસ્ત આવી હતી, અને તે માણકોલમાં ભરાય એ અંગેની હતી. પણ જોયું કે ગામમાં એટલો એકરાગ અને સંપ નહોતાં. તેથી આ સંમેલન, માણકોલને બદલે ફાંગડી ગામે ભરવાનું ઠર્યું.

અહીં મુખીપણા અંગે, ચાર વીઘા જમીનનો પસાયતાનો[1] ઝઘડો ચાલે છે. પહેલાં મુખીને તે પસાયતું મળેલું. પરંતુ અંબાલાલ શેઠે એ જમીન કાઢી નાખી. (આ ગામ અમદાવાદના શેઠ શ્રી અંબાલાલ સારાભાઈની માલિકીનું હતું.) વીઘોટી કરી હતી. કોર્ટમાં કેસ જતાં પસાયતું ચાલુ રહ્યું. ખેડૂતમંડળમાં જોડાવા અંગેની વાતો થઈ. લોકો તૈયાર છે. ગામમાં જે સહકારી મંડળી ચાલે છે તેને પણ ખેડૂતમંડળના નેતૃત્વ નીચે લઈ જવાનું ગામે સ્વીકાર્યું.

ગામમાં પાણી માટેનો બંધ સારો છે, તેથી ડાંગર સારી પાકે છે.

ગામમાં આગેવાનો : ભગવાન અંબા, નાથા બુરા, જગજીવન ઈશ્વર ઠક્કર, હરિજન ગોવા બેચર, ચમાર સોમા નથુભાઈ.

---

૧. પસાયતો એટલે ગામનો ચોકીદાર કે રખેવાળ. પસાય એટલે 'પ્રસાદ' બક્ષિસ તરીકે મળેલી જમીન.

## સન : ૧૯૫૦

● **તા. ૧-૧-૧૯૫૦ : વીંછીંયા**

માણકોલથી પ્રવાસ કરી અમે વીંછીયા આવ્યા. ઉતારો દરબારી ઉતારે રાખ્યો હતો. રાત્રે જાહેર સભામાં ખેડૂતમંડળ સ્થાપના અંગે વાતો થઈ. તેમજ ખેડૂતના પ્રશ્નો અંગે સમજણ આપી.

**તા. ૨-૧-૫૦ : આદરોડા**

વીંછીંયાથી પ્રવાસ કરી, સાંકોડ ગામમાં થોડું રોકાઈ આદરોડા આવ્યા. અંતર સાડા પાંચ માઈલ હશે. અહીં એક જાહેરસભામાં મહારાજશ્રીએ સેવા ઉપર પ્રવચન આપ્યું.

સેવા એ દાન અને પરોપકાર કરનાર કરતાં એક બે ડગલાં આગળની વસ્તુ છે. દાન અને પરોપકાર કરનાર મનુષ્ય સાધન આપીને અળગો રહી શકે છે. સેવામાં એવું નથી. સેવામાં ધન કરતાં તન અને મનની વધુ આવશ્યકતા છે.

પોતાના કાર્યથી યશ મળે કે અપયશ મળો, કોઈ ધિક્કારો કે પ્રશંસો છતાં સેવાભાવીનું હૃદય સમાન રહે; દરદીના ગંધાતા વાતાવરણમાં પણ અગ્લાનપણે સેવા કરવાનું ન ચૂકે; તેના હૃદયનો ભાર અંત સુધી એક સરખો ચાલુ રહે. કોઈ સાથે ભેદબુદ્ધિ કદીયે ઉત્પન્ન ન થાય, આવી સેવાનું કાર્ય અમુક ઉચ્ચ કોટિ સુધી હૃદય પહોંચ્યું ન હોય ત્યાં સુધી શક્ય નથી. એથી ભતૃહરિ કહે છે કે -

**सेवाधर्म परम गहनो योगिनामप्यागम्यः ।**

સેવાધર્મ યોગીઓને પણ સહજ લભ્ય ન થાય, તેવો કઠિન ધર્મ છે. છતાંય જેને વિકાસની અપેક્ષા છે, તેને તો તેની સાધના કર્યે જ છૂટકો છે.

● **તા. ૩-૧-૫૦ : વાસણા**

આદરોડાથી વાસણા આવ્યા. ખેડૂતમંડળ અંગેની સમજ આપતાં તેમાં ૫૦ સભ્યો જોડાયા. તેમને બાવળા ગ્રુપ સહકારી મંડળીમાંથી છૂટા થઈ સ્વતંત્ર મંડળી બનાવવી છે. તેની પણ ચર્ચા થઈ.

● **તા. ૪-૧-૧૯૫૦ : જુવાલ**

વાસણાથી નીકળી ડરણ ગામે થોડું રોકાઈ જુવાલ આવ્યા. અંતર છ માઈલ

હશે. અહીં પણ કેટલાક ગામ આગેવાનોની આડોડાઈને કારણે વાતાવરણ ન જામ્યું. એટલે લાગ્યું કે હજુ સમય પાક્યો નથી.

અહીં એક બંધ છે, તેમાં બારે માસ પાણી રહે છે. તેને જુવાલની પાટ કહે છે. બારે માસ પાણી રહે એટલે માછલાં અને પશુ-પક્ષીઓ ઘણાં આવે, અહીં સરકારી અમલદારો શિકાર કરવા આવતા હતા. પણ મહારાજશ્રી આ વિસ્તારમાં ફરતા હોવાથી શિકાર બંધ છે.

પ્રસંગ એવો બનેલો કે અમદાવાદના કલેક્ટર મિ. ડ્યૂ શિકાર કરવા આવેલા. લોકોએ મહારાજશ્રીને ખબર આપી. મહારાજ એ તરફ વિહાર કરતા હતા તેથી ત્યાં પહોંચ્યા. હજારો લોકો આ પ્રસંગે એકઠા થઈ ગયા હતા. લોકોનો વિરોધ છતાં તેણે માન્યું નહીં. બંદૂકથી નિશાન લીધું, પણ ગભરાટ કે ગમે તે કારણે બંદુક ફૂટી નહીં: કલેક્ટર ખીજવાઈને ચાલ્યો ગયો. લોકોએ આ પ્રસંગથી માની લીધું કે સંતબાલે ચમત્કાર કર્યો, તેથી એની બંદૂક જ ફૂટી નહીં. અને તેથી લોકો એમને ચમત્કારી સાધુ તરીકે ઓળખાવતા.

કલેક્ટરને અપમાન લાગતાં તેણે તે વખતના ગવર્નર રોજર લુમ્લીને આમંત્રણ આપ્યું. ગવર્નર શિકાર કરવા આવે છે, એ વાત આખા નળકંઠામાં ફેલાઈ ગઈ.

આ બ્રિટિશ સત્તાનો જમાનો હતો. ગવર્નર જાય ત્યાં પોલીસની ફોજ હોય. અહીં તો ખબર હતી કે જૈનમુનિ સંતબાલ અને લોકોનો શિકાર માટે વિરોધ છે એટલે સખત બંદોબસ્ત કરેલો. મહારાજશ્રીએ ગવર્નરશ્રીને પત્ર લખીને જણાવેલ કે અહીંની પ્રજાની નારાજગી છે તો શિકાર મોકૂફ રાખે. પ્રજાની લાગણી દુભાય એવું કામ આપે ન કરવું જોઈએ.

તેમની નીચેના અધિકારીએ લેખિત જણાવ્યું કે આપને મળ્યા વિના કોઈ કાર્યક્રમ શરૂ નહીં થાય. આ બાજુ હજારો લોકો અને સ્વયંસેવકો શિકાર ન થાય તે માટે તૈયાર થઈને બેઠા હતા. મહારાજશ્રી પણ છાવણીમાં જ બેઠા હતા. એ લોકોએ દગો દીધો. મહારાજશ્રીને મળ્યા સિવાય, બંધની સામી બાજુથી શિકાર કરીને ચાલ્યા ગયા. મહારાજશ્રીને આ પ્રસંગથી ખૂબ દુઃખ થયું.

આ અનિષ્ટમાંથી એક ઇષ્ટ થયું કે કલેક્ટરના શિકાર વખતે જેમ બંદૂક ફૂટી નહોતી, તેમ આ ગવર્નરના શિકાર પ્રસંગે સંતબાલ તેની બંદૂક બંધ કરાવી

દેશે-એવી ધારણા લઈને લોકો બેઠા હતા તે ખોટી ઠરી. એટલે તેમની પાછળનો ચમત્કારનો જે વાયરો હતો તે ઓછો થયો ![1]

**● તા. ૫-૧-૫૦ : ફાંગડી**

જુવાલથી નીકળી ફાંગડી આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો હતો. મુખ્ય આગેવાન રાયચંદ છગન મુખી છે. અહીં ખેડૂત સંમેલન ભરાવાનું હતું. પણ સૌના આગ્રહથી પહેલાં માણકોલ સ્થળ નક્કી થયું હતું ત્યાંજ છેવટે ભરવાનું ગોઠવાયું.

**● તા. ૬-૧-૫૦ થી ૧૦-૧-૫૦ : માણકોલ**

ફાંગડીથી માણકોલ આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો હતો.

૮મીએ અહીં લોકપાલ પટેલોનું સંમેલન રાખ્યું હતું. લગભગ ૫૬ ગામના લોકો આવ્યા હતા. સ્વાગત પ્રમુખ તરીકે સાણંદના આગેવાન વૈદભા વાસુદેવ વૈદ્ય હતા. પ્રમુખ તરીકે ફાંગડીના મુખી રાયચંદ છગન હતા.

સંમેલનમાં મહારાજશ્રીએ જણાવ્યું કે માણકોલમાં ૧૯૯૫ની સાલમાં જે સંમેલન ભરાયું હતું તેનાં સ્મરણો હજુ જતાં નથી. પણ ત્યારની અને આજની પરિસ્થિતિમાં મોટો ફરક છે. આજે આપણે બે વિષયની ચર્ચા માટે ભેગા થયા છીએ.

એક જ્ઞાતિનું બંધારણ અને બીજું ખેડૂતમંડળ, મંડળ એટલે શું ?

એક ભાઈએ કહ્યું કે, એક રાગે બધા વર્તીએ તેનું નામ મંડળ, આ વાત સારી છે. આઝાદી આવી છે, પણ એ આઝાદીને દિલ્હીમાં રહેવા દેવી નથી. જો ત્યાં જ રહે તો પછી પોલીસ અને લશ્કર જોઈએ. વહીવટી કામ માટે ઘણા માણસો જોઈએ. એટલે આપણે ઇચ્છીએ છીએ કે આઝાદીને ગામડામાં લઈ જવી છે. એ ત્યારે જ બને કે જ્યારે દરેક માણસ એકે એક વાતની જવાબદારી સમજે. જો આપણે ખાવા-પીવામાં કાળજી ન રાખીએ તો શરીરનું રાજ્ય ભોગવી શકતા નથી. તેમ દેશનું સ્વરાજ્ય પણ જવાબદારી સમજવાથી ભોગવી શકીએ.

૧. આ આખો પ્રસંગ મહારાજશ્રીએ પોતાની ભાષામાં ધર્મ દષ્ટિએ સમાજ રચના-પુસ્તકમાં વર્ણવ્યો છે. જુઓ પાન ૭૧ થી ૭૩-ગવર્નર શિકાર પ્રકરણ.

આ જવાબદારી સંગઠનથી આવે છે. સંગઠનમાં ઘસાઈ છૂટવાની વાત પહેલી હોવી જોઈએ. ખેતી સારી થાય, શિક્ષણ સારું મળે, ગામને આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટિએ સારાં સંડાસ નવાણ મળે. ન્યાય મળે. જરૂરી વસ્તુઓ યોગ્ય ભાવે મળે. આ બધું થાય તો સ્વરાજ્ય મળ્યું કહેવાય. કદાચ કરવેરા આવશે તો ચાલી શકશે, પણ એ કર ભરી શકાય એટલી તાકાત પણ ઊભી થવી જોઈએ. હવે બેસી રહેવાનો વખત નથી. કામે લાગી જવાનું છે.

ખેડૂતમંડળ એ એની મુખ્ય ચાવી છે. અનાજ વાવીએ છીએ ત્યારે બીને જમીનમાં નાખી દેવું પડે છે. એની પાછળ શ્રદ્ધા છે કે એકના અનેક પાકશે એવી શ્રદ્ધા આ મંડળમાં રાખજો.

અંબુભાઈએ ખેડૂતમંડળ અંગે સમજ આપી હતી. કેવા સંજોગોમાં આ મંડળની સ્થાપના થઈ તે સમજાવ્યું હતું.

કુરેશીભાઈએ (ગુલામ રસૂલ કુરેશી) સમજાવ્યું કે આજે એક બાજુ મહેલ છે, બીજી બાજુ ઝૂંપડું છે. એક બાજુ ખાવાના સાંસા છે, બીજી બાજુ છાકમછોળ છે. આ બધાનું કારણ દોઢસો વરસની આપણી ગુલામી અને તેને નિભવનાર બ્રિટિશ સલ્તનતનું આ પરિણામ છે. પણ હવે ચિંતા કરવાથી નહીં ચાલે. પૈસા ન હોય, પણ ખાનદાની હોય તો ચાલી શકે. સરકારે ખેડૂતો માટે જે કાયદા કર્યા છે, તેનો નિર્ભયતાપૂર્વક લાભ લેજો.

આ સંમેલનની વિશેષતા વિશે મહારાજશ્રીએ પ્રાસંગિક નોંધમાં આ પ્રમાણે લખ્યું છે :

'૫૬ ગામોનું એક ખેડૂત સંમેલન તાજેતરમાં લોકપાલ પટેલ રાયસંગભાઈ છગનભાઈના પ્રમુખપદે ભરાઈ ગયું. આ સંમેલનમાં મોટે ભાગે લોકપાલ પટેલ ભાઈ-બહેનોની હાજરી હતી. પ્રદેશના ખેડૂતોમાં મોટો વર્ગ તે કોમનો છે. આ સંમેલનની વિશેષતા એ હતી કે બહેનોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. અને ઉત્સવનું રૂપ સહેજે મળી ગયું હતું. ખેડૂતમંડળના બંધારણને બહાલી આપવા ઉપરાંત વિવાહ વિધિમાંના ખર્ચા ઘટાડી નાખવાના ઠરાવો માત્ર એ કોમને માટે થયા હતા. એક બાજુથી પોતપોતાનાં નાનાં મોટા એકમોમાં સુધારો થાય અને એક બાજુ સંગઠનનું કામ ઝપાટાબંધ આગળ વધે તો આવતી રાષ્ટ્ર ચૂંટણી વખતે ગામડાંનો મતદાર વર્ગ પોતાના સાચા અવાજને રજૂ કરવા જેટલો

તૈયાર થઈ જાય. એટલે જ્યાં ખેડૂતમંડળો નથી ત્યાં આ દૃષ્ટિએ ઊભાં થાય અને જ્યાં છે ત્યાં વિશાળ દૃષ્ટિ રાખીને સત્ય, અહિંસા અને નૈતિકતાનો પાયો ધરબાયા પછી જ ચણતર શરૂ થાય,એવી હું ઉમેદ  રાખું છું.

**● તા. ૧૧-૧-૫૦ : ગોકળપુરા-કુંવાળ**

માણકોલથી વિહાર કરી, ગોકળપુરામાં થોડું રાકાઈ લોકોને ખેડૂતમંડળની વાત કરી કુંવાળ આવ્યા. અંતર સાત માઈલ હશે. અહીં રાત્રે જાહેરસભામાં સંગઠિત થઈને સારાં કામો કરવા, અને દારૂ-માંસાહાર જેવાં વ્યસનો છોડવા સમજાવ્યું હતું.

**● તા. ૧૨-૧-૫૦ : ચરલ**

કુંવાળથી પ્રવાસ કરી, હીરપુરા ગામમાં બપોર સુધી રોકાઈ સાંજના ચરલ ગામે આવ્યા. ગઈકાલે એક અમેરિકી દંપતી મહારાજશ્રીને મળવા આવ્યું હતું. તેમનો હેતુ એ હતો કે કોઈ એક ગામડું કે જ્યાં ગાંધી આંદોલન અને બ્રિટિશ સંસ્કૃતિની અસર પ્રવેશ્યાં ન હોય, તેવા સ્થળે એક વરસ સુધી રહેવું. અને ભારતની પ્રાચીન સંસ્કૃતિનો ખ્યાલ મેળવવો.

## સંશોધન વૃત્તિ

સવારની પ્રાર્થના બાદ આ પ્રસંગ ઉપર બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું :

ભારતના લોકોમાં પહેલાં સંશોધન વૃત્તિ ખૂબ હશે, અને તેમાંય આર્યોએ સંપૂર્ણ શોધ કરી હશે, એવી માહિતી મળે છે. એમની વિજ્ઞાન, કળા અને જીવનને લગતી વાતો અદ્‌ભુત હતી એમ કબૂલ કર્યા સિવાય રહેવાતું નથી. તેમણે વહેવારને તાલબદ્ધ ચલાવવા માટે ધંધાને અનુરૂપ એવા ચાર વર્ગની યોજના કરી, જે **વર્ણના** નામથી ઓળખાય છે. તેવી જ રીતે આદર્શજીવન જીવવા માટે જિંદગીના ચાર ભાગ પાડ્યા જે **આશ્રમ** નામથી ઓળખાય છે. વર્ણાશ્રમથી એક લાભ એ થયો કે જે ધંધો જેણે સ્વીકાર્યો તેમાં તે તો પારંગત થયો જ, ઉપરાંત તેમની વિચારજન્ય કે વીર્યજન્ય-સંતતિ પણ ઉત્તરોત્તર વિકાસ કરતી ગઈ. જે સમાજને ખૂબ લાભદાયી થઈ પડી.

ભારતના એ પૂર્વજો વિજ્ઞાનમાં કેટલી હદ સુધી આગળ ગયા હતા તેનાં આપણાં રામાયણ અને મહાભારત જીવતાં જાગતાં પ્રમાણો છે. વિમાનો, શસ્ત્રાસ્ત્રો, રેડિયો, વાયરલેસ, ટેલિવિઝન વગેરે જે બધું આપણને આજે નવું લાગે છે તે સઘળું વરસો પહેલાં શોધાયેલું હતું જ. પણ છેલ્લાં કેટલાંક વરસોથી આપણી એક વૃત્તિ

ઘસાઈ ગઈ છે, અને તે છે સંશોધન વૃત્તિ. કોઈપણ નવી વાત આવે કે તુરત તેને દૂર રાખવા પ્રયત્ન કરી આપણે કાન બંધ કરી દઈએ છીએ. આપણો સર્વસામાન્ય ખ્યાલ એવો છે કે, આપણા વડવાઓએ બધું સંપૂર્ણ કરી આપ્યું છે એથી સારું બીજું હોઈ શકે જ નહિ. દા.ત. તાજેતરનો હરિજન પ્રશ્ન, ગણોતધારો, શાહુકારધારો વગેરે કાયદા થયા છે. તે છે તો સમાજના કલ્યાણ માટેના, કદાચ તેમાં કેટલીક ક્ષતિઓ પણ હોય તે બનવાજોગ છે. પણ તેના હેતુ વિષે ઊંડો વિચાર પણ બહુ ઓછો થાય છે. હમણાં અમો એવાં કેટલાંક ગામડાંમાં ફર્યા કે જ્યાં સરકાર જમીનના એકીકરણનો પ્રયોગ કરે છે. ગામના લોકોએ એક જ ફરિયાદ કરી કે આ કાયદો અમારે ન જોઈએ. અમારું છે તે જ સારું છે. પણ નફો નુકસાન શું છે તે સમજવા કોઈ પ્રયત્ન કરતું નથી. એક જૂની ઝૂંપડી હોય, પાસે ગંદકીનો પાર ન હોય, તેવા વખતે તેમાં રહેનારને કહીએ કે બીજી સારી જગ્યાએ તમને વ્યવસ્થા કરી આપીએ તો તે તુરત ના કહેશે. ખેતીની જમીન બહુ ઓછી પડતી હોય, અને બીજે પોતાના ગામ કરતાં સારી અને જોઈતા પ્રમાણમાં મળતી હશે તોપણ અંતર ના પાડશે. આવો સહજ સ્વભાવ આપણો થઈ ગયો છે. પણ હવે કૂવામાં બૂડી મરવાની કહેવત પ્રમાણે સૌને ગમે છે. પણ હવે કાળ એવો આવ્યો છે કે, નવી વાતો જાણ્યા સિવાય આપણે જીવી નહિ શકીએ. હિન્દ બહારના લોકો આટઆટલી પ્રવૃત્તિ કરી રહ્યા હોવા છતાં આટલી વિજ્ઞાનની શોધખોળ કર્યા પછી પણ સંશોધનો કર્યા જ કરે છે અને તેમાંથી અણું બૉમ્બની શોધ સુધી પહોંચ્યાં છે. જો કે, એનો દુરુપયોગ થયો છે. બીજી રીતે અનાજની બાબતમાં અને પૈસે ટકે પણ સદ્ધર થઈ ગયા છે.

ગઈકાલે જે કુટુંબ આવેલું તે એક વરસ સુધી ગામડામાં રહેવા ઇચ્છે છે. તેમને ગામડાની સંસ્કૃતિ જોવી છે. સામાન્ય જોવું હોય તો બેચાર દિવસમાં જોઈ શકાય પણ આપણી પડેલી ટેવોનો બેચાર દિવસમાં ફેરફાર થઈ જતો નથી. એટલે એનો ખ્યાલ લાંબા સમયે જ આવે. એટલે માત્ર અભ્યાસની ખાતર જ આટલો લાંબો સમય રહેવું એ કેટલી તપશ્ચર્યા અને આત્મભોગ માગે છે ? ગામડાંની આબોહવા, વાતાવરણ અને જીવનની જરૂરિયાતો પોતાના દેશ જેવી ક્યાંથી મળશે ? છતાંય આવા પ્રકારનું સંકટ વેઠીને પણ રહેવાની ઇચ્છા સંશોધન વૃત્તિને આભારી છે. આપણે એમાંથી જે સારું છે તે લઈએ અને આચરવા પ્રયત્ન કરીએ તો વ્યક્તિ અને દેશ બધાંને ખૂબ ઉપયોગી થઈ શકીએ.

**● તા. ૧૩-૧-૫૦ : મખિયાવ-બકરાણા**

ચરલથી પ્રવાસ કરી મખિયાવ આવ્યા. ત્યાં થોડું રોકાઈ બકરાણા આવ્યા. અંતર આઠ માઈલ હશે. અહીં પુષ્કળ જમીન ખેડવાલાયક છે, પણ ખેડનાર કોઈ નથી.

**● તા. ૧૪-૧-૫૦ : દદૂકા**

બકરાણાથી નીકળી દદૂકા આવ્યા. નિશાળમાં જાહેરસભા થઈ. અહીં મહારાજશ્રીએ કૉંગ્રેસનો ઈતિહાસ જણાવતાં કહ્યું કે, સ્વરાજ આવ્યા પછી ઘણી બધી વાતો સારી આવી, પણ એક વાત બૂરી પણ આવી. અને તે એ કે આપણા વહાલા ગાંધી બાપુનું ખૂન હિંદુ-મુસલમાનના ઝઘડાએ કરાવ્યું.

આપણા દેશમાં ૮૦ ટકા ગામડાં છે, ૨૦ ટકા શહેરો છે તેમ છતાં બહુમતી શહેરોની છે. આપણા દુઃખનું મૂળ આપણે છીએ. એટલે નૈતિક પાયાવાળાં સંગઠન બનાવી ન્યાય મેળવવો પડશે.

સાંજના દદૂકાથી નીકળી કુંડળ આવ્યા. રાત્રે જાહેરસભા થઈ. અહીં પ્રભુમયજીવન ઉપર પ્રવચન કર્યું.

**● તા. ૧૫-૧-૫૦ : રેથળ**

કુંડળથી નીકળી રેથળ આવ્યા. ગામમાં આ બાજુના કાર્યકરો વિરુદ્ધ ઘણી ફરિયાદો હતી. ગામલોકો સાથે ચર્ચા કરી તેમનું સમાધાન કરાવ્યું.

**● તા. ૧૬-૧-૫૦ : ઉપરદળ**

રેથળથી નીકળી ઉપરદળ આવ્યા, અંતર ચાર માઈલ હશે. ઉતારો જાહેર ચોરામાં હતો. અહીં જાહેરસભામાં કૉંગ્રેસ સરકાર સામે આક્ષેપો અંગે ચર્ચા ચાલી. હરિજનપ્રશ્ન ચૂંટણી વગેરે બાબતો અંગે ઠીકઠીક ચર્ચા થઈ. પ્રશ્નોનો જવાબ આપતાં અને ચર્ચા વખતે મહારાજશ્રીમાં ઉગ્રતા આવી ગઈ હતી. આ વાત તેમણે સવારની પ્રાર્થનામાં જાહેર કરી, હળવા થયા. પોતાનું દુઃખ વ્યક્ત કર્યું, માફી માગી. તાલુકાના કૉંગ્રેસ કાર્યકરોને પણ એની પાછળથી જાણ થતાં તેઓ પોતાની રીતે પ્રયત્ન કરતા હતા.

**● તા. ૧૭ તથા ૧૮-૧-૫૦ : ઝાંપ**

ઉપરદળથી નીકળી, ઝાંપ આવ્યા. ઉતારો બળદેવભાઈ પટેલના ઉતારે

રાખ્યો હતો. અહીં ભાલ-પાઈપલાઈનમાં જે ગામો આવતાં હતાં તે ગામોના આગેવાનો તથા જમીન એકીકરણના ગામોના લોકોને બોલાવ્યા હતા. આના કારણે ધારાસભ્યો અને જે તે ખાતાના અમલદારો પણ આવ્યા હતા. સારી ચર્ચા થઈ હતી. મહારાજશ્રીએ કેટલાંક સૂચનો કર્યાં હતાં.

**તા. ૧૯ તથા ૨૦-૧-૫૦ : શિયાળ**

ઝાંપથી નીકળી શિયાળ આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો લહેરચંદભાઈને ત્યાં રાખ્યો હતો.

**તા. ૨૨ થી ૨૫-૧-૫૦ : ગૂંદી**

શિયાળથી વિહાર કરી ગૂંદી આવ્યા. અંતર સાત માઈલ. અહીંના નિવાસ દરમિયાન મહારાજશ્રી સાથે વરસોથી રહેતા શ્રી છોટુભાઈ મહેતાના પુત્ર સુમનભાઈનાં લગ્ન થવાનાં હતાં. આ લગ્નની વિશેષતા એ હતી કે લગ્નમાં નવદંપતીને આશીર્વાદ આપવા સર્વધર્મના સંતો આવવાના હતા. સમાજસેવકો અને કાર્યકરો પણ આવ્યા હતા. કંટ્રોલનો જમાનો હતો, એટલે કંટ્રોલમાં ન આવતી હોય અને કાનૂનભંગ ન થાય તે રીતે જમવાની વ્યવસ્થા ગોઠવી હતી. એક જૈન સાધુ લગ્નપ્રસંગમાં ભાગ લે તે પણ સમાજ માટે નવી વાત હતી.

આ પ્રસંગે આવેલ, મૌલવી, પાદરી તથા પારસી ધર્મગુરુ વગેરેએ હાજર રહી આશીર્વાદ આપ્યા. સમાજમાં સારું જીવન જીવવાની પ્રેરણા આપી.

આ શુભ પ્રસંગે મહારાજશ્રીએ જણાવ્યું હતું કે - વ્યક્તિ એ સમાજનું એકમ છે. સ્ત્રી અને પુરુષ બંનેની શક્તિઓના સરવાળાથી સમાજની શરૂઆત થાય છે અને જ્યાં બંનેના સંપર્કો અને શક્તિઓના કેન્દ્રિત સદુપયોગની વાત આવી, એટલે આપોઆપ લગ્નસંબંધનો વિચાર આવીને ઊભો રહે છે. આમ ધર્મદષ્ટિએ સમાજરચનામાં લગ્નજીવન અનિવાર્ય ગણતા હોઈએ છીએ, તો બીજી તરફ લગ્નશુદ્ધિનો ખ્યાલ રાખવો જ પડશે.

અહીં વિવાહિત થનાર દંપતી અત્યારે હરિજનવાસમાં ઝાડૂથી સફાઈ કરીને આવ્યાં છે. છ સાત વર્ષ પહેલાં જે બે દંપતીઓને બ્રહ્મચર્યની મર્યાદિત પ્રતિજ્ઞાને નિમિત્તે મારા આશીર્વાદ મળ્યા હતા, તેમાંનું એક આ લગ્ન વખતે હાજર છે. આજે વિવાહિત થનાર યુગલ-લગ્નની સાથોસાથ ઓછોમાં ઓછું એક વર્ષ

બ્રહ્મચર્ય સાચવી રાખવાની પ્રતિજ્ઞા લેવા માગે છે. મેં ગઈ કાલે એ બંનેને પૂછ્યું હતું. ત્યાર બાદ એ બંનેના વાલીઓને બોલાવી, તેમની સમક્ષ પ્રતિજ્ઞા અંગે ચર્ચા કરી હતી. દરેકની જવાબદારીનો ખ્યાલ આપ્યો હતો. પ્રભાતપ્રાર્થના બાદ જનતા અને તે બધાંઓની સમક્ષ પ્રતિજ્ઞાવિધિની જાણ કરાઈ હતી.

બપોરે ત્રણ વાગ્યે લગ્નવિધિ પૂરો થયા બાદ ભજન-પ્રાર્થના બાદ-નવદંપતીને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અપાઈ હતી. આ પ્રસંગે જુદા જુદા ધર્મ સંપ્રદાયના ગુરુઓ પણ હાજર હતા. આમ અવનવી રીતે સાદાઈ છતાં ભવ્ય રીતે સમારંભ પૂરો થયો હતો. આમાં છોટુભાઈનો ફાળો મુખ્ય હતો.

(મહારાજશ્રીની હાજરીમાં લગ્નોત્સવ એક વિશિષ્ટતા ગણી શકાય. પરંતુ લગ્નના સંસ્કારમાં પણ કેટલુંક બદલવા જેવું તેમને લાગેલું. ભાઈ સુમંતભાઈ અને સુધાબહેનના લગ્ન પ્રસંગે તેમણે પોતાના વિચારો નીચે પ્રમાણે દર્શાવ્યા હતા.)

આ લખાય છે ત્યારે આજે અહીં વિવાહિત થનાર દંપતીનો વિચાર આવે છે, તે મૂકું છું. તેઓ અત્યારે હરિજનવાસની ઝાડૂથી સાફસૂફી કરીને આવી ગયાં હશે. કાંતણ અને સફાઈ એ બે કામો સમાજના નાના મોટાં અંગો સાથે સંપર્ક સાધવાનાં સાધન તરીકે ઉપયોગી થઈ પડે છે. સમાજનાં બધાં અંગો પોતા સાથે અભિન્ન હોવાં જોઈએ. લગ્ન પ્રવેશ પહેલાં એ યાદી દંપતીના ભાવિજીવનના સળંગ પ્રવાહમાં તરવરી રહે એ આજે તો ખૂબ જરૂરી છે.

વિવાહિત દંપતીને તેમની જવાબદારીઓનો મેં ખ્યાલ આપ્યો હતો. જનતા અને તે બધાંઓની સમક્ષ મેં નિવેદન કર્યું હતું. પ્રતિજ્ઞાવિધિ છપાયો છે. પણ જ્યાં લગી પ્રતિજ્ઞા અપાઈ નથી ત્યાં લગી હજુ ગંભીરપણે વિચાર કરી લેવાનું મેં સૂચવ્યું છે.

મારે મન લગ્નજીવનમાં અગત્યની બે વસ્તુઓ લાગે છે : (૧) લગ્નજીવન સાથે બ્રહ્મચર્યનું લક્ષ્ય સતત રહેવું જોઈએ. (૨) ધનપૂજાને સ્થાને કર્તવ્યપૂજા પ્રચલિત થવી જોઈએ. આ બંને વસ્તુઓ માટે રામાયણનાં ચિત્રો મને હંમેશાં પ્રેરક જણાય છે. અને તેથી હું આદર્શ ગૃહસ્થાશ્રમની ઝંખનામાં રામાયણને સામે રાખવા ભલામણ કરતો રહું છું.

(વિ.વા. તા.૧-૩-૫૦માંથી ટૂંકાવીને)

**● તા. ૨૬-૧-૫૦ : ધીંગડા**

**● તા. ૨૭-૧-૫૦ : જવારજ**

ગૂંદીથી પ્રવાસ કરી જવારજ આવ્યા સાથે શિવાભાઈ જે પટેલ (વિરમગામ ફાર્મવાળા) તથા ઉમેદરામ ભજનિક, અંબુભાઈ વગેરે આવ્યા હતા. રાત્રે જાહેર પ્રાર્થના સભામાં પરિસ્થિતિમાં કેમ વિકાસ કરવો એ અંગે પ્રવચન આપ્યું હતું.

**તા. ૨૭-૧-૫૦ થી ૩૦-૧-૫૦ : કોઠ**

જવારજથી નીકળી કોઠ આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. અહીંના નિવાસ દરમિયાન એક દિવસ રૂપગઢ જઈ આવ્યા. એક દિવસ મેમર જઈ આવ્યા. બંને ગામે, ગ્રામસભા સારી થઈ હતી.

## કોંઠની જાહેરસભામાં ગાંધીજીને શ્રદ્ધાંજલિ

**બાપુનું શ્રાદ્ધ**

તા. ૩૦ જાન્યુઆરીએ કોંઠ ગામે જાહેર સભામાં બાપુજીના સંવત્સરી દિને મહારાજશ્રીએ ગંભીરતાથી બોલતાં જણાવ્યું : આજથી બરાબર બે વરસ પહેલાં પ્રાર્થના કરવા જતાં ગાંધીજીને ગોળી વાગી અને હે રામ ! કહીને પ્રાણ છોડ્યો. તે સમય આખી દુનિયા માટે દુઃખનો દિવસ હતો. આજે પણ એના સ્મરણમાં ઉલ્લાસ નથી, આનંદ નથી પણ મંથન છે. આ પ્રસંગે પ્રવચન કરવું કે વિવેચન કરવું તેના કરતાં પ્રાર્થના કરીએ એ જ વધુ ઈષ્ટ છે. પ્રાર્થનામાં આત્મશોધન કરીએ કે એ બે વરસના ગાળામાં બાપુજીને ગુમાવ્યા પછી તેમના જીવનમાંથી આપણે શું મેળવ્યું અને કેટલા આગળ વધ્યા ?

આજે જ્યારે એ દિવસ વિચારીએ છીએ ત્યારે ચિંતા અને દુઃખ લાગ્યા સિવાય રહેતાં નથી. ખૂન પછી એક મોટા માણસે કહ્યું હતું કે, ''બહુ ભલા થવામાં સાર નથી'' પણ બલિદાન આપનાર આવું જોતો નથી. જેનું જીવન સત્યમય છે, જેનો આચાર અહિંસામય છે તેને ભલાઈ બૂરાઈનો ભેદ નથી, મૃત્યુનો ડર નથી. મુસલમાનોને પણ ખાતરી થઈ ગઈ કે ગાંધીજી અમારા માટે હતા. અમે એક બીજા ધર્મને નામે લડતા હતા, પણ તે ધર્મને નામે પેઠેલો અધર્મ હતો.

હવે જે મુખ્ય કામ કરવાનું બાકી રહ્યું છે તે માણસના અંતરમાં પડેલી અદ્વૈતની ભાવનાને જાગૃત કરવાનું છે. આપણા અંતરમાં બે ભાવના પડી હોય છે. એક જુદાઈની અને બીજી એકતાની. દ્વૈતની ભાવના પોતાના માર્ગમાં આડે આવનારનો નાશ કરવાનું કહે છે. જગતમાં કુસંપ જેવી કોઈ બૂરી ચીજ નથી. બાપુનું ખૂન પણ દેશની બે કોમના કુસંપમાંથી જ જન્મ્યું હતું. તેમણે જાણી લીધું હતું કે આ બે કોમો

લડતી જ રહેશે તો જાન અને માલના સંહારનું ભયંકર તાંડવ ચાલ્યા જ કરશે. માટે તેમાંથી બચાવવી જોઈએ. આજે પણ એ પ્રશ્ન કોઈ ને કોઈ સ્વરૂપે ખડો તો છે જ. જ્યાં સુધી અંતરમાં ભેદ પડેલો રહેશે ત્યાં સુધી બીજા અસંખ્ય પાકિસ્તાન ઊભાં થતાં રહેશે. એનો એક માત્ર ઉપાય દ્વૈતને સ્થાને અદ્વૈતની ભાવના સ્થાપિત કરવાનો છે. આ દિવસે બાપુજીની એ ભાવનાનો વિચાર કરીએ અને જીવનમાં ઉતારવાનો નિશ્ચય કરીએ. તો જ ગાંધીજીને યાદ કર્યા સાર્થક ગણાશે.

**● તા. ૩૧-૧-૫૦ : રાયકા અને ગાંગડ**

કોંઠથી વિહાર કરી રાયકા આવ્યા. અહીં લોકો સાથે ખેતીમાં પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા થઈ. ગામમાં તળાવ ખોદાણની ખાસ જરૂર છે.

બપોરના વિહાર કરી રાયકાથી ગાંગડ આવ્યા. અંતર સાડા સાત માઈલ હશે. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો. ગાંગડ એ નાનકડું સ્ટેટ છે. તેના તાબામાં બાર ગામોનો વહીવટ છે. ઉપરાંત બાર વાંટા[1] છે.

અહીં પણ ખેડૂતોને સંબોધન કરતાં જણાવ્યું કે, જીવનમાં ત્રણ જરૂરી અંગો છે : કૃષિ, વેપાર અને ગોસંવર્ધન-ગોરક્ષા. આ ત્રણે એકબીજાનાં પૂરક છે. ગામનો વાણિયો, ખેડૂતની બધી વ્યવસ્થા ગોઠવી રાખતો. લગ્નમાં કેટલો ખર્ચ થશે, ઉતારો ક્યાં આપશો, સીધું-સામાન બધું તે પૂરું પાડતો. એટલા માટે તેને મહાજન નામ આપ્યું છે.મહાજન એટલે મોટો માણસ. મોટો એટલે ગુણમાં મોટો. પોતે ખવડાવીને પછી ખાય. પણ મહાજનનું ધ્યાન ધીમેધીમે પૈસા તરફ ગયું એટલે તેનું ઊંચું સ્થાન સમાજમાં હતું તે ચાલ્યું ગયું.

**તા. ૨-૨-૫૦ : વાલથેરા**

ગાંગડથી નીકળી વાલથેરા આવ્યા. અંતર સાડાત્રણ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. અહીં આજુબાજુના ગામો-ભવાનપુરા, સસંડી વગેરેના લોકોને મળવા બોલાવ્યા હતા. આ બંને ગામ તથા પરામાં મિશન તરફથી હરિજનવાસમાં શાળા ચાલે છે. ગામ જૂના વિચારનું છે.

---

૧. વાંટા શબ્દ આ તરફ પ્રચલિત છે. મૂળ હિંદી શબ્દ बांट વહેંચવું ઉપરથી આવ્યો લાગે છે. જમીનનો અમુક હિસ્સો વહેંચણીમાં આવ્યો હોય તેને વાંટાથી ઓળખે છે.

**● તા. ૩-૨-૫૦ : ધનવાડા-સાંકોદરા**

વાલથેરાથી નીકળી ધનવાડા આવ્યા. અંતર સાડા ત્રણ માઈલ. સભા થઈ. ૨૨ સભ્યો ખેડૂત મંડળના નોંધાયા.

ધનવાડાથી સાંજના નીકળી સાંકોદરા આવ્યા.

અહીં વેડછી આશ્રમના આચાર્ય શ્રી ચીમનભાઈ ભટ્ટ, ઉમેદરામ ભજનિક તેમજ મીરાંબહેન મળવા આવ્યાં હતાં. રાત્રે જાહેરસભા થઈ. ખેડૂતમંડળના ૨૧ સભ્યો નોંધાયા.

રાત્રે પ્રાર્થના પછીની જાહેરસભામાં મહારાજશ્રીએ અસ્પૃશ્યતા નિવારણ ઉપર પ્રવચન કર્યું હતું.

આપણે સેવા કરવા નીકળીએ છીએ, પણ લોકોને ગમતી હોય તેવી વાતો જ કરીએ છીએ, પણ ન ગમતી વાત હોય, સાચી વાત હોય તોપણ કહેતા નથી. ખબર છે કે એવી વાત કરીશું તો ઢેખાળા ખાવા પડશે. ગાંધીજીએ હરિજનોને અપનાવી લેવાની વાત કરી, પણ આપણે જુદી જુદી દલીલો કરી એ વાતને ટાળીએ છીએ. એક હરિજનને તરસ લાગી. તળાવડામાં પાણી જોઈ પીવા દોડ્યો. છૂપાતાં છૂપાતાં પીધું. એક જણે જોઈ લીધું એટલે લાકડી લઈને દોડ્યો. પેલો પૂછવા લાગ્યો કોણ છું ? મારું તલાવડું અભડાવી માર્યું. પેલો બીકથી જૂઠું બોલ્યો : માબાપ, મેં પાણી નથી પીધું પખાલ કરી (હાથ-પાણી) છે. પેલો કહે, તો કંઈ વાંધો નહીં ! એમ કહીને ચાલ્યો ગયો. આપણી બુદ્ધિ ક્યાં ગઈ છે, તે સમજાતું નથી. એક શૂદ્રને અડીને, તે મુસલમાનનો સ્પર્શ કરી લે તો પવિત્ર થઈ જાય, પણ એ બ્રાહ્મણોને અડીને પવિત્ર ન થઈ શકે. કેવી અંધશ્રદ્ધા અને જડધર્મ સમાજમાં ઘૂસી ગયાં છે !

**● તા. ૪-૨-૫૦ : ચિયાડા**

**● તા. ૫-૨-૫૦ : કેરાળા**

ચિયાડાથી નીકળી કેરાળા આવ્યા. અંતર ત્રણ માઈલ. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. સભા સારી થઈ, સભામાં ખેડૂત સંગઠન અને રામરાજ્ય માટે શું કરવું તે સમજાવ્યું.

નવ સભ્યો ખેડૂતમંડળના નોંધાયા.

સાંજના ચિયાડાથી કોચરિયા આવ્યા. ઉતારો ચોરામાં રાખ્યો હતો. ચોરાને સુંદર રીતે શણગાર્યો હતો. ગામલોકોએ વાજતેગાજતે સ્વાગત કર્યું હતું.

વેડછી આશ્રમવાળા શ્રી ચીમનલાલ ભટ્ટ અમારી સાથે જ હતા. તેઓ એક સારા કથાકાર પણ છે. ગાંધીકથાની તેમની વિશિષ્ટતા છે. રાત્રે તેમણે સંગીતમય કરતાલ સાથે કથા કરી.

આવો સુંદર કાર્યક્રમ ચાલતો હતો ત્યાં બૂમ સંભળાણી- 'આગ... આગ...' લોકો દોડી ગયા. થોડી વારમાં તો આગને કાબૂમાં લઈ લીધી. ગામના લોકોમાં સંપ સારો હતો. વળી મહારાજશ્રીની હાજરી હતી. તેથી ગામે કહ્યું : 'ઘર કોઈનું નથી બળ્યું : ગામનું બળ્યું છે.' અને તે બંધાવી આપવા નક્કી થયું. ઘરમાં પૂળા બળી ગયા, તે પણ બીજા લોકોએ આપવા જણાવ્યું.[1]

**તા. ૬ અને ૭-૨-૫૦ : આદરોડા**

કોચરિયાથી આદરોડા આવ્યા. ઉતારો પથાભાઈ પઢેરિયાને[2] ત્યાં રાખ્યો હતો. બપોરના બહેનોની સભા રાખી હતી. હરિજનવાસની મુલાકાત લીધી હતી. તેમની મુશ્કેલીઓ સાંભળીને નિકાલ લાવવા પ્રયત્ન થયો.

**તા. ૮ અને ૯-૨-૫૦ : ભાયલા**

આદરોડાથી નીકળી ભાયલા આવ્યા. અંતર ચાર માઈલ હશે. અહીં આ વિસ્તારના ખેડૂતોની ખેડૂતપરિષદ રાખી હતી. તેમાં સહકાર અને સહકારી મંડળી શું છે તેની સમજણ આપી હતી. કેટલાક સહકારી ખાતાના અધિકારીઓ પણ આવ્યા હતા. તેમણે સહકારથી થતા લાભોનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો વર્ણવ્યાં હતાં. બારડોલીના ખેડૂતો પોતાનાં કેળાં પરદેશમાં મોકલે છે, અને સારા ભાવ મેળવી શકે છે. અહીં ખેડૂતમંડળના ૧૯ સભ્યો નોંધાયા હતા.

**● તા. ૧૦-૨-૫૦ : રાણેસર**

ભાયલાથી નીકળી રાણેસર આવ્યા. ઉતારો ચોરામાં રાખ્યો હતો. ગામ લોકોએ કહ્યું કે બાજુના અમીપુરા ગામનો પાણીનો મોટો બંધ છે, તેમાંથી વધારાનું પાણી અમને મળે તો ઘણો ફાયદો થાય.

અહીં ખેડૂતમંડળમાં ૩૫ સભ્યો થયા.

---

૧. 'ઘર અને ગામડું' વિભાગમાં મહારાજશ્રીએ આ પ્રસંગનું વર્ણન કર્યું છે.

૨. ૧૯૭૯માં ગુજરી ગયા. તેમની સ્મૃતિમાં 'કલ્યાણપથના પથિક-પથાબાપા'-નામે પુસ્તિકા પ્રગટ થઈ છે.

● **તા. ૧૨-૧૩-૨-૫૦ : છબાસર**

● **તા. ૧૪-૨-૫૦ : કેસરડી**

કેસરડીમાં ઉતારો ચોરામાં રાખ્યો હતો. નિશાળમાં વિદ્યાર્થી આગળ પ્રવચન રાખ્યું હતું. તેમને ઉપયોગી શિખામણ આપી હતી.

● **તા. ૧૫-૨-૫૦ : શિયાળ**

● **તા. ૧૬-૨-૫૦ : બગોદરા**

● **તા. ૧૭-૨-૫૦ : ગૂંદી**

બગોદરાથી ગૂંદી આવ્યા. અહીં ખેડૂતમંડળ અને જલ સહાયક સમિતિની મિટિંગો રાખી હતી. મિટિંગોને કારણે રવિશંકર મહારાજ, ગુલામ રસૂલ કુરેશી, પરીક્ષિતલાલ મજમુદાર વગેરે કાર્યકરો અને ખેડૂતો આવ્યા હતા.

મહારાજશ્રીનો નિવાસ કસ્ટમ બંગલામાં હતો. તે દિવસે સવારે ગૂંદીના બે ખેડૂતો મહારાજશ્રી પાસે કાળુ પટેલ વિરુદ્ધ જમીનની ફરિયાદ લઈને આવ્યા હતા. તેમનો પ્રશ્ન-ધોળી ગામની સીમમાં જમીન ખેડવાનો હતો. તેમણે કહ્યું કે, 'કાળુ પટેલ, અમને જમીન ખેડવા દેતા નથી બાપુ, આપ તેમને સમજાવો.

મહારાજશ્રી : 'બંને બાજુની વિગત સાંભળ્યા પછી હું કંઈક કરી શકું. આજે મિટિંગ છે, કાળુ પટેલ આવવાના છે. તમો પણ આવજો. પ્રશ્નનો નિકાલ કરીશું.'

બપોરે બે વાગ્યે ગૂંદી આશ્રમમાં મિટિંગ શરૂ થઈ. પેલા ખેડૂતો આવ્યા નહીં. એક મિટિંગ પૂરી થઈ, પછી બીજી શરૂ થઈ. કાળુ પટેલે બધાંની રજા લઈ સ્ટેશને જવા નીકળ્યા. સાથે એક ભાઈ હતા. થોડે ગયા ત્યાં એક ખાડા આગળ પેલા બે ખેડૂતો હથિયાર લઈને ખૂન કરવા સંતાયા હતા. તેઓ એકદમ બહાર નીકળી કાળુ પટેલ ઉપર તૂટી પડ્યા. બેત્રણ પ્રહારો કુહાડી અને ધારિયાથી કર્યા. કાળુ પટેલ ગબડી પડ્યા.

થોડે દૂર ઘઉંના ખેતરમાં ૧૫ થી ૨૦ માણસો ઘઉં કાપતા હતા. પણ છોડવવાની કોઈએ હિંમત કરી નહીં. બૂમાબૂમ થઈ. એક જણે આશ્રમમાં ખબર આપી. કાળુ પટેલને મારે છે દોડો... દોડો...

નવલભાઈ શાહ બહાર નીકળી તરત દોડ્યા પેલા ખૂન કરનારા બે જણ સ્ટેશન તરફ દોડતા ગુડ્ઝ ટ્રેન આવી જતાં પકડી શકાયા નહીં. કોંઠ થાણાના ફોજદાર કોઈ કામે ગૂંદી આવેલા, તેઓ આવી પહોંચ્યા. સાંયોગિક પુરાવાને આધારે એ બંનેને પકડી લીધા.

બીજી બાજુ કાળુ પટેલનો શ્વાસ ચાલતો હતો. દરમિયાનમાં આશ્રમવાસીઓ અને સંતબાલજી પણ આવી પહોંચ્યા હતા. તેઓશ્રીએ કાળુ પટેલનો હાથ પોતાના હાથમાં પકડી શાંતિમંત્ર શરૂ કર્યા. ત્યાં તો કલાકેકમાં કાળુ પટેલનું પ્રાણ પંખેરું ઊડી ગયું.

આખા ગામમાં સનસનાટી ફેલાઈ ગઈ. રાત પડતાં ધોળીથી તેમના પુત્ર વગેરે આવી પહોંચ્યા. તેમને સાંત્વન આપી ક્રોધને શાંત પાડ્યો. મોડી રાત્રે તેમનાં પત્ની પાર્વતીબહેન આવ્યાં. પોતાના દીકરાના ખભે માથું નાખી બેઆંસુ સાર્યાં. દીકરો પણ રડી પડ્યો. તેમનાં પત્ની બહાદુર હતાં. તેમણે કહ્યું : સંતબાલજી બાપુના પગ આગળ એમણે દેહ છોડ્યો છે. આથી વધારે સારું મોત કયું આવવાનું હતું ? બેટા, હવે હિંમત હાર્યે શું વળે ? એમ કહી દીકરાને શાંત કર્યો.

બધી વિધિ પૂરી થઈ. પોલીસ, ફોજદાર વગેરે આવી પહોંચ્યા હતા. ગામના આગેવાનોને બોલાવ્યા. મહારાજશ્રીએ પોતાના પ્રયોગની વાત કહી. આગેવાનોને પણ આ પ્રસંગથી ઘણું દુઃખ થયું.

ત્યારપછી ગામમાં ગયા. પેલા ખૂનીઓને મળ્યા. સંતબાલજીએ કહ્યું : 'જુઓ, જે થવાનું હતું તે થઈ ગયું. હવે જે બન્યું હોય તે સાચું કહી દો.'

એક જણે કહ્યું : 'અમારાથી કાળમાં ને કાળમાં આવું થઈ ગયું. અમને માફ કરો.'

મહારાજશ્રીએ કહ્યું : 'તમે તમારા થોડા લાભને ખાતર કેવું ભયંકર કૃત્ય કર્યું તેની તમને ખબર છે ? તમારી કોમનું એમણે કેટલું બધું હિત કર્યું હતું ? તેની તમને ખબર છે ? ખેર, હવે ઈશ્વર જ તમને ઉગારનાર છે ! હિંસાનું પાપ તો થઈ ગયું તમે હવે સાચું બોલશો તો બમણા પાપથી ઉગરશો. સાચા દિલથી હવે પ્રાયશ્ચિત કરી નાખો.

બંનેએ કહ્યું : 'અમારી ભૂલ થઈ ગઈ; થતાં થઈ ગયું. અમે સાચું જ

બોલીશું, પણ અમારા બૈરાં છોકરાંને સાચવજો.' એમ બોલતાં રડી પડ્યા.

મહારાજશ્રી પહેલેથી નક્કી કર્યા પ્રમાણે ૨૧-૨-૫૦થી અરણેજ જવાના હતા. ત્યાં પંદર દિવસ એકાન્ત મૌન રાખવાનું નક્કી કર્યું હતું. તેમાં આ પ્રસંગ ઊભો થયો. એટલે રવિશંકર મહારાજ આવ્યા હતા, તેમને આ કાર્યવાહી પૂરી કરવાનું સોંપ્યું. કાર્યકરો તો સાથે હતા જ.

દાદાને ગુનેગારોએ પંચ રૂબરૂ હથિયારો અને લોહીવાળાં કપડાં બતાવી દીધાં. સરકારી ચોરામાં પોલીસ સામે ગુનો કબૂલી લીધો એટલે રવિશંકર દાદાએ ખૂન કરવામાં મદદ કરનારને છોડી મૂકવા પોલીસને કહ્યું. ખૂનમાં મદદ કરનાર હોંશિયાર હતો. તે અમદાવાદ જઈને સારો વકીલ શોધી લાવ્યો. અને ખૂનીઓ કસ્ટડીમાં હતા ત્યાંથી કોર્ટમાં ગયા ત્યાં ફરી ગયા-વકીલની સલાહ પ્રમાણે કે અમે ગુનો કર્યો નથી. વકીલે સમજાવ્યું કે તમને જજ પૂછે તેનો ડોકું હલાવી 'ના'માં જ જવાબ આપજો.

હવે બંને મહારાજોની ફરજ થઈ પડી કે સત્યને જિતાડવું જોઈએ. અને તેમ કરવું હોય તો કોર્ટમાં જુબાની આપવી જોઈએ. સંતબાલજી મહારાજ પાદવિહારી, એટલે કોર્ટે તેમની અનુકૂળતા પ્રમાણે મુદત આપી.

અમદાવાદની કોર્ટમાં કેસ ચાલ્યો. જુબાની થઈ. મૅજિસ્ટ્રેટે કહ્યું : ગુજરાતની ટોચની વ્યક્તિઓ જે કહે છે તે અમાન્ય નથી ગણતો. પણ મારે કાયદા પ્રમાણે કામ કરવાનું છે. ખૂનીઓએ પોલીસની હાજરીમાં અને ચોરામાં ખૂનની કબૂલાત કરી છે, તે કાયદા પ્રમાણે માન્ય થઈ શકતાં નથી. તેથી ગુનેગારોને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

આ ચુકાદાથી બંને સંતોને ખૂબ દુઃખ થયું. સંતબાલજીએ વિશ્વવાત્સલ્યમાં 'ન્યાયનું નાટક' નામે અગ્રલેખ લખી જનતાનું ધ્યાન દોર્યું. કેટલાક રૂઢિચુસ્ત જૈનોએ સંતબાલજી કોર્ટમાં જુબાની આપવા ગયા તે પ્રત્યે નારાજગી અને વિરોધ દર્શાવ્યો કદાચ જુબાનીથી ગુનેગારને ફાંસીની સજા થઈ હોત તો, એ હિંસાનો મોટો દોષ ન ગણાત ?

આની સામે સંતબાલજીએ એવો ખુલાસો કર્યો કે 'ન્યાયની જીતથી અહિંસા સચવાય, સત્યે અહિંસા વહેતી રાખી. સત્યની જીતથી જ અહિંસાનું મૂલ્ય સચવાય છે. એટલે ન્યાય માટે કોર્ટમાં જવું એ ધર્મ બની જાય છે.

**તા. ૨૧-૨-૫૦ થી ૮-૩-૫૦ : અરણેજ**

ગૂંદીથી અરણેજ આવ્યા. મહારાજશ્રીએ અહીં ૧૫ દિવસનું મૌન અને એકાન્ત રાખવાનું વિચાર્યું હતું. ખાસ મુલાકાતો બંધ રાખી હતી. ચિંતન, મનન, વાચન, જાપ વગેરે કરતા. બંને વખતની પ્રાર્થનાઓનો કાર્યક્રમ ચાલુ રહેતો હતો. અહીંનો કાર્યક્રમ પૂરો કરી પાછા ગૂંદી ગયા.

પોતાના મૌનનો હેતુ સમજાવતાં મહારાજશ્રીએ નીચે પ્રમાણેનું એક ટૂંકું નિવેદન પ્રગટ કર્યું હતું.

**તા. ૯-૩-૫૦ થી ૧૧-૩-૫૦ : ગૂંદી આશ્રમ**

અરણેજથી નીકળી ગૂંદી આવ્યા. ભાલનળકાંઠાની ખેતીનો આધાર ચોમાસાના પાણીના સંગ્રહ ઉપર છે, તેથી પાણીના પ્રવાહોનો અભ્યાસ કરી, પાણીનો વધુમાં વધુ લાભ કેવી રીતે ઉઠાવવો, એ માટે પ્રદેશની એન્જિનિયરિંગ સર્વેક્ષણનું કામ શરૂ કર્યું છે.

❑

## એકાંત મૌન

ભાલ-નળકાંઠા પ્રદેશનાં જે ગામડાંઓને મેં પ્રયોગક્ષેત્ર તરીકે ગણ્યાં છે, તે ગામોનું વાતાવરણ ધર્મયુક્ત રીતે મઘમઘતું રહે, એ દૃષ્ટિ મારી રહ્યા કરે છે. છેલ્લે મારા મનમાં એવું સ્ફુરેલું કે મારે કંઈક વધુ શક્તિશાળી બનવું જોઈએ અને પ્રેમ અને સત્યના પ્રવાહને પ્રબળ બનાવવા માટે કંઈક વધુ કરવું જોઈએ. આથી કેટલાંક સાથી ભાઈ-બહેનો સાથે વિચાર વિનિમય કર્યા બાદ એવું નક્કી કર્યું છે કે તા. ૨૧મી ફેબ્રુઆરીથી આઠમી માર્ચ સુધી વિશેષ એકાંત મૌન રાખી એક સ્થળે રહેવા વિચાર્યું છે.

આ સમય દરમિયાન સામાન્ય મુલાકાતો બંધ રાખવાની રહે છે.

વિ.વા. ૧-૩-૧૯૫૦ **'સંતબાલ'**

## પ્રતિદાન દ્વારા લોકકેળવણી

[ગયે વર્ષે એટલે કે ૧૯૪૮માં ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રયોગ રૂપી ઊભી થયેલી દુષ્કાળ કર્તવ્ય સમિતિએ સંઘની હૂંફે અહીંના ગામડાં માટે જે કંઈક પણ કરેલું તેનું ફૂલપાંખડીરૂપે પણ વળતર આપવું જોઈએ એમ તે વખતેય કહેવાયું હતું. આ વરસે એ ગામડા પર કુદરતની મહેર ઊતરી છે એટલે એ ધર્મ સમજાવવા મુનિશ્રીએ શક્ય તેટલાં આ પ્રદેશનાં ગામોનો પ્રવાસ યોજ્યો હતો. આ ગામોમાં ધંધુકા તાલુકાનાં ગામો મુખ્યત્વે હતાં. ૩ અને ૪ એપ્રિલના રોજ તેઓ ધોલેરા હતા. ત્યારબાદ ૧૭ અને ૧૮મીએ પણ ધોલેરા આવ્યા હતા. આ રીતે ૧૨ મી માર્ચથી શરૂ કરી માર્ચ અને એપ્રિલ આખો-પ્રતિદાન અંગે લોકશિક્ષણના નવા કાર્યક્રમમાં આપ્યો હતો.

મણિભાઈ આ ગાળા દરમિયાન તેમની સાથે નહીં હોય એમ લાગે છે. કારણ કે આ ગાળાની નોંધ તેમની નોંધવહીમાં મળતી નથી. પરંતુ પોતાના પ્રવાસની ફલશ્રુતિરૂપે જ જાણે તેમનો નીચેનો લેખ ઉપયોગી થાય છે. **સંપાદક**]

## પ્રતિદાનનો મહિમા

અગ્રલેખમાં આજે જે વિષય પર લખી રહ્યો છું એ વિષય સાર્વત્રિક છે, પણ એનું ક્ષેત્ર બહુ ટૂંકું છે. વિશ્વવાત્સલ્યના વાચકની કક્ષા હું એટલી તો માનું જ છું કે જે ભાલનલકાંઠા પ્રદેશની વિધવિધ પ્રવૃત્તિઓ પાછળના સમાજ-પ્રયોગમાંનું સ્વરૂપ સહેજે પકડી શકશે.

આપણા દેશમાં દાનનો મહિમા પરાપૂર્વથી ચાલી આવ્યો છે. આપણું એકેય ધર્મસૂત્ર એવું નહિ દેખાય જેમાં દાનની વાત એક અથવા બીજા પ્રકારે ન હોય. દાનનો સંસ્કાર સંતાનોને પાડવા માટે માબાપો બચપણથી જ બાળકોની પાસે દાન અપાવવાની ક્રિયા કરાવે છે. સાધુ અતિથિ કે ભિક્ષુકપાત્ર ન મળે તો મંદિરમાં; અને તેય ન મળે તો નદી કે સમુદ્રમાં પણ દાન નખાવે છે. દાનમાં પણ ગુપ્તદાનનો મહિમા મોટો છે. કશા સ્વાર્થ વિના કર્તવ્યરૂપે અપાયેલા દાનની કિંમત વળી એથીય મોટી છે. દાનની બાબતમાં એથી પણ ઊંડા ઊતરતાં એ પણ બતાવ્યું છે કે અનીતિથી મેળવેલામાંથી લાખોનું દાન કરવું તે કરતાં નીતિથી મેળવેલામાંથી પાઈનું દાન કરવું એ શ્રેયસ્કર છે. આ વાત એશિયાના સંતોએ બહુ ભારપૂર્વક કહી જણાય છે. એક વિધવાએ દાનમાં આપેલી કાણી કોડીની ખુદ જિસસે સભામાં કરેલી જાહેર ઈજ્જત

આપણને મુગ્ધ બનાવે છે. શબરીનાં બોરનાં અને સુદામાના તાંદુલનાં હૃદયગાન ગાતાં આપણે થાકતાં જ નથી. આમ છતાં છેલ્લાયુગે આપણાં હૃદયોને દાન કરતાં શ્રમ તરફ અને ભિક્ષા કરતાં થોડું સંચયનું જોખમ વહોરીને પણ પ્રત્યક્ષ સમાજોપયોગી ઉત્પાદન તરફ આકર્ષ્યાં છે. તોયે સમાજ આવ્યો કે દયાદાનને ધાર્મિક માન્યતા આપ્યા વગર આપણો છૂટકો નથી. ભિક્ષા ઉપર આ જ કૉલમમાં મેં અગાઉ ઘણું લખ્યું છે. આજે દાન નહિ, પણ પ્રતિદાન પર અને તેય આ ક્ષેત્રના થોડાં ગામડાંઓના અનુભવો પર થોડુંક અહીં લખું છું.

જેમ દુષ્કાળને પ્રયોગ ગણીને ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના સંચાલન તળે દુષ્કાળ કર્તવ્યસમિતિ ઊભી થઈ હતી. અને એણે ધંધુકા તાલુકાનાં ઓગણપચાસ ગામડાં પર પોતાનું ધ્યાન કેંદ્રિત કરી જે કાર્ય કર્યું હતું, તે વાત જાણીતી છે. 'કર્તવ્ય' શબ્દે ગયા વર્ષમાં દાન દેનારાઓ પાસે માગણી કરાવી હતી. જેમાં મુંબઈ અને અમદાવાદથી માંડીને પાક સંપન્ન ગામડાંઓ પણ આવી ગયાં હતાં. આ વર્ષે એ જ કર્તવ્ય શબ્દે દુષ્કાળ પ્રદેશનાં આ ગામડાંઓ પાસેથી સંઘ માટે પ્રતિદાનની ફરજ ઊભી કરી. આ ધર્મ સમજાવવા મારે જાતે જ એ ગામડાંઓમાં જવું એમ મેં મનથી વિચાર્યું. અને હું ગયો. સાથીઓ સાથે વાતો કરી લીધી હતી. સંઘની સમિતિ મળ્યે એ કામ પર વધુ જોર અપાયું.

આર્થિક દષ્ટિએ જોતાં મારી કલ્પના હતી કે ઓછામાં ઓછા વીસેક હજાર રૂપિયા જેટલું અનાજ સહેજે થશે પણ એ કરતાં પરિણામ ઘણું ઓછું આવ્યું. જો ટકા મૂકી શકાતા હોય તો ત્રીસથી તેત્રીસ ટકા પરિણામ આવ્યું એમ કહેવામાં વાંધો નથી. આને પાસપત્ર આપતાં હું સંકોચાઉં છું. છતાં વાચક પાસે પાસપત્ર અપાવવું હોય તો વકીલાત કરું ખરો. જેનાં કારણો આગળ જણાવીશ. આ વર્ષે ખેડૂતોએ સારો પાક લીધો હતો.જો કે આ વર્ષે પણ થોડાં ગામડાં અપવાદપાત્ર તો હતાં જ. ખાસ કરીને એ હતાં ભાઠાનાં ગામડાં. જેમાં જુવારનું બી પૂરું પાક્યું નહિ, રાઈ અને ઘઉં બંને મોટે ભાગે બળી ગયાં હતાં. છતાં આ ગામડાંઓ પણ ગયા વર્ષથી પાકે સુખિયાં હતાં જ. એ હિસાબે મેં છેવટે એક દિવસની કરાડી (આ પ્રદેશમાં બહુ થાય છે જેનું બીજું નામ પીલુ કહેવાય, તે) ગાજતે વાજતે જઈ મહેનત કરીને જે કાંઈ લાવો તે પણ પ્રતિદાનમાં આપી શકાય, એમ કહ્યું. એ મજૂરીનું મૂલ્ય મારે મન ઓછું નથી, પણ આપણે તો લીધું છે તેમાંથી અલ્પસ્વલ્પ આ વર્ષે આપ્યા વિના ન જ ચાલે.

આ રીતે જાતે આવાં કાર્યોમાં આટલું ઊંડું ઊતરવાનો કદાચ આ મારે માટે પહેલો જ અવસર હતો. લોકોને સારું પણ આ પ્રથમ પ્રયોગ હતો. દાતાઓને ફુલાવીને દાન

કઢાવવાની રીતને બદલે દાતાઓને કર્તવ્યભાન પ્રેરીને દાન કઢાવવું સહેલું નથી. સ્વરાજ્ય આવ્યા પછી ગામડાંઓની માગવાની ભૂખ-સરકાર પાસે-ઊઘડી છે. જોકે વર્ષોના શોષણ પછી દેશ પાસે એ માગવાનાં તેઓ અધિકારી છે, છતાં માગણવૃત્તિથી માગવાથી જેમનું તેજ ઘટ્યું હોય છે, તેઓ કર્તવ્યભાવે આપી શકે નહિ.ગામડાંઓ ફુલાવીને કે ભિખારી વૃત્તિથી માગે તો ઘણું આપે છે. એક ગામમાં મેં સાંભળ્યું કે એક યા બીજા પ્રકારના સત્તાવીસ ફાળા થઈ ચૂક્યા હતા. આ નહોતો ફાળો, નહોતું દાન,નહોતી પુણ્ય ખરીદવાની વાત.આ તો વણનોંધ્યું જે ઘણું ઋણ લેવાયું હતું તે ઋણમાંથી થોડુંય હળવું થવાની વાત હતી. સરકારી તગાવી, ભાવમાં થયેલો મોટો ઘટાડો, વિઘોટીનો દોઢો કે બમણો આંકડો અને અન્ય અનેક ફાળાઓ પછી મોડેમોડે થયેલી આ પ્રેમાળ ઉઘરાણી હતી.મારે માત્ર ધર્મ સમજાવીને દૂર રહેવાનું હતું, સાથીઓને પણ લગભગ નિરાળા રહેવાનું હતું અને બહુ બહુ તો ગામલોકોની જહેમતમાં સૈદ્ધાંતિક મુદ્દો જાળવી મદદ કરવાની હતી.આ ગણતરી કરતાં જરા આગળ અમો ગયા હતા. એકાદ બે કિસ્સાઓમાં મારે જરા ઊંડા પાણીમાં ઊતરીને પણ કર્તવ્યધર્મ સમજાવવા જતાં પાછળથી જાતે પસ્તાવો કરવો પડ્યો હતો.

એકંદરે ખૂબ અનુભવો થયા. અને અંતે એમાંથીયે સંતોષ પામ્યો છું. જે તાપ, વંટોળ અને પ્રદેશે ગતવર્ષમાં શરીરની નાદુરસ્તીમાં નિમિત્ત આપેલું, તેનો આ વર્ષે પણ સ્વાદ મળ્યો. પરંતુ આ વખતે શરીરની જાળવણી માટે સાથે રહેલાંઓએ ઠીકઠીક જહેમત ઉઠાવી હતી, પરિણામે કાર્ય પાર પહોંચી ગયું. કોઈને આટલું જ આપવાનો કોઈએ આગ્રહ કરવાનો નહોતો અને નોંધાયા પછી એક દાણો પણ ઓછો આપે તેનું લેવાનું નહોતું તેમ જ જે આપે તે સ્થાપનાના દેવને અખંડ અક્ષત અપાય છે,તેમ ઊંચું ધાન્ય આપવાની શરત મુકાતી હતી. ધાન્ય ઉઘરાવીને વેચવાનું જ હતું, એટલે એવી પરમિટ સરકાર ન આપી શકે તો ખેડૂતોને નાણાં આપવાની વાત પણ કરી લીધી છે.

સાડત્રીસ ગામડાંનો હિસ્સો નોંધાઈ ગયો છે. થોડાં બાકી છે, ઓગણપચાસમાંનાં ક્નેર વિભાગનાં કેટલાંક ગામો છોડી દીધાં છે, કેટલાંક લીધાં છે. એ વિભાગમાં ખાસ સમિતિને કાર્ય નથી કરવું પડ્યું તેમ છતાં દુષ્કાળ વિસ્તારની સમિતિના કાર્યપ્રદેશમાં નામ હોવા પૂરતું જેમણે આપવા ઇચ્છ્યું, એનો પ્રતિદાન તરીકે સ્વીકાર કર્યો છે. એવો પણ એક નમૂનેદાર પ્રસંગ નીકળ્યો કે કાર્યક્ષેત્રમાં નામ ન હોવા છતાં આ મંગળ પ્રતિદાનકાર્યમાં ફૂલપાંખડી સ્વીકારાવવાનો આગ્રહ થયો હતો, પણ એ આમાં સ્વીકારી શકાય તેમ નહોતું.

સમગ્ર ગામડાંઓના અનુભવો પરથી ક્રમાંક આપવાનો વિચાર હતો પણ થોડાંક ખાસ નામોનો ઉલ્લેખ કરી આ લેખ પૂરો કરીશ. મારા અને સાથીઓના મન પર સૌથી

ઉત્તમ છાપ બધાં ગામડાંઓમાં આ વિષય પરત્વે ઊમ્મરગઢની છાપ પડી છે. ''અમોએ મોતીના દાણા પકવ્યા છે, જેટલું આપીએ તેટલું ઓછું છે. અમોએ ગયે વર્ષે ખૂબ લાભ લીધો છે.'' આવું કહેનાર સમગ્ર રીતે આ એક જ ગામ નીકળ્યું. જેમાં હિંદુ-મુસ્લિમ સૌનો પૂરેપૂરો સમાવેશ થાય છે. મારી અપેક્ષાનું લગભગ સોએ સો ટકા કહીએ તેવું પરિણામ આ ગામને ફાળે જાય છે. તેની લગોલગ સેળાનો નંબર આવી શકે. ભાઠાનાં ગામડાંઓમાં ગોગલાનો ઉત્સાહ ઉલ્લેખપાત્ર ગણાય અને મીંગલપુરનેય ન ભુલાય. પચ્છમ અજાણ્યું છતાં એણે ઠીક ઠીક, જ્યારે જાણીતાં છતાં મોટાં એવાં ભડિયાદ અને ગાંફ ધારવા કરતાં જુદાં જણાયાં. ગાંફમાં એકાદ માણસ પાસે એવી વાત પણ સાંભળી કે મેં લાભ નથી લીધો પછી કર્તવ્ય શાનું ? આખા પ્રવાસમાં ઉત્સાહ ઓછો વધુ જોયો પણ પ્રાદેશિક ફરજનો શબ્દોમાં અસ્વીકાર કર્યો હોય તેવો આ એક જ અપવાદ છે.

પ્રયોગોમાં આવું તો બનવાનું જ. આ પ્રતિદાનમાં હરિજનો પણ સાવ બાકાત નથી. ધોલેરાના હરિજનોએ ઉત્સાહપૂર્વક ફૂલપાંખડી ધરી હતી. ગોલાતળાવ અને બાવલિયાળી એવાં નીકળ્યાં કે જેમણે જવાબ આપવાનું કહેલું તે દિવસે જવાબો નથી આપ્યા. જ્યારે સાંઢીડાનો જવાબ એકંદરે સુંદર ગણાય. વ્યક્તિગત દૃષ્ટિએ જોતાં તો ઘણાં ગામો નોંધવા જેવાં હતાં વિશેષ ગરાસદારી વસતિવાળાં ગામોમાં ચેર, પીંપળી, ધનાળા, ફેદરા ઠીક ઠીક ગણાય. જ્યારે કેટલાંક ઓછા વધુ પણ નિરાશાજનક જ લેખાય.

ટૂંકમાં આ પ્રયોગને અંતે ખારામીઠા અનુભવોમાં મને અને મારા સાથીઓને મીઠા અનુભવો તારવવા માટે ઠીક ઠીક મહેનત ઉઠાવવી પડી છે. પણ શ્રી રવિશંકર મહારાજના શબ્દોમાં કહું તો ''જવાબ મળે છે, એ આનંદની વાત છે. આ સમાજની કેળવણી છે.'' એ જોતાં આનંદ થાય છે. આપણે હવે એ સ્થિતિ પર જઈ રહ્યા છીએ કે; હવે પ્રતિદાનનો ધર્મ સૌએ વિના કાયદાએ અને વિના જગાડ્યે ગામડા અને શહેરો બન્નેએ સમજી લેવો પડશે. એ ધર્મ જ આપણને વર્ગમેળ તરફ દોરી જશે.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૫-૧૯૫૦ **સંતબાલ**

**મુનિશ્રીનો પ્રવાસક્રમ**

ગોપાલક પરિષદ તથા ચૂડાસમા ગરાસદારભાઈઓને સંબોધીને તેઓ તા. ૧ મે એ રોજકા છોડશે. પછી કાળુ પટેલનું ધોળી ગામ લઈને બાજરડા થઈ પાણીસણા મુકામે તા. ૪થીએ પહોંચશે. પાણીસણાની પગીપરિષદમાં હાજરી આપશે પછી ત્યાં જો પઢારકોમના સમાધાન માટે જરૂર પડશે તો રાણાગઢ જશે. રાણાગઢ તુરતમાં જવાનું નહિ થાય તો પાણીસણાથી બારોબાર શિયાળ ભણી જશે. તા. ૧૬-૫-૫૦ સુધીનો પત્ર વ્યવહાર 'શિયાળ તા. ધોળકા, કોઠ થઈને, મુનિશ્રી સંતબાલ' એ સરનામે કરવો. (વિશ્વવાત્સલ્યમાં મુનિશ્રીનો પ્રવાસ-કાર્યક્રમ આ પ્રમાણે પ્રગટ થતો રહેતો.)
૧ લી મે થી ૧૬ મે ૧૯૫૦ - **સં.**

## રાજકારણ અને ધર્મકારણનો સંબંધ

**પ્રશ્ન :** રાજકારણને આપ ધર્મકારણથી રંગાયેલું હોવું જોઈએ એમ માનો છો. જ્યારે અનુભવ કંઈ જુદું કહે છે. કારણ કે, રાજ્યતંત્ર ગમે તેવું ઊંચું હોય તોયે મનુષ્યકૃત કાયદા ઉપર ચાલવાનું. આજે પણ એવું જ છે. દા.ત. સલામતી ધારો, ફરજિયાત અસ્પૃશ્યતાનિવારણ, છૂટાછેડા વગેરે. મનુષ્યકૃત કાયદો આવ્યો ત્યાં બળાત્કાર આવ્યો જ સમજવો. આમાં ધર્મ ક્યાં રહે ? બળાત્કારને અને ધર્મને મેળ પડે ખરો ?

**ઉત્તર :** વ્યક્તિઓ સંગાથે મળે એટલે નિયમો, શિસ્ત વગેરે ઊભું થવાનું જ. રાષ્ટ્ર એ તો વ્યક્તિઓનો મહાસમૂહ છે. માનવસમૂહ જટેલો વિશાળ પ્રમાણમાં કેંદ્રિત તેટલું જ શિસ્ત પળાવવા માટે કેંદ્રિત બળ વાપરવું પડે. આ કેંદ્રિત બળમાં અનિચ્છાએ પણ હિંસા આવવાની. રાષ્ટ્રોને તો વળી આજે આંતરરાષ્ટ્રીય પ્રવાહો વચ્ચે સ્વત્વ જાળવવાનું હોઈ સંરક્ષણનાં સાધનો શોધવાં પડે તે રીતે પણ હિંસા આવવાની. બીજી બાજુ વ્યક્તિઓનો મહાસમૂહ જેટલો શિસ્તપાલનમાં સ્વયં ટેવાયેલો હોય, તેટલે અંશે આ હિંસ્રબળમાં અહિંસા આવશે અથવા અહિંસક વ્યક્તિઓ રાજતંત્રમાં ઉચ્ચસ્થાને હોય તોય શ્રદ્ધાને બળે અહિંસાનો ખ્યાલ પ્રજાને ગમશે. આ કારણે જો માત્ર બાહ્યહિંસા જોઈને જ ધર્મ એનાથી વેગળો રહે તો હિંસાને છૂટો દોર મળી જાય એટલે બળાત્કારને ટેકો આપવા માટે નહિ પણ બળાત્કારને બદલે સહકાર પ્રેરવાને માટે રાજકારણને ધર્મનો રંગ વધુમાં વધુ લગાડવાની જરૂર છે. ભારતમાં વ્યક્તિ કે વર્ગના હાથમાં રાજતંત્ર હતું ત્યારેય ધર્મે જ હિંસામાં અહિંસા ભરી છે તો આજે તો લોકશાહી તંત્ર છે, એટલે ધર્મને કાર્ય કરવાની વધુમાં વધુ વિશાળ તક રહેલી છે. એક બાજુથી નીચેથી એટલે કે જનતામાં ધર્મ પ્રેરવો જોઈએ અને બીજી બાજુ રાજતંત્રને હોદ્દે બેઠેલી વ્યક્તિઓ સામે પણ ધર્મમય ભાવનાનું મહાબળ ઊભું કરવું જોઈએ, જેથી માનવજાત વિકાસપંથને ન ચૂકે અને છતાંય રાષ્ટ્ર દુર્બળ કે પરાધીન ન થઈ જાય. મનુષ્યકૃત કાયદા કરતાં ઈશ્વરકૃત કાયદો મહાન છે અને કેટલીકવાર બન્ને વચ્ચે ઝઘડો થાય ત્યાં ઈશ્વરકૃત કાયદાને જ મહત્ત્વ આપવું જોઈએ. આવે સ્થળે ધર્મકારણ અને રાજકારણ ભલે જુદાં પડે પણ તેમાં ધર્મકારણની સાથે ચાલવા છતાં રાજકારણ એની સાથે સુમેળ નહિ સાધી શકે તો. બાકી રાજકારણ અને ધર્મકારણ વચ્ચે કાયમના છૂટાછેડા થયા તો ધર્મમાં પોકળતા પેસશે અને પરિણામ એ આવીને ઊભું રહેશે કે અહિંસા અને સચ્ચાઈ પર હિંસા અને કાવાદાવાનું સામ્રાજ્ય સ્થપાશે. આ દુઃખદ સ્થિતિથી બચવું

હોય તો મુશ્કેલીઓ વહોરીને પણ ધર્મકારણને રાજકારણ પર પોતાનું પ્રભુત્વ સ્થાપવા માટે ભરપૂર પ્રયત્ન કરવો જ રહ્યો.

**પ્રશ્ન :** અહિંસા તો માણસના અંતરથી ઊગે અને ઊગવી જોઈએ. ધર્મ આ માર્ગ લેશે, કે જે ઘણો લાંબો માર્ગ છે. રાજ્યતંત્ર ટૂંકો માર્ગ લેશે, એટલે કે સમાજનાં અનિષ્ટો જલદી દાબી દેશે. આને લીધે રાજ્યનું કામ માણસને સજાથી સુધારવાનું રહેશે, જ્યારે વિના સજાએ પ્રેમબળે સુધારવાનું કામ ધર્મગુરુએ કરવાનું રહેશે. આમ જોતાં પણ રાજ્યના અને ધર્મના રસ્તા જુદા જ પડવાના; પછી રાજ્યનો અને ધર્મનો મેળ કેમ પડે ?

**ઉત્તર :** તમારે એ ન ભૂલવું જોઈએ કે એકલી સજા કદી જ તંત્ર ચલાવી શકતી નથી. થોડાં માણસો પણ જે રાજ્યમાં અહિંસક ભાવનાવાળા હોય ત્યાં જ સજા કાર્યકારિણી બને છે. ટૂંકમાં મનુષ્યકૃત કાયદા માત્રના આગળ અહિંસા હોય છે, તો જ એ કાયદો આગળ ચાલે છે. ધર્મનો-માનવહૃદય સુધારનો-માર્ગ લાંબો દેખાય છે એ ખરું, પણ એ લાંબા રસ્તાના પાયા પર જ ટૂંકા રસ્તારૂપી રાજ્યતંત્રની સજાઓ ચાલી રહી શકે છે. આથી તો ધર્મ અને રાજ્ય વચ્ચે છૂટાછેડા નહિ પણ ગાઢ સંબંધ હોવો જોઈએ એજ સિદ્ધ થયું. એટલું ખરું કે, ધર્મગુરુ જેવા લોકોએ પ્રેમબળના લાંબા રસ્તાને સ્થાને કાર્યસિદ્ધિની લાલચમાં ટૂંકો રસ્તો ન લેવો જોઈએ. તેમ રાજ્ય કાનૂનોથી કે રાજ્યના હોદ્દેદારોથી અંજાવું પણ ન જોઈએ.

❑

**● તા. ૧૨-૩-૫૦ : જનશાળી**

ગૂંદીથી જનશાળી આવ્યા. અંતર સાડાસાત માઈલ હશે. જનશાળી દરબારોનું આ ગામ છે. સરકારે ભાગને બદલે આ સાલથી વિઘોટી ઠરાવી છે, પણ દરબારો નાના નાના ભાગીદાર હોવાથી, ખેડૂતો કંઈક રાહત આપે તો સારું એવી ઈચ્છા દરબારોએ મહારાજશ્રી પાસે વ્યક્ત કરી.

**● તા. ૧૩-૩-૫૦ : બલોલ**

**● તા. ૧૪-૩-૫૦ : હડાળા**

**● તા. ૧૫-૩-૫૦ :** રોજ ધોળી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉતારામાં રાખ્યો. તાજેતરમાં અહીંના આગેવાન ખેડૂત કાળુ પટેલનું ખૂન થયેલું તે અંગે ગામને અને તેમના પરિવારને આશ્વાસન મળે એટલા ખાતર અહીં

આવવાનો કાર્યક્રમ યોજ્યો હતો.

લિંબડીથી લાભુભાઈ, અરવિંદભાઈ, નંદલાલભાઈ વ. કાર્યકરો આવ્યા હતા. ધોળીથી એક દિવસ કમાલપુર જઈ આવ્યા હતા.

**● તા. ૧૮-૩-૫૦ થી ૧-૫-૫૦ સુધીની નોંધ લખાઈ નથી.**

**● તા. ૨-૫-૫૦ : ધોળી**

**● તા. ૩-૫-૫૦ : બાજરડા**

**● તા. ૪-૫-૫૦** પાણીસણા આવ્યા. અહીં તા. ૫-૫-૫૦ના રોજ ચુંવાળીયા કોળી પરિષદ ભરાઈ હતી. આ પ્રસંગે પૂ. રવિશંકર દાદા, ગૃહપ્રધાન રસિકલાલ પરીખ, કલેક્ટર અને બીજા અધિકારીઓ, ફૂલછાબના તંત્રી નાથાલાલ શાહ વગેરે આવ્યા હતા.

વાહણપગી જે આ પ્રદેશમાં ધાડ-લૂંટનો આગેવાન હતો જે મહારાજશ્રીના સંપર્કમાં આવ્યા પછી ઘણો સુધરી ગયો હતો. તેમની જ મહેનતથી આ સંમેલન મળ્યું હતું. અને ગૃહપ્રધાન રસિકભાઈ પરીખ જેવા હાજર રહ્યા હતા. મહારાજશ્રીની હાજરી મુખ્ય ધ્યાન ખેંચતી હતી. તેથી સંમેલન ઘણું અસરકારક કામ કરી શક્યું હતું. સંમેલને કેટલાક ઉપયોગી ઠરાવ પસાર કર્યા હતા. જેવાં કે–

(૧) આપણી કોમ ઉપર ચોરી અને લૂંટનું જે કલંક ચોટ્યું છે તે દૂર કરવા માટે ખૂબ જાગૃતિની જરૂર છે જેથી આ પરિષદ ઠરાવે છે કે આપણી કોમનાં નાનાં મોટાં બધાં માણસોએ ચોરીનો ત્યાગ કરવો, દારૂ પીવો બંધ કરવો, જુગાર રમવો નહિ અને શિકાર પણ કરવો નહિ.

(૨) આપણી જ્ઞાતિના ભાઈઓ પગેરું કાઢવામાં, ચોરી, લૂંટ રોકવામાં ખૂબ ઉપયોગી થઈ શકે તેવા છે, તો મુંબાઈ અને સૌરાષ્ટ્રની સરકાર તેમને કામે લગાડી દે.

અન્ય ઠરાવોમાં એકપત્ની-વ્રત ધારાનો અમલ કરવા, દારૂબંધી સખત કરવા, બાળલગ્ન-જાસા બાંધવા, સવેલાં ઉઠાવવાં વગેરે અનિષ્ટોનો ત્યાગ કરવા ફરજિયાત શિક્ષણ બનાવવા વગેરે કામના હિતના ઠરાવો થયા હતા.

ફૂલછાબના તંત્રીશ્રી નાથાલાલ શાહને આ ઠરાવોના અમલ માટે નીમવામાં આવ્યા હતા.

**● તા. ૭-૫-૫૦ : પાણીસણાથી રળોલ**

પાણીસણાથી નીકળી રળોલ આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો સરકારી ચોરામાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ હતી.

**● તા. ૮-૫-૫૦ : પડનાળા**

રળોલથી પડનાળા આવ્યા. અંતર ત્રણ માઈલ. રાતની જાહેરસભામાં મહારાજશ્રીએ વ્યસનોથી થતાં નુકસાન સમજાવ્યાં હતાં. સત્તર ભાઈબહેનોએ દારૂ, માંસ, ચા, વ.ની જુદી જુદી પ્રતિજ્ઞા લીધી હતી.

**● તા. ૯-૫-૫૦ : વડાલી**

પડનાળાથી વડાલી આવ્યા. અંતર ત્રણ માઈલ. અહીંના પગીઓ ચોરી કરવામાં બહુ પાવરધા ગણાય છે. મહારાજશ્રી તેમના વાસમાં ગયા, સભા ભરી અને ચોરીથી થતા નુકસાનની વિગતો સમજાવી.

**● તા. ૧૦-૫-૫૦ : રાણાગઢ**

વડાલીથી નીકળી રાણાગઢ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો માતાના મઢમાં રાખ્યો હતો. ગામમાં પઢાર કોમની વસ્તી મુખ્ય છે. તેમાં બે પક્ષ પડી ગયા છે. બંને પક્ષને સમજાવ્યા, પણ મદભેદ ઊંડા હતા એટલે એવું નક્કી કર્યું કે તા. ૨૧મીએ વેજી મુકામે બારેય ગામના પઢારોને મહારાજશ્રી રૂબરૂ બોલાવવા અને નવું બંધારણ તૈયાર કરવું એમ વિચાર્યું. રાણાગઢથી નળ સરોવરમાં નાવડીમાં બેસી અમો ધરજી આવ્યા. પઢારભાઈઓ જ હોડી લઈ આવ્યા હતા. પઢારોએ મોટી સંખ્યામાં આવી મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. તેમને સંપ વિષે કહ્યું.

**● તા. ૨૧-૫-૫૦ : શિયાળથી વેજી**

ધરજીથી શિયાળ ૧૫ દિવસ રોકાઈ તા. ૨૧-૫-૫૦ ના રોજ વેજી આવ્યા. અહીં પઢારોના ૧૨ ગામનું મોટું સંમેલન ભરાયું. પઢાર બહુ મહેનતું કોમ છે. ઊંદરનું દર દેખે તો ખોદીને ઊંદરને કાઢી મારી ખાય. તેમનાં ૧૨ ગામ છે.

સંપ એવો કે કોઈ પણ પઢાર રાતવાસો બહારગામ કરે જ નહીં, અમદાવાદ થેગ (એક જાતનું જુવાર જેવું અનાજ) વેચવા ૩૦-૩૫ માઈલ જાય પણ રાત્રે પાછા આવી જાય. તેમની ચાલવાની રીત તો જાણે દોડતા ન હોય તેવી હોય છે ! શરીરે શ્યામ પણ દાંત સફેદ દૂધ જેવા લાગે. ભણતર બિલકુલ નહીં, મહારાજશ્રી તરફ તેમની ભક્તિ એવી કે મહારાજ એમના ગામમાં રહે ત્યાં સુધી કોઈ માંસાહાર ન કરે.

બપોરના મોટું સંમેલન ભરાયું. કાર્યકરો પણ આવ્યા હતા. મતભેદના મુદ્દા ચર્ચાયા અને સમજાવટથી તેનું નિરાકરણ કરવામાં આવ્યું. આ પછી ગામડાં ફરતા ફરતા અમો તા. ૧-૬-૫૦ના ગૂંદી આવ્યા.

**● તા. ૧-૬-૫૦ : ગૂંદી**

એક પ્રાતઃ પ્રવચનમાં મહારાજશ્રીએ જણાવ્યું કે આપણે ત્યાં રાજા શબ્દનાં ગુણગાન અને મહત્ત્વ ઘણાં ગાયાં છે. રાજા શબ્દ રજોગુણમાંથી ઉત્પન્ન થયો છે, એટલે એને રજોગુણ સાથે લડવાનું હોય છે. મહાભારત કાળથી આમ ચાલ્યું આવે છે. વ્યક્તિને બદલે ભાવવાચક લઈએ તો મોટા સમૂહ ઉપર વર્ચસ્વ ચલાવે તે રાજા. અને મોટા સમૂહ ઉપર વર્ચસ્વ ચલાવનાર જો સાવધાન ન હોય તો સઢ વિનાના વહાણની જેમ ગમે ત્યાં સમાજને લઈ જાય છે. એટલે જ રાજા થતા પહેલાં તેમની પરીક્ષા કરવામાં આવતી હતી. પાંડવોએ મત્સ્યવેધ કર્યો, રામે ધનુષ્ય તોડ્યું એનો અર્થ એ થયો કે એમણે પોતપોતાની મર્યાદા આંકી છે. જે સમાજમાં અગ્રેસર રાજા કે પ્રમુખ જેટલે અંશે ધ્યેયવાળા તેટલા અંશે સમાજ આગળ વધે છે. અને પ્રજા વિમુખ, હીનતાવાળા હોય તો સમાજ પાછો પડે છે.

**● તા. ૪-૬-૫૦ :** ના રોજ ગૂંદીમાં ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રનાં ખેડુતમંડળોના આગેવાનો અને ખેડૂતમંડળમાં રસ લેતા આગેવાનોની એક મિટિંગ બોલાવવામાં આવી હતી.

ઓળખવિધિ બાદ મહેસાણાના શ્રી પુરુષોત્તમભાઈ પટેલે જણાવ્યું હતું કે સર્વોદય અને ગાંધીનું નામ હમણાં બહુ વપરાય છે. પણ ગાંધીજીએ એમ નથી કહ્યું કે ખેડૂતમંડળો ન રચવાં. આજની કૉંગ્રેસનું અને રાજ્યનું બંધારણ

કંઈ બાપુજીએ કહ્યું એમ નથી તૈયાર થયું. હું એમ માનું છું કે કોઈ પણ સંગઠન રાજકારણથી અલિપ્ત રહીને પોતાની રીતે કામ કરી શકે છે, જ્યારે જરૂર પડે ત્યારે એ મંડળો પોતાની નીતિ પ્રમાણેની વિચારસરણી ધરાવતાં પક્ષ પાસે માર્ગદર્શન માટે જઈ શકે છે. પછી તે સમાજવાદ, કોંગ્રેસ કે સામ્યવાદ હોય. સારી વાત છે કે ખેડૂતમંડળના મોટા ભાગના કાર્યકરો કોંગ્રેસને માનનારા છે. પણ સરકારને વહેમ છે કે એ લોકો કોંગ્રેસને નામે ખેડૂતમંડળ રચી લાભ લેવા માગે છે. ખેડૂતમંડળોએ રાજકારણથી અલિપ્ત રહેવું જોઈએ છતાં જો એને પડવું જ હોય તો ઈંગ્લેન્ડમાં ૫૫ થી ૬૦ ટકા મજૂરો પોતાની સરકાર રચી શકે છે. તો અહીં ૭૦ થી ૮૦ ટકા ખેડૂતો પોતાની સરકાર કેમ ના રચી શકે ? ગ્રામવિકાસ મંડળ જુઓ તેમાં ખેડૂતોનો સાથ નથી લેવાતો. જેને ગામડાંનું ભાન નથી તેવા માણસો શહેરમાં બેઠાં બેઠાં તે ચલાવે છે, અનાજના ભાવ વધારવા કે ઘટાડવા તે કામ કરવામાં બીરલા કે કસ્તૂરભાઈની સમિતિ કામ કરે છે. એમને ખેતીનો શું ખ્યાલ હોય ? જેને ખ્યાલ છે તેને બોલાવતા નથી. ઉપરથી બંધારણ આવે તો કામ બરાબર ના થાય. જનતામાંથી નીચેથી આવેલું બંધારણ જ સારું કામ કરી શકે.

બારડોલીના ગુજરાત ખેડૂત સંઘના આગેવાને કહ્યું કે પુરુષોત્તમભાઈ કહી ગયા તે સાચું છે. સરકાર અમારી દાદ ફરિયાદ બિલકુલ સાંભળતી નથી. સરકાર ગમે તેની હોય, તે તો બદલાયા કરવાની એ ખેડૂતનું નહીં સાંભળે એને માટે તો ખેડૂતોએ જ સંગઠિત થઈને તૈયાર થવું રહ્યું.

માલપરા (સૌરાષ્ટ્ર)ના દુલેરાય માટલિયાએ જણાવ્યું કે અગાઉ જે કહી ગયા તે બંને જણે કહ્યું તેવી સ્થિતિ છે અને નથી. કેટલીકવાર કોંગ્રેસથી અસંતુષ્ટ થયેલાં બળો પોતાનું સ્થાન જાળવવા મંડળો કરતાં હોય છે. સૌરાષ્ટ્રમાં મોટા ગિરાસદારો પોતાનાં સ્થાપિત હિતો માટે નાના ગિરાસદારોના નામે લડે છે. તેમ અહીં મોટા ખેડૂતો પાંચસો સાતસો વીઘાંના જમીનદારો પોતાની હસ્તી જાળવી રાખવા પણ નાના ખેડૂતોને નામે મંડળો રચે છે. કદાચ કોંગ્રેસને ડર હોય કે ખેડૂત મંડળો અમારો કબજો લેશે, ખેડૂતમંડળની એવી ઇચ્છા હોય કે કોંગ્રેસ તૂટી પડે તો આપણે આવીએ. સમાજવાદી પક્ષ, કિસાન પંચાયત વગેરે કામ કરતા હોય. આમ સ્વાર્થવૃત્તિથી કોઈ ફાવી શકવાનું નથી. શુદ્ધ બુદ્ધિથી વર્ગમેળ કરીને કામ કરવું જોઈએ.

ગુલામ રસૂલ કુરેશીએ કહ્યું કે પરદેશી સત્તા હટાવવામાં સૌથી મોટું બળ કૉંગ્રેસનું હતું. એના મુખ્ય નાયક ગાંધીજી હતા. તેને કેમ ભૂલી શકાય ? એટલે રાજકારણથી અલિપ્ત કોઈ રહી શકતો નથી. ન રહેવું જોઈએ.

છેલ્લે મુનિશ્રી સંતબાલજીએ કહ્યું કે આપ સૌ પધાર્યા છો તે ખેડૂતમંડળના કાર્યકર્તા છો. ભા. ન. ખેડૂતમંડળના કાર્યકરો પણ છે. એ બધાંને મળતાં મને આનંદ થાય છે. ગૂજરાત ખેડૂતમંડળના ભાઈઓ અહીં આવ્યા છે અને તેમણે કલાકો સુધી જે વાતો, ચર્ચા કરી છે તેની મારા મન પર સારી છાપ પડી છે. અને આશા બંધાઈ છે કે ખેડૂતમંડળો ચોક્કસ દિશા નક્કી કરશે તો જે મુશ્કેલીઓનો પહાડ મૂકવામાં આવે છે તે નહીં લાગે.

પુરુષોત્તમભાઈના વિચારો છાપા દ્વારા જાણવા મળે છે અને તેથી એકીકરણ કરવામાં મને વાંધાજનક લાગતો નથી. ખેડૂતમંડળો જે થાય તે ચોક્કસ નીતિ નક્કી કરીને થાય તોજ' તે ફાયદો કરી શકે અને ટકી શકે.

કૉંગ્રેસ એક શિસ્તબદ્ધ બળ છે. ખેડૂત શબ્દ રજૂ કરીએ છીએ ત્યારે તેની સાથે જ ગામડું આવી જાય છે. ગામડાના ઉદ્ધારમાં દેશના ઉદ્ધારની ચાવી છે. એવાં ગામડાંનું સંગઠન થવું જરૂરી છે. ખેડૂતમંડળમાં ખેતમજૂરો દાખલ કરવામાં એક ભય છે અને જ્યાં બહુમતનું રાજ્ય હોય ત્યાં એ ભય રહેવાનો. જ એટલે તેને અલગ રાખે પણ નહિ ચાલે. ખેતી એ દેશનો સૌથી મોટો ઉદ્યોગ છે, અને ખેતીની આસપાસ વીંટળાયેલ દરેક વર્ગનો વિચાર કરવો પડશે.

કૉંગ્રેસની લડત મોટે ભાગે બુદ્ધિશાળી વર્ગમાંથી ઊભી થઈ છે. અને એ વર્ગ શહેરમાંથી ઊભો થયો છે. એટલે એનું મુખ શહેર ઉન્નતિ તરફ વધુ હોય તે બનવા જોગ છે. આ સ્થિતિને પલટાવવા માટે આપણે પ્રયત્ન કરવાનો છે. કોઈપણ બંધારણના ઘડવૈયા જેની પાસે અમલ કરવાનો છે તેમનાથી તે ઘડતર થવું જોઈએ. ઉપરથી તે બંધારણ તૈયાર થવું ના જોઈએ. જો અમુક ફી આપવાથી જ તેના સભ્ય થઈ જવાતું હશે તો તેનો કબજો ગામના ચાર પાંચ ચૌદસિયા કે ખાંધિયાના હાથમાં જવાનું. અથવા તો સામ્યવાદીઓના હાથમાં જવાનું. એટલે સભ્ય થનારની લાયકાત અને નિયમો ખૂબ ચોક્કસ અને કડક હોવા જોઈએ. જેમનો સંપર્ક ગામડાંથી ઓછો છે, એના પ્રશ્નો બરાબર સમજતા

નથી. જોકે એમણે કંઈ કામ કર્યું નથી કે નકામા છે એમ કહેવાનો મારો આશય નથી. તેમણે કરવાનું ઘણું કર્યું જ છે. પણ ગામડાંના પ્રશ્નો જેટલા ગામડાના લોકો સમજશે તેટલા બીજા નહિ સમજી શકે.

કોઈપણ સંસ્થાના પાયામાં સર્વજન હિતનો ખ્યાલ નહીં હોય તો તે મંડળનું નૈતિકબળ પૂરેપૂરું નહીં ખીલી શકે. વર્ગીય હિત ભલે હોય પણ દૃષ્ટિ સર્વના હિતની હોવી જોઈએ. આપણી અર્થરચનામાં ફેરફાર કરવો જરૂરી છે. આજની સહકારી મંડળીઓ પણ આર્થિક હિત કરી શકતી નથી. દરેક જણ એકબીજા માટે ઘસાઈ છૂટે તો તેમાંથી ત્યાગ અને સહકાર આવશે. આપણાં બધાં મંડળો એકત્રીકરણ ઈચ્છે છે, પણ તેને મસાલો નીતિમત્તાનો હોવો જોઈએ. ખેતીનો ઉપયોગ શોષણને ફટકો મારનાર હોવો જોઈએ.

**● તા. ૭ અને ૮-૬-૫૦ : અરણેજ**

ગૂંદીથી અરણેજ આવ્યા. અંતર ત્રણ માઈલ. ઉતારો માતાના મંદિરમાં રાખ્યો હતો. કાળુ પટેલનું ખૂન થયું તેના કેસની જુબાની લેવા કોર્ટ ખાસ અહીં આવી હતી. મહારાજશ્રીએ જે બન્યું તે બધું જણાવ્યું હતું.

**● તા. ૯-૬-૫૦ : રાયકા**

અરણેજથી નીકળી રાયકા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો અભુભાઈને ત્યાં રાખ્યો હતો.

**● તા. ૯-૬-૫૦ થી ૨૭-૬-૫૦ : શિયાળ**

રાયકાથી શિયાળ આવ્યા. અંતર છ માઈલ. ઉતારો કસ્ટમ બંગલામાં રાખ્યો હતો.

[શિયાળમાં અવારનવાર પ્રવાસ ગોઠવી ત્યાંના કાર્યકર્તાઓને મદદરૂપ થવાય અને તેમને હૂંફ તેમજ ઘડતર થાય તે દૃષ્ટિએ મહારાજશ્રી શિયાળકેન્દ્રમાં વધુ સમય આપતા. આ વખતે ૨૧ દિવસ રોકાયા. તેનાં કેટલાંક સંભારણા અહીં આપ્યાં છે. સં.]

એક રાત્રિસભામાં મહારાજશ્રીએ વેજિટેબલ ઘીની વિરુદ્ધમાં બોલતાં જણાવ્યું હતું કે કિશોરલાલ મશરૂવાલાએ વેજિટેબલ ઘીને બંધ કરવા માટે જે ઝુંબેશ ઉપાડી છે તેને પ્રજાએ સક્રિય સહકાર આપવો જોઈએ. તેમણે બે વિકલ્પો રજૂ

કર્યા છે. કાં તો એ બનાવટ સદંતર બંધ કરો કાં તો એમાં કોઈ રંગ ભેળવો જેથી ભેળસેળની અનીતિ મટી જાય. સવાલ એ છે કે વેજિટેબલ ઘી તરીકે તેલને ઠારવાની વિધિ કરવાની જરૂર કેમ ઊભી થઈ છે ? તેલ ખાનાર તેલ ખાય અને ઘી ખાનાર ઘી ખાય. એમાં વાંધો ક્યાં છે ? તેલને ઘીના સ્વરૂપમાં ઠારવા માત્રથી કોઈ પોષક તત્ત્વ ઉમેરાતું નથી. એમ વૈદ્યો અને વૈજ્ઞાનિકો કહે છે. તો પછી એમ કરવાનું કારણ શું છે ? માત્ર તેલ ખાવા છતાં ઘી ખાવાનો દેખાવ કરવા ખાતર જ આટલા બધા પૈસાની હાનિ કરવી અને કારખાનાં નભાવવાં એની શી જરૂર છે ? આજ લગી ગામડાંનો એક વર્ગ પોતાના રોજિંદા ખોરાકમાં તેલમાંથી પોષણ મેળવતો આવ્યો છે. તલનું તેલ જ એ મુખ્યપણે વાપરતો. પરંતુ સીંગતેલ મળવા માંડ્યા પછી એનો ભાવ ઓછો હોવાથી એ એના તરફ આકર્ષાયો.

ગાયનું ઘી જાય તો એકલા દૂધ ઉપર ગાય નભવી મુશ્કેલ છે અને ગાય જાય તો બળદ, દૂધ, છાણ, ઘી એમ બધું જ જાય કે જે શાકાહારી પ્રજા માટે સૌથી મોટા આશીર્વાદરૂપ છે. એક બાજુ સરકાર શારીરિક શિક્ષણ માટે પરિષદો યોજે છે. પણ શરીર પોષક દ્રવ્યો સિવાય દેશનું ખમીર ઊભું થવાનું નથી. એ સૌ જાણે છે. કિશોરભાઈ અને વિનોબાજી જેવા વનસ્પતિ ઘી સામે લાલબત્તી ધરે છે. ગાંધીજીએ તો આ માટે કલમ ઘસી નાખી છતાંય કારખાનાં કેમ બંધ થતાં નથી ? તે પણ ન થાય તો રંગ મેળવવાની વાતમાં આટલા બધા અખાડા શાથી થાય છે ? તે સમજવું સામાન્ય જનતા માટે મુશ્કેલ છે. મધ્યસ્થ પાર્લામેન્ટમાં ઠાકુરદાસ ભાર્ગવે જે વનસ્પતિ તેલના ઉત્પાદન અને આયાત પ્રતિબંધ કાયદા માટેના બીલનો ખરડો રજૂ કર્યો છે તે ઉપર લોકમત લેવાનું ધારાસભાએ નક્કી કર્યું છે. આ લોકમત લેવાની પાછળની સરકારની નીતિ વિષે ભલે શંકા ન લાવીએ, પણ એટલું તો લાગે જ છે કે વનસ્પતિ-ઘીના કારખાનાવાળાનું દબાણ આ ફરજ પાડતું હશે. લોકમત આ કારખાનાંઓની સામે છે એનું ઉત્કટ પ્રમાણ લોકસેવકો પોતે જ છે. લોકમત નવાણું ટકા વિરુદ્ધ હોવા છતાં મત આપવાની વિધિમાં જનતા પાછળ રહી જાય એવો પૂરો સંભવ છે. એટલે ખાસ સાથ છાપાંએ આપવો જોઈએ. પ્રજાના આવા પ્રાણ પ્રશ્નોમાં તો છાપાંઓએ કડક નિયમન પાળવું જોઈએ. ❑

## અમારો પ્રયોગ તો કરી જુઓ !

એક વકીલ સાહેબ મહારાજશ્રીને મળવા આવ્યા હતા. તેમણે કેટલીક વાતો કર્યા પછી જણાવ્યું કે, આપે ખેડુત મંડળ રચ્યું છે. તેમાં એક કલમ એ પણ છે કે સભ્યોના ઝઘડાનો નિકાલ લવાદ દ્વારા લાવવો. એ લવાદમાં અમારી વકીલોની-સેવા લેશો તો આનંદ થશે. અમો અમારા ખર્ચે ગામડામાં આવીશું અને યોગ્ય ફેંસલા કરી આપીશું. તેમણે હસતાં હસતાં કહ્યું કે આપને વકીલો તરફ પૂર્વગ્રહ તો નથી ને ? છતાં માની લો કે, અમો કદાચ કોઈ લાલચથી તેમ કરવા પ્રેરાયા છીએ તો પણ એક પ્રયોગ તો કરી જુઓ.

મહારાજશ્રીએ જણાવ્યું કે તમારી સેવા કરવાની આટલી ઇંતેજારીથી મને ખુશી થાય છે. પણ આજ સુધીનું મોટા ભાગના વકીલોનું વર્તન એવું રહ્યું છે કે મંડળ તેમનો સાથ લેતાં અચકાય. જો સેવાની પાછળ ત્યાગ કરવાની વૃત્તિ નહિ હોય તો ઊલટું જ પરિણામ આવવાનું. દા.ત. ઘણી પ્રતિષ્ઠિત હૉસ્પિટલોમાં સારા સારા ડૉક્ટરો મફત સેવા આપતા હોય છે. પણ એ સંપર્ક અને પ્રતિષ્ઠાનો ઉપયોગ પોતાના ખાનગી દવાખાનામાં કે ઘરની દવાઓમાં કરીને પૈસા કમાવાનો લોભ પોષાતો હોય છે. મતલબ કે તેની પાછળ વૃત્તિ બીજી હોય છે. મારો કહેવાનો આશય એવો નથી કે બિલકુલ વેતન વગર જ આખી જિંદગી કામ કરે. તેમને યોગ્ય વેતન તો મળવું જ જોઈએ. એટલે ઊંડે ઊંડે આવી ખરાબ વૃત્તિનો અંકુર ન હોય તો સેવા લેવામાં કોઈ વાંધો ના હોય. બાકી આજે પૈસા મળ્યા એટલે તેને બિનગુનેગાર કેમ ઠેરવવો તેને માટે ભેજાને ઘસવું એ વકીલોને ધર્મ થઈ પડ્યો છે.

મહારાજશ્રી ઘણીવાર કહે છે,

**"હું વકીલોના આ અવનતિથી સળગી ઊઠ્યો છું. આમાં તે વર્ગનું જ નહિ, ન્યાયનું, સત્યનું, સમાજનું અને દેશનું ખૂન થઈ રહ્યું છે. તેમાંથી ઊગર્યા સિવાય અને સમાજ અને દેશને બચાવ્યા સિવાય છૂટકો નથી. વકીલોએ વકીલોની જીવનદિશાનો ધરમૂળથી પલટો કરવો પડશે. તો જ એનો મેળ ખાશે."**

સત્યને સ્પષ્ટ કરવા વકીલ છે. નહિ કે અસત્યને સત્ય ઠેરવવા કે સત્યને ગૂંચવવા ! નહિ તો પ્રયોગ કરવા જતાં પ્રયોગનો જ વિપ્રયોગ થઈ જાય.

## તમારા ભાઈઓએ ગુનો કર્યો છે તેનું શું ?

રાત્રિ પ્રાર્થના બાદ સભાજનો બેઠા હતા ત્યાં એક આગેવાન ભરવાડ ભાઈએ એક હાથમાં સોટી અને બીજા હાથમાં એક વાઘરીને કાંડે બાંધેલું દોરડું, એમ લઈને મહારાજશ્રી પાસે આવ્યા અને આ મતલબનું કહ્યું :

''મહારાજ સાહેબ ! આ લુચ્ચે અમારી સીમમાં થઈ ભેંસના ટોળામાંથી સારામાં સારી ગાભણી ભેંસ ચોરી છે. અમારે આને શું કરવું ? આપ અહીં ના હોત તો અમે એને મારી મારીને અધમૂઓ કરી દેત. અમારા આ ચૌદમા રતનથી જ લોકો સીધા દોર રહે છે.''

આ સાંભળીને પ્રથમ તો મહારાજશ્રી વિચારમાં પડી ગયા. પછી બોલ્યા કે, આપણે ચોરીનું મૂળ તપાસવું જોઈએ. આ માણસમાં ચોરી કરવાની વૃત્તિ કેમ પેદા થઈ ? ચોરી કરવાનું શીખવ્યું કોણે ? આ બધું જ જોવું જોઈએ. અને કાયદો તો આપણા હાથમાં લેવાય જ શી રીતે ? પછી વાઘરીને પૂછ્યું તો તેણે ગુનો કબૂલ કરી લીધો અને કોને ત્યાં ભેંસ મૂકી છે તે પણ જણાવ્યું. અહીંથી થોડે દૂર એક ગામ છે ત્યાંના ભરવાડે જ તેને સંઘરી હતી અને વેચાય ત્યારે તેમાંથી અમુક ભાગ વાઘરીને આપવો તેમ નક્કી થયું હતું. ચારસો રૂપિયાની ભેંસના ફક્ત સિત્તેર આપવાના એમ ઠરાવ્યું હતું. મહારાજશ્રીએ જણાવ્યું તેમ આ વાઘરીની સ્થિતિ તદ્દન ગરીબ, સમાજથી તરછોડાયેલ અને ભરવાડ લોકોની જ સોબત. આવાં આવાં કારણોથી ચોરી કરવા પ્રેરાયો હતો. મહારાજશ્રીએ કહ્યું :

''કોણ કોને સજા કરી શકે ?'' તમારા જ ભાઈઓએ ચોરી શિખવાડી છે. અને સંગ્રહીને ગુનો કર્યો છે તેનું શું ? એટલે તમારે તો શરમાવા જેવું બન્યું છે. શારીરિક શિક્ષાથી કોઈ ગુના અટકશે નહિ. પ્રથમ તેનું મૂળ શોધીને કાઢવું જોઈએ. અને તે માટે પ્રથમ જાતે સુધરવું જોઈએ. મારી પાસેથી તમો મદદ માગો છો અને હિંસાના રસ્તાની નિષ્ઠા જાહેર કરો છો એ બે વાત નહિ બને. આ કિસ્સામાં મારી મદદ જોઈતી હોય તો આ ગુનેગાર ઉપર શારીરિક શિક્ષા ન કરવાનું વચન આપો અને એની આજીવિકા તથા સુધારણામાં મદદ કરો. પેલા ભાઈ પોતાની વરસોથી પોષેલી ટેવ એકદમ તો શાની છોડી શકે, પણ તેણે આ કિસ્સા પૂરતી આ વાત સ્વીકારી લીધી અને જે ગામમાં ભેંસ વેચાઈ હતી તે ગામના અસરકાર ભાઈઓ પરની ચિઠ્ઠી લઈ ચાલતા થયા.

## ભાલ-નળકાંઠાના ખેડૂતોને

આપણું જીવન તો શું આપણા ગ્રામજીવનને બંદી બનાવનાર સમાજની આર્થિક પ્રવૃત્તિ આજે શહેરના હાથમાં છે. જેઓના હાથમાં મૂડી છે, તેઓ આપણને ધારે તેમ નચવે છે. તે પૈસા આપે તો જ ધિરાણ થાય; તે આપે ત્યારે થાય અને તે કહે તેટલું અપાય. આ બંધનમાંથી ગામડાંએ છૂટવું રહ્યું. એ માટે ગામડાએ પોતાની બધી મૂડી એકઠી કરી શહેરના આર્થિક બંધનમાંથી મુક્ત થવું રહ્યું. જ્યાં સુધી ગામડું આ રીતે મુક્ત થયું નથી ત્યાં સુધી પારકી દયા ઉપર તે વિકાસ સાધી શકશે નહિ.

આજે આપણી પાસે પૈસા નથી-વધારે નથી- અને જે કાંઈ થોડા ઘણા છે તે છૂટા છવાયા અને જનતામાં વેરાયેલા છે. એ બધાને આ મુક્તિ માટે એકત્રિત કરી શહેરના આ આર્થિક બંધનમાંથી મુક્ત થવું એ જ ગામડામાં કામ કરતી સહકારી મંડળીઓનો એક માત્ર હેતુ હોવો જોઈએ.

જેઓના હાથમાં પૈસા આપવાની સત્તા છે, તેઓ આપણા પ્રશ્નોને સમજી શકતા નથી. તેઓ માને છે કે ખેડૂતને ૫૦૦ રૂપિયાથી વધુ ધિરાણની જરૂર નથી. ફક્ત શહેરમાં જીવનારને મહિને ૫૦૦ રૂપિયા ઓછા પડે છે ! જ્યારે અહીં દેશની પાયાની અને એક રીતે કહીએ તો માંડ બે પાસાં એકઠાં કરવા મથતી પ્રવૃત્તિને વાર્ષિક ૫૦૦ રૂપિયાના ધિરાણની જ જરૂર છે ! કેવી વિચિત્ર માન્યતા ! આ ફેરવવી અશક્ય છે. એટલે જ આપણી પોતાની મુક્તિને માટે આપણી પાસે જે કંઈ બચ્યું હોય કે બચતું હોય તે સૌનું ગણી મોટું ભંડોળ ઊભું કરી આપણી મુક્તિ સાધવી રહી.

ખેડૂતમંડળની બચત યોજના માત્ર પૈસા એકઠા કરવાનો કાર્યક્રમ નથી પણ આ શહેરોની આર્થિક ગુલામીમાંથી મુક્તિનો રાહ છે. બચતના સિદ્ધાંતને માત્ર મંડળનો એક કાયદો ન સમજતાં આપણી મુક્તિના કાર્યક્રમ તરીકે અપનાવી એને સફળ કરીએ.

**-નવલભાઈ**

[આ દિવસોમાં ખેડૂતમંડળ અને સહકારી પ્રવૃત્તિ બે મુખ્ય કાર્યક્રમો હતા. સંસ્થાએ પોતાની બધી શક્તિ તેમાં લગાડી હતી. એ સમજવામાં ઉપરનું નિવેદન ઉપયોગી બની રહેશે. **સં.**]

શિયાળમાં મહારાજશ્રી પરિસ્થિતિને કારણે વધુ દિવસ રોકાયા. તે દરમિયાન બનાવટી ઘી-જેને આપણે વેજિટેબલ ઘી કહીએ છીએ તેના વિરોધમાં ઠીકઠીક ઉહાપોહ ઊભો થયો છે. છતાં એની માયાવી જાળ ફેલાતી જાય છે. એને રોકવા માટે ભારત સંસદમાં એની આયાત અને ઉત્પાદન પ્રતિબંધ કરવા માટેનું એક બીલ આવ્યું છે. બીલને ટેકો મળે તે માટે નવલભાઈએ ખૂબ જ શ્રમ લઈ ગામડાંમાં સહી ઝુંબેશ ઉપાડી છે. અને કાર્યકર્તાઓને જાગૃત બની વનસ્પતિ સામેના આંદોલનમાં કામે લાગી જવા અને એકે એક પ્રજાજનનો મત મેળવી લેવા અપીલ કરી છે.તેની સામે એ ઘીના ઉત્પાદકો તરફથી ખૂબ વ્યવસ્થિત પ્રચાર લોકોને ભોળવવા માટે થાય છે. પેપરનાં પાનાં ભરાઈને લખાણ આવે છે તેઓ લખે છે, ''રુગ્ણાલયો અને ઉપહાર ગૃહોની તેની જરૂર છે. બિસ્કિટ બનાવનારાઓને તેની જરૂર છે, લાખો કુટુંબો તેને વાપરે છે. તેવી દલીલો કરે છે. પણ આપણે કહી દેવું જોઈએ કે શહેરમાં ભલે એની જરૂર હોય અમારે તમારા બિસ્કિટની જરૂર નથી. ઉપહારગૃહની જરૂર નથી. અમારા ગામડાના જીવન અને પશુપાલનના ધંધાને કચડી નાખનાર એ વનસ્પતિની જરૂર નથી. મહારાજશ્રીએ આ વાતને ટેકો આપતાં જણાવ્યું હતું કે શહેરીજનો પણ એને હાથઘાણીના તેલ કરતાં ઠારેલા આ તેલમાં બનાવટને કારણે કોઈ વિશેષતા નથી. કદાચ પાચકતા ઓછી થવાને કારણે એમાંના કેટલાંક દ્રવ્યો ઝાડામાં મળ દ્વારા નીકળી જતાં હોય તોય ના નહિ. આ બનાવટી ઘી ઉત્પાદન અને આયાત ઉપર પ્રતિબંધ મૂકવા દાખલ કરી એવા આ બીલ-ખરડાને મત આપવા ગામડાની બહુમતી જનતા સક્રિય બને.

એક ભાઈએ એક લાખ સહીઓ મેળવીને સરકારને મોકલી આપી છે. મુંબઈમાં, પ્રાંતની સરકારને તા. ૩૧-૭-૫૦ પહેલાં પોતાનો મત મોકલી આપવાનો છે.

ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષના પ્રમુખપદે મુંબઈમાં મળેલી વનસ્પતિ પ્રતિબંધક પરિષદે સદંતર વનસ્પતિ નિષેધના અભિપ્રાય પર સર્વાનુમતે મહોર લગાવી છે, પંડિત ઠાકુરદાસ ભાર્ગવે પોતે હાજર રહી સાફ શબ્દોમાં કહ્યું છે : ''વનસ્પતિ પર પ્રતિબંધ મૂકવા પાર્લામેન્ટમાં મેં રજૂ કરેલ ખરડો હું પાછો ખેંચનાર નથી.'' એ ખરડામાં પાર્લામેન્ટના બહુમતી સભ્યોની સંમતિ છે તેવું પણ તેમણે જણાવ્યું છે...

શિયાળ નજીક સડલાનો બંધ બંધાતો હતો તેમાં ધ્યાન આપ્યું. એક દિવસ પ્રત્યક્ષ સ્થળ ઉપર જઈ આવ્યા.

એક મિસ્ત્રીનું ખેતર જે અભુભાઈ પાસે ગિરો હતું તે મિસ્ત્રીએ પૈસા આપી છોડાવ્યું હતું છતાં તે ભાઈ ખેડહક્કનો કબજો છોડતા નહોતા. તેમને સમજાવી ખેડહક્કનો કબજો અપાવ્યો.

જટાશંકર પંડ્યા અને કેશુભાઈ શેઠ વચ્ચે રૂ. ૪૦૦ની લેવડદેવડનો ઝઘડો હતો તે પતાવ્યો. બંનેએ રાજીખુશીથી અડધા ભરાવ્યા.

એક રાત્રે ભરવાડ વાઘરી વચ્ચે જે ઝઘડો હતો તેની પતાવટ માટે સૌ ગામજનો મહારાજશ્રીની રૂબરૂ એકઠા થયા ચર્ચા ચાલી તેનું ભરવાડ પક્ષે ખરાબ વર્તન થયું. આગેવાને વાઘરીને ભાંડ્યા અને સભામાંથી ઊઠીને ચાલ્યા ગયા. મહારાજશ્રીને ખૂબ દુઃખ થયું. વાઘરીને ન્યાય મળવો જોઈએ એ સિદ્ધાંત ઉપર ઉપવાસ શરૂ કર્યા. ખૂબ ઉહાપોહ મચી ગયો. છેવટે ત્રીજે દિવસે બાવળાથી ઈશ્વરભાઈ પટેલ આવ્યા તેમણે દરમિયાનગીરી કરી સમાધાન કરાવ્યું એટલે મહારાજશ્રીનાં પારણાં થયાં.

મહારાજશ્રી જે દિવસે ગામમાં આવે ત્યારે આખો પઢારવાસ શિકાર કરવાનો બંધો પાળે અને રાત્રે પ્રાર્થના પછી પોતાનાં ભજનો પણ મંજીરા સાથે ગોઠવતા.

## કોઠ ચાતુર્માસ તા. ધોળકા

**તા. ૨૮-૬-૫૦ :**

શિયાળથી નીકળી બગોદરા થઈ, અરણેજ રાત રોકાયા હતા. અરણેજથી સવારના નીકળી કોઠ આવ્યા. મહારાજશ્રી ચાતુર્માસ માટે આવતા હોઈ ગામે સ્વાગતની ધૂમ તૈયારીઓ કરી હતી. ગૂંદીથી સર્વોદય આશ્રમના કાર્યકરો, છાત્રાલયનાં બાળકો અગાઉથી આવી ગયાં હતાં. અને સવારમાં સફાઈ કાર્યક્રમ રાખ્યો હતો. બીજી સ્થાનિક શાળાના વિદ્યાર્થીઓ અને કન્યાશાળાની બહેનો, શિક્ષકો આગેવાનો વગેરેએ વાજતેગાજતે હાર્દિક સ્વાગત કર્યું હતું. સરઘસ શાળાના કંપાઉન્ડમાં સભારૂપે ગોઠવાઈ ગયું. મહારાજશ્રીએ પ્રાસંગિક કહી માંગલિક સંભળાવ્યું. વિદ્યાર્થીઓએ કાંતણ કર્યું. પછી સૌ વિખરાયાં હતાં.

રોજ સવારે છ વાગ્યે પ્રાર્થના અને પછી પ્રેરણાત્મક પ્રવચન. અને રાત્રે ૮-૩૦ વાગ્યે પ્રાર્થના અને જાહેરસભાનો કાર્યક્રમ રાખતા હતા. અને દિવસમાં પણ પ્રસંગોપાત પ્રવચન, ચર્ચા, વાર્તાલાપ રહેતાં હતાં. સાથે રહેનારાં અને આવનારાં મહેમાનોને જમવાની વ્યવસ્થા ગામમાં વ્યક્તિગત ઘરોમાં પંદર પંદર દિવસોનું ગામલોકોએ નક્કી કર્યું હતું.

## સાધનની શુદ્ધિ

સવારની પ્રાતઃ પ્રાર્થના બાદ મહારાજશ્રીએ જણાવ્યું હતું કે : માણસ માત્રમાં કોઈ ને કોઈ પ્રકારે ધાર્મિક માન્યતા પડેલી હોય છે. પછી તે ઈશ્વરને નામે હોય, દેવને નામે હોય, માતાને નામે હોય કે પછી કોઈ પુસ્તકને નામે હોય. પણ કોઈ ને કોઈ વસ્તુ તેને પ્રેરણાપાત્ર હોય છે. જે લોકો ઈશ્વરનો ઈન્કાર કરે છે તેમના અંતરમાં પણ કોઈ ને કોઈ પ્રકારની ઈશ્વરની કલ્પના ખૂણે ખાંચરે જોવામાં આવે છે. કહેવાય છે ખરું કે, નાસ્તિક લોકો ઈશ્વરને માનતા નથી. પણ એ વાત ખોટી છે. ઈશ્વરનું નામ ભલે ના લેતા હોય, પણ સત્ય, સેવા, પ્રેમ વગેરેમાં તો તેઓ માને જ છે. અને એ તત્ત્વો ઈશ્વરીય નથી તો બીજું શું છે ? આમ દરેક માણસ પોતપોતની કલ્પના પ્રમાણેના ઈશ્વરને માનતો હોય છે. આમ હોવા છતાં પણ જયારે કંઈક ભૂલ થઈ જાય છે ત્યારે તે ઊલટો ચાલે છે. અને દુઃખ નોતરે છે. દા.ત. લોકો 'જય સોમનાથ', 'જય અંબે' એમ બોલે છે. પણ સોમ એટલે ચંદ્ર અને ચંદ્ર એટલે શીતળતા અને સૌમ્યતા. જેટલાં સૌમ્ય તત્ત્વો જગતમાં છે તેનો સ્વામી એટલે સોમનાથ, કે જેના નામ સ્મરણમાંથી અમૃત વરસે છે. પણ માણસ પોતા તરફ અમૃત વરસે એમ ઈચ્છે છે અને બીજી બાજુ તલવારની વાત કરે છે. અલબત્ત, એ રાખનારા તલવાર રક્ષણ માટે છે એમ કહે છે ખરા; પણ મોટે ભાગે તો બીજાને ડારવા માટે જ તે હોય છે. એક બાજુ શીતળતાની પૂજા કરે છે અને બીજી બાજુ આવું વર્તન રાખે છે. એટલે મેળ પડે ક્યાંથી ? એ જ રીતે એક બાજુ માતાનું પૂજન કરે છે અને બીજી બાજુ તેને પાડા બકરાંનો ભોગ ધરાવે છે અને પછી કહે છે કે બલિદાન આપ્યું. પણ બલિદાન કોનું ? પરને માટે પોતાની જાતને હોમવી તેનું જ નામ બલિદાન કહેવાય. આમ જગત સ્વાર્થી રીતે આગળ ચાલે છે. અને તે પણ ઈશ્વરને નામે ! સાધ્ય અને સાધનની શુદ્ધિને બદલે પોતાની

કલ્પનાના સાધનોથી રસ્તો કાપે છે. એટલું જ નહિ પણ કોઈ સાચો રસ્તો બતાવે તો તે ગમતો નથી. ઊલટું તે દલીલો કરે છે કે શું અમારા પૂર્વજો ગાંડા હતા ? પણ ભાઈ ! એક કાળે જે વસ્તુનું સ્થાપન કર્યું હતું અને તેની જરૂર પણ હતી, પણ અત્યારે જરૂર નથી તો ઉત્થાપન પણ કરવું પડે. જેમ શિયાળામાં ગરમ કપડાં જોઈએ તો ઉનાળામાં સુતરાઉ કપડાંની જરૂર પડે. એટલે મુખ્ય વાત ધ્યેયની છે. ધ્યેય સચવાવું જોઈએ. તેને સાચવવા માટે સાધનો શુદ્ધ વાપરવાં જોઈએ. જગત સામે આ મહત્ત્વનો પ્રશ્ન આવીને ખડો થયો છે.

લડાઈ અટકાવવી છે પણ સાધનમાં તો બૉમ્બ વાપરીશું એમ કહે છે. લોહી સાફ કરવું છે ખરું પણ લોહીને વહેવડાવીને. પોતાનો બચકો છોડવો નથી. કોઈ છોડવાનું કહે તો માનવું નથી અને પોતાની કલ્પનાથી કૂચ કરવી છે. એટલે ઝઘડાનો અંત કેમ આવી શકે ? ઝડપી સાધનોને લીધે આજે દુનિયા નાની બની ગઈ છે અને આપણી નજર બધે પહોંચી જાય છે. એટલે જગતના ખૂણામાં બનતો બનાવ આપણને અસર કર્યા વગર રહેતો નથી. એટલે બધાએ સાધન વિષે વિચાર કરવો ઘટે.

જો કે જગતે સાધ્યને તો શુદ્ધ માન્યું છે. એને બીજાનો ત્યાગ તથા સંયમ પણ ગમે છે. પણ એ બધું મેળવવા માટેની સાધન શુદ્ધિમાં પાછા પડે છે. આ રોગ આખી દુનિયાનો છે. જો બધા જ આવી વાતો કરશે તો પછી વિશ્વયુદ્ધનો અંત ક્યાંથી આવશે ? હમણાં સાધ્યની વાતને એક બાજુ રાખો. પણ સાધન શુદ્ધિ ખાસ વિચારો. ઈશ્વરને (નામથી) ભલે ના માનો પણ ઝઘડા ના થાય તેવું વર્તન તો કરો. આને માટે ખોટી રીત ના આચરો. વિરોધીથી છૂપું કોઈ પણ કામ ન કરો. પણ ત્યાં બીક એ લાગે છે કે સામો પક્ષ જાણી જશે તો ? તો તે આપણાથી આગળ નીકળી જશે. આવી રીતે આપણે મૂંઝાઈએ છીએ અને બીજાને મુંઝવીએ છીએ. જગતમાં કાવાદાવા જેવું બીજું એક પણ મોટું પાપ નથી. જ્યારે વ્યક્તિ પોતાના આત્માને છેતરે છે ત્યારે જ બીજાને છેતરી શકે છે. આવા માણસોનો ઉપરનો ભપકો આકર્ષક હોય છે અને બોલી શકે છે પણ સુંદર. પણ અંતરમાં મેલ ભરેલો હોય છે. આ વાત વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને દુનિયાને લાગુ પડે છે. અને એટલે જ તે ભયંકર છે. રશિયા એમ વિચારે કે શસ્ત્રો ગુપ્ત રીતે મોકલીએ અને આપણી વાત બહાર ના આવે. ત્યારે બીજો દેશ પણ એવો જ વિચાર કરવાનો.

હિંદના કહેવાતા ઈસ્લામીઓએ ખૂનામરકી અને લૂંટ દ્વારા વિજય મેળવ્યો છે, પણ એ સાધનો નહિ બદલાય તો સંભવ છે કે કદાચ એ જ સાધનો દ્વારા પોતાનો નાશ નોતરશે. એટલે સાચી વાત તો એ છે કે આપણાં પાપ પોકારી દઈએ અને લોકો આગળ ખુલ્લા થઈ જઈએ, જેથી આપણી આબરૂ વધી જશે. અને જ્યાં સત્યનો આગ્રહ આવ્યો ત્યાં વીરતા તો કુદરતી જ આવે છે. અને વીરતા હોય ત્યાં પ્રેમ હોય જ. ગુપ્તતાથી અને દંભથી લોકો પ્રથમ અંજાય ખરા પણ પ્રેમ મેળવી શકાતો નથી. એટલે દુનિયા ઉઘાડી થાય તો સિદ્ધાંતને નામે જે જૂઠાણાં ચાલે છે તે ઓછાં થાય; અને જૂઠાણાં ઓછાં થાય તો ભયંકર હિંસા આપોઆપ ઓછી થાય. આનો એક માત્ર ઉપાય વ્યક્તિસુધાર ઉપર છે. આપણે પહેલાં સુધરીશું તો આપણું ઘર સુધરશે. ઘર સુધરશે તો ગામ સુધરશે અને ગામ પછી દેશ અને દુનિયા આપોઆપ સુધરી જશે.. ❑

## હરિજન દિન

**તા. ૧-૧૦-૫૦ :**

હરિજનદિન-મહારાજશ્રીએ જણાવ્યું હતું કે આજે હરિજન દિન છે. રાષ્ટ્રીય સરકાર આવી ત્યારથી હરિજન પ્રશ્ન તરફ તેનું વધુ ધ્યાન ખેંચાયું છે. પણ સમાજની મદદ વગર તે પ્રશ્ન પૂરેપૂરો હલ નહિ થઈ શકે. ગાંધીજીના આમરણાંત ઉપવાસ પછી આટલાં વરસે આપણે હરિજન દિન ઉજવવો પડે છે. એ એક દુ:ખની વાત છે. અને તેમાંય હજુ કેટલાંય ગામડાં આપણા દેશમાં છે કે એ પ્રશ્ન એવો ને એવો જ પડેલો છે.

હરિજન દિન નિમિત્તે મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી કોંઠમાં કાર્યક્રમ યોજાયો. પંચાયતના સભ્યોએ અને ગામના પ્રતિષ્ઠિત ભાઈઓએ હરિજન વાસની સભામાં હાજરી આપી અને મોટા ભાગનાં ભાઈબહેનોએ હરિજનો સાથે વાસમાં ફળાહાર કર્યો.

રણછોડભાઈ મહિડાએ જણાવ્યું કે આજનો દિવસ આપણા ગામ માટે સોનેરી અક્ષરે લખાશે. હજારો વરસની જૂની રૂઢિને આજે આપણે તિલાંજલિ આપવાનો નિર્ધાર કરીએ છીએ. આજના ધર્મ ચિંતકોના વિચારો અને શાસ્ત્રોનો ભાવાર્થ જોતાં રૂઢિ તૂટી જવી જોઈએ. આપણે 'સહનાવવતું સહનૌભુનક્તુ' બોલીએ છીએ તેને

સાર્થક કરીએ. સાથે રમીએ સાથે જમીએ, દુઃખ સુખ સાથે જ ભોગવીએ.

આ પ્રસંગે આ પ્રશ્ન ઉપર ઘણા ભાઈઓ બોલ્યા હતા. એમાં એક હરિજન શિક્ષકે કહ્યું કે હું ઘણાં ગામોમાં રખડ્યો છું પણ આ ગામમાં ઘણા કડવા અનુભવો થયા છે. આ જમાનો આટલો આગળ વધ્યો છે છતાં એની એ જ સ્થિતિ જોઈ રહ્યો છું. સવારથી મારા મનમાં ઘણા વિચારો ચાલ્યા કરે છે કે આવું ક્યાં સુધી ચાલશે ? કેટલીક કુટેવો અમારી છે તે અમારા ભાઈબહેનો ધોઈ નાખે એવી મારી વિનંતી છે.

મહારાજશ્રીએ સંબોધન કરતાં જણાવ્યું કે આજે આ રીતે તમોને બધાંને જોઈને હર્ષ થાય એ સ્વાભાવિક છે. ને એટલા માટે કે આપણા દેશની અંદર શહેરો ગણ્યાં-ગાંઠ્યાં છે. નગરો અને કસબાની આસપાસ વીંટળાયેલાં ગામડાં ગાડીના એન્જિનની પાછળના ડબા જેવાં છે. શહેરોમાં અસ્પૃશ્યતા ધીમે ધીમે ઓછી થતી જાય છે રોટી-બેટી વહેવાર પણ શરૂ થયો છે, પણ આપણા ગામડાંમાં તેની અસર નથી. જેને વીતી હોય તેને જ ખબર પડે. શિક્ષણ લીધા પછી કે સ્વમાન જાગૃત થયા પછી જ્યારે તેને અપમાન લાગે છે, ત્યારે તેને બહુ નડે છે. એક વાત કહેતાં મને સંકોચ થાય છે તે એ કે બે પ્રવાહો ચાલતા હોય ત્યારે ધીરજ રાખવી જોઈએ. પણ એ ધીરજ ક્યાં સુધી ? ૬૦ વરસથી કૉંગ્રેસે કામ કર્યું છે હરિજન વર્ગ શિક્ષિત થતો જાય છે તેમ તેમ તેમને હિન્દુ ધર્મ પર ક્રોધ ચઢે છે. ખ્રિસ્તી કે મુસલમાન થવાનું વિચારે છે આ તેમનું દુઃખ છે. વાત સાચી છે છતાંય સંકોચ સાથે કહેવું પડે છે કે અકળાયે નહિ ચાલે. સાંકળ જોડવી જ પડશે. સદ્ભાવથી આપણે વર્ગમેળ રાખીને કામ કરવાનું છે તમોએ જે આનંદ વ્યક્ત કર્યો છે, જે સ્વાગત કર્યું છે તે ખૂબ આનંદદાયક છે, હવેના ભવિષ્યમાં આપણે સૌ હરિજન જન હોઈશું. આ સ્થિતિ જેટલી મોડી આવશે તેટલું આપણને નુકસાન છે. આ ફળાહારમાં જે ભાઈબહેનોએ હિંમત કરી નામ આપ્યાં તે ઘણું જ ઉત્તમ છે. હરિજનોને કહ્યું કે મુડદાલ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી છે તે બરાબર પાળે સાથે દારૂ પણ છોડે. આમ બન્ને પક્ષે સુંદર વાતો થઈ.

● **તા. ૨-૧૦-૫૦ :** ના રોજ ગૂંદીથી કાંતણયાત્રા નીકળી હતી. નવલભાઈ સાથે હતા. ગામડાંમાં ગાંધીજીનો સંદેશો શ્રમ, સફાઈ અને સ્વાવલંબન ઉપર ઠીકઠીક સમજણ આપી હતી.

## ન્યાય અને સમાધાન

મહારાજશ્રી ગોચરી લેવા નીકળવાની તૈયારીમાં હતા. તેવામાં એક વૃદ્ધ વિધવા માજી આવ્યાં. વાત કરતાં કરતાં રડી પડ્યાં. વાત એમ હતી કે તેમના ઘરના આગળના ચોકમાં એક પટેલે માતાની બે દેરીઓ ચણાવી દીધેલી. ઘટના એવી બનેલી કે એક રાત્રે એ ભાઈને સ્વપ્નું આવેલું કે, 'હું....... માતા છું મારે આ જગ્યાએ વાસ કરવો છે, તો ત્યાં મારું સ્થાપન કરજે.' આ ઉપરથી વાજતેગાજતે માતાનું સ્થાપન કર્યું. ખૂબીની વાત તો એ છે કે એ જગ્યાની અડોઅડ જ એ ભાઈના ચોકની જગ્યા આવેલી હતી. ધારત તો ત્યાં દેરી કરી શકાત. પણ આ તો પેલી વૃદ્ધ બાઈનો રસ્તો બંધ કર્યો, તેમ છતાં ગામના કોઈજ માણસે વાંધો ન લીધો કે બીજાના ઘર આગળ આમ ન થાય. તે વૃદ્ધાનું કોમ તરીકે એક જ ઘર હતું. તેમને બે દીકરા હતા. પોતે વિધવા હતાં. દીકરા બહુ સુંવાળા હતા. એમણે કેટલેક ઠેકાણે આ અન્યાયની વાત કરી, પણ કોઈએ ધ્યાન આપ્યું નહિ અને બળિયાના બે ભાગ જેવું થયું. કોર્ટનો ન્યાય કેવો અટપટો અને મોંઘો છે તે તો સૌ જાણે છે. આ સ્થિતિમાં કોઈએ સલાહ આપી કે જાઓને મહારાજ પાસે એ કંઈક કરશે. એ ઉપરથી એ બહેન આવ્યાં હતાં.

મહારાજશ્રીને આ અન્યાય લાગ્યો. આવી સ્થિતિમાં ગોચરી કેમ લઈ શકે? ગામ લોકોને ખબર પડી કે મહારાજ ગોચરીએ નીકળ્યા નથી. કારણ જાણ્યું એટલે આગેવાનો દોડી આવ્યા. તેમની સાથે સ્થળની મુલાકાત લીધી. સૌને લાગ્યું કે અન્યાય કર્યો છે. પણ આ તો માતાનું કામ કોણ વિરુદ્ધ બોલી શકે ? દેરીઓ ખસેડાય અને માતા કોપે તો ? મહારાજશ્રીએ પ્રેમથી સમજાવ્યાં દેરી કરનારને પણ બોલાવ્યા હતા. તેમને પણ સમજાવ્યા કે માતા તો સૌની છે તે કદી અન્યાય ન કરે. તમને જો પ્રશ્ન સાચો લાગતો હોય તો જેમ વિધિપૂર્વક સ્થાપન કર્યું છે તેવી જ રીતે વિધિપૂર્વક ઉત્થાપન કરી શકાય. હું તમને એક ધર્મ સંસ્થાના સભ્ય તરીકે આ સલાહ આપું છું. પણ દેરી કરનાર ભાઈ કોઈ હિસાબે ન સમજ્યા. આ સ્થિતિમાં મહારાજશ્રી ભોજન કેવી રીતે લઈ શકે ? ભિક્ષાનું મોડું થતું હતું. બીજી બાજુ ગામના અગ્રેસરો કે જેઓ મહારાજશ્રીના ચાતુર્માસની વ્યવસ્થા કરતા હતા, તેમને

મૂંઝવણ થઈ. પેલા ભાઈ છેવટે એક દેરી ખસેડવા તૈયાર થયા. અમો સૌને એમ લાગ્યું કે બન્ને પક્ષની ભૂમિકા જોતાં હવે આ રીતે સમાધાન થઈ પ્રશ્ન પતી જતો હોય તો બહુ તંત ન કરવો. પણ મહારાજશ્રીને સંતોષ થતો નહોતો. આપણા સમાજમાં લગભગ આવો જ ન્યાય અપાય છે. દા.ત. એક માથાભારે માણસ કોઈના ઘરમાંથી પાંચસો રૂપિયા ચોરી લાવે અને એ ભાઈ પકડાઈ જાય પણ પૈસા પાછા ન આપે એટલે ઘરધણી આગેવાનો પાસે ફરિયાદે જાય કે ફલાણો માણસ મારે ત્યાંથી ચોરી કરી ગયો છે. મને ન્યાય અપાવો. પંચ ભેગું થાય અને વાટાઘાટો કરી ફેંસલો આપે કે ચોરનારે બસોપચાસ રૂપિયા ઘરધણીને આપવા કારણકે પેલો માણસ માથાભારે હોય. પોલિસમાં જતાં સાક્ષીપુરાવાના અભાવે એક પાઈ પણ મળે તેમ ન હોય. એટલે બન્નેનું રહે તેટલા માટે આટલી રકમ અપાવે છે. ઘરધણી પણ સમજે કે આટલાય મળ્યા ખરાને ? આમ સાચો ન્યાય માર્યો જાય છે અને ચોરને ચોરી કરવાનું ઉત્તેજન મળે છે. સાચો ન્યાય એ છે કે પંચે નૈતિક દબાણ લાવી ચોરેલા પાંચસો રૂપિયા પાછા અપાવવા જોઈએ અને ચોરી કરવાની જે ભૂલ કરી તે બદલ પ્રાયશ્ચિત આપવું જોઈએ. આમ થાય તો જ સાચો ન્યાય અને ગુના અટકી જાય. આ દેરીઓના પ્રશ્નમાં પણ સાચો ન્યાય એ હતો કે બન્ને દેરીઓ બીજાની જમીન ઉપરથી ખસી જવી જોઈએ. છેવટે બંને પક્ષે પંચ નિમાયું એટલે મહારાજશ્રીએ ગોચરી લીધી.

પંચના ફેંસલામાં કેટલીય મુશ્કેલી આવી. પંચની દૃષ્ટિ વહેવારું રસ્તો કાઢવાની હતી. પણ જ્યાં મહારાજશ્રીની હાજરી હોય ત્યાં સંપૂર્ણ ન્યાય મળવો જોઈએ. એટલા માટે તેઓશ્રી પંચને કંટાળો આવે તો પણ વારંવાર સલાહ સૂચનો આપ્યા કરતા અને દરમિયાનગીરી કર્યા કરતા છેવટે એ આગ્રહ રાખ્યો કે, બધી પરિસ્થિતિ જોતાં પૂર્ણ ન આપી શકાય તોપણ ચૂકાદામાં પંચે સંપૂર્ણ ન્યાય શું હોવો જોઈએ તેનો ઉલ્લેખ તો કરવો જોઈએ.

એ રીતે આ આખાય પ્રશ્નનો નિવેડો લાવવામાં આવ્યો. દેરીઓ તો કાયમ જ રહી, પણ બંનેના ચોકની જગ્યા વધઘટ કરી પંચે બંનેની વચમાં પાળી નખાવી દીધી. અને કેટલીક રોકડ રકમ આપવાનું ઠરાવ્યું.

તા. ૧૫-૧૦-૫૦ :

## કોંઠમાં વેપારીઓની સભામાં રવિશંકર મહારાજનું પ્રવચન

ભાલનળકાંઠાનું આર્થિક નિયોજન કરવાની દૃષ્ટિએ મુનિશ્રી સંતબાલજીના સાંનિધ્યમાં વેપારીઓની કોંઠમાં સભા રાખવામાં આવી હતી. તે સભામાં અચાનક પૂ. રવિશંકર મહારાજ આવી પહોંચ્યા. તે સભાને ઉદ્દેશીને વેપારી વર્ગની કુનેહ અંગે વાત કરતાં તેમણે કહ્યું :

''રાહતના કામ અંગે મારે ઈંટો પડાવવી હતી.

ગામના એક વેપારીને થયું આ ભલો માણસ કુટાઈ મરશે. એટલે એક દિવસ એ વેપારીએ મને બોલાવ્યો અને કહ્યું : 'તમે બેસો, હું ઈંટો પડાવી આપીશ.'

મેં કહ્યું : 'કેટલા પૈસા જોઈશે ?' વેપારીએ કહ્યું : 'એક પણ પૈસાની જરૂર નથી.' હવે ગામમાં જઈ સાદ પડાવો કે જેને ઇંટો પડાવવી હોય તે શેઠને મળી જાય. જરૂરવાળા લોકો પાસેથી હજારે બે રૂપિયા અનામતના લીધા. પછી ઈંટ પાડનાર અને પકવનારને બોલાવ્યા. કોન્ટ્રાક્ટ કર્યો. અનામત આવેલા પૈસામાંથી ઈંટ પાડનારને ઉચક પૈસા આપ્યા. ઈંટો પાકી એટલે ફરીથી સાદ પડાવ્યો. જેમણે નોંધાવી હોય તે બીજા ચાર રૂપિયા આપી ઇંટ લઈ જાય. શેઠની ગણતરીએ ઈંટ સાડાપાંચ રૂપિયે પડી હતી એટલે મેં કહ્યું, 'આઠ આના વધારે શા માટે ?' 'તમે જુઓ તો ખરા.' શેઠે કહ્યું. બહાર ઇંટો નવથી દસ રૂપિયે હજાર વેચાતી હતી. શેઠે ગાદી તકિયા ઉપરથી ઊઠ્યા વગર લોકોને છ રૂપિયે ઇંટ આપી અને પાછળથી જે ઈંટો વધી તે પેલા વધારાના આઠ આનામાં ખરીદી લીધી. એ ઈંટો મને આપી કહ્યું, લો હવે આ ઇંટોનું જે કરવું હોય તે કરો. આ ઈંટોમાંથી તે ગામમાં પુસ્તકાલય બન્યું.

આવા તો એક નહિ પણ અનેક અનુભવો થઈ ગયા. મને લાગે છે કે જે ગણતરી અને વ્યવસ્થાશક્તિ વાણિયા પાસે છે તે બીજા પાસે નથી. જો એનામાં ભાવના ભળે તો એ ખરેખર ખૂબ જ ઉપયોગી થઈ પડે. વગર પૈસે અને ઓછામાં ઓછા ખર્ચે વધુ સેવા કરી શકે.

આપણી સંસ્કૃતિમાં મહાજનનું આવું સ્થાન હતું. તે ગામની વચ્ચે રહે. ગામમાં સુખદુ:ખ જુએ અને સૌનો ભેરુ બને. ખેડૂત જો ગરીબ થઈ ગયો હોય તો કોઈની ભેંસ તો કોઈના બળદ અપાવીને પણ ઉગારી લે, અને આ બધું કરવા

છતાં અને હજારો રૂપિયા હોવા છતાં તે તો ટૂંકી પોતડી જ પહેરે. એણે કોઈ દિવસ એ પૈસાથી અંગત મોજશોખ માર્યો નથી. સારો પ્રસંગ આવે ત્યારે ખર્ચ કરે અને ખર્ચીને પણ આખા ગામને જમાડે. દશેરા આવે એટલે ગામમાં મહાજન ભાવ બોલે. એમાં પણ કેટલી દૃષ્ટિ હતી ? આખા ગામનો હિસાબ એને ત્યાં રહે એટલે ખાનાર અને ખેડનાર બંનેને પોષાય એવા ભાવ નક્કી કરી આપે.

આજે આપણે ચારે બાજુએ કંટ્રોલ કાઢી નાખવાની વાતો સાંભળીએ છીએ. ખેડૂતને થાય છે કે કંટ્રોલ છે એટલે સારા ભાવ આવતા નથી; વેપારીને થાય છે કે કંટ્રોલ જાય તો ગમે તે ભાવે સારું ખાઈ શકીએ. આમ નૃત્ય કરતા કરતા આપણે સૌ મૃત્યુના મોંમાં ધસી રહ્યા છીએ. આ બધા જ નાશ પામવાના છે. વેપારીને લાગે છે અમે મરી રહ્યા છીએ. આજે ખેડૂત હસે છે પણ જો આ ને આ વૃત્તિ રહી તો તેઓ પણ મરવાના છે.

આજે તો જે હોય તે વેપાર કરવા લાગે છે. કોઈને મજૂરી કરી કાંઈ પેદા કરવું ગમતું નથી. કોઈ ચાની દુકાન ખોલે છે તો કોઈ કટલરીની. આ બધો શું વેપાર છે ? આ બધી લૂંટ છે. ખરી રીતે તો લોકોના હિતની દૃષ્ટિએ વ્યવસ્થા પૂરતાં બેપાંચ કુટુંબો જોઈએ. પણ આજે તો સૌ કોઈનું મોં પૈસા તરફ છે.

આજ સુધી સાંભળતો કે દાણા નથી. હમણાં સૌરાષ્ટ્રમાં સાંભળ્યું રૂ નથી. ત્યાં તો વળી બૂમ પડે છે શણ ખૂટે છે. ગોળ ખૂટે છે, ખાંડ ખૂટે છે. ગાયોવાળા કહે છે ગોચર નથી. ખરેખર આ તો એવો કોયડો છે કે કોઈ પણ સરકાર એને ઉકેલતાં હારી જાય. કારણ કોઈને કાંઈ કરવું નથી. સૌને ખાવું છે; પોતાની ઈચ્છા મુજબ. બધું જ તકલાદી પેદા થાય છે. તમે ઘઉંના પ્રદેશમાં વસો છો એટલે ઘઉં દેખાય છે પણ એકંદરે ખૂટ્યું છે. એટલે આપણે સૌએ મર્યાદામાં રહેવું પડશે. આપણી સરકાર આપણામાંથી જ ઊભી થઈ છે એ પણ આપણે ભૂલી ગયા છીએ. એટલે જો વેપારી સમજે અને બુદ્ધિ દેશને માટે વાપરે તો એમની બુદ્ધિ દેશને બચાવી શકે. ખેડૂતો સહકારી ખેતી કરે તો જ જીવી શકે. આ બધા કરતાંય અગત્યની વસ્તુ તો એ છે કે બીજા ઉપર આધાર રાખી હવે આપણે જીવી શકીશું નહિ. જે બહારથી કશું વેચાતું નથી લાવતો તે છે સાચો ખેડૂત. આવું કરશે તો જ એ ટકશે. જો પૈસાની પાછળ પડ્યા તો ગયા સમજવા.

પહેલાં દેશમાં ખૂબ જ અનાજ પાકતું. એક ખેડૂતને મેં કહ્યું : ''કેમ ઓણ તો બહુ સારું પાક્યું છે.' ખેડૂતે રડતે અવાજે કહ્યું : 'બળ્યું એ પાક્યું.' ભાવ ક્યાં છે ? હવે ભાવ પણ છે છતાંય ખેડૂતનું મોં તો રડતું જ છે. કારણ કે ધાનથી સંતોષ નથી. એનો તો રૂપિયા જોઈએ છે. રૂપિયા પણ મળે છે પણ તે હાથમાં રહેતા નથી. એટલા માટે જ ગાંધીજીએ દેશની સાચી નાડ પારખી હિંદને નીચેનો કાર્યક્રમ સૂચવ્યો હતો.

(૧) તમે તમારા ગૃહઉદ્યોગો શરૂ કરો.

(૨) છોકરાંને રચનાત્મક કામ દ્વારા કેળવો અને એવી રીતે ભણાવો કે જેથી ભણીને તમારા કામમાં ખપ લાગે.

(૩) તમે તમારું આરોગ્ય તમારા હાથમાં લો. હજારો રૂપિયા ખર્ચવા છતાંય જે મરવાના છે તે મરે જ છે. એટલે એવું જીવો કે માંદગી ઓછામાં ઓછી આવી, અને છતાં રોગ આવે તો રામનું નામ લો.

(૪) કોર્ટ કે વકીલને બારણે ન જાઓ.

અંતમાં પૂ. સંતબાલજીએ પૂ. રવિશંકરદાદાની સલાહ જીવનમાં ઉતારવા વિનંતી કરી. ગામડાંમાં વેપારી, ખેડૂત, મજૂર અને વસવાયાં એક થઈને સંપસલાહથી જીવતા થાય તો આપણો દેશ બધી રીતે સમૃદ્ધ થઈ જશે.

* * *

કોંઠનું ચાતુર્મોસ હવે પૂરું થવા આવ્યું હતું. મહારાજશ્રીનો નિવાસ છેલ્લા બેત્રણ દિવસથી એક અદાલતના દેખાવ જેવો બની ગયો હતો. બહારગામના અને તેમાંય મોટા ભાગે ગામના લોકો જુદા જુદા પ્રશ્નો લઈને ન્યાય મેળવવા આવતા રહેતા હતા. તેમાં વિધવા બહેનો પણ હતાં. તે સૌ ઠીકઠીક સંતોષ લઈને છૂટાં પડતાં હતાં. વિદાયની આગલી રાત્રે આખા ચાતુર્માસનું સરવૈયું કહી બતાવ્યું હતું. તેમાં ખાસ કરીને ગામે મહેમાનો માટે ભોજનની જે વ્યવસ્થા કરી હતી તે બદલ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો. જમાડવા માટે લોકોએ પોતપોતાની શક્તિ મુજબ થોડા થોડા દિવસો વહેંચી લીધા હતા. આથી એક લાભ એ થયો કે કોઈ એક વ્યક્તિને માથે બોજો ન પડ્યો. અને કુટુંબનાં નાના મોટા સૌ સાથે ગાઢ પરિચય થયો. આ રીત સમાજવાદની એક સુંદર કલ્પના રજૂ કરે છે. પોતાની જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે હરિજન પ્રવૃત્તિ, ગૌચર,

કેટલાક અંગત પ્રશ્નો અને લવાદી દ્વારા ફેંસલા વગેરે કાર્યો અંગે બોલતાં તેઓશ્રીએ જણાવ્યું કે આ બધાની પાછળ કોઈની લાગણી દૂભાવવાનો કે કોઈને અન્યાય કરવાનો મારો હેતુ નહોતો. પણ સૌના કલ્યાણ માટેની ભાવના હતી. છતાં મારી પાસે જે લોકો વિશેષ આવતા હતા તેમને મારે વિશેષ કહેવાનું આવ્યું છે. છતાં ગામે મને સહન કર્યો છે, અને પ્રેમ જ વર્ષાવ્યા કર્યો છે. આ બધાંથી કોઈને દુઃખ થયું હોય તો તેની પણ ક્ષમા માગું છું. ગામના બે પક્ષો વચ્ચે સમાધાન નથી થઈ શક્યું તેમાં મારી કચાશ છે, પણ ભવિષ્ય ઊજળું બનશે એવી આશા વ્યક્ત કરી. વાતાવરણ સાવ ગંભીર બની ગયું હતું. સૌની આંખ ભીની થઈ ગઈ હતી.

**• તા. ૨૬-૧૧-૫૦ : વિદાય પ્રસંગ**

આજે ચાતુર્માસનો છેલ્લો દિવસ હતો. બે વાગ્યે પ્રયાણ હતું એટલે લોકો ૧૨ વાગ્યાથી આવવા લાગ્યા હતા. સૌથી પહેલાં બહેનો આવ્યાં હતાં. એક બાજુ ગામમાં આનંદ હતો, બીજી બાજુ વિદાયનું દુઃખ હતું. બરાબર બે વાગ્યે મહારાજશ્રી તૈયાર થઈને બહાર નીકળ્યા. સરઘસ આકારે સૌ ગોઠવાઈ ગયાં. મોખરે ઢોલ, તાંસાં હતાં. હરિજનો પણ મોટી સંખ્યામાં આવ્યા હતા. ગરાસિયા બહેનો કે જે ભાગ્યે જ બહાર નીકળે તે પણ ભજન ગાતાં સરઘસમાં સામેલ થયાં હતાં. મતલબ કે બધા વર્ગના લોકો હતા. તે બધાં પાદરમાં એક વડના ઝાડ નીચે સભાકારમાં ગોઠવાઈ ગયાં.

મહારાજશ્રીએ ટૂંકા પ્રવચન દ્વારા ગામના પ્રેમનો ઉલ્લેખ કર્યો. ગામ તરફથી એક ભાઈ મહારાજશ્રીનો આભાર માનવા ઊભા થયા અને ભારે હૃદયે થોડું બોલ્યા ત્યાં તો વાણી અટકી પડી, હૃદયમાં ડૂમો ભરાઈ આવ્યો. ત્રુટક ત્રુટક તેઓ બોલ્યા : ''પાંચ પાંચ માસ સુધી આપે અવિરત શ્રમ લઈને અમારા ગામ માટે કાયા ઘસી, પણ અમો અબુધ આપને નથી સમજી શક્યા, એટલે આપનો લાભ પણ જોઈએ તેટલો નથી લઈ શક્યા. કદર કરવાની તો બાજુએ રહી પણ આપને તકલીફ જ આપ્યા કરી છે. જો કે આપ તો સદ્‌ભાવ જ લો છો . આપે જે વાત્સલ્ય અમારા ગામ પાટે પીરસ્યું છે, તેનો ઉલ્લેખ શબ્દોમાં થઈ શકે તેમ નથી.

અંતમાં મહારાજશ્રીએ-

*'આવો આવો ઊડીએ પંખીડાં પ્રેમની પાંખે રે,*
*ઊંચા તે ઊંચા આકાશમાં વિલસે જ્યાં જ્યોતિના લોક રે.'*

એ મધુર ગીત ગાયું સૌએ ગંભીરતાથી તે ઝીલ્યું. પછી તેઓશ્રીએ માતાઓએ જે પ્રેમભાવ બતાવ્યો છે અને વાત્સલ્ય રેડ્યું છે તેનો ઉલ્લેખ કરી તેમને નમસ્કાર કર્યા અને ચાલવાની તૈયારી કરી પણ બહેનો ખસતાં નહોતાં. તેમને છૂટા પડવું ગમતું નહોતું.

*'અવસર આજનો મીઠડો રે કાલ કોણે દીઠી છે ?'*

એ ભજન તેઓ ગાઈ રહ્યાં હતાં. વળી મહારાજશ્રી તેમની પાસે ગયા અને હસતાં હસતાં 'સૌ શાંતિમાં રહેજો.' કહીને પાછા વળ્યા. કેટલાંક વૃદ્ધ માતાજીઓને તો દુઃખનો પાર નહોતો. એક માજી તો ખૂબ રડ્યાં. તેઓ બોલ્યાં આપને તો ઘણાં માજી અને લોકો મળશે પણ અમારા માટે તો આપ એક જ હતા. ❑

## આવો ઊડીએ

આવો ઓ ! આવો ઓ ! ઊડીએ,
પંખીડાં પ્રેમની પાંખે રે, આવો ઓ !
ઊંચા તે ઊંચા આકાશમાં, વિલસે જ્યાં જ્યોતિના લોક રે,
મેરુગિરિશો અડોલડો ગિરિવર કૂટનો થોક રે, ... આવો ઓ !
સરિતા ને કુંડ સોહામણાં, ઝીલંતાં હર્ષ અમાપ રે,
નંદનવનશી વાટિકા, દિવ્ય કુંજોના કલાપ રે,... આવો ઓ !
મોટો મહેરામણ મીઠડો, અમીરસ ઉદર અથાગ રે,
પેલે રે પાર વટાવતાં, ખંડમંડલ સોહાગ રે... આવો ઓ !
દેહ છતાંય વિદેહની અદ્‌ભુત ભૂમિકાનો આંક રે,
ગગન ગિરશ્રૃંગ રંગીલું, ફરકંતુ પેલું પતાક રે ... આવો ઓ !
આંબીને અંબર થંભતું અંતિમ એ જ વિરામ રે,
'સત્યમુદા' પ્રભુ સંગમાં, રંગ અભંગ આરામ રે...આવો ઓ !

**સંતબાલ**

(આ ગીત ચાતુર્માસ પૂરા કર્યા પછી વિહાર કરતાં વિદાય આપવા આવેલ જનમેદનીને તેઓ સ્વયં ગાઈને ઝીલાવતા. આવો અવસાર માત્ર વરસમાં એક જ વાર આવતો. મુનિશ્રી 'સત્યમુદા'ના નામથી કાવ્ય રચતા.)

*'આવો આવો ઊડીએ પંખીડાં પ્રેમની પાંખે રે,*
*ઊંચા તે ઊંચા આકાશમાં વિલસે જ્યાં જ્યોતિના લોક રે.'*

એ મધુર ગીત ગાયું સૌએ ગંભીરતાથી તે ઝીલ્યું. પછી તેઓશ્રીએ માતાઓએ જે પ્રેમભાવ બતાવ્યો છે અને વાત્સલ્ય રેડ્યું છે તેનો ઉલ્લેખ કરી તેમને નમસ્કાર કર્યા અને ચાલવાની તૈયારી કરી પણ બહેનો ખસતાં નહોતાં. તેમને છૂટા પડવું ગમતું નહોતું.

*'અવસર આજનો મીઠડો રે કાલ કોણે દીઠી છે ?'*

એ ભજન તેઓ ગાઈ રહ્યાં હતાં. વળી મહારાજશ્રી તેમની પાસે ગયા અને હસતાં હસતાં 'સૌ શાંતિમાં રહેજો.' કહીને પાછા વળ્યા. કેટલાંક વૃદ્ધ માતાજીઓને તો દુ:ખનો પાર નહોતો. એક માજી તો ખૂબ રડ્યાં. તેઓ બોલ્યાં આપને તો ઘણાં માજી અને લોકો મળશે પણ અમારા માટે તો આપ એક જ હતા. ❑

## આવો ઊડીએ

આવો ઓ ! આવો ઓ ! ઊડીએ,
પંખીડાં પ્રેમની પાંખે રે, આવો ઓ !
ઊંચા તે ઊંચા આકાશમાં, વિલસે જ્યાં જ્યોતિના લોક રે,
મેરુગિરિશો અડોલડો ગિરિવર કૂટનો થોક રે, ... આવો ઓ !
સરિતા ને કુંડ સોહામણાં, ઝીલંતાં હર્ષ અમાપ રે,
નંદનવનશી વાટિકા, દિવ્ય કુંજોના કલાપ રે,... આવો ઓ !
મોટો મહેરામણ મીઠડો, અમીરસ ઉદર અથાગ રે,
પેલે રે પાર વટાવતાં, ખંડમંડલ સોહાગ રે... આવો ઓ !
દેહ છતાંય વિદેહની અદ્‌ભુત ભૂમિકાનો આંક રે,
ગગન ગિરશ્રૃંગ રંગીલું, ફરકંતુ પેલું પતાક રે ... આવો ઓ !
આંબીને અંબર થંભતું અંતિમ એ જ વિરામ રે,
'સત્યમુદા' પ્રભુ સંગમાં, રંગ અભંગ આરામ રે...આવો ઓ !

**સંતબાલ**

(આ ગીત ચાતુર્માસ પૂરા કર્યા પછી વિહાર કરતાં વિદાય આપવા આવેલ જનમેદનીને તેઓ સ્વયં ગાઈને ઝીલાવતા. આવો અવસાર માત્ર વરસમાં એક જ વાર આવતો. મુનિશ્રી 'સત્યમુદા'ના નામથી કાવ્ય રચતા.)

# ખંડ બીજો
# કોઠ ચાતુર્માસ દરમિયાન
# પ્રભાતનાં પ્રવચનો

## 'તપ'

પ્રાતઃપ્રાર્થના પછી તપ ઉપર બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું હતું કે; ગીતામાં તપના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. કાયિક, વાચિક અને માનસિક.

દેવ, દ્વિજ, ગુરુ અને પ્રાજ્ઞ કે જેમણે રાગ અને દ્વેષને ઓછાવધતાં અંશે જીત્યાં છે તથા કામ અને ક્રોધને દબાવ્યાં છે, તેમનું પૂજન, તથા પવિત્રતા અને સરળતા જેમનામાં સહજ હોય, બ્રહ્મચર્ય અને અહિંસા જેનું મુખ્યબિંદુ હોય, એવા ગુણીને શારીરિક તપવાળો કહી શકાય.

સાચું છતાંય કોઈને ઉદ્વેગ ન થાય તેવું વાક્ય બોલે. અને એ વાક્ય પણ બીજાને હિતકારી હોય. કેટલીક વાર માણસ સત્ય બોલે છે ખરો પણ એ વાણીમાં મધુરતા નથી હોતી. તો તે શલ્યનું કામ કરે છે. તેવી જ રીતે સાચું લાગતું હોય છતાં સામાને ખોટું લાગશે, એમ માનીને મૌન રહે તોપણ ફરજ ચૂક્યો ગણાય. વળી સ્વાધ્યાય અને શાસ્ત્રનો અભ્યાસી હોય એવા માણસને વાણીના તપવાળો કહી શકાય.

જેનું મન પ્રસાદમય છે, જેના મુખ ઉપર સૌમ્યતા ઝળકે છે, ગમે તેવા પ્રસંગોએ જે ખિન્ન કે ખુશ થતો નથી. ઈશ્વરની કૃતિ કે કર્મનો બદલો માની પ્રસન્નચિત્ત રહે છે, વળી મૌની હોય, બે વાક્યથી પતતું હોય તો ચાર ન બોલે, કહેવા કરતાં સહેવામાં કે કરવામાં વધુ માનતો હોય, આત્મસંયમી હોય અને ભાવની શુદ્ધિવાળો હોય, અંદર ખરાબ ભર્યું હોય તો બહાર સારું ન બતાવે, કે ખોટી ખુશામત ન કરે, આવા માણસને માનસિક તપવાળો કહી શકાય.

આમ તપના પ્રકાર કહ્યા છે પણ કોઈ એક તપને સાંગોપાંગ પૂર્ણ નથી કહ્યું. બધાં એકબીજા સાથે સંબંધ ધરાવે છે. કાયિક તપ હોય અને વાચિક ન હોય તો ન ચાલે; તેવી જ રીતે વાચિક તપ હોય પણ માનસિક ન હોય, તો પણ ન ચાલે. આ ઉપરાંત મનને વિકલ્પોમાંથી સહજ અટકાવી શકાય તે પણ એક પ્રકારનું તપ જ છે. આ રીતે જોતાં બધાં તપની વાત કરી; પણ ઉપવાસને તપની હરોળમાં મૂકવાની વાત ક્યાંય નથી આવી, એ વિચારવા જેવું છે. સમાજ આજે ઉપવાસ ઉપર ખૂબ ભાર મૂકે છે અને તેને જ તપ માનીને સંતોષ મેળવે છે. વૈષ્ણવસમાજ ફળાહાર કે એવું

કંઈક અલ્પાહાર જેવું લે છે, જ્યારે જૈન સમાજ કંઈ જ લેતો નથી; પણ બન્નેનો હેતુ તો એક જ હોય છે. આમ છતાં જે ઉપવાસની પાછળ આત્મશુદ્ધિ, ચિંતન કે અનાસક્ત ભાવ કેળવવાની વૃત્તિ ન હોય તે ઉપવાસ નથી પણ લાંઘણ છે. આપણા તપના ખ્યાલો પણ જુદા જુદા હોય છે. તપ એ એવી ભઠ્ઠી છે કે જેમાં આપણા દોષો બાળી નાખવાના હોય છે. અને તે પણ દુઃખથી કે કંટાળીને નહિ પણ દોષો ક્યાંથી ઊભા થાય છે, કેમ ઊભા થાય છે. તેનું મૂળ શોધી કાઢી મૂળને નાબૂદ કરવાનું છે. મૂળ ખોદાઈ ગયાં એટલે ડાળાં પાંખડાં, પાન આપોઆપ સુકાઈ જશે.પણ મૂળ નહિ ગયું હોય તો એક વખત કાપેલાં પાન-પાંખડાં ફરી વાર ફૂટવાનાં છે. એટલે કદાચ શરીરને આત્માથી ભિન્ન માનીને કસોટીએ ચઢાવીએ ત્યારે તેમાં દુઃખ ન માનવું જોઈએ. શરીર અને ઇંદ્રિયો એ સાધન છે, એ સાધનને વશમાં રાખવા માટે ઉપવાસ કે ઊણોદરી ઉપયોગી બને છે ખરી; પણ દૃષ્ટિ અંતર્મુખ રાખી હોય તો તે ઉપયોગી થાય. એકલું દેહદમન જડ ક્રિયા છે. જ્ઞાની પુરુષોની દૃષ્ટિ વસ્તુ કરતાં વસ્તુત્વ તરફ વધુ જાય છે, જ્યારે અજ્ઞાનીની દૃષ્ટિ ઊલટી જાય છે. જેમ કૂતરું લાકડી મારનારને નથી પકડતું પણ લાકડી કે જે જડ છે તેને પકડે છે, તેમ અજ્ઞાનીઓ વસ્તુને પકડે છે, તત્ત્વને પકડતા નથી, અને એથી ધાર્યું પરિણામ લાવી શકતા નથી. આજે સમાજ જે બનાવો બને છે તેને જોઈને દુઃખી થાય છે તેના કરતાં એ બનાવો બનવાનાં કારણો શોધી કાઢી પોતે કંઈ ભૂલ કરતો હોય તો તેમાંથી બચે તો જગતમાંથી ઘણાં અનિષ્ટો નાબૂદ થઈ જાય. ❑

## ન્યાય

સમાજમાં છડેચોક અનિષ્ટો ચાલતાં હોય, સરાસર અન્યાયો નભી રહ્યા હોય ત્યારે મૂંગા રહીએ કે સામનો કરતાં ડરીએ ત્યારે આપણે પોતે અનિષ્ટોને અને અન્યાયોને કરતા હોઈએ, તે કરતાં પણ વધુ પાપી બનીએ છીએ. સમાજનાં અંગ તરીકેની આપણી ફરજ ચૂકીએ છીએ. સમાજમાં અકાર્મણ્ય દશા ઊભી કરીએ છીએ અને સમાજના પતનને મોકળાશ આપીને આપણે પણ પડીએ છીએ. આપણે સમજી લેવું જોઈએ કે, આગના પ્રચાર કરતાં પણ આવો પ્રચાર ભયંકર વસ્તુ છે; એટલે આપણી પાડોશના મકાનમાં લાગેલી આગને જે તત્પરતાથી ઠારવાનો પ્રયત્ન કરીએ છીએ, તે જ તત્પરતાથી જ્યાં જ્યાં અન્યાય નજરે પડે ત્યાં ત્યાં જાનમાલના ભોગે પણ એને દૂર કરવા મથવું જોઈએ.

ન્યાયને સમર્થન અને અન્યાયનો વિરોધ કરવામાં આખા જગત સામે તમારી જાત એકલી હોય, તોયે એકલપણાનો ખ્યાલ ન કરશો. ઘાસના મોટા ઢગલાને

અગ્નિનો એક નાનો તણખો રાખમાં પલટી શકે છે, તેમ અન્યાયના ઢગ સામે ન્યાયનો નાનો અંશ પણ સફળ કામ કરી શકે છે. ❑

## સત્ય એ જ પ્રભુ

સત્ય એ જ પ્રભુ છે. આ વિચાર વારંવાર મન પર લાવવાની આજે ખૂબ જરૂર છે. સત્ય છે તો સો ટચનું સોનું, પણ જૂઠના ભભકા આગળ તે પ્રથમ તકે ઝાંખું દેખાય છે. જોકે આખરે તો એનું સહજ તેજ ઝળક્યા વિના રહેતું નથી જ. જેમ માતાની ગોદમાં જવાથી ભૂખ અને દુઃખ બન્ને મટે છે, તેમ સત્યની ગોદમાં પણ ભૂખ અને દુઃખ બન્નેય મટે છે. વહાલી માતા જેમ લાડ લડાવે છે તેમ સત્ય પણ લાડ લડાવે છે. ફેર એટલો છે કે માને રીઝવવી સહેલી છે, તેટલું સત્યને રીઝવવું સહેલું નથી માની ગોદ હંમેશ હૂંફાળી હોય છે તેમ સત્યની ગોદ સદા હૂંફાળી હોતી નથી.

જેમ એ ગોદમાં ફૂલની શય્યાનો સ્વાદ મળે છે તેમ કંટકની કઠોરતાનો પણ અનુભવ થયા કરતો હોય છે. એટલું ખરું કે, લોહીના સંબંધવાળી 'મા'થી છૂટા પડવું પડે છે પણ સત્યરૂપી માતા એકવાર પોતાની બાથમાં લે તો પછી કદી જ છોડતી નથી.

## ઈશ્વરનિષ્ઠા

*"જે ગમે જગત ગુરુદેવ જગદીશને,*
*તે તણો ખરખરો ફોક કરવો."*

આ બે પંક્તિમાં કેવું મહાન આશ્વાસન છે ! આજના પ્રવૃત્તિયુગમાં ઘર્ષણો અને અથડામણોની વિપુલતા એટલી બધી વધી ગઈ છે અને વધતી જાય છે કે ઈશ્વરનિષ્ઠાની માનવજાત માટે વધુ અગત્ય ઊભી થઈ છે. આ તે પુરુષાર્થ છે કે અહંકારનો ધક્કો, તે કોણ પારખી શકે છે ? અને એની સાચી પરખ વિના થયેલી અનેકવિધ પ્રવૃત્તિઓનો સરવાળો આશાજનક ક્યાંથી હોય ? આવો વિચાર કરતાં કરતાં આપણે થોડી વાર વિરામ લેવાની ઇચ્છામાં સ્થિર થઈએ છીએ અને બીજી જ પળે ત્યાંય એમ લાગે છે કે આપણા વિરામની પાછળ આળસ અને નિરાશાની ભૂમિકા પડી છે. વળી, પાછા પ્રવૃત્તિના ચક્રમાં કૂદડી ફરવા લાગીએ છીએ. છેવટે સાંપડે છે ઉત્સાહહીનતા. જે પ્રવૃત્તિમાં કે જે વિરામમાં નમ્રતા અને ઉત્સાહના ફુવારા નથી ત્યાં આનંદ અને શાંતિ કેવાં ? અને એ બન્ને ન હોય ત્યાં આત્મદેવ હોય પણ શાના ! આથી "જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો." એ પંક્તિમાંથી આપણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેનો સમન્વય શોધવો રહ્યો. પોતાનું માનેલું સત્ય ગમે તેવું

સારું કે નરસું હોય,પણ વિવેકપૂર્વક વળગીને તેમાંથી જે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેને તારવી લેવાનો પ્રયત્ન થાય તો આપણે બધી જ આફતોથી બચી જઈએ. ❑

## સમાજરૂપી દેવ

સમાજરૂપી દેવને વશ કરવા જનારા આપણે એ ભૂલવું નથી જોઈતું કે એ સદાને માટે મુલાયમ માટી નથી; માટીની સાથોસાથ એ જળહળતી જ્વાળા પણ એ છે. ''પ્રજા તો રાજા રામની પણ નથી થઈ.'' આ ગામડિયા કહેવતમાં ભારોભાર સત્ય પડેલું છે. એનો અર્થ એ લેવો જોઈએ કે, જો પ્રજાને ચાહવા જતાં સત્યરૂપી દેવને ભૂલીશું તો પ્રજા આપણને અને સત્યને બન્નેને ભૂલશે.વ્યક્તિગત સાધનામાં આપણે જે ચોક્સાઈ રાખવામાં માનીએ છીએ, એના કરતાં સમાજસાધનામાં વધુ ચોક્સાઈ રાખવી જોઈએ. કારણ કે, એમાં આપણું એક જ નહિ, પણ આપણા જેવાં વિધવિધ અનેક માનસ પડેલાં હોય છે. એકને જે સારું લાગે છે, તે જ બીજાને વિપરીત લાગે છે. આવા સંયોગોમાં એકેએકનું મન રાજી રાખવું બિલકુલ અશક્ય છે. આથી જો આપણે એટલું સમજી લઈએ કે સત્યને રીઝવીશું તો છેવટે સમાજ આખો રીઝવાનો છે, તો જ સમાજદેવને આરાધવા જતાં શરૂઆતમાં આપણે સમાજનાં સ્થૂળ શરીરોને જોઈએ છીએ, અને એ શરીરોને કાબૂમાં રાખવાથી સમાજદેવ વશ થઈ જશે એવા ભ્રમમાં પડી જઈએ છીએ. શરીરો એ સમાજનું ખોખું છે, દેવ પોતે નથી. એટલે ઉપલો ભ્રમ જેટલો વહેલો દૂર થાય તેટલા જ આપણે અને સમાજ સાચી રીતે નજીક આવી શકીશું; અને સત્ય, પ્રેમ તથા ન્યાયની ત્રિવેણીમાં ઝૂલી શકીશું. ❑

## ઈશુનો સંદેશ

પ્રાતઃ પ્રાર્થના બાદ મહારાજશ્રીએ એક ટૂંકા પ્રવચનમાં પ્રભુ પુત્ર ઈશુના સિદ્ધાંતો સમાજવ્યાપી કેમ બને તે ઉપર બોલતાં જણાવ્યું કે :

માણસ જાત એવું પ્રાણી છે કે તેને બીજા કરતાં વધુ સગવડો મળી છે. અને બુદ્ધિ પણ મળી છે. અને બુદ્ધિ મળી એટલે સમાજરૂપે સાથે રહેવાનું બન્યું. સાથે રહ્યા એટલે વખત જતાં જુદા જુદા વિચારો અને મંતવ્યો ઉપરથી અથડામણો અને ઝઘડા પણ ઊભા થયા. અને ઝઘડા ઊભા થયા એટલે તેના નિવારણ માટે ડાહ્યા પુરુષોએ જુદા જુદા સિદ્ધાંતો નક્કી કર્યા.

આ રીતે પહેલો સિદ્ધાંત એ નક્કી થયો કે ''થાય એવા થઈએ તો ગામ વચ્ચે રહીએ.'' દુર્ગુણી માણસ જોડે દુર્ગુણી થઈને રહીએ તો જ રહી શકાય એમ માન્યું. પણ એથી સાચી શાન્તિ થઈ નહિ, એમણે એમ માન્યું કે આપણી પાસે જે ચાર ગુણ છે તેમાંથી બે ગુણ ફેંકી દઈએ એટલે સામાની પાસેના બે દુર્ગુણો પકડી લઈને સરખા

થઈ જઈએ તો ઝઘડો શાંત થઈ જશે. આપણે પણ એમ જ માનીએ છીએ અને વહેવારમાં એ જ પ્રમાણે વર્તીએ છીએ; છતાં કાયમી શાન્તિ થતી નથી. મતભેદો અને ઝઘડા મટાડવાનો એક માત્ર ઉપાય સામા માણસમાં ગુણની પૂર્તિ કરવાનો છે.

બાઈબલના જૂના કરારમાં એવું આવે છે કે તારી એક આંખ ફોડે તેની એક આંખ ફોડી નાખ અને બે ફોડે તેની બે ફોડી નાખ. આ સિદ્ધાંત તે કાળના જમાનાની માનવતાનો ભલે કહેવાય; પણ કંઈ ઉચ્ચ કોટિનો સિદ્ધાંત ન કહેવાય. પરિણામ એ આવ્યું કે, 'મારે તેની તલવાર, બળિયાના બે ભાગ.' એ ન્યાયે નિર્બળને દબાવવાનો ક્રમ ચાલ્યો. પછી તો સમાજ એથી આગળ વધ્યો અને કહ્યું : 'તમારી સામે કોઈ ક્રોધ કરે તો તેની સામે ક્રોધ ન કરો પણ મૌન રાખી લો.' આથી બન્યું એવું કે ભૂમિકા હતી નહિ અને સહન કરવું પડ્યું એટલે મોઢે કંઈ ના બોલ્યા પણ પાછળથી મનમાં બબડવા લાગ્યા કે આવા માણસો સાથે મેળ કેવી રીતે પડશે ? આથી એક મધ્યમ સિદ્ધાંત એવો નક્કી થયો કે તમારા ચાર ગુણમાંથી બે ગુણ એને આપી દો; એટલે સરખા થઈ જશો. જેમ મહાભારતનું યુદ્ધ થયું તેમ પ્રેમ રાખીને યુદ્ધ કરી લો. વ્યક્તિગત દ્વેષ ના રાખો. પણ આ બધાથી ઊંચામાં ઊંચો સિદ્ધાંત તો બાઈબલમાં કહ્યું છે તેમ તમારા ચારે ગુણ બીજાને આપી દો. એટલે એના ગુણનો સરવાળો વધી જશે. જેથી તું અને તે બન્ને સુખી થશો. જિસસે કહ્યું છે કે; તારી પાસે કોઈ પહેરણ માગવા આવે તો તેને પહેરણની સાથે ડગલો આપી દેજે. તારા ડાબા ગાલને તમાચો મારે તો તારો જમણો ગાલ ધરી દેજે. મતલબ કે, તું એવી પરિસ્થિતિ ઊભી કરી દેજે કે માણસને એવું કરવાનો વખત જ ના આવે. આજે આ વાત ગળે ઊતરે તેવી નથી પણ સામા માણસના હૃદય પાસે પહોંચવાનો અને ગુનાઓ સંપૂર્ણપણે નાબૂદ કરવાનો આ જ એક માત્ર ઉપાય છે. તલવારથી બચવા તલવાર નહિ પણ ઢાલ જોઈએ. અગ્નિથી બચવા ઘી નહિ પણ પાણી જોઈએ. ક્રોધથી બચવા ક્રોધ નહિ પણ ક્ષમા જોઈએ.'અદ્વેષ્ટા સર્વ ભૂતાનાં' એ ભગવતી સૂત્ર આપણને વારસામાં મળ્યું છે. અને એ સૂત્રને ''મૈત્રી મે સર્વભૂતેષુ'' રીતે દીપાવવું જોઈએ. આજે આખી દુનિયા જ્યારે અશાંતિમાં પડી છે ત્યારે ભારતે તેને માર્ગદર્શન આપવાનું છે. બાપુજીએ આ જ બી વાવ્યું છે. તેનો વંશ કેવી રીતે વધારવો તે આપણા હાથની વાત છે.

એક વખત કોઈ સંતમહાપુરુષને કોઈએ ગાળ દીધી ત્યારે તેમણે ગુસ્સે નહિ થતાં માત્ર એટલું જ કહ્યું : ''ભાઈ ! હું તારી ગાળ લેતો નથી. મને તેની જરૂર નથી.'' જ્યારે મન બગડી જાય ત્યારે ગાળ નીકળે છે. એને આપણે પકડીએ તો જ આપણે બગાડે છે, સામાના દિલમાં આપણું સ્થાન ત્યારે જ જામે છે કે જ્યારે અવગુણોને

સ્થાને ગુણોને સ્થાપન કરીએ ! ગામડાંમાં તદ્દન નજીવા ઝઘડામાંથી મોટા ઝઘડા ઊભા થાય છે. અને એક ચિનગારીની જેમ તે આગ વધુ વ્યાપે છે અને વધતાં વધતાં ઠેઠ જગત સુધી પહોંચી જાય છે. એક અવિચારી વચન કે નાનું સરખું કૃત્ય કેટલું ભયંકર તોફાન જન્માવે છે તેને સારુ મહાભારત યુદ્ધવાળો દ્રૌપદીનો દાખલો આપણી પાસે મોજૂદ છે. ''આંધળાના છોકરાં ને !.'' એટલો જ હાસ્ય સાથેના કર્કશ શબ્દ મહાભારતના યુદ્ધમાં પરિણમ્યો. આવે વખતે આપણી ઉદારતા અને સદ્‌ગુણો વધે તો સમાજમાં સ્વર્ગ વ્યાપી રહે. પણ આપણે માનીએ છીએ કે આવી રીતે તો સંસારમાં ન રહેવાય. એટલે જ સંસારને કાળા કોયલા જેવો માનીએ છીએ. બાકી સાચી રીતે ચાલનારને સંસાર તો સ્ફટિક જેવો શ્વેત અને ગંગાજળ જેવો નિર્મળ બની જાય છે; જેમાં માનવદેવો પ્રેમમસ્ત બનીને રાચે છે અને થાંભલા વિનાના જગતના આધાર સ્તંભ બની રહે છે. ❑

## દૃષ્ટિ એવી સૃષ્ટિ

જ્યારે આપણે રસ્તામાં પડેલા સાપને જોઈએ, અને તેને દોરડું માનીને આગળ ચાલીએ તો અંતરમાં બિલકુલ ધ્રુજારી કે ભય લાગતાં નથી. પરંતુ એવા જ આકારના પડેલા દોરડાને સર્પ માની લઈએ છીએ ત્યારે ડર લાગે છે. વધુ ધારીને જોઈએ તો એ દોરડા જેવી જડ વસ્તુ પણ ચેતનવંતી જણાય છે. એ દોરડું જાણે હાલતું લાગે છે. અને ફેણ ફેલાવતું હોય એમ પણ જણાતું હોય છે. ઘણી વાર આકાશમાં વાદળાં સામે જોઈને આપણે મનમાં જે આકૃતિ કલ્પીએ છીએ તેવી જ આકૃતિ વાદળાંની બનેલી દેખાય છે.

આ જગતમાં પણ લગભગ એના જેવું જ છે. કોઈ પણ માણસને શત્રુ તરીકે જોઈશું તો તેની બધી જ ક્રિયા અવળી લાગશે. અને મિત્ર તરીકે જોઈશું તો બધી જ ક્રિયા અવળી હોય તોયે સવળી લાગશે. દૃષ્ટિ એવી સૃષ્ટિ પ્રમાણે પ્રેમમય દૃષ્ટિ રાખીશું તો બધેથી પ્રેમળતા જ મળશે. અને એવી દૃષ્ટિથી જોઈશું ત્યારે ગમે તેવા વિરોધો હશે, ખોટી માન્યતાઓ હશે, પૂર્વગ્રહો પેદા થયા હશે તોપણ તે બધાં પ્રત્યાઘાતમાં અચૂક પલટી જશે.

લોકોથી જે બીતો નથી, તેનાથી લોક પણ બીતાં નથી. પણ પ્રેમ સિવાય આ બની કેમ શકે ? સામાને દુશ્મન માનીને ચાલીશું અથવા તો 'હું ગમે તેટલું સારું કરીશ. તોપણ તે સારો ખ્યાલ બાંધશે જ નહિ.' એવી ગ્રંથિ સાથે લઈને ચાલીશું તો એ ગાંઠને લીધે આપણે દરેક સ્થળે નાસીપાસ થઈશું. આ બધાનો છેવટનો એક માત્ર ઈલાજ સાફ દૃષ્ટિ છે. કોઈ પણ વ્યક્તિની બે બાજુ હોય છે. આપણને ડાકુ

લાગતો માણસ તેના મિત્ર વર્ગમાં સારો ગણાતો હોય છે. કટ્ટર કોમવાદી લાગતો માણસ તેના સમાજમાં સારો ગણાય છે. આમ જગતમાં બધું જ સારું નથી તેમ બધું જ ખોટું પણ નથી. આપણે તો સારાં તત્ત્વો લેવાનાં છે અને ફેલાવવાનાં છે.શંકર ભગવાનનાં બે સ્વરૂપ કહેવાય છે. એક રૌદ્ર અને બીજું સૌમ્ય. પણ આપણે સૌમ્ય સ્વરૂપ જ પૂજવાનું છે. તેઓ દુનિયાનાં વેર ઝેરને ઘોળીને પી ગયા અને સૌમ્ય બન્યા તેમ આપણે માઠું ન જોઈએ અને કદાચ જોવાય તો પી જઈએ. આનો અર્થ એમ નથી કે આપણે નબળાં તત્ત્વોને નિભાવી લઈએ કે ટેકો આપીએ, આનો અર્થ એટલો જ છે કે નબળાં તત્ત્વોને સારાં તત્ત્વોથી હટાવીએ, નબળાંથી નહિ. આમ થશે તો સર્વત્ર સૌમ્યભાવ પાથરતાં પાથરતાં આપણે અને આપણું જગત બન્નેય અપાર સુખને ભેટી શકીશું. ❑

## પૂ. રવિશંકર મહારાજની વાતો

(પૂ. રવિશંકર દાદા અહીં મહારાજશ્રીને મળવા આવ્યા હતા ત્યારે થયેલી વાતચીતનો સાર)

બહેનોની રામાયણ સભામાં તેમણે જણાવ્યું હતું કે માત્ર રામાયણ વાંચવાથી કે સાંભળવાથી કંઈ ન વળે. તે એવો ઉપયોગી ગ્રંથ છે કે તેના શબ્દે શબ્દે આપણને નવું ને નવું જાણવાનું મળ્યા જ કરે છે. પણ એ જાણીને પ્રસંગ આવે ત્યારે જીવનમાં ન મૂકીએ તો એ જાણ્યું નકામું છે. તુંબડું હોય તે આપણને ડૂબતા બચાવે ખરું પણ કિનારે ન લઈ જાય. એ તો આપણા હાથ પગ હાલે તો જ કિનારે જવાય. તેમ રામાયણ એ તુંબડું છે. એનું મનન કરીને જીવનમાં ઉતારીએ તો જ તે તારી શકે. રામાયણમાં આપણને ધર્મ કોને કહેવાય અને અધર્મ કોને કહેવાય એ સ્પષ્ટ સમજાવ્યું છે.

ધર્મ એ અંતરમાંથી ઊગે છે. એનો એક તાજો દાખલો આપતાં તેમણે જણાવ્યું કે,

રાધનપુરમાં ગયા દુષ્કાળ વખતે એક દિવસ ગોળ વહેંચાયો. ખોદકામ કરતા બધાં મજૂરોએ ગોળ લીધો પણ એક છોકરીએ લેવા ના પાડી. ઘણો આગ્રહ કર્યો પણ તેણે ના જ માન્યું. કારણ પૂછ્યું ત્યારે કહ્યું કે મારી બાએ મફતનું કશુંય લેવાની ના પાડી છે. મને નવાઈ લાગી કે વગર મહેનતનું ન ખવાય એ વેદ ધર્મ એને કોણે શીખવ્યો હશે ? મને એ માતાને મળવાનું મન થયું. અને એક દિવસ પ્રસંગ પડ્યે એને ઘેર ગયો. ગયો ત્યારે માથે આઘું ઓઢીને એ બાઈ બેઠી હતી. મને જોઈને એ ઊભી થઈ ગઈ ને આવકાર આપ્યો. એ વિધવા હતી. થોડા વખત પહેલાં જ એનો જુવાન ધણી મરણ પામ્યો હતો. મેં પૂછ્યું : ''ખેતી કરો છો ?'' ત્યારે તેણે કહ્યું :

"હવે નથી કરતી. બે બળદ હતા તે વેચી નાખ્યા, અને ત્રીસ વીઘા જમીન હતી તે ગોચરમાં મૂકવા મહાજનને આપી દીધી. આ મારી છોકરી છે તે મજૂરીએ જાય છે. અને હું ઘરનું કામ ને છાણાંલાકડાં કરું છું. આમ મારું ગુજરાન ચાલે છે. બે બળદના છસો રૂપિયા ઊપજ્યા. તે શેઠને આપ્યા છે અને કહ્યું છે કે મારા ધણીનું કલ્યાણ થાય તેવા કોઈ સારા કામમાં વાપરજો. શેઠ બહુ ભલા છે. તેમણે એ રૂપિયા એક વરસ પોતાની પાસે રાખ્યા. અને બાજુના એક ગામમાં પાણીનું બહુ દુઃખ હતું ત્યાં ગામ લોકોએ મજૂરી કરી, જેથી રૂપિયા ૫૫૦માં એક કૂવો અને હવાડો બનાવી દીધાં છે. બાકીના પચાસ અને વ્યાજના થયા તે મળીને ગામમાં પરબ ચલાવે છે." મેં કહ્યું કે, તમે એ રકમ તમારા ભરણપોષણ માટે રાખી હોત તો ? તેણે મારી સામે આંખો ટગમગાવતાં કહ્યું : "મારો ધણી બહુ જુવાન હતો. ઘણી મહેનત કરીને તેણે બળદ આણ્યા હતા. એની મહેનતનું અમારાથી કેમ ખવાય ?" "ત્યારે આ જમીન એકલી છોકરી માટે રાખી હોત તો ?" ત્યારે તેણે જવાબ આપ્યો : "છોકરી એનું નસીબ લઈને નહિ આવી હોય ?" આ જવાબ સાંભળી હું તો આભો જ બની ગયો. મને થયું કે આને કોણે આ શાસ્ત્રો ભણાવ્યાં હશે ? મોટા મોટા તત્ત્વજ્ઞાની કહેવાય છે તે સાચા કે ખૂણામાં પડેલી આ કોળી બાઈ સાચી ? ક્યાં આજનો બીજાની મજૂરીનું હડપ કરી જતો છતાંય શિક્ષિત કહેવાતો સમાજ અને ક્યાં અણઘડ કહેવાતાં આ ગામડિયાં ? બેમાંથી કોણ અણઘડ ? હજુ મારા મનમાં "મારો ધણી બહુ જુવાન હતો એની મજૂરીનું અમારાથી ખવાય ?" એ શબ્દો ગૂંજ્યા જ કરે છે. ❑

## ગાયની ભક્તિ

ગાયોના પ્રશ્ન ઉપર તેમણે જણાવ્યું કે હમણાં હમણાં ગાયોને હળે જોડવાની ચર્ચા બહુ ચાલે છે. આ પ્રશ્નને માત્ર ધર્મની આળી લાગણીથી ન જોઈએ તોપણ ગાયને હળે જોડવી પરવડે તેમ જ નથી. કુદરતે ગોઠવણી જ એવી કરી છે કે નર મહેનતનું કામ કરે અને માદા સારાં સંતાન ઉત્પન્ન કરવાનું કામ કરે ! વળી ગાય ગર્ભિણી થાય તે વખતનો આગળ પાછળનો સમય જ એનું વરસ પૂરું કરે છે. એટલે એ પ્રશ્ન જ અસ્થાને છે. બાકી ધાર્મિક લાગણીથી જોઈએ તો હિન્દુઓએ ગાય માટે કશું કર્યું નથી. જો ગાય ઉપર ભક્તિ હોય તો આ દશા જ ના હોત. ભેંસ જુઓ તો લઠ જેવી અને ગાય ? સુકલકડી હાડકાંવાળી. ભૂખી અને નિસ્તેજ દેખાશે. એ જીવતી હોય ત્યારે બહુ બહુ તો બહેનો (પુરુષો તો નહિ જ) રડી ખડી કોઈને ત્યાં ગાય હોય ત્યાં જઈને વારતહેવારે પૂજન કરી આવે છે. આપણે બધા મરણ પછી તેને પૂંછડે પાણી રેડવામાં સમજીએ છીએ. બીજા દેશોમાં આવું પૂજન નથી પણ ત્યાં

ભક્તિ છે. અને ભક્તિમાં તો સહેવાનું હોય, દૂરથી નમસ્કાર ના હોય. આજે ભારત કરતાં દુનિયાની ગાયો વધુ સારી છે.

વેજિટેબલ-ઘી વિષે બોલતાં તેમણે જણાવ્યું કે જો સમાજ લાગટ દસ કે પંદર વરસ વેજિટેબલ-ઘી ખાય તો પછી તેને ગાય કે ભેંસનું ઘી કદી નહિ ભાવે. કારણ કે ચોખ્ખું ઘી પ્રાણીજન્ય હોવાથી એની સુગંધી અમુક પ્રકારની હોય છે એટલે જેણે વેજિટેબલની કૃત્રિમ સુગંધ લીધી છે તેને એ સુગંધ જ નહિ ગમે. આ હિસાબે વેજિટેબલના કારખાનાવાળા અને વેજિટેબલને ખાનારા ગાયોના મોટામાં મોટા હત્યારા છે. ❑

## સેવક અને સમાધાન

ગામડાંમાં ઝઘડાના ઘણા પ્રશ્નો બને છે ત્યારે સેવકની ફરજ વિષે તેમણે કહ્યું કે, બને ત્યાં સુધી સેવકે તટસ્થ રહેવું જોઈએ. ન્યાય ગામના પંચ દ્વારા જ અપાવવો અને આપણે તેમાં મદદ કરવી. પણ કોઈના પક્ષકાર ન બની જવું. સીધા પક્ષકાર બની જવાથી એક પક્ષના મિત્ર અને બીજાના દુશ્મન બની જવાય છે. પરિણામે તટસ્થતા સચવાતી નથી.

સમાધાન એટલે ન્યાય પણ નહિ અને અન્યાય પણ નહિ. બન્ને થોડું ઘસાય અને મધ્યસ્થ રસ્તો નીકળે તેને સમાધાન કહેવાય અને ન્યાય અટલે તો ન્યાય તેમાં બાંધછોડ ન હોઈ શકે. ❑

## સાચા સુખનું મૂળ : સંતોષ

સવારની પ્રાર્થના બાદ મહારાજશ્રીએ જણાવ્યું કે; જૈન શાસ્ત્રોમાં એક રૂપક ઉપર વાત આવે છે. તેનો ભાવાર્થ એવો છે કે ત્રણ માણસો સાથે મુસાફરીએ નીકળ્યા. તેમનો હેતુ ગુજરાન માટે કંઈક ધંધો શોધવાનો પણ ખરો. રસ્તે ચાલતાં લોખંડનો ભંડાર મળ્યો. તેમાં લોખંડનાં વાસણ ભરેલાં હતાં. એટલે ત્રણે જણે પોતપોતાનાથી લેવાય તેટલાં વાસણ લઈ લીધાં. પછી આગળ ચાલ્યા, એટલે બીજો એક તાંબાનો ભંડાર આવ્યો. તેમાં તાંબાનાં વાસણ હતાં. એટલે ત્રણમાંથી બે જણે લોખંડનાં નાંખી દઈ તાંબાનાં વાસણ લીધાં. એકે ન લીધાં. એણે વિચાર્યું કે મને જે મળ્યું છે એનાથી મને સંતોષ થયો છે; એટલે મારા માટે તો પ્રથમની વસ્તુ જ બરોબર છે. તેઓ આગળ ચાલ્યા ત્યાં તો ચાંદીનો ભંડાર આવ્યો એટલે પેલા બે જણે તો તાંબાના વાસણ નાખી દઈ ચાંદીનાં લઈ લીધાં.પેલો એક મક્કમ રહ્યો. વળી પાછા આગળ ચાલ્યા એટલે સોનાનો ભંડાર ભંડાર આવ્યો. એટલે પેલા બે જણે ચાંદીનાં વાસણ ફેંકી દઈ સોનાનાં પકડ્યાં. પેલો એક જણ તો મક્કમ રહ્યો. એણે માન્યું કે મને જોઈતું હતું તે મળ્યું છે પછી ચિંતા શી ?

આ ઉપરથી આપણને એમ લાગશે ખરું કે બે જણે કર્યું એમાં ખોટું શું હતું ? ઊલટું તે સાચું હતું. પેલો એક જ મૂરખ હતો કે તેણે સોનાનાં વાસણ ન લીધાં. પણ આમાં તો એક સિદ્ધાંત સમાયેલો છે. સિદ્ધાંતને રૂપિયા, આના પાઈથી ન મપાય. વાસણ જે સાધન હતું અને સંતોષ કે આનંદ જે સાધ્ય હતું તેને પેલા બે જણે ગૌણ માન્યું. માણસ જો સાધનોના જ વિકાસની ગડભાંજમાં ગૂંચવાઈ જાય તો તેનો સાચો વિકાસ અટકી પડે છે અને પરિણામ એ આવે છે કે આ તત્ત્વ તેના જીવનમાં નાના મોટા દરેક પ્રસંગે આડું આવે છે અને કાયમી અસંતોષ જન્માવે છે. ઘણા માણસો એવા હોય છે કે આખી જિંદગી ઝાવાં મારવામાં જ વેડફી નાખે છે. એક વખત નક્કી કર્યું કે મારી પાસે જો આજીવિકાનું સાધન ઊભું થઈ જાય તો પછી સંતોષ માની લઉં. પછી કંઈ પણ કાળુંધોળું ના કરું. પ્રમાણિક મહેનત કરીને જીવું અને તેમ કરવા છતાં કદાચ પૈસા વધે તો કોઈ સારા કામમાં વાપરી નાખું. આમ વિચાર કરીને એ માણસ યેનકેન પ્રકારેણ એ સ્થિતિ મેળવી લે છે. પછી પેલી વાત યાદ આવે છે; કેમ હવે સંતોષ ? ત્યાં મન દલીલ કરે છે આટલાથી શું થાય ? આટલી કાયમી મૂડી થાય પછી વાત. આમ માણસને જે વસ્તુ મળે છે તેનાથી તે સંતોષ નથી પામતો પણ વધુ મેળવવાનું દુઃખ વહોરે છે. દા.ત. હજાર મળ્યા તેની લિજ્જત નથી ભોગવતો પણ નથી મળ્યા તેવા દસ હજાર મેળવવાની ઉપાધિમાં પડે છે. સાદું મકાન મેળવે છે તેની મોજ નથી માણતો પણ બંગલો નથી મળ્યો તેનું દુઃખ ભોગવ્યા કરે છે, અને આમ આખી જિંદગી કલ્પનાથી ઊભા કરેલા દુઃખમાં પૂરી કરે છે.

અલબત્ત વિકાસની બાબતમાં માણસે બારણું બંધ ન કરવું જોઈએ. જો એ બંધ થાય તો વિકાસ અટકી જાય. જિજ્ઞાસા એ જીવનનું મહામોલું સોપાન છે, અને એને જીવનના અંત સુધી જાગૃત રાખવું જોઈએ. નવાઈની વાત તો એ છે કે વિકાસ અને જિજ્ઞાસામાં જ માનવીને આળસ ઘેરે છે, કૂકા (ધન) મેળવવામાં તો રાતદિન જાગૃતિ રહે છે.

માતા, પિતા, ભાઈ, બહેન વગેરે કુટુંબીઓ પણ વિકાસને તક આપનારાં સાધનો છે. પણ માણસ જો એમાં ગૂંચવાઈ જાય, એની લેતી દેતીમાં જ પુરાઈ જાય તો આગળ નહિ વધી શકે. આ બાબતમાં પશુ સમાજ કરતાં માનવ સમાજ પાછળ રહ્યો છે. એમાં તે કહેવાતાં સગાં સ્નેહીઓનાં જાળાં અને વેલા વેલીઓથી એટલો બધો અટવાઈ ગયો છે કે જિંદગી સુધી બહાર નીકળી શકતો નથી. અને એથી ખરા હૃદયથી પ્રભુ-સ્મરણની વાત પણ એને મોઢે ચઢતી નથી. એને ખ્યાલ પણ નથી કે

લોહીના સંબંધ કરતાં ગુણના સંબંધની વાત મુખ્ય છે કે જે સંબંધો કાયમી શાંતિ આપે છે. પણ આ વાત સામાન્ય બુદ્ધિને લીધે માણસ વિચારી શકતો નથી. એને એ પણ ખ્યાલ નથી હોતો કે આ મારા સંબંધો કાયમી રહેવાના નથી. એક સંબંધ ગયા પછી બીજો બંધાવાનો છે.

ભ્રમર આજે એક ફૂલ ઉપર તો કાલે બીજા ફૂલ ઉપર એમ ભ્રમણ કર્યા જ કરે છે. એનો સંબંધ મધ લેવા પૂરતો હોય છે. એ સંબંધ એના વિકાસ પૂરતો માને છે ત્યાં સુધી ઠીક છે. પણ જો એ ચોંટી જાય, આસક્ત થઈ જાય તો પુષ્પ બિડાઈ જઈને કદાચ તેનું મૃત્યુ પણ લાવે છે.

એટલે આપણી ફરજને બરાબર અદા કરીએ પણ મોહ સંબંધોથી તો છૂટીએ જ. પાડોશીનું હિત થતું હોય તો ઘરના સંબંધો આડે ન આવવા જોઈએ અને ગામનું હિત થતું હોય તો પાડોશના સંબંધો આડે ન આવવા જોઈએ. આમ ઠેઠ જગત સુધી પહોંચી જઈએ તો વિશ્વની સાથે જે સગાઈ છે કે જેને આપણે પ્રેમસગાઈ કહીએ છીએ તે વધુ વિકસિત બને અને અરસપરસ બધાં જણ આવા મધુર અને કર્તવ્યપરાયણ સંબંધો દ્વારા જ સાચા સુખને સિદ્ધ કરી શકીએ. ❑

## ક્ષમાપના

હે ભગવાન ! મારું શું થશે ? હું એવા સમાજમાં જીવી રહેલો માનવી છું કે જે સમાજમાં ઘોર અન્યાય અને ઘેરી અસમાનતાઓ વેરાયેલાં પડ્યાં છે. મોટો કહેવાતો માણસ પોતાથી નાનેરાને દબડાવે છે, ચૂસે છે, રંજાડે છે અને હણે છે. પ્રજાની સાર્વત્રિક રાજકીય સ્વતંત્રતા હોય તો આટલા બધા કાયદાઓ કોને માટે ? શસ્ત્રસજ્જ પોલીસબળ શા સારુ ? જો મારે આ બધામાં માત્ર મૂંગા સાક્ષી તરીકે જ રહીને જીવવાનું નિર્માયું હોય તો એ જીવન કેવું ? એ સ્વાતંત્ર્ય કેવું ? તરછોડાયેલાંઓનો અને ઘવાયેલાઓનો કરુણ સંપર્ક મારાં કૂણા હૈયામાં આર્દ્રતા જરૂર ઉપજાવે છે; પણ વાંઝણી આર્દ્રતાથી શું વળે ? હું કોની ક્ષમા માગું ? ઈરાદાપૂર્વક ભૂલો કરનારના ભાગીદારને ક્ષમા માગવાનો અધિકાર હોઈ શકે ? હું રુદન કરી લઉં ? હા; થોડીક ક્ષણો તો એ રુદન પણ ઉત્સાહ સીંચે છે; પણ એ ઉત્સાહનો અમલ ન થઈ શકે તો રુદન પણ શા ખપનું ?

ભલે એકાદ અન્યાય જ જિંદગીભરમાં દૂર થતો જોઈ શકું; પણ તે દિને જ મારું જીવન ધન્ય બનશે. ક્ષમાપના સાર્થક થશે. રુદનના ડૂસકાં અમૃત બનશે. એ અન્યાયનું મૂળિયું સમાજમાં જ નથી; એ અસમાનતા બહાર જ નથી. મુખ્યત્વે મારામાં મને મારી આસપાસ છે. તે દૂર કરવાની તાકાત મારામાં નથી; તાકાત ભલે ન હોય,

એને સાચા સ્વરૂપે જોઈ શકું, એટલી લાગણી જ બસ થશે. સાથીઓ, સ્નેહીઓ-નજીકના અને દૂરનાં-સૌ એવી લાગણી પ્રેરવામાં સહયોગી થાઓ. ❑

## અસ્વચ્છતા વિ૦ સફાઈ

શ્રી બબલભાઈ મહેતાએ એક પ્રવચનમાં જણાવ્યું હતું કે; આપણી જીવન જરૂરિયાતોમાં ઘણી વસ્તુ ઉપયોગી છે તેમાં સ્વચ્છતા એક સૌથી વધુ જરૂરી વસ્તુ છે. છતાં નવાઈની વાત એ છે કે એ ઉપર આપણે ધ્યાન જ આપ્યું નથી. આપણી બેઠક સારી હશે તો રસોડું ગંદું હશે અને રસોડું સારું હશે તો મકાન આસપાસ ગંદકી હશે. આનું કારણ તો એ હોય છે કે એ બાજુની આપણી સૂગ મરી ગઈ હોય છે.

એક રીતે ગંદકી એ અવ્યવસ્થાનો પ્રકાર છે. જે વસ્તુ જ્યાં જોઈએ ત્યાં ના હોય તો અવ્યવસ્થા ઊભી થાય. દા.ત. માથા ઉપરના વાળ સુંદર છે. પણ એ જ વાળનો ગુચ્છો રસોડામાં પડ્યો હોય તો ગંદકી લાગે, અથવા માથા ઉપર પણ જો વ્યવસ્થિત ન રાખ્યા હોય તો પણ ઠીક ન લાગે, ગંદકીનો સવાલ આપણા જીવનમાં ડગલે ને પગલે આવે છે. કૂવો, તળાવ, મકાન, કાંતવું, તૂણવું, વાંચવું બધે જ એ સવાલ આવે છે. એટલે ગંદકી તરફની સૂગ આપણે મનમાં ઊભી કરવી જોઈએ. આ સૂગમાં એટલું ધ્યાન રાખવું કે સ્વચ્છતા તરફનો અતિરેક ન થઈ જાય. એક બહેનનો અનુભવ કહેતાં તેમણે જણાવ્યું કે; એ બહેનને એવી ટેવ પડી ગયેલી કે જરાક કોઈ વસ્તુને અડે ને સાબુથી હાથ સાફ કરે, બહાર જઈને ઘરમાં આવે કે હાથ ધોઈ નાખે. આમ સાબુના વારંવારના વપરાશથી તેમના હાથ ફૂગાઈ ગયા હતા. પણ ટેવ જતી નહોતી. આમ કેટલાક અતિ કરી નાખે છે તે પણ બરાબર નથી.

પૈસા કમાવા એ જેમ એક બચત છે તેમ તેનો ખોટે રસ્તે વ્યય ન કરવો તે પણ બચત છે. આવું પાણીનું છે. તેનો દુર્વ્યય કરવાથી ગંદકી વધે છે. તેમજ ખાડા ખાબોચિયામાં પાણી ભરી મૂકવાથી પણ ગંદકી વધે છે. એક દૃષ્ટાંત આપતાં તેમણે કહ્યું -

''રાનીપરજ લોકોને ઘણી વાર સમજાવ્યું કે તમે પાણી ગાળીને પીઓ પણ ઘણા વખતની આદતને લઈ માને જ નહિ. એટલે આવા સમયે કંઈક કળ વાપરવી પડે છે. એક સૂક્ષ્મદર્શક યંત્ર લાવી બે પ્યાલામાં પાણી ભરી મંગાવ્યું. પછી બતાવ્યું. જે જીવો આંખથી નહોતા દેખાતા તે જીવો કાચથી દેખાવા લાગ્યા. કૂવા કરતાં તળાવડાનું પાણી વધુ ગંદું દેખાયું ત્યારથી તે લોકો સમજતા થયા.

કેટલીકવાર એમ પણ લાગે છે કે આપણી સ્વચ્છતા બીજાને દેખાડવા પૂરતી આવી છે. પોતાના માટે નથી આવી. જે માણસ ઉપરથી સ્વચ્છતા રાખે પણ અંદર

તો ગંદકી ભરી રાખતો હોય, તેવો ઉપરથી સ્વચ્છ દેખાતો માણસ જ્યાં ત્યાં ગંદકી કરી મૂકે તેમાં નવાઈ નથી. ગામડાંની વાતો ઉપર ઊતરતાં તેમણે કહ્યું : ''ગામડાંમાં લોકો જ્યાં ત્યાં ઝાડે જંગલ બેસી જાય છે, ત્યાં પ્રથમ યોગ્ય જગ્યાએ ખાડા જાજરૂ ઊભા કરવા જોઈએ. જાજરૂની જગ્યા માટે વિરોધ થશે પણ ટંટો જ્યાં ઓછો થતો હોય તે જગ્યા પસંદ કરવી જોઈએ. આથી ત્રણ લાભ થશે. (૧) ખાતર ઉત્પન્ન કરી શકાશે, (૨) ગંદકી ઓછી થશે અને (૩) લોકોની સગવડતા સચવાશે.

આ વિષે પોતાનો એક પ્રયોગ વર્ણવતાં તેમણે કહ્યું કે અમે એક ગામમાં ખાડા જાજરૂ ઊભાં કર્યાં તેના ખાતરના રૂ. ૭૫૦ ઊપજ્યા. એક માણસ રાખવો પડ્યો હતો તેને રૂપિયા ૧૫૦ આપ્યા. અને બાકીના રૂપિયામાંથી સારું એવું એક દવાખાનું ચાલે છે. તળાવમાં સુવાવડનાં કપડાં ધોવાય અને એ જ પાણીમાં આપણાં છોકરાં સ્નાન કરે. કેટલાક તો તે પાણી પીએ પણ ખરા. આરા ઉપર વાસણ માંજે અને કાદવ-કીચડ કરી મૂકે. કૂવો સુંદર હોય પણ પાળ ઉપર જ કીચડ હોય, ગંધ મારતી હોય અને અંદર જીવાત હોય તે જ પાણી અંદર ઊતરે અને આપણે પીવા માંડીએ. ઘરની બાજુમાં જ છોકરાને ટટ્ટીએ બેસાડીએ, તેની ઉપર માખી બેસે અને એ માખી વિષ્ટા લાવી આપણા ખોરાક ઉપર બેસે; એવો ખોરાક આપણે ખાઈએ. આવી તો ઘણી વાતો છે. માત્ર કહેવાથી કે વાતો કરવાથી નહીં ચાલે. તેના માટે વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. વ્યવસ્થા હશે તો સ્વચ્છતામાં નહીં સમજતો માણસ પણ સહેજે તે તરફ આકર્ષાશે અને આપણે જેવી ઇચ્છીએ છીએ તેવી સફાઈ સહેલાઈથી લાવી શકીશું. ❑

## માનવીની ન્યૂનતા વિ. વિશેષતા

પ્રાતઃ પ્રાર્થના બાદ મહારાજશ્રીએ જણાવ્યું કે, માણસના જીવનમાં જેમ ઘણી ખરી વિશેષતાઓ છે તેમ ન્યૂનતાઓ પણ છે, વિશેષતાઓ એટલા માટે છે કે ઈશ્વરના સાંનિધ્યમાં જવા માટે જે સાધન સામગ્રીની જરૂર પડે છે તે તેને પ્રયત્ન કરવાથી સાંપડી શકે છે. અને ન્યૂનતા એટલા માટે છે કે ખાડામાં પડવાનાં સાધનો જેવાં કે અહંકાર, ક્રોધ, વિકાર, સત્તા વગેરે પણ તેને મળેલાં છે અને સમાજમાંથી મળી શકે છે. માણસ આ બન્નેમાંથી બીજી વાતને જલદી પકડી લે છે. કારણ કે, તે સહેલું લાગે છે. હમેશાં નીચે ઊતરવાનું સહેલું હોય છે પણ ચઢવાનું જ અઘરું હોય છે. અઘરું એટલા માટે લાગે છે કે તેમાં સહેવાનું અને ખોવાનું વધુ હોય છે. અને આથી જ જગતમાં જેટલું અનિષ્ટ માનવજાતે કર્યું છે તેટલું ક્રૂરમાં ક્રૂર ગણાતાં પ્રાણી સર્પ, વાઘ, દીપડા વગેરેએ નથી કર્યું. દૈત્યને શરમાવે તેવાં ખરાબ કૃત્યો

માનવસમાજે કર્યાં છે. આ કૃત્યો પણ એકલા અંગત સ્વાર્થ માટે કર્યાં છે તેમ પણ નથી. સમાજની ખાતર અને કેટલીક વાર પોતાના દેખાતા માનવ જૂથો માટે પણ કર્યાં છે. તેવી જ રીતે આની સામી બાજુ પણ છે. એ જ માનવસમાજમાંથી એવા વિરલ રત્નો પણ પાક્યાં છે કે જેમણે પશુ માટે પોતાના પ્રાણ આપ્યાના દાખલા પણ મળે છે.

આનું કારણ એ છે કે જ્યારે માણસની કલ્પનાની વિરુદ્ધ કોઈ થાય છે ત્યારે તે ઉશ્કેરાઈ જાય છે. દા.ત. ગાંધીજીએ કહ્યું :

'અસ્પૃશ્યતા એ તૂત છે તેને કોઈ શાસ્ત્રનો આધાર નથી માટે તે જવી જોઈએ !' પણ રૂઢિચુસ્તોને આ ન ગમ્યું. મુસ્લિમો સાથે મહોબત કરવાની વાત કરી પણ કહેવાતા હિન્દુઓને તે ન ગમી. ગાંધીજીએ કહ્યું કે જ્યારે એક સમાજ નીચો ઊતરી જાય ત્યારે તેનો મુકાબલો ઊંચે ચઢીને કરવો જોઈએ. મતલબ કે વૈરને ક્ષમાથી જીતો. જોકે આ વાત ધીરજ માગે છે અને તેનો ફાયદો લાંબે ગાળે દેખાય છે પણ તે કાયમી નીવડે છે. પણ પ્રજાએ પોતે જે રીતે કલ્પ્યું હતું તેનાથી આ વાત વિરુદ્ધની હતી એટલે એમનું ખૂન થયું.

ઈસુ ખ્રિસ્તને માણસોએ દિલ કંપાવે તે રીતે વધસ્થંભે ચઢાવ્યા છે. તેમણે કંઈ નુકસાન કે કોઈનું અહિત થાય તેવું કશું જ કર્યું નહોતું, પણ સમાજ જે રીતે ઇચ્છતો હતો તેનાથી તેઓ જુદું કહેતા હતા.

તેવી જ રીતે મહર્ષિ દયાનંદે સમાજને માટે જાત ઘસી નાખી, પણ સમાજ જે રીતે માનતો હતો તેનાથી સ્વામીજી જુદું કહેતા હતા. તે કહેતા હતા કે હરિજન પરધર્મી થઈ જાય તો અડવામાં વાંધો નથી લેતા, પણ તમારો સ્વધર્મી ભાઈ રહે ત્યાં સુધી જ વાંધો લો છો. મૂર્તિપૂજામાં જે દંભ ચાલે છે તે ખોટો છે. આવી કેટલીક સમાજ સુધારાની વાતો કરી પણ સમાજથી આવા આંચકા સહન થતા નથી. પરિણામે તેમનું ખૂન થયું. આમ ધર્મને નામે જ્યારે અધર્મ પેસી જાય છે ત્યારે તે કાઢવો મુશ્કેલ બની જાય છે. મહાપુરુષો આ વાત સમજે છે. તેઓ ભવિષ્યને જોઈ શકે છે. એટલે વર્તમાનથી જ પ્રયત્ન શરૂ કરે છે. આપણે કરવાનું માત્ર એટલું જ છે કે ઈશ્વરના સાંનિધ્યમાં જવા માટે જે સામગ્રી આપણને મળી છે અને ભવિષ્યદર્શી મહાપુરુષો એને સ્વપરને સારુ જે ઉપયોગ કરી ગયા છે; તેમ જ જે રસ્તો બતાવી ગયા છે તે જ ધર્મનો ધોરી માર્ગ છે.

**"महाजनो येन गतः स पन्थाः "**

એ સોનેરી ધર્મ સમજી લઈએ. જિજ્ઞાસા અને સત્ય શ્રદ્ધા કેળવીએ. આપણા

પૂર્વગ્રહો પાછળ છુપાયેલાં રાગદ્વેષને છોડીએ અને આપભોગનો અમલ કરી પ્રેમમય પુરુષાર્થથી અમૃત પાથરીએ. જગતની સર્વ અશાન્તિઓનો આમ જ અંત આવી શકે.

❑

## સમર્પણની જ્વાળા

સવારની પ્રાર્થના કર્યા બાદ મહારાજશ્રીએ જણાવ્યું હતું કે લગભગ માનવીમાત્રને ઈશ્વરમાં સમાઈ જવાની વાત, અને તેના માટે સર્વ કંઈ સમર્પણ કરી દેવાની વાત મીઠી બહુ લાગે છે. પણ આવી કેટલીક વાતો જેવી સાંભળવામાં-વિચારવામાં સહેલી લાગે છે, તેટલી જ્યારે આચરવાની આવે છે, ત્યારે અકારી લાગે છે અને મનને મોટો આંચકો લાગે છે. એટલું જ નહિ; પણ મન તેમાંથી છટકવા દલીલો કરવા મંડી પડે છે. તે કહે છે કે ક્યાં સમર્પણ ? કોને માટે ? કરીને પછી ફાયદો શું ? આવું આવું વિચારે છે. આનું કારણ એ છે કે સમર્પણ પાછળનું જે સુખ છે, જે આહ્લાદ છે તેની નિષ્ઠા કેળવી નથી હોતી. વળી બીજાને દબાવીને, ચૂસીને કે દાદાગીરીથી મેળવેલા સુખનો જેટલો અનુભવ છે તેટલો બીજાને આપીને, કે બીજાને માટે ઘસાઈને મેળવેલા સુખ જોવાનો અભ્યાસ નથી. માણસમાત્ર દરેક વસ્તુને પોતાની રીતે માપે છે. અને પછી તે એવી રીતે તુલના કરવા બેસી જાય છે કે ફલાણો માણસ સમર્પણનો દુરુપયોગ કરશે તો ? તેનો પ્રત્યાઘાત સારો પડશે કે નહિ, તેનાથી ફાયદો થશે કે નહિ, આમ વિચાર કરતાં વળી એમ લાગે છે કે એ વાત વ્યવહારુ પણ નથી. આમ અનેક દલીલો આવે છે. ખરી રીતે તો કોઈ પણ કાર્ય પછી ભલેને તે કદાચ ઉપરથી દોષિત લાગતું દેખાય, કદાચ જનતાને બંધબેસતું પણ ના દેખાય તોપણ તેના મૂળમાં દૃષ્ટિ સાફ હશે, મતલબ કે રાગદ્વેષથી રહિત થઈને માત્ર કલ્યાણની ભાવના રાખીને કર્યું હશે તો છેવટે દીપી જ ઊઠવાનું છે. પણ અંતરમાં મેલ રાખીને, કપટ રાખીને કરેલું કાર્ય ઉપરથી શુભ દેખાતું હોવા છતાં અહિતકર જ નીવડવાનું. કેટલીક વાર આપણે નફોતોટો ગણવા પણ બેસી જઈએ છીએ. પણ દેખાતો નફો લાંબે ગાળે તો તોટો જ લાવે છે. એટલે એક વાત ખાસ ધ્યાન રાખવી જોઈએ કે કોઈ પણ પ્રવૃત્તિ કરતા પહેલાં અંતર તપાસી જોવું જોઈએ કે તેમાં ડરનો, દ્વેષનો કે વેઠ કાઢવાનો આશય તો નથી ને ?

આ વાત અઘરી લાગવાનું એક બીજું પણ કારણ છે. સમાજના પ્રચલિત બંધનોને લીધે અને ઘણા વખતની ટેવોને લીધે પણ આમ લાગે છે. વળી કેટલીક વાર એ સમર્પણનો દુરુપયોગ પણ થતો નજરે દેખાય છે. આ નજરે દેખાતી વસ્તુ સંપૂર્ણ નથી. એટલે તેનાથી ભડકવું નહિ પણ આપણે થાક્યા સિવાય આગેકદમ ભર્યા કરવાં. એમાંથી છેવટે તો જનતામાં પડેલો જનાર્દન જાગે જ છે.

માત્ર એ વખતે આપણને અભિમાન ન આવી જાય તેટલું ધ્યાન રાખવાની જરૂર છે. જેમ મા બાળકની ગમે તેટલી ચાકરી કરે છે તોપણ તેને એમ નથી લાગતું કે મેં બાળક માટે દુઃખ વેઠ્યું. ઊલટું એ કષ્ટ એને આહ્‌લાદ જન્માવે છે. તેને સમર્પણમાં આનંદની છોળો ઊડતી દેખાય છે. બાળક સહેજે ઓછું ખાય તો પાડોશમાં જઈ કહેશે કે મારો છોકરો કંઈ જ ખાતો નથી. વગેરે કહીને તે સમર્પણની ભાવના પ્રગટ કરે છે. આમ આપણને પણ માતૃભાવ રાખીને કોઈ પણ કાર્ય કરીશું તો સમર્પણ આપોઆપ આવી જશે.

સમર્પણની ભાવના પ્રગટાવીએ, અને એ સમર્પણમાંથી આનંદ અને સંતોષ મેળવી લઈએ તો એ ઊગી ઊઠે છે. અને તેનાં ફળ આપણને અને સામાને મળે જ છે. પણ તેની આશા નહિ રાખતાં ફરજ સમજીને કરવું જોઈએ. સમર્પણમાં સામી વ્યક્તિનો ધ્વનિ ઊઠે છે કે કેમ તે પણ ન જોવું જોઈએ; ઊલટું એમ માનવું જોઈએ કે સમર્પવાની તક મળી તે મારાં અહોભાગ્ય છે. આપણને ઘણા લોકો પૂજે ત્યારે પોતાના દોષો આપણને જડતા નથી. અને જનતાની ઉદાર દૃષ્ટિ આપણા દોષને, નાના દોષને આપણે તપાસતા રહેવું જોઈએ. સમર્પણને સારુ એ વાત પણ સમજી લેવાની જરૂર છે કે એવા માણસો હોય છે કે જેમને પાયામાં પુરાવું પડે છે. પાયામાં પુરાવાનું સદ્‌ભાગ્ય કોઈ વિરલને જ સાંપડે છે. સાચું સમર્પણ આવી ભાવના ઉગાડ્યા સિવાય બનતું નથી. ભાવના ઉગાડવા માટે ઈશ્વરનું શરણ અને તેની પ્રાર્થના જ કામ આવે છે. એ ઈશ્વર બીજો કોઈ નહિ પણ સત્ય, પ્રેમ અને ન્યાય સ્વરૂપે વ્યાપેલો ઈશ્વર સમજવો જોઈએ.

## ન્યાય-નીતિ વ્યવહારમાં કેમ ઉતારવાં

**પ્રશ્ન :** ન્યાય, નીતિ અને ત્યાગની વાતો સાંભળીએ છીએ ત્યારે આ જ સાચો માર્ગ છે એમ સમજાય છે. અંતરમાં પણ એ વાત જ ગોઠે છે. છતાં વ્યવહારમાં એનું આચરણ નથી થતું, તેનું કારણ અને ઉપાય ન બતાવો ?

**જવાબ :** બહુ અનુભવને અંતે મને એમ લાગ્યું છે કે, મોટે ભાગે માણસ પણ સંયોગાધીન પ્રાણી જેવો હોય છે. જ્યાં ન્યાય, નીતિ અને ત્યાગ તરફ વળેલો ચોક્કસ પ્રકારનો સમૂહ જુએ ત્યાં સામાન્ય માણસનેય આચરણ સહેલું બની જાય છે. તેવી જ રીતે જે સ્થળે અન્યાય, અનીતિ, ભોગ-વિલાસ અને ગંદવાડ ભર્યો હોય ત્યાં મજબૂત માણસ પણ શિથિલ થઈ જાય છે. આજે જ્યાં નજર નાખો ત્યાં લાંચ, અનીતિ, અશ્લીલપણું, દાદાગીરી વગેરે બહુ દેખાય છે, તે કારણે માણસની સામાન્ય ઈચ્છા આચરણમાં કારગત થતી નથી. આ ઉપરથી સમજાય છે કે, જો આપણે

ન્યાય, નીતિ અને ત્યાગનું વ્યવહારમાં આચરણ કરતું હોય તેવું નાનું પણ તરત નજરે પડે તેવું વ્યવસ્થિત જૂથ ઊભું કરી શકીએ તો અંતરમાં જે વસ્તુ ગોઠે છે તેને આચારમાં મૂકવી સામાન્ય જનસમૂહને પણ સાવ સરળ થઈ જાય. અસામાન્ય માણસ પથ્થરને પાણી કરી શકે છે અને હિમાલયને કંપાવી શકે છે. એવા માણસની તો વાત જ જુદી છે, તે કહેવાની જરૂર ન હોય.

## ખેડૂતમંડળમાં વિચારીને જોડાજો

**પ્રશ્ન :** ખેડૂતમંડળ અંગે આપ હમણાં ગામડે ગામડે જે વાતો કરો છો, તે કેટલીક વાર અત્યંત સચોટ હોય છે. ખેડૂતોના મન પર એવી છાપ પડે છે કે ખેડૂતમંડળમાં ભળી જવું જોઈએ. પણ તેવામાં જ આપ "વિચાર કરી જોજો." એમ કહો છો. એટલે વાતાવરણમાં વણજોતી ગંભીરતા આવીને લોકોને વમળમાં નાખી દે છે. આ ગામડિયા લોકો એને સીધા અર્થમાં નથી લઈ શકતા તો પછી આ લોકો આગળ આમ કહેવાની પાછળનો આપનો શો હેતુ છે ? અને છેવટે આવું ન બોલો તો શું ન ચાલે ?

**ઉત્તર :** તમે પ્રશ્ન ઉઠાવ્યો તે મુદ્દાનો પ્રશ્ન છે. ગામડિયા લોકો ભાવનાપ્રધાન કે લાગણીપ્રધાન વિશેષ હોય છે; એથી તેઓ પોતે જાતે જ ઊંડાણથી આ વાતને સમજે એવી મારી ઈચ્છા રહેતી હોય છે. નહિ તો ખોટી ભંભેરણીથી ભરમાઈ જવાનો પૂરો ભય છે. ખેડૂતમંડળની પાછળ માત્ર ખેડૂતોનો નહિ, પણ મારી દષ્ટિએ સમગ્ર દેશનો,અહિંસાનો, ન્યાય, નીતિ અને ત્યાગની સામાજિક પ્રતિષ્ઠાનો વગેરે અનેક પાયાના સવાલો પડેલા છે. મારી વાતો કે મારાં પ્રવચનોની તાત્કાલિક અસર ગમે તેવી સચોટ હોય, તોયે તે લાંબો વખત ન ટકે; જો તેઓ જાતે ન વિચારે તો. ઘસારો ખમવો અને ન્યાય ઘરમેળે ઊભો કરવો એવા બે મુખ્ય સિદ્ધાંતો પર ગામડે ગામડે ખેડૂતમંડળો રચાય એની મને પુષ્કળ તાલાવેલી છે. મારા ધારવા કરતાં હું મોડો પડ્યો છું. સન ૧૯૫૧માં આવનારી રાજ્યતંત્રની ચૂંટણી પહેલાં આ મંડળો સમસ્ત દેશવ્યાપી બની જવાં જોઈએ આ મંડળોમાં ગામડાઓનો એકે એક વર્ગ અર્થની રીતે ગોઠવાઈ જાય, એવી વાતને તુરત સમજી શકે તેવા બુદ્ધિશાળી વર્ગને આમાં હું આગ્રહપૂર્વક નોતરું છું. આજે નહિ તો કાલે પણ સમજશે. પરંતુ ત્યાં લગી પછાત ખેડૂતો પછી તેઓ ગમે તે કોમના હોય, તેઓ-આ વાતના મર્મને બરાબર સમજે એવી તક આપવા ઈચ્છતો હોઉં છું. હવે તમે સમજી શકશો કે ઉતાવળ હોવા છતાં-અત્યંત જરૂરી હોવા છતાં-વિચારવાનું કહેવાથી નાહકની ઢીલ થાય છે એમ લાગવાં છતાં-હું એવું કહ્યા

સિવાય આ તકે રહી શકતો નથી. કાર્ય કરતાં સિદ્ધાંત મોટો માનીએ ત્યાં આવું બનવું અનિવાર્ય લેખી લેવું જોઈએ.

## ગામડાના ઉદ્ધાર માટે શું કરવું ?

**પ્રશ્ન :** આપ ગામડાંઓના ઉદ્ધારની આશા સેવો છો, પણ ગામડાંમાં વસતાં ભોળા ભલા લોકો ઉપર જેમનું વર્ચસ છે એવા ગામડાંમાં જ વસતા આગેવાનો સરાસર ઊલટે રસ્તે જઈ રહ્યા હોય, અને દોરી રહ્યા હોય ત્યાં આવા આગેવાનો સુધરે નહિ ત્યાં લગી ગામડાંઓનો ઉદ્ધાર ન થઈ શકે. તો તેવા આગેવાનોને સુધારવા માટે આ ભોળા ભલા ગામડાંના લોકોએ શું કરવું જોઈએ ?

**જવાબ :** 'જેનો આગેવાન આંધળો તેનું કટક કૂવામાં' એ આપણી જૂની કહેવત સાચી છે જ. પહેલાંના કાળમાં આગેવાનો જે જવાબદારીથી વર્તતા તે હવે નથી વર્તતા એટલે તેમની આગેવાનીનો આ ગામડાના નીચલા થરના લોકોએ પડકાર કરવો જોઈએ. એને માટે પોતાના મનમાં જે ખોટું લાગતું હોય તે સ્પષ્ટ આવા આગેવાનો સામે કહેતાં તેમણે ખચકાવું ન જોઈએ. મનમાં ભરી રાખવાથી વાતાવરણ નધણિયાતું થઈ બગડે છે અને સાચું કાર્ય કંઈ થતું નથી. એટલે આ કહેવાતા આગેવાનોની આગવી આગેવાની નહીં રહી શકે તેવો કાળ તો આવી લાગ્યો છે; પણ આવા પ્રયત્નની એમાં ખાસ જરૂર છે. ભલા ભોળા આ ગામડિયાઓ નૈતિક હિંમત ઊભી કરે અને એમના સાચા સેવકોની વધુ ને વધુ હૂંફ મળે તો કાં તો આગેવાનો સુધરી જાય અને જેઓ ન સુધરે તેમની આગેવાનીની પકડ પરથી આપોઆપ છૂટી જાય !

❑

### જૂના તરફ સૂગ ન હોય

કાળે કાળે પરિવર્તન થવું જોઈએ. અને પરિવર્તનવાળા નવા ભાગને અપનાવવો જ જોઈએ; પરંતુ એનો અર્થ એ નથી કે જૂના તરફની સૂગ રાખવી. જૂના તરફની સૂગ આપણને આત્માને છોડીને ભભકદાર જડ કલેવર તરફ દોરી જવાની પૂરેપૂરી ભીતિ છે. વર્ણાશ્રમની આપણી સમાજ વ્યવસ્થા - અર્થ, કામ અને ધર્મથી પરિપૂર્ણ હતી. એમ સિદ્ધ થાય તો નવાયુગને અનુકૂળ એ જૂના મસાલાને ગોઠવવામાં આપણે નાનમ માનવાની કશી જ જરૂર નથી. ઊલટું એવા સત્યાગ્રહને આપણે વળગી રહેવું જોઈએ એમ હું પ્રબળપણે માનવા પ્રેરાઉં છું.

**- સંતબાલ**

● તા. ૨૭-૧૧-૫૦ : ગાંગડ

કોઠથી ગામ લોકોની પ્રેમભરી વિદાય લઈ અમો ગાંગડ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઠાકોર સાહેબને બંગલે રાખ્યો હતો. અમારી સાથે ઘણા ભાઈઓ આવ્યા હતા. બધાની ભોજનની વ્યવસ્થા ઠાકોર સાહેબે જ કરી હતી. રાતની જાહેરસભા દરબારગઢના ચોકમાં થઈ હતી. તેમાં રણછોડજીભાઈએ મહારાજશ્રીનાં કાર્યોનો ઉલ્લેખ કર્યો. તે પછી ઉમેદરામ ભજનિક ભાઈએ સંગીત સાથે ગાંધીકથામાંનો સાપનો પ્રસંગ જેમાં બાપુને ખભે સાપ ચડી જાય છે તે વર્ણવ્યો હતો.

બીજે દિવસે પણ જાહેર સભા રાખી હતી. તેમાં મહારાજશ્રીએ આજના અગત્યના પ્રશ્નો વિષે જણાવ્યું કે મુખ્ય પ્રશ્ન આજના અંકુશો અંગેનો છે. તેમણે કહ્યું કે અંકુશોથી (કંટ્રોલ)થી પ્રજા ત્રાસી ગઈ છે તેમને જોઈતા નથી, પણ સાથે સાથે શા માટે અંકુશો નથી જોઈતા તે પણ વિચારવું જોઈએ. જો આપણે પોતે જાત પર કંટ્રોલ મૂકી દઈએ, બીન જરૂરી વસ્તુઓ ના વાપરીએ, પડોશીની દેખરેખ રાખીએ તો કંટ્રોલ આપોઆપ જવાના છે. સરકાર એ કોણ છે ? તે આપણો જ પડછાયો છે. એટલે આપણી જવાબદારી સમજવી જોઈએ. એક દૃષ્ટાંત આપતાં તેમણે જણાવ્યું કે આ ગામને સાચવવા તમે પાંચ ટોયા (ચોકીદાર) રાખ્યા હોય અને સીમમાં અનાજ પડ્યું હોય પછી પંદર વીસ લૂંટારા હથિયાર સહિત લૂંટવા આવે ત્યારે પેલા ટોયા નહિ પહોંચી શકવાને કારણે ગામને કહે કે લૂંટારા આવ્યા છે માટે સૌ મદદે દોડજો. પણ ગામ લોકો જો એમ જ કહે કે ભાઈ એ તમારી ફરજ છે કારણ કે તમે પગાર ખાઓ છો એમાં ગામને કંઈ લેવા દેવા નથી. તો પેલા રખા શું કરી શકે ? લૂંટારા માલ લૂંટી જાય અને છેવટે જાય તો ગામનું જ ને ? આવું જ આપણા પ્રધાનોનું છે. એ તો રખા છે જો તમે મદદ નહિ કરો, જવાબદારી નહીં સમજો તો તમારું જ નુકસાન થવાનું છે.

બીજી વાત આપણે નીતિને દેશવટો દીધો છે, તેને પાછી લાવવી છે. ત્રીજી વાત હરિજનોને સન્માનવાની, કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવાની કરી, ચોથી વાત સ્ત્રી સન્માનની કરી.

અંતમાં શાસ્ત્રીએ પણ અભ્યાસ પૂર્ણ પ્રવચન કર્યું હતું.

બપોરના ઠાકોર સાહેબે પોતાના મેનેજમેન્ટ અંગે વાતો કરી અને તે

પોતાનું પાછું મળે તો આર્થિક મુશ્કેલીઓ ઓછી થાય એમ જણાવ્યું. એમ ના બને તો મેનેજર પોતાનો નીમવા દે, તોપણ રાજી છું. પ્રજા એમાં રાજી છે એમ જણાવ્યું. અમારી સાથે શિયાળવાળા કેશુભાઈ જીવરાજ શેઠ સાથે હતા. સાંજના બાસાહેબની ઈચ્છાથી મીરાંબહેન સાથે મહારાજશ્રી થોડો વખત ત્યાં જઈ આવ્યા હતા.

ઝાલા સાહેબ કે જે કારભારી છે, તેમની સાથે સર્વોદય કેન્દ્ર-શિયાળ માટેની જમીન માટેની વાત કરી. દસ એકરની માગણી કરી છે, પણ ગામ લોકો ગોચર માટે આગ્રહ રાખે છે એટલે પુછાવ્યું છે કે કેટલી અને કઈ બાજુની જમીન જોઈએ તે જવાબ આપવાનો છે. હરિજનો સાથે પણ તેમના પ્રશ્નો અંગે સારી ચર્ચા થઈ હતી.

**● તા. ૨૮-૧૧-૫૦ : ભાયલા**

ગાંગડથી નીકળી ભાયલા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. અહીં સોસાયટીનું જિન થયું છે. મુખ્ય આગેવાન મોતીભાઈ લક્ષ્મણભાઈ સાથે મકાન માટે અને બીજા પ્રશ્નો અંગે સારી ચર્ચાઓ થઈ. ડાંગરનો પાક બહુ સારો પાક્યો છે.

**● તા. ૨૯-૧૧-૫૦ : બેગામડા**

ભાયલાથી નીકળી બેગામડા આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો એક મેડા ઉપર રાખ્યો હતો. અહીં સર્વોદયનું કેન્દ્ર ખોલવાનું હોવાથી ગુંદીથી નવલભાઈ, લલિતાબહેન, અંબુભાઈ, લાભુભાઈ, હરીશભાઈ વ. કાર્યકરો આવ્યા હતા.

મહારાજશ્રીના સંપર્કમાં આવેલા ભાઈલાલભાઈ પટેલ અહીં બેસવાના હતા. તેમણે મિત્રોની મદદથી અને ગામ લોકોની મજુરીના સહકારથી એક સુંદર મકાન બંધાવેલું છે. તે મકાન ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘને બંને પક્ષ સોંપી દે તો કામ કરવામાં સુગમતા પડે એની સમજૂતી કરી. એટલા માટે ભાઈલાલભાઈને પણ બોલાવ્યા હતા. જો કે ગામ લોકો એમ ઈચ્છતા હતા કે આ મકાનમાં છોકરાં ભણાવવાનું થાય તો સારું, પણ કોઈ શરતથી તો એ મકાન સ્વીકારાય જ નહિ. એટલે તેમને સ્પષ્ટ કહેવામાં આવ્યું કે આજે ભણતરના તમારા જે ખ્યાલો છે તેમાંથી અહીં જુદું કામ થશે. પણ સંઘ તે મકાનનો ગમે તે ઉપયોગ

કરે તેમાં ગામને વાંધો નથી. મકાન તમને ગામ સોંપે છે એમ જાહેર કર્યું. ભાઈલાલભાઈએ પણ પોતાની સંમતિ આપી દીધી.

**● તા. ૩૦-૧૧-૫૦ તથા ૧-૧૨-૫૦ : આદરોડા**

બેગામડાથી નીકળી આદરોડા આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો પથાબાપાને ત્યાં રાખ્યો હતો. અંબુભાઈ સાથે હતા. ગામ લોકોએ સામે આવી સ્વાગત કર્યું. રાત્રે જાહેર સભા થઈ તેમાં ગામના આમંત્રણથી ખેડૂત મંડળનું અધિવેશન ભરાવાનું છે તેની કાર્યવાહીનો ખ્યાલ આપ્યો હતો અને શું વ્યવસ્થા કરવી તેની વિચારણા કરી હતી.

બલદાણામાં ખેડૂત અને ભરવાડ વચ્ચે ઝઘડો થયો છે તે બંને પક્ષ મહારાજશ્રી પાસે આવ્યા હતા. તેમને લવાદ દ્વારા ફેંસલો લાવવા સમજાવ્યા હતા.

**● તા. ૨-૧૨-૫૦ : ડરણ**

આદરોડાથી નીકળી ડરણ આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો હતો. બળદેવભાઈ અમારી સાથે હતા. બપોરના જિલ્લાના આગેવાન ઈશ્વરભાઈ પટેલ મળવા આવ્યા હતા. કંટ્રોલ કાઢી નાખવા અંગે વાતો થઈ. રાત્રે જાહેરસભા થઈ.

**● તા. ૩-૧૨-૫૦ : મોરૈયા**

ડરણથી મોરૈયા આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. વચ્ચે લોદરીયાવી, શરી, મટોડા, રામપુરા ગામો આવ્યાં. શરીમાં થોડું રોકાયા હતા. અહીં કસ્તૂરભાઈ શેઠનો ૧૨૦૦ વિઘાંનો વાંટો છે. ફતેવાડી કેનાલ થયા પછી તેનાથી ડાંગરના પાકને સારો ફાયદો થયો છે.

**● તા. ૪-૧૨-૫૦ : ફતેવાડી**

મોરૈયાથી ફતેવાડી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ભરવાડ વાસમાં રાખ્યો હતો. ભરવાડ ભાઈબહેનોએ ભાવભર્યું સ્વાગત કર્યું. આગળ ઢોલ, ભજનમંડળી અને પાછળ ભાતભાતનાં નવાં વસ્ત્રો પહેરેલી ભરવાડ બહેનો માથે કળશ અને પૂજાની સામગ્રી લઈ ગીતો ગાતી ચાલતી હતી. એક જૈન સાધુને આમ ભરવાડ અને ઠાકોર કોમ આ રીતે સ્વાગત કરે એ દૃશ્ય

અદ્‌ભુત હતું. તે દિવસે આખા ગામમાં જેમ એક ઉત્સવ હોય તેવો દેખાવ હતો. આખા ગામે ખેતીનું અને બીજું કામ બંધ રાખી ઉજાણી ઊજવી હતી. લોકોના અંતરમાં આનંદનો પાર નહોતો. આ ઉપરથી એમ લાગતું હતું કે સમજુ અને ઉજળિયાત વર્ગ કરતાં આવા પછાત વર્ગોને સંતો પ્રત્યેનો પૂજ્યભાવ તેમજ તેમની વાણીને અનુસરવાની કેટલી બધી ભૂખ છે ? આજે જ્યાં ભૂખ છે તેને જ આપવાની જરૂર છે.

રાત્રિસભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે હવે આપણે સમયને ઓળખવો જોઈએ. આજ સુધી જેમ ચાલ્યું તેમ ચલાવીશું તો દુઃખી થવાના છીએ. એટલે કન્યાના પૈસા લેવા કે દેવા તે પાપ સમજો. હવે નવાનવા કાયદા આવશે તો બાળકોને ભણાવો, ગાયો કેમ વધુ દૂધ આપે, બળદ કેમ સારા ઊછરે, તે બધા ઉપર ધ્યાન આપો. આપણે બીજા લોકો સાથે હળતામળતા નથી એટલે અતડા પડી ગયા છીએ તો બધા વર્ગો સાથે સંપર્ક રાખો, શક્ય હોય ત્યાં ખેતી વધારો. ભેળ, ચોરી, ફટાણાં, તથા ચા, તમાકુ વગેરે વ્યસનો છોડીને વાસુદેવના સાચા નંદ બનો. આટલું કરીશું તો આપણો સૂરજ જે ઝાંખો પડી ગયો છે તે ફરીથી ઝળહળતો બનશે. સભાને અંતે ૩૩ ભાઈબહેનોએ દૂધમાં પાણી નહિ નાખવાની, ચોરી, ભેળ, ચા, તમાકુ, નાહ્યા સિવાય નહીં ખાવાની એમ જુદી જુદી પ્રતિજ્ઞા લીધી હતી.

**● તા. ૫-૧૨-૫૦ : સરખેજ**

ફતેવાડીથી સરખેજ આવ્યા. અંતર દોઢ માઈલ. ઉતારો ભરવાડ વાસમાં રાખ્યો હતો. લોકોની ઈચ્છા ગામમાં રાખવાની હતી, પણ પછાત વર્ગ અને ભરવાડોનો પ્રેમ એટલો બધો હતો એટલે વાસમાં રાખ્યો. બહેનોભાઈઓએ વાજતે ગાજતે સુંદર સ્વાગત કર્યું. રાત્રે મોટી જાહેર સભા થઈ.

**● તા. ૬-૧૨-૫૦ થી ૨૯-૧૨-૫૦ : અમદાવાદ**

સરખેજથી અમદાવાદ આવ્યા. અંતર છ માઈલ ઉતારો હઠીભાઈની વાડીમાં રાખ્યો હતો. કોંગ્રેસ સેવાદળવાળા મનુભાઈ પટેલ અમારી સાથે જ પ્રવાસમાં હતા. બપોરના અઢી વાગ્યે શ્રી શંકરલાલ બેન્કર મહારાજશ્રીને મળવા આવ્યા. તેઓને કંટ્રોલ સંબંધીનો અભિપ્રાય જાણવો હતો. અનાજનો કંટ્રોલ જાય અને

કાપડનો રહે તો ખેડૂતો શું ઈચ્છે ? આ વાત ચાલતી હતી ત્યાં શ્રી ગુલઝારીલાલ નંદા આવ્યા. તેમને ભા.ન.ની ખેડૂત પ્રવૃત્તિઓ અંગે વાતો કરી. તેઓ ખેડૂત પરિષદમાં આવવા સંમત થયા.

**તા. ૮-૧૨-૫૦ :**

રોજ જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓને મહારાજશ્રીનો કાર્યક્રમ નક્કી કરવા માટે બોલાવ્યાં હતાં. તેમની સાથે કાર્યક્રમ નક્કી થયો. સી.એન. વિદ્યાવિહારવાળાં માણેકબહેન અને ઈન્દુમતીબહેન શેઠ મળવા આવ્યાં. તેમણે સંસ્થામાં પધારવા આમંત્રણ આપ્યું. સરલાદેવી સારાભાઈ મળવા આવ્યાં. નવલભાઈ શાહ હાજર હતા. સરલાબહેનની ઈચ્છા હતી કે સર્વોદય કેન્દ્ર કેટલાંક બહેનોને તાલીમ આપે અને તે માટે બજેટ નક્કી કરે, અર્જુનલાલા આવ્યા. તેમણે પોતાને થયેલા અકસ્માતની આપવીતી કહી સંભળાવી. તે પછી ભવાનીશંકરભાઈ બાપુજી મહેતા મળવા આવ્યા તેમણે દસક્રોઈ તાલુકાની પરિસ્થિતિની વાતો કરી.

પંચભાઈની પોળમાં જાહેરસભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે આપણને સ્પષ્ટ જણાય છે કે માની લો કંટ્રોલ નીકળી ગયા તો શું બધાને નોકરી મળી જશે ? હવે ખેડૂતો જાગ્યા છે તેઓ સંગઠન કરે છે, સહકારી મંડળીઓ સ્થાપે છે અને સીધું ખરીદ વેચાણ કરવાની તૈયારી કરે છે ત્યારે આ મધ્યમ વર્ગ નોકરી સિવાય શું કરશે ? એટલે હવે બધાએ પોતાનું મોઢું શહેરી સંસ્કૃતિમાંથી ગામડાંની ગ્રામ સંસ્કૃતિ તરફ ફેરવવું જોઈએ. મધ્યમ વર્ગનો મરો છે, પણ તેણે એવો વિચાર કર્યો કે અમારે ટકવા માટે શું રસ્તો કરવો ? કંટ્રોલ છૂટી ગયા ત્યારે બાવળાના વેપારીઓને મેં કહ્યું કે, તમે લાલચ ન આપો, ખેડૂત મંડળને મદદ કરો, પણ ના માન્યા.

હમણાં હું ફતેવાડી ગયો હતો. ત્યાં સાંભળ્યું કે નદીમાં ગંદકી ચાલી જ આવે છે, સરખેજવાળા કહે અમારી જમીન એક્વાયર કરવા મ્યુનિસિપાલિટી તૈયારી કરે છે. આમ શહેરો ગામડાંને નુકસાન કરતાં રહે છે. જે અનાજનું ઉત્પાદન કરે છે. કંટ્રોલ કઢાવવાની વાત સૌ કરે છે પરંતુ જવાબદારી લેવાની કોઈની તૈયારી નથી, દરેક માણસ સ્વાર્થની વાત કરે છે. જો બીજાને માટે ઘસાઈ છૂટવાની વાત કરે તો કંટ્રોલ આપોઆપ વિલીન થઈ જાય.

● તા. ૧૦-૧૨-૫૦ :

ઢાળની પોળમાં શહીદ રસિકદિન કાર્યક્રમ ઉજવાયો તેમાં મહારાજશ્રીએ જણાવ્યું કે તમો બધાં એ શહીદોની યાદમાં શહીદ થયેલ વ્યક્તિના કોઈ ને કોઈ ગુણ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરો એજ તેમનું સાચું સ્મરણ છે. વીરની પૂજા સ્વાર્પણથી થાય છે.

અહીં એક અમેરિકન બહેન કુમારી એલિઝાબેથ મહારાજશ્રીને મળવા આવ્યાં. બહુ જિજ્ઞાસાથી જાણવા માટે કેટલાક પ્રશ્નો પૂછ્યા.[1]

સાંજના ૫ થી ૬ લાલાભાઈની પોળમાં સંન્યાસી મઠમાં પ્રવચન રાખ્યું હતું.

ત્યાંના નિજાનંદ મહારાજે સ્વાગત કરતાં જણાવ્યું કે : આજે મુનિશ્રી સંતબાલજી આપણે ત્યાં પધાર્યા છે તે આપણાં અહોભાગ્ય છે. સામાન્ય રિવાજ એવો થઈ પડ્યો છે કે એક સંપ્રદાયના સાધુ બીજા સંપ્રદાયના સાધુ સાથે બેસી શકતા નથી. આ ધર્મનું સાચું સ્વરૂપ નથી. તેમણે કહ્યું: મુનિશ્રીએ એવો પ્રદેશ હાથમાં લીધો છે કે જ્યાં સાધુ તો નહીં પણ સામાન્ય કાર્યકર્તા, પણ નહીં જતો હોય. ત્યાંના ઘઉં આપણે હોંશે હોંશે ખાઈએ છીએ. નળકાંઠાની કમોદ હોંશે હોંશે ખાઈએ છીએ પણ ત્યાંનું દુઃખ આપણે જાણતા નથી. ત્યાં પાણીનું બહુ દુઃખ છે. મોટરો વાટે લઈ જઈને ત્યાં પહોંચાડ્યું. પોતે બીજા મહાત્માઓથી જરાય ઉતરતો નહીં એવો ઉપદેશ આપે છે, સાથે સાથે એ ધર્મ વહેવારમાં કેમ લાવી શકાય તેવો પ્રયત્ન કરે છે. આઈડિયલ ટોક કરે છે. તેની સાથે આઈડિયલ નહીં પણ પુરુષાર્થ કરીને સુંદર સેવા બજાવે છે.

પૂ. મહારાજશ્રીએ કહ્યું તમારામાંથી ઘણા અપરિચિતોને મળવાનું થાય છે અને જે સ્થળે મળીએ છીએ તે પ્રેરણા આપનારું છે એથી મને આનંદ થાય છે. સ્વામીજીએ કહ્યું તેથી મારી ભૂમિકા તૈયાર થઈ. ધર્મ વગર કોઈ ટકી શકે જ નહિ. પાણી, પ્રકાશ, અનાજ વગર ટકી શકીએ પણ ધર્મ વગર એક ક્ષણ પણ ના રહી શકીએ. આપણા જીવનમાંથી ધર્મ ચાલ્યો જાય છે ત્યારે જીવતા હોવા છતાં જે આનંદ મળવો જોઈએ તે મળતો નથી. આપણા શાસ્ત્રોએ એટલા માટે કહ્યું છે કે ધર્મથી જ આબાદી થાય. આત્મ જાગૃતિથી જીવીએ. મરીએ તોપણ ઈશ્વરમય બની જઈએ. જીવીએ ત્યારે ઈશ્વરને સામે રાખીને જીવીએ પણ આપણા જીવનના ઊંડાણમાં જોઈએ છીએ ત્યારે કંઈક ગૂંચ હોય તેમ લાગે છે.

---

૧. જુઓ પાન નં. ૯૭

મને બે મુખ્ય તત્ત્વો કહેવાનું મન થાય છે. બધા ધર્મોમાં પાયાની ને છેવટની વાત એક જ છે. આટલું આપણે સમજી લઈએ તો પોષાક કે ક્રિયા જુદી હોવા છતાં આપણા કેટલાક ઝઘડા શાંત થઈ જાય. આપણે ત્યાં ત્રણ મુખ્ય ધર્મો છે : જૈન, બૌદ્ધ અને વૈદિક. કોઈ કહેશે કે ત્રણેય જુદા છે. તો હું એમ કહીશ કે હાથ જુદા, પગ જુદા, માથું જુદું તો એક અંગ નહીં થઈ શકે. જીવનની અંદર બધા ધર્મોના તત્ત્વોનો સમાવેશ થાય છે ત્યારે તેમાંથી ખુશબો નીકળે છે. ઘડીભર માની લો કે આપણે ઊંચા છીએ તો ઊંચા તો સદ્‌ગુણથી ને ? અને સદ્‌ગુણ જ્યાં હોય ત્યાં તે ઊંચો એટલે મારો ધર્મ ઊંચો કે તેનો ધર્મ ઊંચો એ બધી માન્યતાઓ છે. જેવી રીતે માણસને કંઈક દર્દ થયું હોય તેને તરત મદદ કરી અને એમાંથી જે આનંદ થયો તે જ ઊંચો ધર્મ. કુરાનમાં આયાતો જોઈ, તો તેમાં એક જ વાત કરી છે. સારા જગતનો પાલનહાર ઈશ્વર છે. બીજું બધું મિથ્યા છે, બીજું વધું મિથ્યા છે, નાશવંત હોય તો શરીર છે. અનાશવંત તો સત્ય, આત્માના ગુણો છે. ગીતામાં પણ એમ જ કહ્યું. બધા ધર્મો છોડીને હું તમારે શરણે આવું છું. હુલ્લડો, ગાયોની કતલ, હિંસા વગેરે આસુરી પ્રકૃતિમાંથી આવે છે. અલ્લાહો અકબર, એક કહે, બીજો હરહર મહાદેવ કહે અને લઢે. તાંદુલ અને ચોખા નામ જુદાં, ધર્મતત્ત્વ એક આચરનારા જુદા. ખ્રિસ્તમાં ચેરીટી, હૉપ અને ફેઈથ કહ્યું. એક ઈશ્વરને કર્તા માને એક ઈશ્વરને પર માને. મેડા ઉપર ચઢી ગયા પછી નીસરણી ઉઠાવી લેવામાં આવે તો શું વાંધો ? વૈષ્ણવો જૈન સ્થળમાં જાય અને જૈનો અહીં આવે તેમાં વાંધો ક્યાં છે ? વાંધો છે ફક્ત ક્રિયામાં, ભાલમાં પીવાનું પાણી ન મળે તો, કહીએ નાહ્યા સિવાય નહિ ચાલે તો મૂર્ખાઈ કહેવાશે. અરબસ્તાનમાં પાંચ વખત પ્રાર્થના (નીમાઝ) અને પાણી ઓછું એટલે વજુ (કોણીથી કાંડા સુધી પાણી લઈ જવું) કરવાનું કહ્યું. શબને બાળવું, દાટવું સહેતુક હતાં. જમીન ઓછી બળતણ વધુ ત્યાં બાળવાનું કહ્યું, અને જમીન પુષ્કળ અને લાકડું ઓછું એટલે દાટવાનું કહ્યું. વારસો, ધન, મિલકત જે આપણને ઈશ્વરે આપ્યું એમ કહીએ છીએ, મારા નશીબમાં હતું તે મળ્યું. ખરી રીતે ઈશ્વરે તો સદ્‌ગુણ આપ્યા માલ મિલકત તો જગતની છે, પાડોશી ભૂખ્યો છે અને આપણાથી ન ખવાય તેટલું વાપરીએ છીએ એ ઈશ્વરી કૃત્ય નથી.

બધા માણસો નિમાઝ પઢવા ગયા એક માણસ જોડા સાચવવા બેઠો. લોકો તેનો તિરસ્કાર કરવા લાગ્યા. મહમંદ સાહેબે તેને મોટો ગણ્યો. પોતાનું બાળક માંદું પડે તો આંખમાં પાણી આવે અને પાડોશનો પચીસ વરસનો જુવાન મરણ પામ્યો હોય તો આપણે કહીશું ઝટ લાડુ છે તો પતાવી દો કોઈ જાણી ન જાય. તેવે વખતે બે વચન, પ્રેરણાનાં કહેવાં જોઈએ, તેમાં ભાગ પડાવવો જોઈએ. આ જ ઈશ્વરનું સાચું પૂજન છે.

બીજી વાત શહેર અને ગામડાંની છે. ગામડાંના લોકો અહીંના બંગલા, મોટર, સાધનો, ટાપટીપ જોઈને તેવું કરવા તે લલચાય છે તો આપણે ખોટા આડંબર છોડીએ જીવન ધોરણ જેટલું ઊંચું લઈ જઈશું તેટલું દુઃખ વધશે. જરૂરિયાતોનો અંત આવી શકે તેમ નથી. એટલે મહાપુરુષોએ કહ્યું, જીવનમાં ઊંડા ઊતરો. જરૂરિયાતો ઘટાડો. જેટલી જરૂરિયાત ઘટશે તેટલું પાપ ઓછું થશે. જેટલું ત્યાગશો તેટલો આનંદ વધશે.

ગ્રીસમાં એક તત્ત્વવેત્તા થઈ ગયો. તેનું નામ સોલેન. તેની પાસે એક દુઃખી માણસ સુખ લેવા આવ્યો. તે બિચારો એમ માનતો હશે કે બજારુ કોઈ ચીજની માફક તે પણ વેચાતું હશે. સોલેનને થયું કે આને માટે જ્ઞાનની વાત નકામી છે. એટલે સીધો પ્રશ્ન કર્યો કે, કોઈ સુખી માણસનું પહેરણ લઈ આવો તો સુખી થશો. એટલે તે દોડ્યો એક શ્રીમંત પાસે. શ્રીમંતે કહ્યું : બે દિવસ મારે ત્યાં રહો, પછી માગજો. પેલાએ જોયું તો રોજ ઝઘડા. એટલે ત્યાંથી ભાગ્યો, એક યોગી પાસે ગયો, તે મસ્ત અને આનંદી હતા. પણ ડગલો નહોતો. જ્યાં ડગલો છે ત્યાં દુઃખ છે, જ્યાં સુખ છે ત્યાં ડગલો નથી. માયારૂપી ડગલો જ દુઃખનું કારણ છે. આથી જ ગામડાં ઓછી જરૂરિયાતોથી ઓછાં સાધનથી જીવે છે અને ઈશ્વર પર શ્રદ્ધા રાખીને જીવે છે. એટલે એ લોકમાં કંઈક સંસ્કાર રહ્યાં છે. માટે તમો તેમને હલકા ન ગણો, તેમને યોગ્ય બદલો આપો. પરિગ્રહ ઘટાડો તો બધા સુખી થશો. સૌનું મૂળ વતન ગામડું છે. એ આજે ખાલી થતાં જાય છે. એમના જીવનમાં આનંદ ઓસરતો જાય છે. કારણ કે સંસ્કારી માણસો શહેરમાં ચાલ્યા આવે છે. વાસ્તવિક રીતે તો અહીં સુખ હોતું જ નથી. ગંદકીનો પાર નહિ, નાની સરખી ઓરડી, અસ્વચ્છ ખોરાક-હોય છે જ્યારે ગામડાંમાં જુદી જ હવા હોય છે. હવે નાગરિકને બદલે ગ્રામીણ શબ્દને પ્રતિષ્ઠા આપો. ગામડાં

તરફ મોઢું રાખો તો, બંને સુખી થશો. નહીં તો વિશ્વયુદ્ધો અટકવાનાં નથી. દરેકને એકબીજાને લૂંટી લેવાની ભૂખ જાગી છે. સંયમનો અર્થ શો ? કંટ્રોલ, એટલે આપણે સંયમ નથી પાળી શકતા તો કોઈ પરાણે પળાવે છે.

**● તા. ૧૦-૧૨-૫૦**

૯ થી ૧૦ શાહપુર વોર્ડ સમિતિના આશ્રયે જાહેરસભા થઈ હતી. તેમાં મહારાજશ્રીએ દિવસે દિવસે કોંગ્રેસ પ્રત્યેની નિષ્ઠા ઘટતી જાય છે તેનાં કારણો શોધી કાર્યકરોએ પ્રમાણિકપણે પ્રજાનાં કામો પૂરાં થાય તે માટે કામે લાગી જવા કહ્યું હતું.

રાત્રિ પ્રવચનમાં અંકુશો વિષે બોલતાં જણાવ્યું કે અનાજ પૂરેપૂરું હોય ત્યારે વહેંચણીની જ દેખરેખ રાખવાની હોય, પણ જ્યારે તોટો હોય ત્યારે અંકુશો કઢાવવાની વાત કરવી એ જોખમ છે. પણ વહેંચણીની જવાબદારી પ્રજા પોતે ઉપાડી લે તો અંકુશો દૂર કરવાનું કહી શકાય.

**● તા. ૧૧-૧૨-૫૦ :**

પાલડીના નાકે મહાવીર જૈન વિદ્યાલયમાં વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. તેમાં મહારાજશ્રીએ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા.

બપોરના થોડો વખત પંડિત બેચરલાલને ત્યાં થોડું રોકાઈ પંડિત સુખલાલજીને ત્યાં રોકાયા હતા. ગોચરી પણ ત્યાં જ લીધી હતી. પંડિત સુખલાલજીએ ખૂબ વાતો કરી. ખાસ કરીને આજે હિન્દુ મહાસભાવાળા જે વાતાવરણ ફેલાવી રહ્યા છે, કરપાત્રીજી જેવા સનાતન ધર્મને નામે જે પ્રચાર કરી રહ્યા છે તેનાથી ચેતવા જેવું છે. એ લોકો રજપૂતોની અજ્ઞાનતાનો લાભ લે છે. વાણિયાની વેપારી નીતિનો અને બ્રાહ્મણોનો સનાતનને નામે અસ્પૃશ્યતાનો હાઉ બતાવી રાજકીય લાભ લેવા માગે છે. ચાર વર્ણને નામે એક વર્ણને જુદી રાખે છે. ઈસાઈ, મુસલમાન, હિન્દુ નથી પણ હરિજન હિન્દુ છે, તો તેની સાથે એક સરખો વર્તાવ કેમ નથી કરતા ? તેને તો જાજરૂ સાફ કરવાનું સોંપ્યું પણ રસોઈનું કામ નથી સોંપતા. જ્યાં સુધી સરખો વરતાવ ન થાય ત્યાં સુધી એનો ઉદ્ધાર થવાનો નથી. એ લોકો ગુજરાતમાં તો હિન્દુઈઝમને નામે બોલી શકે તેમ નથી એટલે જુદી રીતે વાત કરે છે. કરપાત્રજી જયપુરમાં

બોલ્યા : ગાંધીજીની છબી ઉતારી નાખો પછી બોલીશ. દક્ષિણમાં ૫૦૦ પંડિતોને બોલાવી મનુસ્મૃતિ પ્રમાણે રાજ્ય બંધારણ ઘડવું અને આજે જે લોકશાહી બંધારણ છે તેને ફેરવી નાખવા માટે ધર્મ ઘેલછાનો લાભ લે છે. શ્રીમંતોને હાથ પર લે છે. શ્રીમંતો પણ હવે બે બગલમાં બે પંડિતો કે સાધુને રાખે છે. તેમને પોષે છે અને સાધુઓ પણ એમની ખુશામત કરે છે. કારણકે તેમની જરૂરિયાતો ત્યાંથી મળે છે. પેલો પુણ્ય કર્યાનો સંતોષ લઈ લે છે. અહીં તો યોગાશ્રમમાં સ્ત્રીપુરુષ આવે છે, સારા સારા માણસો આવે છે પણ છેવટે તો સનાતન ધર્મની જ વાત કરે છે.

**● તા. ૧૨-૧૨-૫૦ :**

આજે સેસન્સ કોર્ટ અમદાવાદમાં કાળુ પટેલ ખૂન કેસમાં પૂ. સંતબાલજીની જુબાની થઈ. મહારાજશ્રીએ કહ્યું : સત્ય, પ્રેમ અને ન્યાય માથે રાખીને હું જે પૂછશો તે બોલીશ. નામ દોસી શિવલાલ નાગજી, ઉંમર ૪૭, સ્થાન ફરતા, ધંધો–ધર્મદૃષ્ટિએ સમાજ રચના. ભાલનળકાંઠા કાર્યક્ષેત્રમાં ૧૨ વર્ષથી કામ કરું છું. રવિશંકર મહારાજના સંપર્કમાં પણ આવવાનું બને છે. ઘણા માણસો દાદ (લૌકિક) મેળવવા આવે છે. આ રીતે ચતુર સંઘા અને ભીખા જેમા પણ આવેલા લગભગ પોણા બે વરસ પહેલાં પ્રથમ આવેલા. બન્નેની બાબતો જમીનને લગતી પણ જુદી હતી. પિતાના વખતમાં તેમની જમીન ધોળી મુકામે હતી. તે જમીન તેમને મળે તો સારું. ભીખા જેમાએ પણ બળદ અને ખેતી છોડી દીધેલાં. છતાં તેમને પણ પાછી મળે તે માટે માગણી હતી. કાળુ પટેલ મારફત એ મળે એવી એમની માગણી હતી. કાળુ પટેલ તે પ્રદેશના કાર્યકર્તા હતા. કાળુ પટેલને મેં આ બાબત વાત કરી હતી, અને જમીન પાછી મેળવવા બાબત પ્રયત્ન થયા હતા પણ પરિણામ ખાસ કંઈ આવ્યું નહોતું. મને આશા હતી તે દરમિયાન આ ભાઈઓ મને અવારનવાર મળતા હતા. તા. ૧૯મીએ ગૂંદી મુકામે જલ સહાયક સમિતિની મિટિંગ હતી. આ પહેલાં બેચાર માસ પહેલાં લક્ષ્મીપુરાથી ગૂંદી આવતાં વચ્ચે મળેલા. તે વખતે તેણે મને કહ્યું કે, સલામતી ધારા નીચે મને પકડવાના છે. માટે આપ કંઈ કરો. મેં ધોળી પુછાવ્યું તો એ લોકોએ ના કહ્યું કંઈ છે નહીં. ત્યાર પછી લગભગ ૧૧ આસપાસ મને કસ્ટમ બંગલે મળ્યા. તેમણે કહ્યું કે એક છોકરાને નાગો કરીને માર્યો છે, અને

તહોમતદારોના કોઈ સગાએ ધોળીમાં ગાડી બાળી છે. એ લોકોએ કહ્યું કે આપ ધોળીના પટેલીયાને બોલાવી સાચ લો.

મેં કહ્યું, જેમ તમારી વાત સાંભળી તેમ તેમની વાત સાંભળવી જોઈએ. આજે કાળુ પટેલ મિટિંગમાં આવવાના છે ત્યારે તમો રૂબરૂ આવજો.

હું લગભગ પોણા બે વાગ્યે અચલેશ્વર મહાદેવ ગયેલો, કાળુભાઈ પણ તે મિટિંગમાં આવેલા. મિટિંગ પોણાત્રણે પૂરી થયાનો ખ્યાલ છે. મિટિંગ પૂરી થયા પછી પેલા બે ભાઈઓ દેખાયેલા નહીં એટલે કાળુ પટેલને વાત કરી. મેં પૂછ્યું : ગાડી બાળી અને છોકરાને માર્યો એ સંબંધમાં શું છે ?

કાળુ પટેલે કહ્યું, આ લોકો શકદાર છે થોડોઘણો દંડ આપે તો વાંધો નહીં આવે. પછી મેં તેમને થોડું રોકાવાનું કહ્યું પણ તે ત્યાંથી ગયા. લગભગ અડધો કલાક પણ નહીં થયો હોય અને મને ખબર મળ્યા કે કાળુ પટેલને માર પડે છે, થોડા લોકો ત્યાં ગયા. કાર્યકરો ગયા પછી કંઈ ખબર ન આવ્યા એટલે હું ત્યાં ગયો. બેત્રણ ફર્લાંગ દૂર હશે. ખેતરની પાળી હતી. હું ત્યાં ગયો ત્યારે કાળુ પટેલ લોહીલુહાણ હાલતમાં હતા. બોલી શકતા નહોતા. લગભગ સૂર્યાસ્ત સુધી ત્યાં હતો.

ત્યાં ત્રણ જણાને લાવવામાં આવ્યા હતા. ચતુર સંઘાએ કહ્યું, અમે નથી કર્યું. સૂર્યાસ્ત પછી હું મારા નિવાસ સ્થાને ગયો હતો. સૂર્યાસ્ત વખતે કાળુ પટેલના દીકરા અને બીજા સંબંધીઓ આવ્યા હતા. તે દિવસે અગિયાર વાગ્યે તે લોકો (ખૂન કરનાર) મળ્યા ત્યારે ઉશ્કેરાટથી ઘાંટો કાઢીને બોલતા હતા. 'કાળુ પટેલે શું ધાર્યું છે ? ગૂંદીમાં રહેવા દેશે કે નહિ.' આ બનાવ પછી હું દુઃખ અને આઘાતથી મંથનમાં ખૂબ હતો. લગભગ દસની ટ્રેનમાં રવિશંકર મહારાજ આવ્યા હતા. મારે તેમની સાથે કાળુ પટેલ ખૂન સંબંધી વાત થયેલી ત્યાર પછી ગૂંદી ગામના આગેવાનો સાથે મળવા વિચાર્યું (વચ્ચે) હું વિચારતો હતો કે જેની સામે શક છે તેને મળવું કે ગામ આગેવાનોને મળવું ? છેવટે ગામ આગેવાનોને મળવું એમ વિચાર્યુ. કારણકે ગ્રામધર્મ મારે સમજાવવો હતો કે ગામ લોકોની ફરજ શી ? અમે ગામમાં ગયા આગેવાનોને બોલાવ્યા. મારી સાથે મહારાજ, નવલભાઈ, પંચ અને બીજા કાર્યકર હતા. મારા હૃદયમાં વ્યથા હતી મારે અરણેજ જવાનું હતું એટલે રવિશંકર મહારાજને સોંપીને ગયો.

શુકલજી, ગુનેગારના વકીલે પૂછ્યું : આપ જ્યાં કામ કરતા હતા ત્યાં જમીનદાર દરબાર ખેડૂતના ઝઘડા હતા ?

મહારાજશ્રીએ કહ્યું : કાળુ પટેલ ખેડૂત તરફે હતા. જિલ્લાના જેવી ત્યાં સ્થિતિ નહોતી. અહીં પહેલા ગમે તેમ હોય પણ મારો સંપર્ક થયા પછી લવાદીથી ઝઘડા પતાવ્યા હતા. ખેડૂત તરફે કાળુ પટેલ અને દરબારો તરફે રાજપુર દરબાર હતા. રાયકાના પગી અને ભરવાડોનો પ્રશ્ન થોડા દિવસ પહેલાં આવેલો.

આ ખૂન કેસનો આખો પ્રસંગ આગળ આવી ગયો છે. એટલે અહીં પુનરાવર્તન કરવાની જરૂર લાગતી નથી.

**● તા. ૧૩-૧૨-૫૦ :**

સવારના પંડિત લાલન મળવા આવ્યા હતા. બપોરના ૩ થી ૪ પ્રેમાભાઈ હોલમાં ગૂજરાત વિદ્યાસભામાં પ્રવચન રાખ્યું હતું. મહારાજશ્રીએ કહ્યું જીવનમાં જ્ઞાન કેટલું વણાયું છે એ જ વિદ્વતાનો સાર છે. જેના આરંભ-સમારંભો છૂટી ગયા હોય, રાગદ્વેષ ગયા હોય તે પંડિત કહેવાય એમ ગીતામાં કહ્યું છે. હું ગામડાંમાં કામ કરું છું એટલે ત્યાં અર્થકારણ એ પાયાની વાત લાગે છે. રેંટિયો, પશુ ઉછેર, ખેતી, ગ્રામોદ્યોગ ચાલવા જોઈએ. જે અર્થકારણ સાથે સમાજનો વિકાસ જોડાયેલ હોય તે જ સાચું અર્થકારણ છે.

પ્રવચન પછી પ્રશ્નોત્તરી થઈ હતી.

રાત્રે ઝાંપડાની પોળમાં (ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં) પ્રવચન થયું હતું.

**● તા. ૧૪-૧૨-૫૦ :**

સલાપસ રોડ પરના બાલ સંરક્ષણ મંડળમાં મહારાજશ્રીએ બાળકોને ઉપયોગી પ્રવચન કર્યું હતું.

બપોરના ચાર વાગ્યે કોંગ્રેસ હાઉસમાં લાલાકાકાને મળ્યા હતા અને કાર્યકરો સાથે ચર્ચા વિચારણા કરી હતી. તે પછી પાંચ વાગ્યે પ્રાર્થના સમાજમાં જાહેર પ્રવચન થયું હતું. વિષય હતો ધર્મ અને ધાર્મિકતા.

મહારાજશ્રીએ કહ્યું :

ધર્મ એક એવો શબ્દ છે કે આ કાળે લોકો જુદા જુદા પ્રકારની માન્યતા ધરાવે છે. ખરી રીતે ધર્મ એ આપણાં જીવનની ન છૂટી પડી શકે તેવી વાત છે.

એટલે ધર્મ અને ધાર્મિકતા છૂટાં પાડવાં અશક્ય છે. છતાં આજે તે શક્ય બન્યાં છે. કલેવરને જ આપણે આત્મા માનતા થયા છીએ અને એને લીધે એવી પરિસ્થિતિ થઈ છે કે કોઈ એમ કહે આ રાજ્ય કેવું ? તો કહે બીનમજહબી, ધર્મ વગરનું રાજ્ય. ખરી રીતે તો ધર્મ તો હોય જ, સાંપ્રદાયિકતા ન હોય સામાન્ય જનતા ક્રિયાકાંડને જ ધર્મ માને છે. પૂજાપાઠ, હવન કરે છે. પણ જો એ વહેવારમાં ન આવે તો તે ક્રિયાઓ જીવનમાં ઉપયોગી થતી નથી. આવાં કારણોને લીધી રશિયામાં લોહિયાળ ક્રાન્તિ થઈ. સદ્‌ભાગ્યે એવા કાળમાં આપણે ત્યાં એક વિભૂતિ આવી મળી જેણે બાહ્ય રીતે ધર્મની વ્યાસપીઠ ભલે ના ખડી કરી હોય, પણ આંતરિક ધાર્મિકતા તેણે પેદા કરી છે. ક્રિયાકાંડ એ ધર્મમાં જવાનાં સાધન છે. પણ સાધ્ય તો ગુણો પ્રાપ્ત કરવાના છે. એક માણસ સાચી ધાર્મિકતા મુસલમાન રહીને, ખ્રિસ્તી રહીને, હરિજન રહીને પાળી શકે છે. તો પછી શા માટે આ ધમાલ કરવી જોઈએ. ધાર્મિકતા પહેલી રહેવી જોઈએ ધર્મ પછી રહે. ધાર્મિકતા હશે તો જ સાચો ધર્મ પાળી શકાશે.

બપોરના કાળુપુર ભંડેરી પોળમાં મહારાજશ્રી ભિક્ષા માટે ગયા હતા ત્યાંના ભંડેરી પોળ યુવક મંડળે બેન્ડ અને બ્યુગલથી સ્વાગત કર્યું હતું. બધે જ આનંદ છવાયો હતો. ઠેર ઠેર મુનિશ્રી પધારવાના છે, એવાં બોર્ડ લગાડ્યાં હતાં. અને સંખ્યાબંધ સ્ત્રીપુરુષો દર્શન માટે એકત્ર થયાં હતાં. બેન્ડે દરેક પોળના નાકે સ્વાગત કર્યું હતું.

**તા. ૧૫-૧૨-૫૦ :**

સવારના ૧૦ થી ૧૦-૪૫ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં પ્રવચન રાખ્યું હતું. પ્રથમ પ્રિન્સિપાલે મહારાજશ્રીનો પરિચય આપ્યો અને કહ્યું કે સંસ્કૃતમાં સાધુ એટલે સજ્જન, પવિત્ર પુરુષ હોય તેને સાધુ કહેવાય.

મુનિશ્રીએ કહ્યું : શિક્ષણ અને સમાજસેવા એ બંને વચ્ચે સમન્વય સાધવાનો છે. શિક્ષક એ સ્વયં સેવક છે. બ્રિટિશ શાસન આવ્યું તેમાં માસ્તર થયો મહેતાજી એટલે મહત્તાજી. નાનો માણસ નથી મોટો માણસ છે જ્યાં જ્યાં જાય છે ત્યાં સારપ વેરે છે. એટલે સમાજ સેવાને જુદાં નહીં પાડી શકાય.

શિક્ષણ, ન્યાય અને વૈદક આ ત્રણે ધંધા ફકીરોના હાથમાં આવે. મતલબ કે એમાં ફકીરી આવે અને તો તેમાં તેજસ્વિતા આવશે. પણ આજે પ્રશ્ન છે

પગાર વધારાનો. જો કે એ જોઈશે તો ખરો જ, પણ પ્રતિષ્ઠાનો સવાલ એથી મોટો છે એ મેળવવી જોઈએ. ત્યાગ વૃત્તિમાંથી જ તે આવી શકે.

આજે સવારે ૯-૪૩ મિનિટે સરદાર વલ્લભાઈ પટેલના અવસાનના સમાચાર કૉલેજમાં જ સાંભળ્યા. એટલે તેમના આત્માની શાન્તિ માટે ત્યાંજ પ્રાર્થના કરી.

**તા. ૧૬ : ૧૭ : ૧૮**

ગિરધરનગરમાં ત્રણ દિવસ રોકાયા. અહીં મંડપ બાંધીને પ્રવચન માટે મંચ બનાવ્યો હતો. બોર્ડિંગમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ થયો તે પછી પૂ. રવિશંકર દાદા મહારાજશ્રીને મળવા આવ્યા. ખાસ તો કાળુ પટેલનું ખૂન થયેલું તે અંગે મહારાજશ્રીને મંથન અને પ્રત્યાઘાત ચાલતો હતો તેમાં સલાહ સૂચના માટે આવેલા. અજમેરાએ પૂ. રવિશંકર દાદાને બે શબ્દો કહેવા વિનંતી કરી. દાદાએ કહ્યું :

પૂ. મુનિશ્રી બહેનોને કંઈક કહેવાના છે એમની વાણી સાંભળશો ત્યારે સંતોષ થશે. હું તો એમનાં દર્શન માટે આવ્યો હતો. હું કહીશ તેટલા મુનિશ્રીના શબ્દો ઓછા સાંભળવા મળશે. તેમણે કહ્યું : 'બહેનો, તમે જે સાડીઓ પહેરો છો તે કપડા ઉપરની ભાત રક્ષણ કરે છે કે તેનું પોત રક્ષણ કરે છે ? ખરી કિંમત પોતની છે, ભાતની નહીં. ભાત આંખને ગમે છે એટલે આપણે એને ખરીદીએ છીએ, પણ રક્ષણ ભાત આપી શકતી નથી. બાપુજીએ કહેલા શબ્દો છે તે કહું : 'ટાપટીપ, મોટર, બંગલો થોડું ભણતર એ બધી ભાત છે, એ આત્માનું રક્ષણ નહીં કરી શકે. આત્માનું રક્ષણ સદાચાર સત્સંગ સદ્‌વાંચન અને આત્માનું શોધન એ પોત છે. એ વધતું હોય અને પૈસો, મોટર, બંગલો હોય તો નુકસાન કરતાં નથી, પણ પોત વેચીને ભાત પડી જશે તો પોત ભાતને ખાઈ જશે. આપણને આંખને ગમે એવા બહારના વૈભવો એટલા બધા આવે છે કે પોત ભૂલીને ભાત સામે આવે છે આપણું મોઢું ભાત તરફ જાય છે. હોંશિયાર માણસ પોતમાં ઘટ્ટપણું કુમાશ જોશે તે ભાતને બહુ નહી જુએ. આપણે શાન્તિથી જીવવું હોય તો સદાચાર તરફ, સાદાઈ તરફ, સંયમ તરફ વળવું પડશે.

તે પછી સંતબાલજીએ આજની પરિસ્થિતિમાં સ્ત્રીઓની ફરજ એ વિષય

ઉપર મનનીય પ્રવચન કર્યું હતું. રાત્રે માનવધર્મ કોને કહેવાય તે ઉપર પ્રવચન થયું હતું.

* * *

એક દિવસ સારંગપુરમાં સંગઠન દળના આશ્રયે સવારે નવથી દસ પ્રવચન રાખ્યું હતું. તે પછી બાળ કેળવણી મંડળ સંચાલિત બાલમંદિરમાં (સેવકલાલની વાડીમાં) બાળકો સમક્ષ પ્રવચન થયું હતું.

બપોરના રિટ્રીટમાં મણિલાલ જેસંગભાઈને ત્યાં ભિક્ષા લઈ સરલાદેવી સારાભાઈને ત્યાં ભિક્ષા લઈ અનસૂયાબહેનને બંગલે રોકાયા હતા. અહીં શંકરલાલ બેન્કર મળવા આવ્યા હતા. તેમની સાથે કેટલીક વાતો થઈ. બેન્કરે ડૉ. ચૌધરીના માનસશાસ્ત્રના અભ્યાસ વિષે વાત કરી રશિયા એમ માને છે કે અમારા સિવાય બીજી દુનિયા બીમાર છે એટલે અમે દવા કરીએ. અમેરિકા કહે છે. અમારા સિવાય બીજી દુનિયા બીમાર છે એટલે અમે દવા કરીએ. વસ્તુત. માણસ માણસ પોતપોતાની રીતે દરેકને ઉપયોગી થાય. એવું જીવન જીવે તો જ દરેક પ્રશ્નનો ઉકેલ આવી શકે.

૧૯૫૨માં ઈંગ્લેન્ડમાં અમેરિકા માર્શલ યોજના પ્રમાણેની સહાય આપતું હતું, પણ ઈંગ્લેન્ડની પ્રજા એમ સમજતી હતી કે દેવું કરવું એ મહા પાપ છે, એટલે આજથી તૈયારી કરવા માંડી છે. પ્રદર્શનો ભરે છે અને સારામાં સારી બનાવટની વસ્તુઓ તેમાં મૂકે છે એ વસ્તુઓ પોતે નથી વાપરતા, પણ બીજા દેશમાં નિકાશ કરે છે. કોઈપણ હિસાબે દેવું કાઢી નાખવું અને એ રીતે માર્શલ યોજના ના સ્વીકારી ત્યાંની પ્રજા જાતે જ નક્કી કરીને કંટ્રોલ માંગે છે. આપણે ત્યાં ઉપરથી નક્કી થાય છે એટલે પ્રજા વફાદાર નથી. ત્યાંના લોકો વેપારી માલ મોંઘો કરે તો મેડમો એકત્રિત થઈ નક્કી કરે આ વસ્તુ નથી લેવી. પછી થાકીને ઘટાડો કરે ત્યારે લે. આ રીતે ભાવો સ્થિર કરવા જોઈએ.

બપોરે ૩ થી ૪ ગિરધરનગરમાં વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. રાત્રે સરદારના મૃત્યુ નિમિત્તે શોકસભા રાખવામાં આવી હતી તેમાં મહારાજશ્રીએ સરદાર વિશેનાં સંસ્મરણો વર્ણવી એ મહામાનવને શ્રદ્ધાંજલિ અર્પી હતી. સભાને અંતે શોક દર્શાવતો ઠરાવ કરી તેમના સંબંધીઓને મોકલી આપ્યો હતો. રાત્રે માનવધર્મ ઉપર પ્રવચન ચાલુ રાખ્યું હતું. સાંજના સ્કૂલ બોર્ડના પ્રમુખ ત્રિકમભાઈ

પટેલ મળવા આવ્યા હતા. તેમની સાથે શિક્ષણ અંગે સારી વાતો થઈ હતી.

**તા. ૧૯-૧૨-૫૦ :**

ગિરધરનગરથી નીકળી ધર્મનગર આવ્યા. અહીંની જનતાના આગ્રહથી મહારાજશ્રીએ ટૂંકું પ્રવચન કર્યું હતું. ત્યાંથી રામનગર આવ્યા. લોકોએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

બપોરના ૩ થી ૩-૪૫ ઉપાશ્રયમાં બહેનોની સભા રાખી હતી. તે પછી ૪ થી ૫ બાળકોની સભા થઈ હતી. રાત્રે જાહેર સભાનું આયોજન કર્યું હતું. તા. ૨૦મીએ રાત્રે જવાહર કલબ તરફથી પ્રવચન ગોઠવ્યું હતું.

**તા. ૨૧/૨૨-૧૨-૫૦ : હરિજન આશ્રમ, સાબરમતી**

રામનગરથી નીકળી હરિજન આશ્રમમાં આવ્યા. ઉતારો હૃદયકુંજમાં રાખ્યો હતો. જ્યાં ગાંધીજીએ વરસો સુધી નિવાસ કર્યો હતો. એ આ સ્થાન હતું. અહીં ગાંધીજીનાં બધાં પુસ્તકોનું સંગ્રહાલય છે. તેમજ તેમણે વાપરેલી વસ્તુઓનું સંગ્રહસ્થાન પણ છે. અહીં હરિજન વિદ્યાલય છે. આશ્રમવાસીઓ તથા વિદ્યાર્થીઓએ સામે આવી સ્વાગત કર્યું હતું.

વિદ્યાલયની બહેનોએ મહારાજશ્રીને કહ્યું કે તમો બધાંને જોઈને ખૂબ આનંદ થાય છે, શિક્ષણમાં તમે પ્રાર્થનાને મુખ્ય સ્થાન આપ્યું છે તે ખૂબ ઉત્તમ છે. તમને કહું તેના કરતાં તમારી પાસેથી સાંભળું એમ લાગે છે. આ કંઈ શિષ્ટાચાર ખાતર નહિ પણ એથી પરસ્પરનાં ચૈતન્યો ઝળકે છે આજે તમે નાનાં છો, પણ ભવિષ્યમાં તમારે મોટાં કામ કરવાનાં છે. અહીં આવતાં મને પોતાપણું લાગે છે. તમે બધાં સ્વજન છો એમ લાગ્યા કરે છે. એ શા કારણે થાય છે તે હું નથી સમજી શકતો. તમને આશ્રમમાં જે વાતાવરણ મળ્યું છે તે બાપુજીનો પ્રતાપ છે. છેલ્લે છેલ્લે બાપુજી અહીં, ના આવી શક્યા પણ તેમણે વેરેલી છૂટી છૂટી ઘણી ચીજો પડી છે. તેમાંથી પણ મળે છે. આજે દુનિયામાં કટોકટીનો કાળ આવી રહ્યો છે. એક બાજુ રેંટિયાનું કામ કરી રહ્યા છીએ તો બીજી બાજુ યંત્રો અને સત્તામાં માનનારો વર્ગ છે. ધર્મને બદલે ધનને મહત્ત્વ આપનારો વર્ગ છે. રામધૂન લગાવીએ છીએ ત્યારે રામના જીવનમાં ઊંડા ઊતરી જઈએ છીએ. તેમણે કરેલો ત્યાગ, વૈભવ વિલાસ, ગ્રામ સંસ્કૃતિ એ બધું તેમાંથી

જોઈ શકીએ છીએ. તમારી પાસે જ અમદાવાદ છે એટલે તમોને સારો નરસો ચેપ પણ લાગતો હશે !

દત્તુભાઈએ પોતાની વાતમાં કહ્યું કે, પ્રાર્થના અમારી પાયાની તાલીમ છે એ વાત સાચી છે. પ્રાર્થનાથી જ આપણું હૃદય ચોખ્ખું થાય છે. કોઈ નિર્વિકલ્પ તરફ આપણું મન જાય છે. ગગનના તારા, વૃક્ષનું વધવું, મોરનું ઈંડું નાનું હોય તેમાંથી રંગ-બેરંગી મોર થઈ જાય છે, તમો આજે નાનાં છો, મોટાં થઈ જશો. આ જે કંઈ થાય છે તેનો સંચાલક ઈશ્વર છે. તેને આપણે યાદ કરીએ છીએ. તે પતિતમાં છે, પાવનમાં છે, બહેરાં, બોબડાં, દરીદ્રીમાં છે, તે સૌમાં છે. એ ઈશ્વરને યાદ કરીએ ત્યારે એ પણ યાદ કરીએ છીએ કે જે તરછોડાયેલાં છે તેની ઉપર વધુ દયા વરસાવે છે. તમે જે કોમનાં છો તે કોમનો હું ગામડાંમાં અભ્યાસ કરું છું ત્યારે દુઃખ સિવાય કંઈ થતું નથી. તમે સદ્‌ભાગી છો. પ્રતાપભાઈ અને દત્તુભાઈ જેવા આચાર્યો મળ્યા છે, આપણે એવી ભાવના ભાવીએ કે તેના દરબારમાં દરેક માનવ સરખો છે. તેના ખોળામાં પછાત પહેલાં છે. કારણકે તે ભોળાં છે કચડાયેલાં છે એટલે આજે પાયો પછાત વર્ગ છે. તેની મજબૂતાઈ સિવાય મકાન ટકવાનું નથી. એટલે આપણે માનવ સેવાને મહત્ત્વની ગણીશું ત્યાગને અપનાવશું. પૈસો કંઈ મહત્ત્વનો નથી. મકાન મહત્ત્વનું નથી, ભૌતિક આબાદી મહત્ત્વની નથી. પણ પ્રાણીની ચેતના મહત્ત્વની વસ્તુ છે.

તમારાં ભાંડુઓને તમે મળશો ત્યારે ,તમો કેટલાય આગળ વધી ગયા હશો. તેમને મેલા ગંદા ખાડાનાં પાણી પીવાં પડે છે. ભણતરનું નામ નિશાન નથી. આભડછેટ ગઈ નથી. આવી સ્થિતિ ગુજરાતમાં ક્યાંય દેખાતી નથી આશા ભલે રાખીએ. તમો જેટલાં તેજસ્વી બનશો અને તમારાં ભાંડુઓને ઉપયોગી થશો તો દેશનું નહિ પણ દુનિયાનું ભલું કરી શકશો. ઠક્કરબાપાએ પછાત વર્ગને માટે ભેખ લીધો છે. બાપુએ તેમને સાથ આપ્યો છે. પણ હવે તે છેલ્લો શ્વાસ લઈ રહ્યા છે. બાપુ ગયા, સરદાર ગયા. હવે રેંટિયો જે ગ્રામ સંસ્કૃતિનું પ્રતીક છે તે કેટલું ટકશે, પછાત વર્ગને કેટલું અનુમોદન મળશે, પાયાની કેળવણી કેવી ચાલશે. આવા આવા ઘણા પ્રશ્નો આપણી પાસે છે. આપણે ત્યાગ ને પસંદ કરીશું કે વૈભવને કે વિલાસને, નીતિને કે ધનને મહત્ત્વ આપીશું. આપણે આ મોરચા સામે લડવાનું છે. તમારે ક્યાં જવાનું

છે એ તમારે નક્કી કરવાનું છે. તમે શિક્ષણ લઈને જાવ ત્યારે આ બધું યાદ રાખજો.

* * *

બીજે દિવસે વિદ્યાલયની પ્રાર્થનામાં હાજરી આપી હતી. અહીંની પ્રાર્થના અને શિસ્ત ખૂબ જ પ્રશંસનીય લાગ્યાં. ઘંટ વાગ્યો એટલે બધી બાળાઓ શિસ્તબદ્ધ ગોઠવાઈ ગઈ. પછી દરવાજા બંધ. બેત્રણ બાળાઓ સહેજ મોડી આવી તો બહાર જ ઊભી રહી. મોડા પડવાની શિક્ષા એટલી કે પ્રાર્થનામાં ભાગ લેવાનું બંધ. ખૂબ જ એકાગ્રતા અને મધુર કંઠથી શિસ્તબદ્ધ રીતે થતી પ્રાર્થના જીવનભર યાદ રહી જાય તેવું વાતાવરણ સર્જાતું હતું.

* * *

એક દિવસ બપોરના ૩ થી ૪ ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવચન અને પ્રશ્નોત્તરીનો સુંદર કાર્યક્રમ થયો હતો.

રાત્રે બેરિસ્ટર પોપટલાલ ચૂડગર મળવા આવ્યા હતા. કાયદા વિષે કેટલીક વાતો થઈ. તેમણે કહ્યું ૩૫ વરસથી વકીલાત કરું છું. પણ ન્યાય હોતો નથી આખી ન્યાય પ્રણાલી ફેરવવી જોઈએ એમ કહ્યું.

ત્યારબાદ રામજીભાઈ હરિજન મળવા આવ્યા હતા. તેમનો પ્રશ્ન આશ્રમમાં હરિજનોને કાયમ રહેવા દેવા જોઈએ એ અંગે હતો.

* * *

**તા. ૨૩-૧૨-૫૦ :**

હરિજન આશ્રમથી નીકળી લૉ-કૉલેજ પાસે સિદ્ધેશ્વર મહાદેવ આવ્યા. છોટુભાઈ પુરાણી વ્યાખ્યાનમાળા પ્રસંગે મહારાજશ્રીનું પ્રવચન રાખ્યું હતું. રાત્રિસભા ગાંધીનગર (હરિજન નિર્વાસિતનગર)માં રાખી હતી. પ્રથમ તેમના આગેવાનોએ મહારાજશ્રીનું સ્વાગત કર્યું. અહીં મહારાજશ્રીએ જણાવ્યું કે એક રીતે આપણા આ મિલનને ખૂબ આનંદથી જોઉં છું. જ્યારે હું શાન્તિનગર આવ્યો ત્યારે અહીં આવવાની કલ્પના પણ નહોતી. ખરી રીતે તમે મને આમંત્રણ આપો તેના કરતાં મારે જાતે જ આવવું જોઈએ. તમે હરિજન સ્ત્રીપુરુષો, સિંધી, સૌરાષ્ટ્ર-રાધનપુર વગેરેના વતની જોઈને આનંદ થાય છે. તમારા પ્રતિનિધિએ અમોને મહેમાન કહ્યા, ખરી રીતે મહેમાન તમે છો. ઊંચનીચની

કલ્પના તો રહેવાની. પણ જેના ગુણ ઊંચા તે ઊંચો, ગુણ નીચા તે નીચો કહેવાશે. આમાં ઉચ્ચની અભિમાનવૃત્તિ કેળવવાની નથી જેટલો જે ઊંચો તેટલો તે નમ્ર બને. પ્રાચીન કાળથી જે ખ્યાલો ચાલ્યા આવતા હતા તેમાં વચલો ગાળો કે ધંધાથી કોમો તરીકે વહેંચાઈ ગયા. એમાંથી બાપુજીએ જે નામ આપ્યું તે હરિજન પેદા થયા. એ પહેલાં આપણા નરસિંહ મહેતાએ એ નામ આપેલું.

તમો તમારી સહકારી મંડળી બનાવો, સહકાર ઉપર વધુ ધ્યાન આપશો. સંપીને રહો અને બાળકોને શિક્ષણ આપો. તો સુખી થવાશે ને પછી કેટલાક પ્રશ્નોની ચર્ચા થઈ. એમાંના કેટલાક પ્રશ્નો યોગ્ય જગ્યાએ પહોંચાડ્યા.

**તા. ૨૫-૧૨-૫૦ :**

શાન્તિનગરથી નીકળી નવરંગપુરા આવ્યા. નિવાસ ચીમનભાઈ મોદીને ત્યાં રાખ્યો હતો. અહીં જલ સહાયક સમિતિ અને પ્રાયોગિક સંઘની મિટિંગો રાખી હતી. કુરેશીભાઈ, પરીક્ષિતભાઈ, રવિશંકર મહારાજ, અંબુભાઈ, ફુલજીભાઈ, છોટુભાઈ, કાશીબહેન વગેરે આવ્યાં હતાં. પાટણથી વિજયકુમાર વકીલ અને કિલ્લોલ બાલમંદિરવાળા પૂનમચંદભાઈ પણ આવ્યા હતા. રાત્રે રવિશંકર મહારાજનું પ્રવચન રાખ્યું હતું. મોદી કુટુંબે સૌ મહેમાનોની ખૂબ જ આગતાસ્વાગતા કરી હતી.

**તા. ૨૬-૧૨-૫૦ થી ૨૭-૧૨-૫૦ :**

નવરંગપુરાથી સાંજના નીકળી વિદ્યાવિહાર આવ્યા. ઉતારો માણેકબાના બંગલે રાખ્યો હતો. અહીં સી.એન. વિદ્યાલયનું સુંદર કેળવણી ક્ષેત્ર છે. છાત્રાલય, ભોજનશાળા, અને એની પોતાની ખેતી છે. છગનભાઈ દેસાઈ જેવા સ્નાતક ગૃહપતિ છે. અને ઝીણાભાઈ, સ્નેહરશ્મિ જેવા સાહિત્યકાર આચાર્યપદે છે. શહેરથી દૂર હોવાને કારણે વાતાવરણ સારું છે. રાત્રે છાત્રાલય અને ટ્રેનીંગ કોલેજના શિક્ષકો સમક્ષ પ્રાર્થના, પ્રવચન અને પ્રશ્નોત્તરી થઈ હતી.

**તા. ૨૭-૧૨-૫૦ :**

બપોરે વિદ્યાલયની જાહેર પ્રાર્થના બાદ મહારાજશ્રીનું સુંદર પ્રવચન થયું હતું. તે પછી પંડિત લાલન સાથે થોડી ધાર્મિક વાતો થઈ હતી. તે પછી વિદ્યાલયનાં સ્થાપક માણેકબા સાથે અને તેમનાં દીકરી ઈન્દુમતી શેઠ સાથે

ગામડાંના શિક્ષણ અંગે અને આજની પરિસ્થિતિમાં શિક્ષણ કેવું આપવું, ક્યાં આપવું એ વિષે ઠીક ઠીક વાતો થઈ હતી.

**તા. ૨૭-૧૨-૫૦ :**

વિદ્યાવિહારથી નીકળી ટોળકનગર પડિયાજીના બંગલે આવ્યા. રાત્રે પ્રાર્થના પ્રવચન થયાં. સવારે સેશન્સ જજ શ્રી શેઠને મહારાજશ્રી મળ્યા હતા. જેમણે ગૂંદીનો કાળુ પટેલ ખૂન કેસ ચલાવ્યો હતો. તેઓ નમ્ર અને ખાદીધારી છે. તેમની સાથે વાતો થઈ. ન્યાય કોર્ટો સત્યના આધારે નહીં પણ કાયદાના આધારે ન્યાય આપે છે. એટલે શુદ્ધ ન્યાયમાં ખામી રહી જાય છે. મહારાજશ્રીનો આ કાળુ પટેલ ખૂન કેસનો દુઃખદ અનુભવ થયો હતો. રવિશંકર મહારાજ અને સંતબાલજી જેવા સત્યનિષ્ઠ સાક્ષી હોવા છતાં કોર્ટે કાયદા આગળ લાચાર બને તે શોચનીય છે.

**તા. ૨૮-૧૨-૫૦ :**

વહેલી સવારે શારદામંદિરમાં વાલીઓ અને બાળકોને ઉદ્દેશીને પ્રવચન કર્યું હતું. તે પહેલાં પ્રાર્થનામાં નાનાં ભૂલકાં આંખો મીંચીને બેઠાં હતાં. વાજિંત્રોના સૂરો પ્રમાણે મૌન પ્રાર્થના ચાલતી હતી. તે પછી ધૂન થઈ. સુંદર વાતાવરણ લાગતું હતું.

બપોરના મ્યુનિસિપલ ગુજરાતી શાળામાં પ્રાર્થના પછી મહારાજશ્રીએ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કર્યું હતું.

**તા. ૨૯-૧૨-૫૦ થી ૩૦-૧૨-૫૦ :**

પડિયાજીના બંગલેથી નીકળી ભૂદરપુરા આવ્યા. ઉતારો રૂપસિંહજી ઠાકોરના મકાનમાં રાખ્યો હતો. અહીંના બે દિવસ મૌન અને ઉપવાસના હતા કારણ કાળુ પટેલ ખૂન કેસનો જે રીતે ચૂકાદો આવ્યો હતો તે નિમિત્તે આ તપશ્ચર્યા હતી.

**તા. ૩૧-૧૨-૫૦ :**

બપોરના પંડિત બેચરદાસ દોષીને ત્યાં રોકાયા હતા. ગોચરી પણ તે બાજુથી ત્યાંજ લીધી હતી.પાંચ વાગ્યે ગાંધીહાટવાળા જયંતીલાલ શાહ, કુરેશીભાઈ અને અંબુભાઈ ખેડુત મંડળ અંગે કેટલીક ચર્ચા કરવા આવ્યા હતા.

# અમદાવાદની યાદગાર મુલાકાત

કાળુ પટેલ ખૂન કેસમાં જુબાની આપવા માટે મહારાજશ્રીને અમદાવાદ આવવાનું થયું હતું. એનો લાભ લઈને કેટલીયે સંસ્થાઓ અને પોળોએ તેઓશ્રીનાં પ્રવચન-વાર્તાલાપ યોજ્યાં હતાં. જોકે આ વખતે તેઓશ્રીને બહુ પ્રવચન કરવાનું મન નહોતું થતું. પણ લોકોની લાગણીને વશ થઈ તેમ કરવું પડ્યું.

લગભગ બધા જ પ્રશ્નોમાં મુખ્ય પ્રશ્ન બે હતા. એક કંટ્રોલનો અને બીજો મધ્યમ વર્ગનો. કંટ્રોલ વિષે પોતાના વિચારો જણાવતાં તેઓશ્રીએ કહ્યું હતું કે કંટ્રોલથી પ્રજા ત્રાસી ગઈ છે. પ્રજામાં એને લીધે અપ્રમાણિકતા વ્યાપી ગઈ છે. અને કંટ્રોલથી જ વસ્તુની તંગી નહિ હોવાં છતાં તંગી દેખાય છે. આ વાત સાચી હોવા છતાં તેની બીજી બાજુ પણ આપણે વિચારવી જોઈએ. કંટ્રોલ એટલે સંયમ, જો પ્રજા સંયમી બને, વધુ કેમ મેળવવું તેને બદલે બીજાને વધુ કેમ આપવું એવી ભાવના જન્માવે; અને કંટ્રોલ નીકળી ગયા પછી સરખી વહેંચણી કરવાની જવાબદારી સ્વીકારે તો કંટ્રોલને આપોઆપ નીકળી જવું પડે. આજે મોટા ભાગે કંટ્રોલને કાઢી નાખવાની વાત વધુ મેળવવા માટેની હોય છે. હા, એટલું ખરું કે કંટ્રોલ પ્રજાએ જાતે માગેલા હોવા જોઈએ. નહિ કે ઉપરથી લદાએલા. પણ જો આપણી જરૂરિયાતો વધતી જ જશે તો કંટ્રોલ બીજા સ્વરૂપે આવશે. સરકાર નહિ લાવે તો છેવટે કુદરત લાવશે.

અમદાવાદના રોકાણ દરમિયાન એક વખત શ્રી અનસૂયાબહેનના બંગલે મહારાજશ્રી ગયા હતા. ત્યાં શંકરલાલ બેંકરે એક વાત એ કરી કે ઇંગ્લેન્ડમાં મોટાં મોટાં પ્રદર્શનો ભરાય છે ત્યારે તેમાં સારામાં સારા મેકરની વસ્તુઓ મુકાય છે. અને એ રીતે પોતાના માલની માંગ પરદેશમાં ઊભી કરવામાં આવે છે.

આ રીતે ૧૯૫૨માં અમેરિકાની માર્શલ યોજના પ્રમાણે તેને મદદ મળવાની હતી તે નકારી કાઢી. પ્રજાએ નક્કી કર્યું કે દેવું એ દેશને માથે મોટામાં મોટું કલંક છે. તેમણે બીજી વાત એ કરી કે ત્યાંના સ્ત્રીમંડળો વખતોવખત મળે છે અને બજારમાં એ ચીજની ખરીદી બંધ કરે છે. પરિણામે થોડા જ દિવસોમાં એનો ભાવ ઠેકાણે આવી જાય છે. આવી શિસ્ત એ લોકોની છે. આપણી શિસ્ત જુદા પ્રકારની છે. વસ્તુ ખૂટે, ભાવ વધે ત્યારે ડબલ માંગ ઊભી કરવી. આથી કંટ્રોલ કોઈ દિવસ જઈ શકે નહિ. આપણે હવે એ આંદોલન ઊભું કરવાનું છે કે વહેંચણીની જવાબદારી પ્રજાકીય મંડળો લેવાની તૈયારી બતાવે. જો આમ નહિ કરીએ અને કંટ્રોલ નીકળી જશે તો આપણે ને આપણે ફરી કંટ્રોલની માગણી કરીશું. અને સરકારને ગાળો પણ ભાંડીશું.

ઢાળની પોળમાં શહીદ રસિક દિન અંગેની સભામાં બોલતાં તેઓશ્રીએ જણાવ્યું કે માણસ માત્ર ખોરાક ખાઈને જ જીવતો નથી પણ તેને બીજું પણ કંઈક જોઈતું હોય છે. રસિકભાઈ જ્યારે ગોળી ઝીલવા સામી છાતીએ તૈયાર થયા હશે ત્યારે તેમનો અભ્યાસ, હિંમત અને કેટલીક માનસિક તૈયારીઓ હશે ત્યારે એ સ્થિતિ આવી હશે. જ્યારે ચારે બાજુ દમન ચાલી રહ્યું હતું ત્યારે આવા યુવાનોએ પડકાર કર્યો કે અમે એ નહિ ચલાવી લઈએ અને તે પણ અહિંસક રીતે. આવી રાષ્ટ્ર પરત્વેની તમન્નાએ જ રસિકભાઈ શહીદ બન્યા. શહીદ એટલે બલિદાન. એમના બલિદાનના સ્મારકમાંથી આપણે એ તમન્ના જીવતી રાખવાની છે કે હવે મરીને બલિદાન આપવાનું નથી પણ જીવંત બલિદાન આપવાનું છે. તે એ રીતે કે દેશને માટે ફકીરી ધારણ કરીને ગામડાંની રચનાત્મક પ્રવૃત્તિમાં દટાઈ જઈને. આવી ફકીરી જ આવતા હિંસક પૂરને રોકનાર એક સાધન બની રહેશે.

એક દિવસ બાલ સંરક્ષણ મંડળની મુલાકાત લીધી હતી. તેમાં ગુનાહિત અને રખડુ બાળકોને સરકાર તરફથી મોકલવામાં આવે છે. ત્યાં મહારાજશ્રીએ જણાવ્યું કે, એક રીતે આ બાળકોને મળતાં મને આનંદ થાય છે પણ બીજી બાજુ સમાજનું ચિત્ર જોઈને દુઃખ પણ થાય છે. આ છોકરાંને ગુના કરવાનું કેમ મન થતું હશે ? તેનો સમાજે કોઈ દિવસ વિચાર કર્યો હશે ખરો ? આ નાના દેખાતા ગુનેગારો ભવિષ્યમાં મોટા ગુનેગાર થવાના અને ત્યારે કેટલી બધી શક્તિ આપણી વેડફાવાની ! એટલે જ્યાં સુધી આના મૂળ સુધી જઈને તેનો ઉકેલ નહિ કરીએ ત્યાં સુધી થીગડાં બહુ કામ આવવાનાં નથી.

* * *

એક દિવસ એક અમેરિકનબહેન કુમારી એલિઝાબેથ મહારાજશ્રીને મળવા આવ્યાં હતાં. તેમની સાથે થયેલી વાતચીત ઉપરથી અમેરિકન પ્રજાની જિજ્ઞાસાનો કંઈક ખ્યાલ આવશે.

**મહારાજશ્રીએ પૂછ્યું :** ''ભારતમાં આવીને આપે અમંગલ શું જોયું ?''

બહુ નમ્રતાથી તેમણે જવાબ આપ્યો : 'માઠું ન લગાડશો પણ મને અસ્વચ્છતા બહુ દેખાઈ છે. બીજું અહીંનું જીવનધોરણ બહુ નીચું લાગ્યું છે.'

**મહારાજશ્રી :** ત્યારે મંગલ શું જોયું ?

**એલિઝાબેથ :** અતિથિ સત્કાર અને પ્રેમ બહુ જણાયો.

**મહારાજશ્રી :** આપ જીવનધોરણને ક્યા માપથી નીચું કહો છો ? એલિઝાબેથે હસતાં હસતાં જવાબ આપ્યો : 'બહુ અઘરો પ્રશ્ન છે. હું વિદ્યાર્થિની છું. એટલે કોઈ બાહોશ વ્યક્તિ જ તેનો જવાબ આપી શકે પણ આપ જ કહો ભારત કઈ રીતે વિચારે છે ?

**મહારાજશ્રી :** ફકીરી, ઉચ્ચ જીવન અને દિવ્ય વિચારો; એ અહીંનું ઉચ્ચ જીવન છે. તમારે ત્યાં આર્થિક દૃષ્ટિથી ઊંચ નીચ જીવનની આંકણી થાય છે. એવું ધોરણ લાવવાનું અહીં શક્ય નથી. ખરી રીતે તો મનુષ્યે જીવનના આંતરિક વિકાસ તરફ જવું જોઈએ. નહિ કે બાહ્ય આડંબર તરફ.

**સવાલ :** કયાં સાધનોથી તેમ કરી શકાય ? પરોપકાર, સ્વાર્થત્યાગ અને સંયમથી એ રસ્તે જઈ શકાય.

**જવાબ :** માત્ર પૈસાથી દાન આપવું તે પરોપકાર નહિ, પણ બીજાની પાસે જઈને જાતથી સેવા કરવી તે. બીજી રીતે બધી મિલકત વિશ્વની છે એમ માનવું. જેમ કે, ખ્રિસ્તી ધર્મમાં કહ્યું છે કે ડગલો માગે તો ડગલો તો આપ પણ પહેરણ પણ આપી દે. આ પરોપકારની ઉત્કટ દશા છે.

**સવાલ :** એને પામવા માટે કાર્યક્રમ કેવી રીતે ગોઠવવો ?

**જવાબ :** શ્રમ, દરકે કામ જાતે કરવાં. સ્વચ્છતા રાખવી અને પછી બીજાને માટે જીવન જીવવાની કળા શોધી લેવી. આ ત્રિવેણીથી વિશ્વયુદ્ધ અટકી શકે.

**સવાલ :** જગત બધું જાણે છે છતાં અમલમાં નથી મૂકતું તો તેને શીખવવા માટે સાધન કયું ?

**જવાબ :** લડવાનું આવે ત્યારે હિંસક શસ્ત્રો બંધ કરીને ઉપવાસ, મૌન, તપ વગેરે દ્વારા સામા પક્ષ ઉપર અસર ઉપજાવી શકાય.

**સવાલ :** પ્રાણીહિંસામાં બીજા ધર્મો કરતાં જૈનધર્મમાં કઈ વિશેષતા છે ?

**જવાબ :** જૈનધર્મ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસામાં માને છે. વનસ્પતિ સુદ્ધાંને તે દૂભવતો નથી તેમ છતાં મોટાં યુદ્ધો પણ કરી શકે છે. જૈન ફિલસૂફી વસ્તુ કરતાં વસ્તુત્વ તરફ વધુ જુએ છે. તેણે આત્મતત્ત્વ ઉપર વધુ ધ્યાન આપ્યું છે. આચારામાં અહિંસા અને વિચારમાં ન એકાન્તતા (સ્યાદ્વાદ)એ એના મુખ્ય સિદ્ધાંત છે. અહિંસાનો અર્થ કોઈને ન મારવું એટલો જ નહી પણ બીજાને કેમ જિવાડવું તેની ફરજ પણ ઊભી કરી છે. કોઈનું શોષણ ન કરવું અને વધુ ન સંઘરવું એ પણ અહિંસાનો જ પ્રકાર છે.

## શિક્ષણનો આત્મા

*(અમદાવાદના નિવાસ દરમિયાન એક દિવસ બેઝિક એજ્યુકેશન કોલેજમાં પણ કાર્યક્રમ હતો. તેમાં મહારાજશ્રીએ તાલીમ લેતાં શિક્ષક શિક્ષિકા અને અધિકારીઓ સમક્ષ મૂળ પાયાની વાતો કરી. જે આજે હાઈસ્કૂલો અને કોલેજોના પાંગરતા ફાલ આગળ એ સૂચનો જનતાને ખૂબ ઉપયોગી વાતો કહી જાય છે.)*

પહેલી વાત એ કહી કે બેઝિક ઍજ્યુકેશન એ શબ્દ જ એવો છે કે આપણને પાશ્ચિમાત્ય યાને શહેરી સંસ્કૃતિની ભાવના ખડી કરે. બેઝિક ઍજ્યુકેશન કૉલેજનો ગુજરાતી અર્થ પાયાની કેળવણીની મહાશાળા થાય છે. બાપુએ એને વર્ધા શિક્ષણ અથવા નયી તાલીમ નામ આપ્યું છે. નયી તાલીમમાં નયી એ શબ્દ નવો લાગે છે પણ જીવન સાથે વણાયેલી એ જૂની તાલીમ છે. જીવનની કેળવણીને બીજા શબ્દોમાં 'જીવન દ્વારા કેળવણી' કહીએ તો ચાલે. મહાત્માજીએ કહ્યું છે કે બાળપણથી જીવનના અંત સુધી ચાલે તેને હું પાયાની કેળવણી કહું છું. તેનો સંબંધ પ્રક્રિયા સાથે નહિ પણ જીવનના મૂળ સાથે છે.

નયી તાલીમનો પાયો સ્વાવલંબનથી શરૂ થાય છે. એટલે પ્રથમ તમારે એ વિચાર કરવાનો છે કે તમો જે શિખવનારાં છો એ સ્વાલંબી છો ? ન હો તો થવાનો વિચાર કરો છો ? અને કરતાં હો તો તમારું મુખ પગાર કેટલો મળશે તે તરફ ન હોવું જોઈએ. જેણે ચારિત્ર્યનું શિક્ષણ લીધું છે, જેના ચારિત્ર્યે બીજાને શીખવવાનું છે તેને મારી રોટીનું શું ? એ પ્રશ્ન જ ન આવવો જોઈએ. એનું કામ જ એની રોટી ખેંચી લાવશે. આવી ભાવનાવાળા માણસો જ પાયાની કેળવણીનું કામ કરી શકશે. એમ નહિ બને અને માત્ર તમો ગામડાંની નિશાળનું ઇન્સ્પેક્શન કરવા જશો એટલે લોકો તમારું જ ઇન્સ્પેક્શન કરી લેશે. મતલબ કે તમારી કોઈ અસર રહેશે નહિ. જેનો આજે આપણને પ્રત્યક્ષ અનુભવ થઈ રહ્યો છે.

આપણે આર્યોના સંતાન છીએ. તેમણે જે સંસ્કૃતિ ફેલાવી અને પ્રચાર થયો તેમાં મૂળભૂત સિદ્ધાંતો કયા હતા તે વિચારીશું તો જ આ પ્રયોગ સફળ થશે. નહિ તો શિક્ષણ પ્રક્રિયા રૂપે રહેશે. અને બીજી ક્રિયાઓમાં જેમ જડતા આવી ગઈ છે તેમ આમાં પણ આવી જશે. વળી તમારી શાળા એક મોટા શહેરમાં ચાલે છે એ આ કામને બહુ અનુકૂળ નહિ બની શકે. પણ સરકારની સ્થિતિ અને બીજાં કારણોને લઈને એમ કરવું પડ્યું હશે એમ માનું છું. શહેરમાં હોવાથી એનો આર્થિક બોજો વધે એ બનવા જોગ છે. અને જેટલો એનો આર્થિક બોજો વધે તેટલું બીજાનું શોષણ કરવું જ પડે. બીજી પણ એક વાત છે તે એ કે તમારી એક બાજુ રાક્ષસી યંત્રો અને મિલો ચાલે, અને બીજી બાજુ તમારો આ રેંટિયો અને સાળ ચાલે ત્યારે કેટલાકને હસવું પણ આવે. એક વખતે ગાંધીજી શ્રી અંબાલાલ સારાભાઈની ઇચ્છાને માન આપી કેલીકો મિલ જોવા ગયેલા. શેઠે ઉત્તમ સાંચા વગેરે બતાવ્યા. પછી મજૂરકલ્યાણ પ્રવૃત્તિઓ બતાવી. ઘોડિયા ખાતું, આરોગ્ય ખાતુ, વિશ્રાંતિસ્થાન વગેરે બતાવ્યું. પછી અભિપ્રાય માગ્યો. ત્યારે ગાંધીજીએ પોતાના હાથમાંની તકલી ઊંચી કરી બતાવી

અને કહ્યું : 'તારી મિલ આ તકલીને નહિ પહોંચે.' આટલી શ્રદ્ધા આપણને છે ? આજે તો પાયાના કાર્યકરોના મનમાં પણ એક અંદેશો રહે છે કે રેંટિયો અને સાળ ટકશે કે કેમ ? યંત્રનો જમાનો એટલો બધો આગળ વધ્યો છે કે ગ્રામોદ્યોગ ટકશે કે કેમ એ સવાલ છે. આને માટે પ્રવચનો કે વ્યાખ્યાનો કે થોડા પ્રયોગો જોવા તે પૂરતું નથી. પણ સાથે સાથે આપણા જીવનમાં પડેલા સંસ્કારો અને ઋષિમુનિઓએ આપેલા વિચારોને મક્કમ રીતે વળગી રહીને આગળ વધવું પડશે.

છેલ્લા કાળમાં આપણા બધાની દૃષ્ટિ ધન ઉપર ગઈ છે. રેંટિયો કાંતે અને મિલમાં જાય તો પૈસા શેમાં વધારે મળે ? એ વિચાર આવે છે. પણ જો માતા એમ વિચારે કે હું બાળકને આજે જેટલું ખવડાવું છું તેના હિસાબે મને ભવિષ્યમાં કેટલું આપશે ? એવી ગણતરી કરે તો શું થાય ! વાત્સલ્યનો છેદ જ ઊડી જાય અને જીવનરસ સુકાઈ જાય. પણ એ એમ નથી વિચારતી. બાળક મોટું થઈને ભલે ગાળો આપે પણ તેને યેનકેનપ્રકારેણ જિવાડવાની જ તાલાવેલી લાગી હોય છે. આપણને આવી તાલાવેલી લાગવી જોઈએ અને બીજું ગમે તે થાય, ગમે તે કારણો ઉપસ્થિત થાય તો પણ હું તો મારા વિચારોને મક્કમપણે વળગી રહીશ.

ખરું ઉત્પાદન ગામડાં કરે છે. જીવનની સઘળી જરૂરિયાત અનાજ, કપાસ વ. પેદા કરે છે. શહેરો માત્ર અનુત્પાદક વિનિમય કરે છે અથવા રૂપાંતર કરે છે. એટલે ગામડાંના ઉત્પાદનથી બધી જાતના શ્રમ કરીને આનંદથી કેમ જીવે, તેની અને શિક્ષણ તથા આરોગ્યની અનુકૂળતા કરી આપવી તે સેવકોનું કામ રહે છે. આજે મિલે કેટલી સાળો તોડી, યંત્રે કેટલી ઘાણીઓ તોડી, હલરે ઘંટીઓ તોડી તે બધું જ આંકડાની રીત તો તમારી આ શાળામાંયે છે. પણ એ બધાને પુનર્જીવન આપવાનું અથવા પ્રતિષ્ઠા આપવાનું કામ ભારે કપરું છે. પાયાની કેળવણી જ એને માટે એક માત્ર સાધન છે. આવું આપણે ઇચ્છીએ તેવું કેળવણી તંત્ર કોઈપણ સરકાર નહિ ચલાવી શકે. ધારે તોપણ પહોંચી ન શકે. પ્રજાએ જ તેનું સંચાલન કરવું રહેશે. આપણી પ્રાચીનકાળની નાલંદા જેવી સંસ્થાઓ સમાજથી ભલે દૂર રહેતી પણ આખા દેશમાં અને પરદેશોમાંય આંદોલન જગાવતી. આપણે એવી કેળવણી ઇચ્છીએ છીએ કે જેનો એક વિદ્યાર્થી ગામડામાં બેઠો હોય, તે શિક્ષણ સંસ્કાર આપતો હોય, ન્યાય આપતો હોય અને ઘરવૈદુ પણ કરતો હોય.

તમારી સ્થિતિ એવી હશે કે પૈસા વગર નહિ ચાલે. પણ એ વાત એટલી જ સાચી છે કે નયી તાલીમ આપનાર એવો તેજસ્વી અને સ્વાવલંબી યુવાન હશે તો જ પાયાની કેળવણી આપી શકશે. ગામડાંના ઉદ્યોગો એટલે માનવ જીવનની

ઓછામાં ઓછી જરૂરિયાત અને બીજી બાજુ જોઈતી ચીજો પોતાના શ્રમથી મેળવી લેવી. ચેતના અને ચેતન સાથેના સંબંધને સમજી લેવો. એ નયી તાલીમનો આદર્શ છે. અને એમાંથી જ જીવનની કેળવણી મળે છે. દા.ત. અનાજ કે કપાસ ઉગાડીએ છીએ ત્યારે ભૂમિ સાથેનો જે સંબંધ થાય છે, તે દ્વારા ઈશ્વર સાથેનો સંબંધ અને તેના વિજ્ઞાનનો ખ્યાલ થાય છે. ત્યાર પછી કપાસ આવે છે. તેને વીણતાં, પીંજતાં, પૂણી બનાવતાં, કાંતતાં, અને વણતાં જે તાદાત્મ્ય અનુભવાય છે. તેમાં ગણિત, ભૂગોળ, ખગોળ, ઈતિહાસ બધુંય જ્ઞાન આવી જાય છે અને એ જ સાચી કેળવણીનો આનંદ છે.

અંતમાં તેઓશ્રીએ કહ્યું કે હું ત્યાગની વાત કહું એટલે આપને બધાને આંચકો લાગતો હશે. પણ મને અનુભવ છે કે દિલનો ત્યાગ હશે તો કોઈ ચીજની ત્રુટિ નહિ રહે, જોઈતી વસ્તુ દોડતી આવશે. પણ આપણે ખરેખર પાયાની કેળવણી આપવા ઈચ્છતા હોઈશું તો ત્યાગપૂર્વકના ચારિત્ર્યનું એક જ નિશાન સામે રાખવું જોઈશે. એ ખ્યાલ જાગતો રાખવો પડશે. રખે આ પાયાની કેળવણી આપણા ચાલુ યાંત્રિક શિક્ષણના ચોકઠામાં ન પુરાઈ બેસે !

❑

## સને ૧૯૫૧ ની ડાયરી

**● તા. ૧-૧-૫૧ : મકરબા**

ભૂદરપરાથી નીકળી મકરબા આવ્યા. અંતર સાડા ચાર માઈલ હશે. આ ગામ સરખેજના રોજા નજીકમાં આવેલું છે. રાત્રે પ્રાર્થના પછી સભામાં મહારાજશ્રીએ સાચો ધર્મ કોને કહેવાય અને સમાજ નીતિથી કેમ ચાલે, ને ગામડાં સ્વાવલંબી કેમ બને તે વિશે કહ્યું હતું. તે માટે જરૂરિયાતો ઓછી કરવા અને દૂધ વેચી ચા લાવવાથી થતું નુકસાન સમજાવ્યું હતું.

**● તા. ૨-૧-૫૧ : તેલાવ**

મકરબાથી નીકળી તેલાવ આવ્યા. અંતર સાડા પાંચ માઈલ. અહીંથી સાંજના વિહાર કરી સાણંદ આવ્યા. અંતર સાડા ચાર માઈલ. ઉતારો ઝામરિયા પટેલની ધર્મશાળામાં રાખ્યો હતો.

● તા. ૨-૧-૫૧ થી ૮-૧-૫૧ : સાણંદ

અહીંના નિવાસ દરમિયાન એક દિવસ હરિજન વાસમાં રોકાયા હતા. તા. ૬ ઠ્ઠી ના રોજ તાલુકા સમિતિના મકાનમાં આજુબાજુનાં ૧૫ ગામના ખેડૂતોનું એક સંમેલન રાખ્યું હતું. ડૉ. શાન્તિભાઈએ મહારાજશ્રીનો પરિચય આપી ખેડૂત અને ખેડૂતમંડળ અંગે કહ્યું. તેમાં પછી અંબુભાઈએ ખેડૂતમંડળ શા માટે ? ન્યાય અને નાણાં ક્યાંથી લાવવાં, બીજી સોસાયટી અને ખેડૂત મંડળની સોસાયટી વચ્ચેનો ભેદ, તેના નિયમો વગેરે સમજાવ્યું હતું. મહારાજશ્રીએ ખેડૂતોને આર્થિક, નૈતિક અને રાજદ્વારી ઉન્નતિ કેમ થાય તે વિગતવાર સમજાવ્યું હતું. અન્યાયને સહેવો નહીં અને અન્યાય કરવો નહીં. નીતિથી ચાલવું, આટલું કરશું તો લક્ષ્મી બારણાં ઠોકતી આવશે. સરકારી કોઈ કાયદો ખરાબ નથી. આપણે અવળા ચાલીએ છીએ તેથી કાયદો આવે છે. એક સ્ત્રી વેચી બીજી ત્રણ કરીએ છીએ એટલે સ્ત્રીને એક પુરુષ તેમ પુરુષને એક જ સ્ત્રી માટે કાયદો થયો. જમીનદારો ખોટી રીતે ચાલ્યા એટલે ગણોતધારો આવ્યો. એટલે નીતિથી ચાલીશું તો બધી રીતે સુખી થઈશું.

* * *

સાણંદના નિવાસ દરમિયાન બે રાત્રિ હરિજન વાસમાં નિવાસ કર્યો હતો. અહીં ભંગી ભાઈઓની સહકારી મંડળી ચાલે છે. અને તેમની હાઉસીંગ સોસાયટીની તૈયારી ચાલે છે. ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ તરફથી ઋષિ (ભંગી) બાલમંદિર ચાલે છે. હમણાં જ તેનું સાદું અને કલાત્મક ચિત્રોથી સુશોભિત દીવાલોવાળું મકાન તૈયાર થયું છે. એનાં કાર્યકર ભાઈબહેનોના પ્રયત્નથી બાળકોએ ગીતો, રાસ, ગરબા વગેરે સુંદર કાર્યક્રમ કરી બતાવ્યો. આ સભામાં સવર્ણો, વણકરો, ભંગી લોકો વગેરે સૌ મોટી સંખ્યામાં એકત્ર થયાં હતાં. તેમાં મહારાજશ્રીએ પ્રવચન કરતાં જણાવ્યું કે, મારે તમને શો ઉપદેશ આપવો ? તમારી પાસે બધું જ છે. જે કેટલુંક કાઢી નાખવા જેવું છે તે કાઢી નાખીએ તો તમારી પાસે સૌથી ઉત્તમ વસ્તુ શ્રમની મૂડી છે. એ મૂડીનું સ્થાન આજે ભલે છેલ્લું હોય પણ ભવિષ્યમાં એનું સ્થાન પહેલું હશે. કેટલેક ઠેકાણે એ મૂડી વ્યક્તિગત નથી તેને વ્યવસ્થિત કરવાની અને જરૂર હોય ત્યાં કામે લગાડવાની જરૂર છે. આમાં સવર્ણોનો સાથ હશે તો કામ વહેલું થશે.

અસ્પૃશ્યતા ઉપર બોલતાં તેમણે જણાવ્યું કે બાપુજીના આટઆટલા પ્રયત્નો પછી પણ અસ્પૃશ્યતા ગઈ નથી એ દુ:ખની વાત છે. ગુજરાતનાં એ બાબતમાં ગામડાંમાં હજુ મોટે ભાગે એમ જ ચાલે છે. એ આભડછેટ માત્ર કહેવાથી નહીં જાય. પણ સાચી સમજણ આવવાથી અને સક્રિય કાર્ય કરવાથી જશે. જોકે ઊંચનીચની કલ્પના તો સમાજમાં રહેવાની પણ જેના ગુણ ઊંચા તે ઊંચો અને ખરાબ કામ કરે તે નીચો. આ વાત બરાબર સમજાવવી પડશે. આમાં ઉચ્ચતાની કે અભિમાનવૃત્તિ કેળવવાની વાત નથી, પણ આંબો જેમ વધે ત્યારે નમતો જાય તેમ માણસ જેટલો ઊંચે જાય તેટલો નમ્ર બને. આ ખ્યાલો પ્રાચીન કાળથી ચાલ્યા આવતા હતા. તેમાં વચલો ગાળો એવો આવ્યો કે ધંધાથી કોમ તરીકે વહેંચાઈ ગયા. એમાંય વાંધો નહોતો. પણ જ્યારે એક વર્ગ એમ માનતો થયો કે અમુક કામ કરે તે હલકો, ત્યારે આપણી પડતીનું પગથિયું શરૂ થયું. એક માણસ ગંદકી કરે તે ઊંચો, બીજો સાફ કરી જાય તે નીચો. શ્રમ કરે તે નીચો. બેઠાં બેઠાં ખાય તે ઊંચો. આટલેથી પણ ન અટકતાં આ ઊંચા ગણાતા માણસે નીચા ગણાતા માણસને અડવામાં પણ પાપ માન્યું. કૂતરાને અડે, બિલાડાને અડે; પણ હરિજનને અડે તો અપવિત્ર થઈ જાય. પાછા પાણીના છાંટા અડે તો પવિત્ર થઈ જાય ! આ આપણી બુદ્ધિનું દેવાળું નથી તો બીજું શું છે ? કોઈ માણસ હરિજનને અડીને એક મુસલમાનને અડે તો પવિત્ર થઈ જાય છે તો બે બ્રાહ્મણને અડીને પવિત્ર થાય કે નહિ ? ગામડાનો એક પ્રસંગ છે. એક હરિજને તળાવમાંથી પાણી પીધું. તે એક ગામડિયાએ જોઈ લીધું. એટલે એ લાકડી લઈને દોડતો આવ્યો અને તાડૂક્યો : ‘તેં આમાંથી પાણી પીધું ને ? મારું તલાવડું અભડાવ્યું.’ પેલો પ્રથમ ડરી ગયો પણ પછી ફેરવી તોળ્યું કે ‘બાપા ! મેં પાણી પીધું નથી પણ હાથપાણી (પખાળ) લીધું છે.’ ઠીક ત્યારે ચાલ્યો જા. આ આપણી સ્થિતિ છે !

હરિજનો-ભંગીને ન અડવામાં લોકો મુડદાલ ખાવાનું બહાનું કાઢે છે. જોકે એ એમને છોડવું જોઈએ. પણ જે બીજી પ્રજા માંસાહાર કરે છે તેની સાથે કશો વાંધો નથી રાખતા. ઊલટું એ લોકો તો જીવતું મારીને ખાય છે. જ્યારે હરિજનો તો કુદરતી મરેલું ખાય છે. એ હિસાબે એ ઓછા પાપી છે અને છતાંય સારા કહેવાતા માણસોનો સંપર્ક વધશે તેમ કુદરતી જ તે લોકો તે છોડી દેશે. પણ આપણે તો પેલા વહોરાજીના નાડા જેવું કર્યું છે.વહોરાજી ભોર ભરેલા ગાડા

પાછળ ચાલ્યા આવતા હતા. શરીર જરા ભારે હતું એટલે ગાડા ઉપર બેઠેલા જુવાને કહ્યું : ''બાપાજી આવી જાવ ભોર ઉપર. બળદ સારા છે એટલે વાંધો નથી.'' વહોરાજી બેઠા એટલે જુવાને કહ્યું : આગળ ખાડા ટેકરા આવશે અને તેથી ભોર હાલશે એટલે નાડું પકડી રાખજો. જુવાને ભોરને બાંધેલું નાડું કહ્યું પણ વહોરાજી સમજ્યા ચોરણે બાંધેલાનું ! એટલે ચોરણાનું નાડું પકડીને બેઠા. એટલામાં એક હડદોલો આવ્યો એટલે જુવાને કહ્યું : 'બાપા નાડું બરાબર પકડજો.' ત્યારે બાપા બોલ્યા : ફકર મ કર, બરાબર પકરું છે. ગાડું ચાલ્યું અને બાપા ભફાંગ કરતા નીચે પડ્યા. જુવાનને ધ્રાસકો પડ્યો કે થયું શું ? ગાડું ઊભું રાખ્યું. પાછળ જોયું તો બાપા પડેલા. જુવાને વિચાર્યું કે ભોરનું નાડું તૂટ્યું કે શું ? પણ તે તો બરાબર હતું. એટલે બાપાને કહ્યું : 'મેં નહોતું કહ્યું કે નાડું બરાબર પકડી રાખજો.' તો કહે હજુય પકરું છે. જુવાને જોયું તો નાડું પકડ્યું છે ખરું પણ બીજું. નહિ અડવાની વાત પણ કોને ? ક્રોધ, ચોરી, વિશ્વાસઘાત, વ્યભિચાર વગેરે ખરાબ કામો કરે તેને નહિ અડવાનું કહ્યું. આપણે એને પકડ્યું ખરું, પણ દેવ જેવા માણસને છોડ્યો. એટલે નીચે પડ્યા છીએ. હવે આપણે જેટલા વહેલા સમજીશું તેટલું આપણું અને સમાજનું કલ્યાણ થશે.

**● તા. ૯-૧-૧૯૫૧ : રણમલગઢ - ગોરજ**

સાણંદથી નીકળી રણમલગઢ થોડું રોકાઈ ગોરજ આવ્યા. અંતર સાત માઈલ હશે. અહીં એક પ્રસંગ એવો બન્યો કે સ્વાગત માટે ભરવાડ ભાઈઓ ફૂલહાર લાવેલા. તેથી એક રજપૂત ભાઈએ ભરવાડને અપશબ્દ બોલી ગાળ દીધી. આ હકીકત ભરવાડોએ મહારાજશ્રીને કહી. એટલે ભરવાડોના સમાધાન માટે મહારાજશ્રીએ તે ભાઈને બોલાવ્યા. તે ભાઈએ પોતાની ભૂલ માટે માફી માગી અને પાંચ શેર દાણા તે બદલ પરબડીમાં નાખ્યા આથી ભરવાડોને સંતોષ થયો.

આ ભરવાડ અને રજપૂત વચ્ચે એક ઝઘડો ચાલતો હતો, તેમાં ભરવાડની ભૂલ હતી પેલા રજપૂતે કહ્યું, બાપુ ! આપે કહ્યું નીતિ એ જ ભગવાન છે એ ભગવાન સિવાય સાચી લક્ષ્મી રહે નહીં એટલે કોર્ટમાં જાઉં તો મારે સાચું ખોટું બોલવું પડે અને નીતિ ન પળાય એ શબ્દો મેં આપના ધારી લીધા છે. એટલે આપ જેમ કહો તેમ મારે કબૂલ છે. ભરવાડોએ પણ ભૂલ સ્વીકારી અને ભૂલ

માટે એક મણ જુવાર પરબડીમાં નાખી હતી. જો કેસ કોર્ટમાં ગયો હોત તો બન્ને પક્ષે નુકસાન થાત અને કુસંપ વધત.

ગામના રખેવાળ બે સિંધીઓ મહારાજશ્રીને મળવા આવ્યા. ભરવાડો અને ગામ વચ્ચે ભેલાણ અંગે જામીન કેસ થયો છે. ભરવાડોએ ત્રીજીવાર ભેલાણ કર્યું છે. આ ઝઘડો વધે નહીં તેમ મહારાજશ્રીએ બન્ને પક્ષને સમજાવ્યા. કેસરભાઈ મુખીએ વચ્ચેની મોરખાઈ (લાંચ) ન ખાવાની પ્રતિજ્ઞા લીધી અને સુંદર સમાધાન થયું.

**તા. ૧૦-૧-૫૧ : હીરાપુર**

ગોરજથી હીરાપુર આવ્યા. અહીં સૌરાષ્ટ્ર ગોહિલવાડ પ્રદેશના સમઢીયાળા તરફના તળપદા કોળી પટેલના પાંચ આગેવાનો મહારાજશ્રીને મળવા આવ્યા હતા. તેમની ઈચ્છા મહારાજશ્રીને તે પ્રદેશમાં લઈ જવાની હતી. તેમણે સારું સંગઠન કર્યું છે. પાંચસો ગામના લોકોનું એક મોટું મહાસંમેલન ભરવા ઈચ્છે છે અને બધા મહારાજશ્રીને જ ઈચ્છે છે. પણ મહારાજશ્રીને આ બાજુ જ કામ ઘણું હોવાથી અને બનાસકાંઠામાં જવાનો વિચાર હોવાથી તે બાજુ જવાની શક્યતા નથી એટલે પૂ.રવિશંકરદાદા ત્યાં જાય તે માટે ભલામણ પત્ર લખી આપ્યો.

**● તા. ૧૧-૧-૫૧ : ચરલ**

હીરાપુરથી નીકળી ચરલ આવ્યા. ઊતારો મણિબહેનને ત્યાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભામાં ખેડૂતમંડળ અને વ્યસન નિષેધ વિષે કહ્યું હતું.

**● તા. ૧૨-૧-૫૧ : શિયાવાડા**

ચરલથી નીકળી શિયાવાડા આવ્યા. ઉતારો શેઠના ડહેલામાં રાખ્યો હતો. પ્રવાસ કરતાં કરતાં અમે ખોરજ આવ્યા. અહીં જૈનોનાં આઠેક ઘર છે. તે બધા જાતે ખેતી કરે છે. તેમની સાથે વાતો કરતાં મહારાજશ્રીએ જણાવ્યું કે સામાન્ય રીતે જૈનો માને છે કે ખેતીમાં પાપ છે. ખેતીમાં પાપ જરૂર છે. પણ જીવન જીવવું હોય તો અહિંસક ખોરાક અન્ન છે. એ અન્ન પોતે ન પકવે તો બીજાનું પકવેલું ખાવું પડે છે. એટલે એક રીતે તો વ્યવસાય માત્રમાં પાપ છે. પણ આજે બીજા બધા જ ધંધાની અપેક્ષાએ ખેતીમાં ઓછામાં ઓછું પાપ છે. એટલે જો સાચો જૈન ખેતી કરશે તો ઓછામાં ઓછું પાપ કેમ થાય તેની કાળજી રાખશે.

**● તા. ૧૩-૧-૫૧ : બકરાણા**

ઝોલાપુરથી નીકળી બકરાણા આવ્યા. અંતર ત્રણ માઈલ. ઉતારો જયંતીલાલ ખુ. શાહને ત્યાં રાખ્યો હતો. આ પ્રસંગે બહારગામથી ડૉ. શાંતિભાઈ, છોટુભાઈ, જયંતીલાલ, તારાબહેન, અંબુભાઈ વગેરે આવ્યા હતા.

શ્રી જયંતીભાઈનું આ વતનનું ગામ હતું. ૧૯૪૫માં અહીં વિશ્વવત્સલ સાધક શિબિર ૧૫ દિવસ માટે ભરાયેલ. તેનું છાપેલ પુસ્તક 'ધર્મદષ્ટિએ સમાજ રચના' પ્રગટ થયેલ છે.

બકરાણામાં ખેડૂતોની એક સભા રાખી હતી. તેમાં આજુબાજુના અગિયાર ગામના ખેડૂતોએ હાજરી આપી હતી. ડૉ. શાન્તિભાઈ અને ખેડૂત મંડળના મંત્રીએ ખેડૂત મંડળનો ઇતિહાસ, તેની કાર્યવાહી અને ખેડૂતોને તેમાં જોડાવાથી થતા લાભાલાભનો ખ્યાલ આપ્યો હતો. ત્યાર બાદ મહારાજશ્રીએ જણાવ્યું હતું કે લોકો આજે લાભની વાત પહેલી જુએ છે. અને તે લાભ એટલે પૈસો પણ એકલા પૈસાથી માણસ જીવી નથી શકતો. કલ્પના કરો કે તમારામાંના એકને જંગલમાં એકલા રાખ્યા હોય. એને મોટો બંગલો સાધનસામગ્રી સાથે આપ્યો હોય અને ખાવાપીવાની બધી જ સગવડ આપી હોય. ફક્ત શરત એટલી કે કોઈ માણસને મળવાનું ના હોય. તો તમે કેટલા દિવસ જીવી શકશો? એક બીજાના સહવાસ કે સહકાર વિના નહિ જીવી શકાય. ખેડૂતમંડળ એ સહકારની ભાવના તૈયાર કરતું એક વાહન છે. એકલદોકલ માણસને આજે નીતિ પાળવી અઘરી લાગે છે. એટલે સામુહિક નીતિ કેમ આવે તેને માટે મંડળ એ પગથિયું છે. બીજાને કેવી રીતે મદદગાર થવું એ શીખવનારું સાધન છે. તમો માત્ર પૈસા વધુ મળે તે માટે આ મંડળમાં ન જોડાશો. પણ નીતિ અને ત્યાગ ગમતાં હોય તો જ જોડાજો. નીતિની પછવાડે અર્થ (ધન) દોડતો આવશે પણ અર્થની પછવાડે નીતિ રાખી તો આપણા ભૂકેભૂકા ઊડી જશે.

**● તા. ૧૪-૧-૫૧ : મખીઆવ**

બકરાણાથી મખીઆવ આવ્યા. અંતર છ માઈલ હશે. રાત્રે પણ મોટી જાહેરસભા થઈ હતી.

મખીઆવમાં સહકારી મંડળી વિષે બોલતાં તેઓશ્રીએ જણાવ્યું કે આજની મંડળીઓ ધીરાણ કરનારી મંડળીઓ કહેવાય છે. પણ ખરી રીતે તે ક્રેડીટ

સોસાયટી છે. ક્રેડીટ એટલે આબરૂ. સહકારી આબરૂ મેળવનાર મંડળી તેનું નામ સહકારી મંડળી. એ આબરૂથી એક બીજાની જામીનગીરીથી બેંક પૈસા ધીરે છે. મંડળી પૈસા ધીરતી નથી. એટલે છેવટે તો બેંક પૈસા લાવે છે ક્યાંથી ? આપણી પાસેથી જ. એટલે આપણે કરવાનું એ છે કે વ્યવસ્થિત રીતે નાણાં બચાવીને ખેડૂતોને જ્યારે જરૂર પડે ત્યારે આપી શકે તેવું વાતાવરણ ઊભું કરવાનું. શાસ્ત્રમાં ધનને આબરૂ નથી ગણ્યું પણ અન્ન વસ્ત્રને આબરૂ ગણ્યા છે. એટલે સહકારી મંડળીમાં જોડાવું એ સહકાર અને આબરૂ મેળવવા બરાબર છે. કાર્યકરોએ જનતાને આ ખ્યાલ આપવો જોઈએ. તેમણે એ ગણિત શીખવવું જોઈએ કે લેવું એ જ લાભ નથી. દેવું એ પણ લાભ જ છે. એનો તાજો અનુભવ આપણી સામે મોજૂદ છે. મંડળે જે ડાંગર ખરીદી હતી તેને બજારમાં વેચી હોત તો દોઢેક લાખ રૂપિયા મળત. અને પ્રત્યેક સભ્યને હજારથી પંદરસોનો લાભ મળત. પણ દુષ્કાળમાં 'બી' માટે રાખી તો લાખો મણ બીજી ડાંગર ઉપજાવીને હજારો કુટુંબોને રાહત આપી શકાઈ.

### ● તા. ૧૫-૧-૫૧ : વિંછીઆ

મખીઆવથી વિંછીઆ આવ્યા હતા. ઉતારો કોળીવાસમાં રાખ્યો હતો. અહીં દરબારો અને ખેડૂતો વચ્ચે કુસંપ છે. સભામાં ન્યાય નીતિથી ચાલવા સૌને સલાહ આપી હતી.

### ● તા. ૧૬-૧-૫૧ : કોદેળિયાથી જૂડા

વિંછીઆથી કોદેળિયા થઈ જૂડા આવ્યા. અંતર ચાર માઈલ.ભરવાડોએ સ્વાગત કર્યું. અમદાવાદથી સુરાભાઈ ભરવાડ અને સહકારી અધિકારી મગનભાઈ પટેલ આવ્યા હતા. બપોરના ગોપાલક સંયુક્ત સહકારી ખેતી વિષયક મંડળીની મિટિંગ મળી હતી. આ કાર્યવાહી પૂરી થયા પછી ગોપાલક મંડળનું કામ શરૂ થયું હતું. પ્રથમ જુદા જુદા પ્રદેશના ભરવાડોએ પોતપોતાની ફરિયાદ રજૂ કરી હતી. ખાસ તો ગોચરની જમીન. ખેડાણની જમીન અંગે કહેવાનું હતું. સુરાભાઈએ થોડો ખ્યાલ આપ્યા પછી નવલભાઈ શાહે કહેલું જામીન કેસ એ આપણી આબરૂનો સવાલ છે. તે બંધ થવો જોઈએ જમીન માટે સહકારી મંડળી કરવી જોઈએ અને ગાયો ઓછી કરીને સારી વધુ દૂધ આપે તેમ કરવું જોઈએ. બાળકોને ભણાવવાં જોઈએ.

મહારાજશ્રીએ કહ્યું, જામીનવાળો મુદ્દો હમણાં કાગળ ઉપર ન લાવવો પણ ભેલાણ અટકાવવા પ્રયત્ન કરો, ખેડૂતોએ બહારનાં ઢોર બકરાં ન લાવવાં એ બાબતમાં છાણનો પ્રશ્ન આવશે. તો ભરવાડો ગામને ખાતર આપે અને ગામ બહારનાં ઢોર બકરાં ન લાવે. એ પ્રમાણે કરાર કરવો. ઢોરચોરી અને વાણોતરીની બાબતમાં આપણે નિયમ લેવો જોઈએ. ભેંસનું દૂધ વેચીશું નહીં, એ દૂધ વેચીશું એટલે ગાયો ચાલી જશે.ગાયોના દૂધનો પ્રશ્ન, બળદ બનાવવા ઉપર વધુ ધ્યાન આપો. ગોધલા ઘેર કરવા તેને દૂધ પાવું. તો ગાયો રાખવી પોષાસે. દિયરવટાનો જે ફેર જે ૧૦ વરસનો છે. (છોકરો ૧૦ વરસ નાનો હોય તો પણ દિયરવટુ કરે) તે ખોટો છે. બાળાઓને ભણાવવી, આટલી પ્રતિજ્ઞા લેવી જોઈએ. ભરવાડના વિદ્યાલય અને શિક્ષણ અંગે વાતો થઈ.

**● તા. ૧૭-૧-૫૧ : માણકોલ**

જૂડાથી માણકોલ આવ્યા. અંતર છ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો. અમદાવાદથી છગનભાઈ દેસાઈ મળવા આવ્યા, રામરાજ્ય પરિષદવાળા ગોપાલ કોડ બીલ-કંટ્રોલ વગેરે અંગે વાતો કરીને કોંગ્રેસ પ્રત્યે અસંતોષ ફેલાવે છે. આ અંગે મહારાજશ્રીએ કેટલાક ખુલાસા કર્યા, આની પાછળ મૂળ હેતું જોવો જોઈએ. અસ્પૃશ્યતાની વાત આવે છે એટલે તુરત ભાગે છે.

**● તા. ૧૮-૧-૫૧ : રેથળ**

માણકોલથી રેથળ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. રાત્રિસભામાં ગામમાં જે કુસંપ છે તે દૂર કરવા સમજાવ્યું હતું.

**● તા. ૧૯ અને ૨૦-૧-૫૧ : ઝાંપ**

રેથળથી નીકળી એક દિવસ ઝાંપ રહી બીજે દિવસે નાનોદરા આવ્યા. અંતર સાત માઈલ. ઉતારો રૂપસંગભાઈના ઉતારે રાખ્યો હતો. સાંજના પ્રવાસ કરી મેટાલ આવ્યા. રાત્રે જાહેરસભા થઈ હતી.

---

૧. જુઓ પુરવણી ચોથી, પાંચ માસમાં પરિવર્તન.

● **તા. ૨૧-૧-૫૧ થી ૨૭-૧-૫૧ : આદરોડા**

આદરોડામાં ભાલ-નળકાંઠા ખેડૂતમંડળનું ત્રિવાર્ષિક સંમેલન ભરવાનું નક્કી થયું હતું. મુખ્ય મહેમાન નાયબ વડાપ્રધાન ગુલઝારીલાલ નંદા આવવાના હતા. પરંતુ જવાહરલાલ વિદેશથી આવતા હોઈ તેમને રોકાઈ રહેવું પડ્યું. આ સમાચાર તેમણે મજૂર મહાજન મારફતે ખાસ માણસ મોકલી કહેવડાવ્યા. હવે છેલ્લી ઘડીએ પ્રમુખની શોધાશોધ કરવી તે કેવું વિકટ કામ છે !

પાંચ હજાર માણસો આવનાર હતા. તેમના ભોજનની પરમીટ મળી ગઈ. પણ કોઈ આગેવાન આ દિવસોમાં તાત્કાલિક આ પદને શોભાવે તેવું ન જણાતાં છેવટે પૂ.રવિશંકર મહારાજના પ્રમુખપદે પરિષદ મળી હતી.

❑

## આદરોડા પરિષદનાં સંસ્મરણો

આદરોડા મુકામે તા. ૨૫-૨૬ જાન્યુઆરીના રોજ ભાલનળકાંઠા ખેડૂત મંડળનું એક ત્રિવાર્ષિક સંમેલન ભરાઈ ગયું. તળાવને કિનારે એક ભવ્ય મંડપ ખડો કરવામાં આવ્યો હતો. તેના આંગણામાં ત્રિરંગી ઝંડો લહેરાતો હતો. ગામની શેરીએ શેરીએ સુંદર દરવાજા ઊભા કરવામાં આવ્યા હતા. દરેક ઘરની દીવાલો છાણ માટીથી લીંપાઈને સ્વચ્છ થઈ ગઈ હતી. તેની ઉપર ઠેર ઠેર સોનેરી સુવાક્યો, ગ્રામઉદ્યોગનાં કલાત્મક ચિત્રો, સંસ્કાર પ્રેરતા પવિત્ર પુરુષોનાં ચિત્રો વગેરે આલેખાઈ ગયાં હતાં. આગલા દિવસથી જ માનવ મહેરામણ ઊમટવા માંડ્યો હતો. સવારમાં ગ્રામસફાઈ કર્યા બાદ શણગારેલા ચૌદ બળદ જોડેલાં ગાડામાં પ્રમુખનું ભવ્ય સરઘસ નીકળ્યું હતું. જે ધ્વજવંદન કર્યા બાદ વીખરાયું હતું.

જાહેરસભા સમક્ષ પ્રવચન કરતાં પૂ. રવિશંકર મહારાજે જણાવ્યું હતું કે આપણે આટલા બધા ઘઉં અને ડાંગર પકવીએ છીએ છતાં મોઢા ઉપર તેજ નથી, દેવામાંથી મુક્ત નથી; આનું કારણ શોધવા અને તેનો ઉપાય કરવા આપણે બધા ભેગા થયા છીએ. આપણે મહેનત બહુ કરીએ છીએ પણ તેમાં જ્ઞાન નથી હોતું એટલે વેઠ લાગે છે. ક્રિયા સિવાયનું જ્ઞાન માણસને રાક્ષસ બનાવી દે છે. ગાંધીજી કહેતા : 'ભણો ખરા પણ માત્ર ચોપડીમાંથી જ્ઞાન ન મેળવશો. કામથી જ્ઞાન મેળવજો.' ચોપડીમાં ચિત્ર જોઈ ખેતરના છોડને ઓળખો તે જ્ઞાન ન કહેવાય, પણ એને ઉત્પન્ન કેવી રીતે કરવો, ઉત્પાદન કેવી રીતે વધારવું, તે પ્રત્યક્ષ કરી બતાવવું તે જ ખરું જ્ઞાન. એ રીતે

ચરોતરના ખેડૂતોની ખેતી સુંદર ગણાય. પણ એમનું મોઢું હવે ધન તરફ ગયું છે, એટલે એમનાં છોકરાંના હાથમાં એ જ્ઞાન સલામત રહેવાનું નથી. લેંઘા અને કોટ પહેરનારથી ખેતી ન થઈ શકે.

ખેડૂતોએ અમે લૂંટાઈએ છીએ એ શબ્દ ન જ બોલવો જોઈએ. તેને માટે જાગ્રત રહો. ખેડૂત લોકને ઘેર ન જાય પણ લોક ખેડૂતને ઘેર આવે. એટલે તો તેને જગતનો તાત કહ્યો છે. પણ એ તાત કહેવાથી ફુલાશો નહિ. ખરેખરા તાત બનજો. તમે ગામડાના ભલાભોળા લોકો એ શાખને બગાડશો નહિ, એને સાચી પાડજો. આપણે પવિત્ર બનવું જોઈએ અને બીજાને માટે ઘસાવું જોઈએ.

રાધનપુરના ખેડૂતો વતી આભાર માનતાં તેમણે જણાવ્યું કે પ્રથમ મેં તેમને પૂછેલું કે તમારે બી જોઈશે ? તો કહે ના; અમે તો કપાસ વાવ્યો છે. પણ મોટી રેલ આવી અને કપાસ ધોવાઈ ગયો. એટલે ખેડૂતો દોડીને આવ્યા મારી પાસે. હું વિચારમાં પડ્યો. બી ક્યાંથી લાવીશ ? પણ પ્રયત્ન આદર્યો. સરકારે શક્ય તેટલી મદદ કરી, પછી મહારાજશ્રીએ તમારી પાસેથી ઘઉં અપાવ્યા. આજે એ ભાઈઓને જરૂર પડી ત્યારે તમે મદદ કરી. કાલે તમારે જરૂર પડે ત્યારે એ ભાઈઓ આપે. આ સહકારની ભાવના થઈ.

સંતબાલજી મહારાજ ભાલનળકાંઠાની ચોકી કર્યા કરે છે અને કોઈ દુર્ગુણ પેસી ના જાય તેની કાળજી રાખે છે. જ્યારે ખેડૂતો ભૂલ કરે છે ત્યારે તે બહુ દુઃખી થાય છે. આપણાં અપલક્ષણ કાઢવા ખૂબ મહેનત તેણે કરી છે પણ હજુ આપણે સમજ્યા નથી. સ્વામીનારાયણ ધર્મમાં એક કહેવત છે કે, 'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા' આ વાક્ય કેટલી બધી શિખામણ આપી દે છે ! આપણે બચવું હોય તો વ્યસનો છોડવાં જોઈએ. આપણે કેટલાંયે નાનાં નાનાં વ્યસનોનાં ગુલામ છીએ અને છતાંય કહીએ છીએ કે અમે સ્વતંત્ર છીએ. મેં જેલમાં ઘણા બહારવટીઆ જોયા. બહાદુર બહુ. પણ બીડી માટે ઢીલાઢફ થઈ જાય. એક...એક... કરતાં પાછળ દોડે. અને એક ફૂંકની તલપ માટે પણ કાલાવાલા કરવા મંડી જાય. અને બીજી વાત ખેડૂતોની આળસ વિષે કહી. આપણા કામનો કોઈ કાર્યક્રમ નથી. ઘણોય વખત નવરાશનો હોય પણ ગોઠવણના અભાવે કામનો પાર ન આવે. ત્રીજી વાત એક બીજાનો સહકાર (સૂંઢલ) ખોયો છે. સૌ પોતપોતાનું ખેતર સાચવે અને બીજાનું ન સાચવે એટલે પરિણામે બન્નેનું ભેલાય. પછી પૈસા આપીને રક્ષણ કરવું પડે. પણ પૈસાથી રક્ષણ થતું સાંભળ્યું છે ? એ આપણી પોલ છે. કાયરતા છે. એટલે જાતે રક્ષણ કરીએ, લવાદથી ઝઘડા પતાવીએ, સ્વાવલંબી થઈએ; અને પૈસા સામું

ન જોઈએ. જો આટલું કરીશું તો વિનોબાજીએ જે સંદેશો મોકલ્યો છે તેને અનુરૂપ થઈ શકીશું.

આપણા મંડળને દેશના ઉત્તમમાં ઉત્તમ પુરુષોના સંદેશા મળ્યા છે તે કંઈ તમે બહુ સંગઠિત છો કે બહુ ઉત્પન્ન કરો છો તે માટે નથી મળ્યા, પણ મંડળ પછવાડે જે નીતિ અને ત્યાગની ભાવના છે એટલા માટે એ સંદેશા મળ્યા છે. આજે ખેડૂત કહે છે : 'બધાય ભૂલ કરે છે, બધાય પૈસા કમાય છે તો અમે શું ગુનો કર્યો ?' પણ આ વાત સારી નથી. આપણે ખાનદાની ન છોડવી જોઈએ. કૂતરું કરડે એટલે આપણાથી ન કરડાય. કોઈ છેતરે માટે હું એને છેતરી આવું એ એક જાતની નબળાઈ છે ખેડૂતોએ પેઢીઓથી ઊતરી આવેલો સ્વભાવ ન છોડવો જોઈએ. વિનોબાજી કહે છે : 'તમે વગર પૈસે જીવવાની કળા શોધો' અમદાવાદના શેઠીઆને ઘઉં જોઈતા હોય તો તે ગામડામાં તમારી પાસે આવે પણ આજે તો ઊલટી ગંગા વહે છે. તમે માથે ઊંચકીને ત્યાં દોડો છો. કારણ કે તમારે રૂપિયાની જરૂર પડે છે. આપણા ઘઉં સડી જાય તેવા હોય છે, રૂપિયા સડતા નથી. પણ એ રૂપિયા અણીને વખતે ખાવાના કામમાં નહિ આવે એ ધ્યાન રાખજો.

તમારે ત્યાં સહકારી મંડળીઓ થાય છે એ શુભ ચિહ્ન છે પણ એનો દુરઉપયોગ ન થાય એ જોજો. કેટલીકવાર વ્યક્તિ પાપ કરે છે તેમ સહકારી પાપ પણ થાય છે. એવું પાપ તમારી મંડળીઓમાં ન પેસી જાય તેની કાળજી રાખજો. આપણા માલનું ઉત્પાદન અને ખરીદ વેચાણ સહકારી ધોરણે થવું જોઈએ. કેટલાક ધંધા ઘેર કરી લેવા જેવા હોય છે. સવારમાં તમે જોયું હશે કે એક ચાર વરસની છોકરી કેટલું સુંદર કાંતતી હતી ! તમે રોજ એક રૂપિયાભાર કાંતો તો બાર મહિને નવશેર સૂતર કંતાઈ જાય અને તેનું છત્રીસ વાર કાપડ તૈયાર થાય ! અને એના કપડાં આખું વરસ ચાલે. કપાસ તો ઘરનો હોય જ એટલે તેમાંથી સૂતર તૈયાર કરીએ તો વણાટ સરકાર મફત કરી આપે છે. કેવો સરસ ધંધો છે ! છતાં આપણે કાપડ માટે પડાપડી અને બૂમાબૂમ કરીએ છીએ.

ઉપનિષદમાં ચાર વ્રતો બતાવ્યાં છે. અન્નની નિંદા નહીં કરું, ઉત્પન્ન કરીશ, કોઈને ભૂખ્યો નહિ કાઢું, અને બગાડીશ નહિ. આ ચાર વ્રતોનો એકેએક ખેડૂત વિચાર કરે અને તેને જીવનમાં આચરવાનો પ્રયત્ન કરે.

જમીનના એકીકરણ બાબતમાં એક ઠરાવ આવવાનો હતો. તેની પૂર્વભૂમિકા ચર્ચતી વખતે ગરમાગરમ ચર્ચા થઈ. તેમાં પૂ. સંતબાલજીએ જણાવ્યું : 'એકીકરણનો કાયદો તો પસાર થઈ જ ગયો છે. એટલે જો આપણે એમ કહીશું કે અમારે એકીકરણ જ ના જોઈએ તો ગમે તેટલો વિરોધ હશે તોપણ તે અટકવાનો નથી. વળી બીજી

વાત પણ આપણે યાદ રાખવાની છે. જેની જેટલી જમીન હશે તેને તેટલી જ રહેવાની છે. ફક્ત અરસપરસ ફેરબદલી થશે. એટલે જો આપણે ગામને એક કુટુંબની જેમ માનીશું તો બહુ આંચકો નહિ લાગે. સરકાર એકીકરણ માટે ગમે તે જાતનું વિચારતી હોય પણ મારા વિચાર પ્રમાણે હું તમને ખાસ આગ્રહ એટલા માટે કરું છું કે આપણે ગામ અને આખા પ્રદેશની નિયોજનની દૃષ્ટિએ આ વસ્તુ આપણી જાતે કરવી પડશે તેને બદલે જો આવે જ છે તો આપણે હોંશથી સ્વીકારી લઈએ અને એમાં આવતી સાચી મુશ્કેલીઓ નિવારીએ. એટલા માટે જ આ ઠરાવ દ્વારા સરકારને આપણે વિનંતી કરીએ છીએ કે એકીકરણ વખતે આપણા એક કાર્યકરને હાજર રાખે અને ગામ આગેવાનો અમલદારોને સહકાર આપે જેથી વળ પ્રમાણે અને સૌને સંતોષ થાય તેવી રીતે પ્લૉટ પાડી શકાય.'

પણ આજે વ્યક્તિગત જીવન જીવવાનું ખૂબ કોઠે પડી ગયું છે, જે જમીન પોતાની માની છે અને તેની સાથે જે મમતા બંધાઈ ગઈ છે તે છોડવી ગમતી નથી. આ કારણોથી સભામાં પ્લૉટ સંબંધી વિરોધ દેખાવા લાગ્યો એટલે કેટલાક કાર્યકરોને લાગ્યું કે લોકોને ન ગમતું હોય તો આ ઠરાવ પડતો મુકાય તો સારું; જેથી મંડળ બાબતમાં ખોટી છાપ ન ઊઠે. પણ પૂ. સંતબાલજીએ આગ્રહ રાખ્યો અને છેવટે ઠરાવ પસાર પણ થયો.

આ ઉપર શ્રી રવિશંકર મહારાજે એક સુંદર દૃષ્ટાંત આપ્યું. તેમણે કહ્યું કે સભાને ઠરાવ ના ગમ્યો તેને ના પાડવા જેટલી હિંમત બતાવી તે ઉત્તમ છે. વળી કેટલાકે એમ પણ કહ્યું કે ઠરાવ જ ના મૂકશો. પણ એ તો પેલા સસલા જેવી વાત છે. સસલા પાછળ કૂતરું પડ્યું અને દોડતાં દોડતાં બહુ થાકી ગયું ત્યારે કોઈ જોઈ ન જાય તે માટે કાન આગળ કર્યા અને થોભ્યું. પણ એથી તો એ પકડાઈ જાય છે. તેમ ઠરાવ નહિ મૂકો તેથી કાયદો અટકશે નહિ. એ તો આવી પહોંચ્યો છે. એટલે મહારાજશ્રીના વચનને વિચારપૂર્વકની શ્રદ્ધાથી તમે સ્વીકાર્યું તે ખૂબ સારું કર્યું છે.

બપોરના પશુ હરીફાઈ રાખી હતી. તેમાં આસપાસનાં ૧૨ ગામોએ ભાગ લીધો હતો. ૮૮ ગાયો, ૧૭ જોડ બળદ અને ૧૦ સાંઢ આણ્યા હતા. આનું ઉદ્‌ઘાટન લોકસેવક શ્રી બબલભાઈ મહેતાએ કર્યું હતું. શ્રી ફલજીભાઈ ડાભીએ સૌનો આભાર માન્યો હતો.

**• તા. ૨૮-૧-૫૧ થી ૧-૨-૫૧ : અમદાવાદ**

**અખિલ ભારત કોંગ્રેસ મહાસમિતિમાં હાજરી :**

ચાંગોદરથી નીકળી અમદાવાદ આવ્યા. અંતર ૧૪ માઈલ હશે. ઉતારો શાંતિનગરમાં લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવીને ત્યાં રાખ્યો હતો. બીજે દિવસે ગૂજરાત વિદ્યાપીઠમાં આવ્યા. કારણ કે અહીંથી મહાસમિતિમાં જઈ શકાય અને કાર્યકરોને મળવાનું પણ થાય.

મહારાજશ્રીને મહાસમિતિમાં અતિથિ-મહેમાન તરીકે આમંત્રણ મળ્યું હતું. ઉતારો વિદ્યાપીઠમાં ૮૪ નંબરની રૂમમાં હતો, પણ અહીં જોયું કે ૨૫૦-૧૦૦-૫૦ રૂપિયાની ટિકિટ લેનારને આગળ બેસવાનું છે અને કાર્યકર્તાઓ જેમને પાસ આપવામાં આવે છે તેમને છેક પછવાડે બેસાડવાના છે. ત્યારે તેમણે તેના વિરોધ તરીકે પોતાની બેઠક કાર્યકરો સાથે લઈ લીધી આથી કાર્યકરોને ખૂબ ઊંડી અસર થઈ. કમમાં કમ કોંગ્રેસમાંથી આ વસ્તુ જવી જોઈએ. ધન કરતાં કાર્યની પ્રતિષ્ઠા વધશે તો જ સારા કાર્યકરો મળશે. જેમણે તન અને મન નિચોવ્યું છે તેનું સ્થાન આગળ હોવું જોઈએ. તે અહીં ન બન્યું.

મણિભાઈ અને મીરાંબહેનને કાર્યકરોના પાસ મળ્યા હતા. મિટિંગ ૨૯-૩૦-૩૧ એમ ત્રણ દિવસ ચાલી. છેલ્લે દિવસે બધાનું સમૂહ ભોજન હતું. પંડિત જવાહરલાલ નેહરુ, પુરુષોત્તમદાસ ટંડનજી વગેરેએ ભાગ લીધો હતો. ભોજન સ્થાને રંગોળી પૂરીને સુંદર કલાત્મક રીતે શણગાર્યું હતું. ભોજન સાદું અને રેશનના માપ પ્રમાણે જ અપાતું, ખૂટતી વસ્તુમાં શાકભાજી વધુ અપાતી.

અમારી રૂમમાં રોજ સવાર સાંજ પ્રાર્થના થતી અને તેમાં ઘણા કાર્યકરો ભાગ લેવા આવતા, ચર્ચાઓ કરતાં. મહારાજશ્રી શેઠ ગોવિંદપ્રસાદ, અજીતપ્રસાદ જૈન અને કેટલાક મહાસમિતિના સભ્યોને મળ્યા હતા. રસિકભાઈ ગૃહપ્રધાન, ઢેબરભાઈ પણ મળવા આવી જતા. આમ દેશના મોટા મોટા નેતાઓનો અહીં પરિચય થયો.

❑

# અખિલ હિંદ શાંતિ પરિષદના નામે લેવાતી સહી અંગે પંડિત જવાહરલાલનો સ્પષ્ટ અભિપ્રાય

અખિલ હિંદ શાંતિ સમિતિ તરફથી હાલમાં જે જોરશોર આંદોલન ''અણુબૉમ્બ પર પ્રતિબંધ'' એ જાતનું ચાલે છે, તે પૈકીના પ્રચારક ભાઈઓએ મારી પાસે સહી માગી હતી અને આ અંગે તા. ૩૦-૧-૫૧ના રોજ ખૂબ લાંબી ચર્ચા પછી મેં તેઓને છાપેલ પત્રિકા પર સહી ન આપી, પરંતુ એક સંદેશો આપ્યો હતો. જે સંદેશો નીચે મુજબ છે.

''જાપાન પર અણુબૉમ્બનો પ્રયોગ થયો અને એમાં જે લાખો માણસો હોમાયાં એ દિવસ વિશ્વ માટે ભારે કરુણ દિવસ હતો.''

કેટલાક શાંતિવાદીઓ અણુબૉમ્બ પર પ્રતિબંધ અંગે મહારાજશ્રીને મળવા આવ્યા હતા. આ અંગે તેમણે પોતે જ વિગતે આખા પ્રશ્નની છણાવટ કરીને જે લેખ લખ્યો છે તે જ અહીં આપવો યોગ્ય ધારું છું.

પંડિત જવાહરલાલજીએ પોતાના હસ્તાક્ષરમાં એમનો અભિપ્રાય મહારાજશ્રીને લખી મોકલ્યો હતો તે પણ સાથે જ છે.

બે વિશ્વયુદ્ધો બાદ જે ત્રીજા વિશ્વયુદ્ધનો પ્રયત્ન થઈ રહ્યો છે તે સામે વિશ્વશાંતિમાં માનનારાઓએ આજની દુનિયાના બે મુખ્ય દેશો-રશિયા અને અમેરિકા-ને વેળાસર ચેતવણી આપવી જોઈએ. સંભવ છે બંને દેશો પાસે અણુબૉમ્બ હોય ! રશિયાએ ચીનને કબજે લેવામાં જે ઉતાવળ કરી છે, તેણે કેટલાંય રાષ્ટ્રોને મંથનમાં નાખી દીધાં છે. મૂડીવાદને નામે જેઓ ફિસિયારી વાતો કરે છે તેમાં અમોને વિશ્વાસ નથી. જેમ સામ્યવાદી પ્રણાલીઓએ આજ લગી જે ઉતાવળ અને સાધનોનો ઉપયોગ કર્યો છે; તેથી તે વિચારસરણીના અગ્રેસર સાથે પણ અમો સહમત નથી. અમો એટલું માનીએ છીએ કે બંને મુખ્ય દેશોએ હિંસ્ર સાધનો ઉપર અંકુશ મૂકી સાધનશુદ્ધિ અને લવાદી પદ્ધતિથી પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કરવો જોઈએ. આજે દુનિયાની માનવજાત આવા ભયંકર અને જબરજસ્ત માનવ હત્યાકારક યુદ્ધથી કંટાળી ગઈ છે. પણ આનો ઉકેલ નાના નાના ઉદ્યોગો અને ગામડાંઓના ઉત્થાન પર છે. ઝઘડાળું પ્રશ્નોનો ઉકેલ લવાદી સિદ્ધાંતો પર લાવવો જોઈએ.

''આ શ્રદ્ધાના બળે શીઘ્ર માનવસંહાર કરનારાં તીક્ષ્ણ હથિયારો પર અંકુશ આવવો જ જોઈએ એમાં શંકા નથી.''

ઉપરનો સંદેશો આપ્યા પછી મને થયું કે પંડિત જવાહરલાલ નેહરુનો મત જોઈ લઉં. એટલે મેં તા. ૩૧-૧-૫૧ના રોજ નીચેની મતલબનું લખાણ લખ્યું :

''અખિલ હિંદ શાંતિ સમિતિ વિશે આપનો શો અનુભવ છે,અને સ્ટોકહોમ પરિષદનો ઉલ્લેખ કરતી એ પત્રિકામાં સહી આપવા સંબંધમાં આપનો શો મત છે ?'' જેના પ્રત્યુત્તરમાં પંડિત જવાહરલાલે નીચે પ્રમાણે લખી મોકલ્યું :

**''मेरी राय में स्टोकहोम के अपील पर हम में से किसी को हस्ताक्षर नहीं देने चाहिये । अणुबोम के बारे में हमारी राय तो साफ है और इसको बारबार कहा गया है । लेकिन स्टोकहोम के अपील में और बातें भी बंधी हुई है जिस से लोग अनुचित लाभ उठाते हैं ।**

**ता. ३१-१-५१ )** **जवाहरलाल नेहरु**

❑

**● તા. ૨-૨-૫૧ : સરખેજ**

અમદાવાદથી નીકળી સરખેજ આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. શાન્તિ સમિતિના એક ભાઈ મળવા આવ્યા હતા.

**● તા. ૩-૨-૫૧ : સાણંદ**

સરખેજથી નીકળી સાણંદ આવ્યા. અંતર આઠ માઈલ. ઉતારો દવાખાનાના મેડા ઉપર રાખ્યો હતો. આજે સાણંદ પરગણાના ૩૨ ગામના ભંગી ભાઈઓ એકત્ર થયા હતા તેમાં મહારાજશ્રીએ કેટલુંક માર્ગદર્શન આપ્યું હતું.

**● તા. ૪-૨-૫૧ : છારોડી**

સાણંદથી નીકળી છારોડી આવ્યા. અંતર સાડા આઠ માઈલ. નિવાસ ઉપાશ્રયમાં રાખ્યો હતો. બપોરના જાહેરસભા થઈ હતી.

**● તા. ૫-૨-૫૧ : ચોરવડોદરા**

સાણંદથી નીકળી દેદિર ગામે થોડું રોકાઈ ચોર વડોદરા આવ્યા. રાત્રે સભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે ચોર વડોદરા નામ આપણા માટે કલંકરૂપ છે, એ નામ બદલાવવા તમે પ્રયત્ન શરૂ કર્યો છે, પણ સાથે સાથે કામ પણ બદલવાં પડશે. ઘણા વખતની પડેલી ટેવો કાઢતાં વાર લાગે, પણ તે માટે તમારે પુરુષાર્થની સાથે ઈશ્વરની પ્રાર્થના પણ કરવી જોઈએ. ઉપરાંત કેવળ ઈશ્વરનું નામ લીધે પણ નહીં ચાલે, દિલનો પસ્તાવો પણ થવો જોઈએ. રસ્તો ભૂલ્યા હોય તો ગમે તેટલા આગળ ચાલ્યા હોઈએ તોપણ પાછા વળવું પડશે. દેશના સંયોગો પણ બદલાયા છે. તેને સામે રાખી નીતિ અને ન્યાયથી જીવીશું તો આપણે સુખી થઈશું.

**● તા. ૬-૨-૫૧ : જખવાડા**

ચોરવડોદરાથી નીકળી જખવાડા આવ્યા. અંતર સાત માઈલ હશે. રાત્રે 'આજની પરિસ્થિતિમાં હિંદનું સ્થાન' એ વિષય ઉપર પ્રવચન થયું.

**● તા. ૭-૨-૫૧ થી ૧૧-૨-૫૧ : વિરમગામ**

જખવાડાથી નીકળી વિરમગામ આવ્યા. અંતર છ માઈલ. ઉતારો કોંગ્રેસ સમિતિમાં રાખ્યો હતો. આ વખતે બહુ પ્રવચનો ન કરતાં મુખ્ય મુખ્ય સંસ્થાઓ અને કાર્યકરોને મળવાનું અને તેનો અભ્યાસ કરવાનો કાર્યક્રમ રાખ્યો હતો, રાત્રે પ્રાર્થના સભામાં હરિજન છાત્રાલયના વિદ્યાર્થીઓ આવ્યા હતા.

એક દિવસ બપોરના ૩ થી ૪ પરકોટામાં બાલમંદિરની મુલાકાત લીધી. બાળકોએ પોતાનો કાર્યક્રમ બતાવ્યો પછી મહારાજશ્રીએ સરળ ભાષામાં બાળકો ઈશ્વરને કઈ રીતે ઓળખે તે સમજાવ્યું હતું.વાલીઓને પણ યોગ્ય સૂચનો કર્યાં હતાં.

અહીંના કાર્યક્રમ પછી હરિજન છાત્રાલયની મિટિંગમાં હાજરી આપી કેટલાંક સૂચનો કર્યાં. છાત્રાલયનું નામ ઠક્કરબાપા રાખવા સૂચવ્યું. રાત્રે ભંગીવાસમાં જાહેરસભા રાખી હતી. પ્રથમ બાળકોએ સ્વાગત ગીત ગાયું. પછી મહારાજશ્રીએ જણાવ્યું કે, મને ઘણો આનંદ થાય છે કે પ્રથમ પ્રવચન ઋષિ (ભંગી)વાસમાં થાય છે. ચિત્ર બહુ ઝાંખું છે પણ કોઈ દિવસ પ્રકાશશે એમ આશા હું રાખી રહ્યો છું. સૃષ્ટિનો એક નિયમ છે કે જે માણસ બહુ નીચો પડે છે તે કોઈ દિવસ ઊંચે પણ ચઢે છે. બાઈબલમાં એક વચન છે કે, 'હે દરિદ્રીઓ ! તમે આનંદ પામો દેવનું રાજ્ય તમારા માટે છે.' આનો એ અર્થ નથી કે આપણે દરિદ્ર રહેવું, પણ જે લોકોથી ફેંકાઈને દરિદ્ર બને છે તેને ઈશ્વર વધુ યાદ કરે છે. સ્વરાજ્ય આવ્યું ત્યારે કલ્પના હતી કે બધાં એક થઈને રહીશું. પણ બીજું વરસ ચાલે છે છતાં આપણા છૂટાં પડેલાં ભાંડુઓને એક નથી કરી શક્યા. કાયદા કરીને સંતોષ માની લીધો છે. જેના વડવાઓ દેવું કરીને ગુજરી ગયા છે, તેના સુપુત્રો એ દેવું પૂરું ન થાય ત્યાં સુધી નિરાંતે ઊંઘ લઈ શકતા નથી. આપણે સાચા સુપુત્રો હોઈએ તો જે દેવું કર્યું છે, અસ્પૃશ્યતાનું તેને ફેડ્યા સિવાય કેમ રહી શકીએ ? આજે આપણું ચેતન ચાલ્યું ગયું હોય તેવા ઢીલા બની ગયા

છીએ. જે દિવસે ઋષિવાસમાં સભા હોય ત્યારે કસ્બાની કે નગરની વધુમાં વધુ સંખ્યા હાજર હોય એટલું જ નહિ તેમને મન ઉત્સવ હોય તેવો દિવસ આવશે ત્યારે સાંભળવામાં અને કહેવામાં વધુ રસ આવશે. હતાશ થવાની જરૂર નથી. જાગ્રત થવાની જરૂર છે.

**● તા. ૯-૨-૫૧ :**

આજનું પ્રવચન માંડલીયા ફળીમાં રાખ્યું હતુ. આજે પૂ. રવિશંકર મહારાજ આવ્યા હતા. એટલે એમનો લાભ પણ મળ્યો હતો.

**● તા. ૧૦-૨-૫૧ :**

આજની જાહેર સભા હરિજન છાત્રાલયના ચોકમાં રાખી હતી. રવિશંકર દાદાએ પ્રવચન કર્યું હતું.

**● તા. ૧૧-૨-૫૧ :**

સવારના વેપારીઓની મિટિંગ રાખી હતી. તે પછી શિક્ષકોની મિટિંગ થઈ. ૧૦ થી ૧૧ વ્યાયામશાળાના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ રાખ્યો હતો તેમાં કોંગ્રેસ સામે ઠીક ઠીક અસંતોષ હતો. મહારાજશ્રીએ સમજાવ્યા હતા.

બપોરના ૩-૩૦ વાગ્યે તાલુકાના કાર્યકરોની મિટિંગ રાખી હતી તેમાં મુખ્ય પ્રશ્ન કંટ્રોલ કાઢી નાખવા અંગેનો હતો. આ માટે ગામડાના નક્કર આંકડા અને સ્વૈચ્છિક સહાયો લેવાનું નક્કી થયું. છેલ્લી જાહેરસભા સુથારફળી ચોકમાં થઈ તેમાં મહારાજશ્રીએ અહીંના ચાર દિવસના નિવાસ દરમિયાન જે જોયું જાણ્યું તેનો નિચોડ કહ્યો. લોકોએ ખૂબ જ સહકાર આપ્યો અને લાભ લીધો.

**● તા. ૧૨-૨-૫૧ : ધાકડી**

વિરમગામથી નીકળી ધાકડી આવ્યા. અંતર છ માઈલ. ઉતારો ચોરામાં. બપોરના સભા થઈ હતી. ત્યાંથી નીકળી વઘાડા આવ્યા, અંતર ચાર માઈલ હશે.

**● તા. ૧૩-૨-૫૧ : માંડલ**

વઘાડાથી નીકળી માંડલ આવ્યા. અંતર સાડા પાંચ માઈલ. ઉતારો વિદ્યામંદિરમાં રાખ્યો હતો. બપોરના ૩ થી ૪ મહાજનમાં પ્રશ્નોત્તરી રાખી હતી ત્યાંથી હરિજનવાસમાં ગયા હતા.

● તા. ૧૪-૨-૫૧ : દસાડા

માંડલથી નીકળી દસાડા આવ્યા. અંતર છ માઈલ હશે. હરિજનવાસની મુલાકાત લઈ મહારાજશ્રીએ વ્યસન નહિ કરવા અને માંસાહાર છોડવાનું કહ્યું. ત્યાં ૨૮ ભાઈઓએ જિંદગીપર્યંત માંસાહાર ન કરવાની પ્રતિજ્ઞા કરી.

## શ્રી રવિશંકર મહારાજના પ્રદેશ બનાસકાંઠાનો પ્રવાસ

બનાસકાંઠાના ખેડૂતોનો ખૂબ આગ્રહ, શ્રી રવિશંકર મહારાજ એ પ્રદેશમાં કામ કરે, અને ગઈ સાલ ભાલના ખેડૂતોએ બનાસકાંઠાને બી આપેલું તેથી વધેલા સંબંધો, એ બધું જોતાં મહારાજશ્રીનો પ્રવાસ થોડા વખત માટે બનાસકાંઠામાં ગોઠવાયો હતો.

● તા. ૧૪-૨-૫૧ : દસાડા

● તા. ૧૫-૨-૫૧ : પંચાસર

દસાડાથી પ્રવાસ કરતા કરતા અમે પંચાસર આવ્યા. અહીંથી વઢિયાર પ્રદેશ શરૂ થાય છે. આખો પ્રદેશ ભાલના જેવો ખારો છે. જમીનતળ ખારાં હોવાને કારણે કૂવા થઈ શકતા નથી. પણ અહીં એક વેપારીએ હમણાં બોરિંગ કરાવ્યું છે. ૩૦૦ ફૂટ નીચેથી ઊછળતું મીઠું પાણી આવ્યું છે. આ પાણી ખેતીને માફક હોવાથી તેમણે સુંદર ખેતી કરી છે. નવાબીના વખતમાં અહીં વીસપચીસ સાંતી હતાં. જમીન પડતર રહેતી અને લોકો મજૂરી કરીને જીવતા પણ કોંગ્રેસ સરકાર આવ્યા પછી અને મહારાજશ્રીના પ્રયત્નથી લગભગ ૧૨૫ સાંતી થયાં છે. સરકારે મફત જમીન, બળદો માટે તગાવી, બી માટે તગાવી અને બીજી ઘણી રાહત આપી છે એટલે આ સ્થિતિ આવી છે.

અહીંનું એક વેપારી કુટુંબ સેવાની ભાવનાવાળું છે. દુષ્કાળમાં મહારાજને એણે ઠીકઠીક મદદ કરી હતી. તેઓ એક ધર્માદા દવાખાનું પણ ચલાવે છે.

આ દવાખાનાના નવા મકાનની ઉદ્‌ઘાટન વિધિ પૂ. રવિશંકર મહારાજના હાથે થઈ. ત્યાં આગળ પ્રવચન કરતાં તેમણે જણાવ્યું કે : ''શાસ્ત્રોએ આપણને કહ્યું કે યજ્ઞ કરીને ખાઓ. યજ્ઞ એટલે નીતિનું, મહેનત કરીને ખાવું તે. એનો બીજો અર્થ ઘસાઈ છૂટવું પણ થાય છે. મહેનત કર્યા સિવાય ખાય તે ચોર છે, એમ ગીતા કહે છે. પણ સમાજ જુદી જુદી કક્ષાનો બનેલો હોવાથી બધા

માણસો મહેનતનું કામ નહિ કરી શકે. એવા માણસો જો ઘસાવાની વૃત્તિ રાખે, બીજાને માટે કંઈક કરી છૂટવાની વૃત્તિ રાખે તો એ પણ એક પ્રકારનો યજ્ઞ છે. આ દવાખાનું પણ એવી વૃત્તિમાંથી જન્મ્યું છે; તેથી મને આનંદ થાય છે."

મુનિશ્રી સંતબાલજીએ જણાવ્યું કે : "માણસ જન્મે છે ત્યારે કંઈક સામગ્રી લઈને આવે છે. એને આપણે પુણ્યપાપ કહીએ છીએ. એ પુણ્ય એકલો ન ભોગવી શકે. બીજાને પણ આપે. એ વૃત્તિમાંથી સેવા આવી છે. પણ આજે જુદું છે. માણસ કમાતો થાય છે તેમ કંજૂસ થતો જાય છે. એને ધનનો રોગ લાગુ પડ્યો છે. આમાંથી બચવા જો ઘસાઈ છૂટવાનો મંત્ર અપનાવી લઈએ તો સુખ અને શાંતિ મેળવી શકીએ. આ દવાખાનું ચલાવવા શેઠ પૈસા આપશે પણ પ્રાણ તો ડૉક્ટરો છે. અહીં જે ડૉક્ટર મળ્યા છે તે જરૂરિયાત તો લે, પણ એવી દૃષ્ટિ રાખે કે લોકો તંદુરસ્ત કેમ બને, અને કેમ સુખેથી જીવન જીવી શકે. આજે ડૉક્ટરો ઉપર એક આક્ષેપ છે કે લોકો માંદા કેમ પડે અને હું વધારે પૈસા કમાઉં. આ આક્ષેપને અહીંના ડૉક્ટર ખોટો પાડશે એવી આશા રાખીએ. પહેલાંના વખતમાં આપણે આરોગ્ય કેમ રહે તેને માટે નિયમો પાળતા. સૂતી વખતે ભગવાનનું નામ લેતા અને ઊઠતી વખતે સૂર્યદાદાનાં દર્શન કરતા અને કહેતા : તારા જેવો તેજસ્વી બનાવ. આજે ડૉક્ટરદાદાને કહીએ છીએ; દવા આપીને તેજસ્વી બનાવ. હાથે કરીને દર્દ ઊભાં કરીએ છીએ; અને સહેવાની ધીરજ નથી એટલે ઇંજેક્સનની માગણી કરીએ છીએ. આજનાં વ્યસનો એ માંદા પડવાની દવા છે. ચા અને બીડી મુખ્ય વ્યસન છે. તેની પાછળ બીજાં આવે છે. એમાંથી જો નહિ બચીએ તો ગમે તેટલાં દવાખાનાં કરીશું તોપણ તંદુરસ્ત નહિ રહી શકીએ.

**● તા. ૧૬-૨-૫૧ : શંખેશ્વર**

પંચાસરથી શંખેશ્વર આવ્યા. આ ગામ જૈન લોકોનું યાત્રાધામ છે. અહીં બહુ જૂના વખતની એક મૂર્તિ છે. લોકો તેમને દાદા નામથી સંબોધે છે. યાત્રાળુ માટે ભોજનશાળા ચાલે છે. કાર્તિકી પૂનમ અને ચૈત્રી પૂનમે મોટો મેળો ભરાય છે ત્યારે તેની વિશાળ ધર્મશાળાઓ ઊભરાઈ જાય છે. આ બાજુના બધા ગામોમાં ભાલના ઘઉં મળવાથી લોકો ખૂબ રાજી થતા હતા. તેઓ કહેતા કે : "જો અમને એ ઘઉં ના મળ્યા હોત તો અમારી બધી જમીન પડતર રહેત. હવે

સરકારને અમે પહેલે ધડાકે બદલો આપી દઈશું.'' આ ધઉંની લોકો ઉપર કેટલી બધી અસર હતી તે નીચેના પ્રસંગ ઉપરથી જણાઈ આવે છે.

અમો એક ગામને પાદરે થઈને ચાલ્યા જતા હતા. લોકો અમને બહુ ઓળખતા નહોતા. તે વખતે એક માણસ જંગલ જઈને આવતો હતા તેમને કોઈએ કહ્યું : ''આ રવિશંકર મહારાજ અને સંતબાલજી મહારાજ જાય છે. એટલે એ દોડ્યો પાછળ. અંતરમાં ખૂબ ભાવ પણ કંઈ બોલી શક્યો નહિ. દાદાએ બે ચાર વખત કહ્યું : 'પાછા જાવ' પણ શેનો જાય ? થોડો વખત ઊભો રહે ને વળી પાછો ચાલે. છેલ્લે બહુ આગ્રહ કર્યો ત્યારે ઘણી ખમ્મા અન્નદાતાને એમ સલામ કરતાં કરતાં થોભ્યો અને અમો દેખાયા ત્યાં સુધી સ્થિર ઊભો રહીને તાકી જ રહ્યો.

**● તા. ૧૭-૨-૫૧ : મુજપુર**

શંખેશ્વરથી મુજપર થઈ સમી આવવા નીકળ્યા. રસ્તામાં લોટેશ્વર મહાદેવની જગ્યા આવી. અહીં પથ્થરથી બાંધેલા જૂના વખતના ચાર કુંડ છે અને વચ્ચે કૂવો છે. ગામને ફરતો જૂનો કિલ્લો છે. અહીં પણ ચૈત્ર માસમાં મોટો મેળો ભરાય છે અને ભૂતપલીત કઢાવનારાં અસંખ્ય વહેમી લોકો એકત્ર થાય છે.

**● તા. ૧૮-૨-૫૧ : સમી**

લોટેશ્વરથી સમી થઈ વરાણા આવ્યા. આખો રસ્તો જંગલી બાવળોનાં અસંખ્ય વૃક્ષોમાંથી પસાર થયો. રસ્તામાં પુષ્કળ ધૂળ અને તે પણ એટલી બારીક કે પગ મૂકીએ એટલે નીચેથી સરકીને ચારે બાજુ ઊડે. બાવળનો ઉપયોગ લોકો કોલસા પાડવામાં કરે છે. નવાબના વખતમાં તો એક જ પોતાની માનીતી વ્યક્તિને કૉન્ટ્રાક્ટ અપાતો. તે હવે બંધ થયો છે. પણ સરકાર બાવળ કાપનાર પાસેથી કંઈક રકમ લેવા ઇચ્છતી હતી. એટલે દાદાએ પ્રયત્ન કર્યો. તેમણે કહ્યું કે : ''દુષ્કાળમાં લોકોનો આના ઉપર જ જીવનઆધાર છે. એ નહિ કાપવા દો તો એના જેટલા પૈસા આવશે તેટલા ઉઘરાવનાર ખાઈ જશે અને લોકોને બેઠાં બેઠાં ખાવાનું આપવું પડશે તે જુદું.'' આ વાત સરકારને ગળે ઊતરી અને છૂટ અપાઈ. આજે એનો લાભ ગરીબ માણસો સારા પ્રમાણમાં લઈ રહ્યાં છે. જ્યાં જુઓ ત્યાં કોલસાની ભઠ્ઠીઓ ચાલતી જ દેખાય. આ ગામમાં દાદાના પ્રયત્નથી

બોરિંગ થયું છે. આવું એની મેળે નીકળતું પાણી આ લોકોએ પ્રથમ જ જોયેલું એટલે લોકો વધામણાં દેવા આવેલા. પાણી મીઠું છે પણ આ હજારો ગેલન પાણીનો ઉપયોગ સ્થાનિક લોકો ખેતી માટે નથી કરતા, એટલું સારું છે કે હમણાં બહાર ગામના કણબી આવ્યા છે તેમણે ઉપયોગ કરવા માંડ્યો છે. અહીં ખોડિયાર માતાનું એક પ્રખ્યાત જૂનું સ્થાનક છે. આ માતા પારણું બંધાવે છે એવી માન્યતાથી લોકો બાધા કરવા આવે છે. આજુબાજુના ગામોની બહેનો ચૈત્ર સુદી બીજથી ચૈત્રી પૂનમ સુધી વધામણાં દેવા આવે છે.

* * *

મુજપરથી લોટેશ્વર મહાદેવ આવ્યા. અહીં ચૈત્ર માસમાં મોટો મેળો ભરાય છે. ભૂતપિશાચ કાઢે છે. અહીં થોડું રોકાઈ સમી આવ્યા. અંતર નવ માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અહીં વેડછીવાળા ચુનીભાઈ મહેતા મળવા આવ્યા, રાત્રિસભામાં પૂ. રવિશંકર દાદાએ કહ્યું કે :

મુનિશ્રી સંતબાલજી જૈન સંપ્રદાયના સાધુ છે. એમણે દીક્ષા ગ્રહણ કરી પરિવ્રાજક થઈ પ્રવાસ કરતા હતા. પણ એમને લાગ્યું કે દુનિયામાં દરેક માણસ પોતાના માની લીધેલા વાડામાં રહે છે અને કલહ ઉત્પન્ન કરે છે. એ વાડાના વડાઓ મહાન હતા. તેમણે ચિંતવન કરીને પ્રજાના કલ્યાણ માટે સિદ્ધાંતો આપ્યા. પણ આપણે ન સમજ્યા.

મુનિશ્રીને એક વસ્તુ જડી કે દુનિયામાં પ્રેમ સિવાય કોઈ મોટી વસ્તુ નથી એ માટે એમણે **વાત્સલ્ય** શબ્દ પસંદ કર્યો. પ્રેમ સિવાય વાત્સલ્ય ન લાવી શકાય અને વસ્તુની ખૂબી જાણીએ ત્યારે પ્રેમ આવે. વનસ્પતિ ઉપર પગ દઈને ચાલીએ છીએ, પણ કોઈ વૈદ એ વનસ્પતિની ખૂબી બતાવે કે તેનાથી આ દુઃખ મટે છે તો પગ નહીં મૂકીએ. તેમ મુનિશ્રીએ સર્વધર્મનો અભ્યાસ કર્યો, ખૂબીઓ જાણી અને પોતાના ધર્મમાં સ્થિર રહીને સર્વધર્મની ઉપાસના કરે છે. તેમણે બતાવેલી પ્રાર્થના રોજ સવાર સાંજ બોલાય છે. સર્વધર્મ સેવા કરવી એમાં મહાવીર મહાતપસ્વી થઈ ગયા તે, બુદ્ધ, કૃષ્ણ, રામ, ઈશુ, હજરત સાહેબ, બધા મહાપુરુષોનો ભાવ જોઈએ છીએ ત્યારે ભક્તિ ઉત્પન્ન થાય છે. કોઈ ધર્મ ખરાબ નથી. આવી વૃત્તિ ઊભી ન થાય ત્યારે ઝઘડા થાય છે. વળી તેઓ કહે છે વિશ્વશાન્તિ લાવવા પ્રેમ લાવવા નાતજાતના, પોષાક અને શિષ્ટાચારો

વિકાસમાં આડે આવતા નથી. દરેક શિષ્ટાચાર પાળવા છતાં વિકાસ કરે છે. મુનિશ્રી પગે જ પ્રવાસ કરે છે. રાધનપુર થઈ પાલનપુર, સાબરકાંઠા ફરીને પછી અસલ સ્થાન ભાલમાં જશે. પ્રજાને કેમ લાભ મળે તેના માટે એક વિચારસરણી નક્કી થઈ છે. કેટલાક માણસો બોલે છે, પણ મહારાજશ્રી સદાચારી થાઓ પવિત્ર થાઓ એમ માત્ર બોલતા નથી, પણ તેવા બની શકાય તે માટે ચોક્કસ કામો પણ કરે છે. પોતે પછાત વર્ગની સેવા કરી શકે તેટલા માટે એકલા વિહાર કરે છે. ભાલનળકાંઠા પ્રદેશ નપાણીઓ છે. તેઓ માત્ર ઉપદેશ આપીને બેસી ન રહ્યા.ભૂખ્યાને રોટલો કેમ મળે અને રોટલો મળ્યા પછી માણસ પાપી ન બની જાય, તે માટે ધર્મનું ચિંતન પણ વધે એ માટે બે બાજુથી કામ શરૂ કર્યું. તળાવ ઊંડાં કરાવ્યાં, પાણી વહી ન જાય માટે બંધ બાંધવાની પ્રેરણા આપી. એક ભાઈની મદદથી જલસહાયક સમિતિની શરૂઆત કરી. પીવાના પાણીની, તળાવની વગેરે સગવડતા કરી. સાથે સાથે એમણે સામાજિક સુધારા કરાવ્યા. મોટી મોટી સભાઓ બોલાવી આખી કોમનું નામ બદલાવ્યું. દારૂ, માંસ છોડાવ્યાં. ચા-બીડી છોડાવી, લગ્નના ધારા ઘડી આપ્યા. મહારાજના માણસો કામ કરે તો લોકલ બોર્ડ કરતાં સસ્તું અને સારું કામ કરી બતાવે એટલે સરકારે પણ મદદ આપી. દુષ્કાળ પાર ઉતરાવ્યો. ઘાસ, તેલ, ગોળની દુકાનો કરાવી. ભણતા છોકરાઓને દુષ્કાળમાં મદદ માટે બોલાવ્યા. થોડી ભૂલો કરી તે બરદાસ્ત કરી, જ્યાં જરૂર હતી ત્યાં ઘાસ નીરણ અપાવ્યું. ખેડૂતો નિસ્તેજ ના થઈ જાય તે માટે ઘઉં પાક્યા ત્યારે પ્રતિદાન માગ્યું મને કહ્યું કે, તમારે જોઈએ તો રૂપિયા લઈ જાઓ. મારે જરૂર નથી.

પોતે આટલી બધી પ્રવૃત્તિ કરે છે છતાં આત્મભાન ન ભૂલાય એટલી કાળજી રાખે છે. હમણાં જ આપણે ત્યાં (રાધનપુર વિભાગમાં) ઘઉંની તંગી પડી ત્યારે હું મૂંઝવણમાં હતો. મહારાજશ્રી મારી મૂંઝવણ સમજી ગયા, તેમણે મને લખ્યું, હું તમને એક લાખ મણ બીના ઘઉં ખેડૂતો પાસેથી અપાવીશ. મને આશા નહોતી પણ અચંબા સાથે તે મળ્યા. ખેડૂતોએ બાંધેલા જ ભાવે, હળ છોડીને કુંવળમાંથી ઘઉં કાઢી આપ્યા. પાંસઠ હજાર મણ અહીં લાવ્યા, એંશી હજાર મણ સરકારને આપ્યા. ખેડૂતો ઉપર બહુ અસર તેમની છે. ખેડૂત મંડળ સ્થાપ્યું છે, મોટા પાયા પર, પણ તેમનો સિદ્ધાંત છે નીતિ અને ત્યાગ.

પૂ. દાદાના પ્રવચન પછી સંતબાલજી મહારાજે કહ્યું : દાદાને લીધે મને બનાસકાંઠાનું આકર્ષણ રહ્યા કરતું હતું. ખેડૂતોનો આગ્રહ અને મારી ઈચ્છાથી આવવાનું થયું છે. હિંદ આઝાદ થયું છે. હિંદુ શબ્દ એ કોમવાચક નથી. મક્કાના મુસલમાનો જે છે તેય હિંદુ કહે છે, દેશવાચી નામ છે. રાધનપુર નવાબનું રાજ્ય હતું. અહીં બે કોમો પ્રેમથી રહેતી, પણ છેલ્લા કાળમાં મતભેદ ઊભા થયા. આ મતભેદ ધર્મના નહોતા પણ સ્વાર્થના હતા.

બીજી વાત આ પ્રદેશમાં ચોરી બહુ વધી ગઈ છે. એ ચોરી લોક જાગૃતિથી, અસહકાર કરવાથી કાયમી અટકશે. પોલીસથી નહિ અટકે.

ત્રીજી વાત બી સંબંધની. દાદા ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખ છે. તેમની નૈતિકતાથી ઘઉં મળ્યા છે. જો બીજા કોઈને જોઈતા હોત તો હું કહેત તોપણ આપત કે કેમ એ સવાલ હતો. પહાડ ઈશ્વરનો માનવો જોઈએ.

## વેડછી આશ્રમના શ્રી ચુનીભાઈ મહેતા સાથેની પ્રશ્નોત્તરી

*(હમણાં સૂરત જિલ્લાના વેડછી આશ્રમમાં શ્રી જુગતરામભાઈના સૌથી જૂના સાથી ચુનીભાઈ મળવા આવ્યા હતા. તેઓ હાલમાં સેવક ટુકડી સાથે માંડવી તાલુકામાં પગપાળા પ્રવાસ કરે છે. તેમણે પ્રત્યેક ગામને સારુ અગિયાર અગિયાર દિવસ નક્કી કરેલા છે. તેવાં ચાર-પાંચ ગામોના પ્રવાસાનુભવો પણ તેઓ લાવ્યા હતા. એ પ્રવાસાનુભવો પૈકીના કેટલાક માર્ગદર્શક બને તેવા છે. સૌરાષ્ટ્રમાં શ્રી આત્મારામ ભટ્ટે અને એક બીજા ભાઈએ પણ પગપાળા પ્રવાસનો કાર્યક્રમ યોજ્યો છે. આ અંગે અહીં હું કશું નહિ લખું; પણ તેમણે જે પ્રશ્નો પૂછ્યા તે સંબંધે મેં તથા રવિશંકર મહારાજશ્રીએ કહ્યું, તેનો સાર મારી ઢબે અહીં આપી દઉં છું.)*

**પ્રશ્ન :** વ્યક્તિગત પ્રાર્થનામાં એકાગ્રતા આવતી હોય એમ લાગે છે પણ સામુદાયિક પ્રાર્થનામાં તો દેખાવ કરવા જેવું બની જતું લાગે છે, એ વિષે આપ કંઈક કહો.

**ઉત્તર :** વ્યક્તિગત પ્રાર્થના પણ જો કાયમની થઈ જાય તો એમાં એકાગ્રતા રહે જ, એવું ન કહી શકાય. ખરી રીતે પ્રાર્થના સ્વયંભૂ હોવી જોઈએ, અને તેવી સ્વયંભૂ પ્રાર્થના કોઈક જ વાર થાય; પરંતુ એમ છતાં પ્રાર્થનાની ટેવ રાખવા તે સારી વસ્તુ છે. મનને એકાગ્ર કરવાનો યત્ન કરવા છતાં એકાગ્ર ન રહે; તોપણ પ્રાર્થના ચાલુ રાખવી, એવો મારો મત છે. તાત્કાલિક લાભ ન દેખાય, તોયે પછીનાં કાર્યોમાં એનો

પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. સામુદાયિક પ્રાર્થનાનું મહત્ત્વ હું એ રીતે આંકું છું કે તેથી સામુદાયિક વાતાવરણની જમાવટ થાય છે. અંગત સમાધાન માટે સૌ એકાંતમાં વ્યક્તિગત પ્રાર્થના ભલે કરે; પણ સામાજિક કામો માટે સામુદાયિક પ્રાર્થનાને હું અનિવાર્ય જરૂરી માનું છું અને આ રીતે સમાજસેવકે બન્ને પ્રકારની પ્રાર્થના કરવી જોઈએ.

રવિશંકર મહારાજ પોતાનો અનુભવ ટાંકીને મહારાજે અહીં જણાવ્યું કે : 'करतल पृष्ठे' હું બોલી જતો; પૂરું સમજતો પણ નહોતો, છતાં એ ટેવ હતી. જેલમાં દળવાનું આવ્યું ત્યારે એ પ્રાર્થનાએ મને નવું જોમ આપ્યું. હાથની બન્ને બાજુની તેજસ્વિતાનું ખરું રહસ્ય મને ત્યારે સમજાયું. મને લાગે છે કે મનના મળને કાઢવાને માટે વિહિત કર્મો કરવાં જોઈએ. મળ નીકળ્યા પછી ચિત્તશુદ્ધિ થાય છે. ચિત્તશુદ્ધિ પછી જ સાચી પ્રાર્થના થાય છે. ગજેંદ્ર, દ્રૌપદી વગેરે ભક્તોનો જ્યારે એકમાત્ર ભગવાન આધાર થયો અને અભિમાન ગયું ત્યારે જ પ્રાર્થના ફળી. દરેક માણસ આવી પ્રાર્થના દરેક વખતે ન કરી શકે; એમ છતાં પ્રાર્થનાની ટેવ રાખવી સારી છે.

**પ્રશ્ન :** ધ્યાનમાં અવલંબનની જરૂર ખરી ? ધ્યાન વિષે કંઈક કહો.

**ઉત્તર :** હું પોતે પદસ્થ ધ્યાન ઉપર એટલે કે 'જપ' ઉપર વધુ જોર આપું છું. ધ્યાનનું એવું છે કે સૌ પોતપોતાની કક્ષા અને અભિરુચિ પ્રમાણે અવલંબન લે તે ઈચ્છનીય છે. અવલંબનમાં પણ જે વ્યક્તિને ન જોઈ હોય, તેના કરતાં જે વિભૂતિને જોયેલ હોય, તેની શ્રદ્ધા વધુ પ્રેરણાદાયક નીવડે છે. માણસે લક્ષ્ય તો સદ્‌ગુણો તરફ જ રાખવું જોઈએ, પણ અવલંબનમાં ભલે કોઈ પ્રતીક રાખે. મીરાંબાઈ પાસે શાલિગ્રામ (પ્રથમ) હતા, પણ ધ્યાન તો 'वासुदेवमयं सर्वं' હતું અને તો જ તે પ્રાપ્ત થયું અને સ્થૂળ શાલિગ્રામ છૂટી ગયા.

**રવિશંકર મહારાજ :** મને લાગે છે કે જપ એટલે નામોચ્ચાર જ નહિ, પણ લગન. ધનની જેને લગન હોય, તે ધનનું નામ લે કે ન લે, પણ તેને મેળવવાનો રાત્રિદિન પ્રયત્ન કર્યા જ કરે છે; કારણ કે એની એને લગન છે. ગીતામાં કહ્યું છે : "सततं चिन्तयन्तो मां" જેનું જે સતત ચિંતવન કરે, તેને તેનો સાક્ષાત્કાર થાય જ છે. જોકે એ એકાગ્રતા સ્થૂળમાં ન જમાવતાં આત્મા ભણી જ વાળવી જોઈએ, તો જ તેને 'યોગ' કહી શકાય. ગીતામાં 'ચિંતવન કરનારને ભગવાન બુદ્ધિયોગ આપે છે.' તે વાત એથી જ કહેવામાં આવી હોય એમ જણાય છે.

**પ્રશ્ન :** ઈશ્વર ફળ આપે છે ? મારો પોતાનો જ અનુભવ કહું કે સન ૧૯૪૨માં જેલમાં જવાનું આવ્યું. સેવકોને તે વખતે ક્યાંયથી કશું મળે તેમ નહોતું. કુટુંબ માટે

શું ? હું મૂંઝવણમાં હતો, ત્યાં સ્ટેશન પર એક ભાઈ અચાનક મળ્યા અને કહ્યું : "આપ જેલમાં જવાના છો; હું જેલમાં જઈ શકું તેમ નથી, માટે આપના કુટુંબની જરૂરિયાત આપવાનો લાભ મને આપો." આ માણસે કશાય બદલા વિના જેલ દરમિયાન નિયમિત મદદ મોકલ્યાં જ કરી. મારી પુત્રીની માંદગીમાં પણ પ્રભુએ પ્રાર્થના સાંભળી હોય એવો સાક્ષાત્કાર જણાયો.

**ઉત્તર :** ઈશ્વર ફળ આપે છે; એમ નહિ પણ કર્મકાનૂનથી આખું વિશ્વ સભર છે. અરસપરસ એકમેકનું જોડાણ એ તો નિમિત્તમાત્ર છે. આપણે એક ઠેકાણે વાવીએ અને બીજે ઠેકાણે એનું ફળ મળતું જણાય, પણ બધું જ સહેતુક બન્યા કરે છે. આપણે એને ચમત્કાર માની લઈએ છીએ, પણ એ ચમત્કાર નહિ, સ્વાભાવિક નિયમબદ્ધ ઘટના છે.

રવિશંકર મહારાજશ્રીએ પોતાના બે અનુભવો કહ્યા : 'એક વખત હું સડક પર પાણીમાં ચાલ્યો જતો હતો. અચાનક નીચે નાળ ઊતરવાનું મન થયું. ત્યાં ખેતરમાં એક બાઈ કોઈની વાટ જોઈને ઊભી હતી. ગામ બહુ દૂર હતું અને ભારો ચઢાવવાનો હતો. મને કહ્યું ને મેં ચઢાવ્યો. અને તુરત મને પાછું સડક ઉપર ચાલવાનું મન થયું. ખરી રીતે નીચે પાણી વધુ જ હોય છતાં હું શા માટે ચાલ્યો ?

બીજી વાત કહું : એકદા હું ગામડે જવા ઇચ્છતો હતો. એક ભાઈએ ખબર આપી કે 'નદીમાં પાણી ખૂબ છે.' માંડી વાળ્યું. ત્યાં બીજા ભાઈએ કહ્યું : "પેલો આપની વાટ જોતો હશે." મને થયું કે ત્યારે તો જઉં. હું નદી આગળ પહોંચ્યો અને એક બાઈ તણાય. લોકો બેય કાંઠે ઊભા ઊભા રાડો નાખ્યા કરે, જોયા કરે; પરંતુ મેં તો તુરત અંદર પડીને બાઈને બહાર કાઢી. બરાબર તે જ વખત હું પહોંચ્યો. જો વહેલો પહોંચ્યો હોત તો બાઈનું શું થાત, તે ન કહી શકાય. મેં પછી વિચાર્યું કે બરાબર આ વખતે મને કોણે ત્યાં મોકલ્યો ? કર્મના ધક્કા એવા હોય છે કે જેની આપણને ગમ નથી પડતી, પણ ગીતામાં કહ્યું છે તેમ કેટલીકવાર આ બનાવોમાં આપણે માત્ર બીજા નિમિત્ત જ બનતા હોઈએ છીએ. જોકે કર્મ એ આપણી જ કૃતિ છે અને એ કૃતિનાં ફળો આવ્યા જ કરે છે. ખરી રીતે તો સુખદુઃખમાં એકબીજાને ઉપયોગી થવાનો પ્રયત્ન કરવામાં જે સહજસેવા કે સમભાવ રહે છે તે જ આપણો સાચો પુરુષાર્થ. – **સંતબાલ**

**● તા. ૧૯-૨-૫૧ : બાસપા**

વરાણાથી સરસ્વતી નદી ઓળંગી અમે બાસપા આવ્યા. અહીં પણ દાદાના પ્રયત્નથી બોરિંગ થયું છે. પાણી મીઠું છે પણ લોકો ખેતીમાં ઉપયોગ કરતા

નથી. આ બાજુ દરેક ગામે ખાતરના એટલા મોટા ઢગ પડ્યા હોય છે કે જાણે મોટો ડુંગર હોય તેવો દેખાવ લાગે છે. પણ પરિસ્થિતિ અને બીજાં કારણોને લીધે લોકો તેનો ઉપયોગ નથી કરતા.

**● તા. ૨૦-૨-૫૧ : ગોપનાથ**

બાસપાથી ગોપનાથ આવ્યા. આ બધાં ગામોમાં દાદા અમારી સાથે જ પ્રવાસમાં હતા. અહીંના રસ્તામાં ઘઉંનાં ખેતરો આંખને ઠારી દે તેવાં દીસતાં હતાં. આ પ્રદેશમાં જિલ્લામાં અહીંના ઘઉં વખણાય છે. કારણ કે બનાસ નદી રેલાઈને પોતાનો કાંપ અહીં ઠારે છે. એટલે લાખ મણ ઘઉં આ એક જ ગામ પકવે છે. ગોપનાથી અમો રાધનપુર આવી પહોંચ્યા.

## રોઝ અને તીડ મારવામાં હિંસા ખરી ?

બનાસકાંઠાનાં ગામડાં ખૂબ પુરાણાં છે. તેમાં મૂર્તિપૂજક જૈનોની વસતિ ઠીક ઠીક છે. બહારનો સંપર્ક ઓછો હોવાને કારણે કેટલાંક ગામોમાં રૂઢિચુસ્તતા પણ ખૂબ જોવા મળતી હતી. એવા એક ગામમાં રાત્રિસભા હતી. ત્યાં જૈનોની સંખ્યા ઠીકઠીક હતી. સભામાં મહારાજશ્રીએ પૂછ્યું કે કોઈને કંઈ કહેવું છે ? એટલે એક ભાઈએ પૂછ્યું :

''તીડ અને રોઝ મારવાં એ હિંસા ખરી કે નહિ ? અને હોય તો આ સરકાર શા માટે મરાવે છે ? આપ સરકારને ન મારવાનું જોરપૂર્વક કેમ નથી કહેતા ?''

મહારાજશ્રીએ જણાવ્યું કે આજે દરેક પ્રશ્નને બહુ લાંબી દૃષ્ટિથી જોવો જોઈએ. રોજ કે તીડ મારવાં એ હિંસા છે એમાં કોઈ પણ ના કહી શકશે નહિ. પણ ન મારવું એવું જોરપૂર્વક કહીએ તેની સાથે જ આપણી જવાબદારી પણ ઊભી થાય છે. એ ન ભૂલવું જોઈએ. આજે માત્ર બોલવાથી કે ધન આપવા માત્રથી અહિંસા નહિ પાળી શકાય કે નહિ પળાવી શકાય. જો જવાબદારી ન લઈએ તો આપણને વિરોધ કરવાનો અધિકાર રહેતો નથી. આવું કહ્યું એટલે ચર્ચા થોડી વધારે ઉગ્ર બની. તો પછી આપ એમ કહો છો કે તીડને મારવા દેવાં ?

મહારાજશ્રીએ જણાવ્યું કે હું એક જૈન સાધુ છું. અને પાણીનું ટીપું પણ નકામું ન બગાડવાનું જે ધર્મ કહેતો હોય, જે ધર્મ પાણીના બિંદુમાં પણ અસંખ્ય જીવ (વિજ્ઞાનપૂર્વક) છે એમ માનતો હોય, તે ધર્મનો નમ્ર અનુયાયી, હું હિંસા કરવાનું કેમ કહી શકું ? પણ જ્યાં સુધી મારી પાસે અનાજ બચે અને તીડો પણ બચે એવો કોઈ

ચોક્કસ ઉપાય ના હોય, કોઈ બતાવી પણ ના શકતું હોય ત્યાં સુધી હું સરકારને ક્યા બળ પર અટકાવી શકું ? તીડોનો પ્રશ્ન, રોઝોનો પ્રશ્ન અને વાંદરાઓનો પ્રશ્ન જુદા જુદા પ્રકારે વિચારવા જેવા છે. માત્ર ઇંદ્રિયવિકાસની દૃષ્ટિએ જ નહિ, પણ નવી ઉત્પત્તિ અટકે; જૂનાના નિકાલમાં મુખ્યત્વે અહિંસાની દૃષ્ટિ રાખી નિકાલ કેમ થાય વગેરે વસ્તુ મને ગંભીર વિચારમાં મૂકે છે. હું સ્પષ્ટ માર્ગદર્શન પામી શકતો નથી, ત્યાં લગી જેમ મારવામાં સંમતિ નથી આપતો, તેમ ન મારવાનું પણ ભારપૂર્વક કહેતાં સંકોચાઉં છું. તમે પણ શોધનમાં મને મદદ કરો. જુઓ, રોઝનો પ્રશ્ન મારી પાસે આવ્યો ત્યારે મને જે સૂઝ્યો તે રસ્તો મેં બતાવ્યો કે જો રોઝને બચાવવાં હોય તો મહાજનોએ પોતાના વીડોમાં મોટાં કમ્પાઉન્ડ ઊભાં કરી નર અને માદાને અલગ અલગ રાખી જિંદગીપર્યંત પાળવાં જોઈએ. તેનાથી કામ લેવાય તેવા અખતરા કરવા જોઈએ. જોકે આમાં પણ હિંસા તો છે પણ સરવાળે અહિંસા વધારે છે.

પાટણમાં અમે શ્વાનગૃહ જોયેલું. તેમાં નર અને માદાને રાખવાનાં સ્થાન જુદાં જુદાં હતાં. કારણ એ હતું કે એક વખત ગાયકવાડ સરકારે કૂતરાંને મારી નાખવાનો હુકમ કરેલો ત્યારે ત્યાંના મહાજને કહ્યું : 'આપ ના મારશો. અમે રસ્તો કાઢીએ છીએ.' આ રીતે એમણે બચાવ્યાં પણ હવે પાછા તે ભાઈઓ પણ નિષ્ક્રિય થઈ ગયા છે.

હવે તમે સમજી શકશો કે અહિંસાની વાત ભારે ભોગ માગે છે. અહિંસાનો અર્થ માત્ર ન મારવું એટલો જ થતો નથી, પણ કેવી રીતે જિવાડવું એની જવાબદારી પણ ઊભી કરે છે. આજે આપણે જે જાતનું જીવન જીવતા હોઈએ તેમાં કાંઈ પણ ફેરફાર ન કરીએ, અને પેલા ઉત્પાદક શ્રમજીવીઓને રોટલાના સાંસા પડતા હોય, દેશને અન્નની સખત તંગીની ભીતિ હોય, એવી પરિસ્થિતિમાં આપણે જાતે ખેતીમાં આત્મીયતા પરોવી અન્નોત્પાદનમાં કિમતી અને સર્વસ્પર્શી મદદ ન કરીએ ત્યાં લગી આપણી અહિંસાની વાત અસરકારક ન બને એમ હું જોઉં છું.

જો સાચો વિરોધ હોય તો અસર કેમ ન પડે ? તમે ગૃહસ્થો છો. તમારે જમીન મેળવવી અહીં સહેલી છે. જાતે કરવાની ટેવ ભલે ન હોય, પણ ખેતી અને ગોપાલનમાં મન પરોવો અને પાકને નુકસાન કરતાં પ્રાણીઓને બચાવવાનો પ્રત્યક્ષ અનુભવ કરી બતાવો. આ હું નવી વાત નથી કહેતો. જૈન સૂત્રોમાં આવા શ્રાવકોને જ ઉલ્લેખપાત્ર શ્રમણોપાસક કહ્યા છે. આવું કંઈક કરશો તો સરકાર અને પ્રજાને કંઈક કહી શકાશે. એ બાબતમાં હું તમારી સાથે જ છું. મારું બળ તમારા સક્રિય ટેકા ઉપર આધાર રાખે છે. સરકાર તો પ્રજાનો પડછાયો છે. પ્રજાના સાચા વિરોધને તે ન નકારી શકે.

એક દાખલો લઉં. જુઓ ગામમાં લૂંટારા આવ્યા હોય, આપણે બારણાં બંધ કરી અંદર ઘૂસી જઈએ અને બહાર ધીંગાણું ચાલતું હોય તેવા વખતે કહીએ કે બીચારાને મારશો ના. તો એ વીરની હિંસા નહિ કહેવાય; જૈનની અહિંસા પણ નહિ કહેવાય. કાયરની અહિંસા ભલે કહેવાય. અને એ વાત કોઈ માને પણ નહિ. એ તો જ્યારે છાતી કાઢીને મોખરે પહોંચો અને જૈન ગૃહસ્થની રચનાત્મક અહિંસાનો પરચો લૂંટારાને બતાવો, અને પછી કહો કે ન મારશો તો તમારી અસર વિદ્યુતવેગે થશે. જોકે આ બધી વાતો એ ભાઈઓના ગળે ઊતરી નહિ હોય; કારણ કે તેઓ તો નિષેધાત્મક અહિંસાની અને તેય બિનરચનાત્મક વસ્તુથી ટેવાયેલા જણાતા હતા. પણ આ વિચારે તેમના રૂઢમાનસ પર આંચકો આપ્યો.

અમે બીજા એક ગામે ગયા ત્યાં પણ આ રોઝ અને તીડની વાત પહોંચી ગયેલી. આ મહારાજ તો તીડોને બચાવવાનું કહેતા જ નથી. એવો અર્થ કરી કોઈએ એ તો મારવામાં માને છે એમ પણ ચલાવેલું; એટલે પ્રથમ તો વેપારીઓએ રસ ના લીધો. પણ આ મહારાજ તો બધા વર્ગના રહ્યા એટલે જાગીરદારો, કણબી, કોળી વગેરેએ ખૂબ જ રસ લીધો. તે દરમિયાન અમારે કેટલાક વેપારીઓ સાથે વિગતે વાતો થઈ. ખુલાસો થયો અને તેઓ પસ્તાતા જણાયા. બપોરના જાહેરસભા પછી જ્યારે સાંજના અમારે બીજે ગામ જવાનું હતું એટલે તૈયારી કરવા માંડી. પણ હવે તેઓ ખૂબ આગ્રહ કરવા લાગ્યા, બાપજી ! નહિ જવા દઈએ. આજની રાતનો લાભ તો અમને મળવો જ જોઈએ. આપના જેવા સાધુઓ અહીં ક્યારે આવવાના છે ! વગેરે. પણ અમારો કાર્યક્રમ નક્કી હતો. એટલે નાછૂટકે કેટલેક દૂર ગયા પછી તેઓને વળાવીને અમારે પરાણે છૂટા પડવું જ પડ્યું.

● **તા. ૧૩-૩-૫૧ : જડીયાલી**

● **તા. ૧૪-૩-૫૧ : ધાનેરા**

જડીયાલીથી ધાનેરા જવા નીકળ્યા. રસ્તામાં નિર્વાસિતોનું એક પરું આવ્યું સરકારે અહીં નિર્વાસિતોને વસાવ્યા છે અને ખેડવા માટે જમીન વગેરે સાધન પણ આપ્યું છે. આ નિર્વાસિતોએ ભાવભર્યું સુંદર સ્વાગત કર્યું. બાઈઓએ વધામણાં લીધાં. એકલા ચોખાથી જ વધાવાય એવું કંઈ નહિ. આ બાજુ બાજરી પાકે એટલે બાજરી ઉપયોગમાં લીધી હતી. બાજરીનો સાથિયો કાઢ્યો અને એમના હાવભાવ સાથે મીઠડાં લઈને વધાવી. એમના અંતરમાં કેટલો બધો ઉમળકો હતો ! આપણે જેમ રોશનીથી ઝગમગતા દરવાજા કરીએ છીએ તેમ

આ લોકોએ પોતાના ગૃહઉદ્યોગનાં જારનાં ડૂંડાંવાળાં લાંબાં રાડાં હાથમાં લઈને બબ્બેજણે સામસામા ઊભા રહી ઠેરઠેર કમાનો ઊભી કરી અમારું સ્વાગત કરી રહ્યાં હતાં. અમારી પાછળ બહેનો એમની ભાષામાં ગીતો ગાતી આવતી હતી. કોઈ રૂઢિચુસ્ત જૈન હોય તેને એમ લાગે ખરું કે એક જૈન સાધુ આવી ક્રિયાને કેમ ચલાવી લેતા હશે ? પણ આવા પ્રસંગે ક્રિયા પાછળનો ભાવ મહત્ત્વનો હોય છે. ગામડાંના લોકોને પોતાનો ભાવ પ્રદર્શિત કરવાનું એ પ્રતીક હોય છે એટલે કેટલીક વસ્તુની સૂચના મહારાજશ્રી ધીરેથી આપી દે છે. જેમકે; બાજરી સજીવ કહેવાય, પૈસા ન મુકાય, ફૂલ ન ચૂંટાય વગેરે.

**● તા. ૦૦-૦૦-૦૦ : આસોદર**

આપણી આર્યસંસ્કૃતિ થોડી ઘણી પણ હજુ ગામડામાં સચવાઈ રહી છે એનું એક દૃશ્ય આસોદર ગામે જોવા મળ્યું. વહેલી પરોઢે હું અને મહારાજશ્રી જંગલ જવા નીકળ્યા ત્યાં ત્રણ બહેનોને ઝાડુ વાળતી જોઈ. અમે વિચાર કરતા હતા કે ગામડામાં આ મ્યુનિસિપાલિટી ક્યાંથી ? પણ આ બાઈઓએ વસ્ત્રો નવાં પહેરેલાં, વણજારી પહેરવેશ હતો એટલે શંકા આવી. અંતે અમને લાગ્યું કે કદાચ આ બાજુ ભંગી લોકો આવાં વસ્ત્ર પહેરતા હશે. એટલે ઊભા રહીને તેમને પૂછ્યું : ''કેમ વાળો છો ?'' એ બાઈઓ શરમાઈ. કદાચ સમજી પણ નહિ હોય એટલે થોડી વાર સામું જોયું. પાછું ઘૂમટો કાઢી વાળવા માંડ્યું. અમે આગળ ચાલ્યા તો બીજી બે બાઈઓ શેરી વાળતી હતી. તેમને પૂછ્યું : ''કેમ વાળો છો ?'' ત્યારે તેમણે હસતાં હસતાં કહ્યું : ''ધર્મ કરાં મહારાજ.'' જરાક વધારે વાતચીત કરતાં જણાવ્યું કે તેમના ઘરેથી કેટલાક પુરુષો દ્વારકાજીની જાત્રા કરવા ગયા છે. એટલે આ બાજુ રિવાજ છે કે એમની યાત્રામાં બળ મળે એટલા માટે કુટુંબીજનો ઘેર બેઠાં ધાર્મિક ક્રિયા કરે. રાત્રે બાઈઓ એકઠી થઈ ભજન ગાય પછી ઠોઠા (પલાળેલા ચણા કે બાજરી) વહેંચે. સવારમાં ગામ વાળે અને ઘરે દાનદિવેટ કરે. એ રીતે પોતાનાં આંદોલનો પેલા જાત્રા કરવા ગયેલાને પહોંચાડે. આજે શહેરોમાં ધનથી ધર્મ કરાય છે; ત્યારે અહીં શ્રમથી ધર્મ થતો જોઈને અમને ઘણો હર્ષ થયો. વળી બીજી પણ એક વાત છે કે જ્યારે આ લોકો જાત્રા કરવા જાય છે ત્યારે ઘેરથી છાનામાના ચાલ્યા જાય છે. પૈસા ઓળખીતા પાસેથી લઈ લે છે. આની પાછળનું કારણ અમને એ જણાયું કે ધર્મ કરવાની કોઈ જાહેરાત થવી ન જોઈએ.

આ બાજુ વધામણાંનો રિવાજ ઘણો હોય છે. વધામણું એટલે એક બાઈ નવું વસ્ત્ર પહેરી માથે માટીનો ઘડો અને શ્રીફળ લે, હાથમાં કંકુ, ચોખા વગેરેની થાળી રાખે. જ્યારે કોઈ સંતભક્ત કે તેવા પૂજ્ય અતિથિઓ આવવાના હોય ત્યારે આ રીતે વધાવે.

**તા. ૦-૦-૦૦ : સામઢી**

સામઢી ગામે લોકોએ અમારું સ્વાગત કર્યું જાણે ત્યાં એક મોટો મેળો ભરાયો હોય તેવું દશ્ય લાગતું હતું. ઢોલ અને ભૂંગળો વાગતી હતી. ચાર કોમની બહેનોએ વધામણાં લીધાં હતાં. તેમાં નોંધવા જેવી વાત એ હતી કે હરિજનો તરફથી પણ એક બહેન એમાં સામેલ હતી. ગામની વસતિ ખાસ કરીને ઠાકરડા અને રબારીની હતી. છતાં એ લોકોએ હરિજનોને પોતાની સાથે જ સામેલ રાખી વધામણાંની ક્રિયા કરી લીધી હતી.

બનાસકાંઠામાં ૧૨૨૫ ગામો છે. તેમાંથી લગભગ ૮૦૦ ગામો જાગીરીનાં છે. ૧૨૨ ગામોમાં નિશાળ છે. ૪૨ નિશાળના સરકારી મકાનો છે. ૮૦ નિશાળો ભાડાના મકાનમાં બેસે છે. ૧૦૭૮ ગામ નિશાળ વગરનાં છે. આ ઉપરથી કેળવણીમાં આ જિલ્લો કેટલો પછાત છે તેનો ખ્યાલ આવી જશે. મોટો ભાગ જાગીરદારી છે. તેમનો રેવન્યુ અધિકાર હોઈ પ્રજાનું શોષણ હજુ અટક્યું નથી.જોકે આઝાદી આવ્યા પછી ખેડૂતોના દિલમાં કંઈક જાગૃતિ આવી છે પણ જાગીરદારોની એટલી બધી ગેરરીતિઓ છે કે પ્રજા બીકની મારી કંઈ જ કરી શકતી નથી. ચોરી કરાવે, માર મરાવે અને આડે આવનારને ગમે તે રીતે હેરાન કરે છે.

## જાગીરદારોનો ત્રાસ

અમારી એક સભા ચાલતી હતી ત્યાં એક વિધવા રબારી બાઈએ બે હાથ જોડીને પોતાની કથની કહી. પોતે નજીકના ગામમાં રહેતી હતી. ધણી ચાર વરસથી ગુજરી ગયેલો. છોકરો નાનો એટલે ભાડે ખેતી કરાવતી. પણ જાગીરદારની દાનત બગડી એટલે જમીન પડાવી લેવા માટે એક રબારીને ઊભો કર્યો અને કેટલીક જમીન ખેડાવી નાખી, અને બાઈને ધમકી આપી કે આ ગામ છોડીને ચાલી જા, નહિ તો ઘરમાં હાડકાં પડશે અને છાપરું સળગી જશે.

બાઈ બીકની મારી અહીં એના કોઈ સગાંને ત્યાં રહેવા આવી હતી. હાડકું નાખવાની ધમકી આપનાર હરિજન હતો. એટલે જ્યારે અમે એ ગામ ગયા ત્યારે ત્યાંના હરિજનવાસમાં જઈ તપાસ કરી તો વાત સાચી નીકળી.

હરિજને કહ્યું : ''બાપુ ઠાકોર સાહેબે કહ્યું એટલે એમની સાથે ધમકી આપવા ગયો હતો. હવે નહિ જઉં.''

આવા તો કંઈક કિસ્સાઓ એ જાગીરદારી ગામોમાં બને છે. જોકે એ બાઈને તો ડીસા બોલાવી હતી અને પ્રાંતસાહેબ સમક્ષ રૂબરૂ આખી પરિસ્થિતિનો ખ્યાલ આપી યોગ્ય કરવા કહ્યું છે. પણ બધા અનુમાન ઉપરથી એમ લાગે છે કે હવે જાગીરદારી પ્રથા તેમને યોગ્ય બદલો આપીને પણ વહેલામાં વહેલી તકે જવી જોઈએ. ખેડૂતો સ્વતંત્ર થશે ત્યારે જ તેમને ખેડૂતોને સ્વરાજ્યનો સાચો સ્વાદ ચાખવા મળશે એમ અમને લાગે છે.

## માણસો ગીરે મૂકાય છે.

અમારો પ્રવાસ હવે જાગીરદારી ગામોમાંથી બનાસકાંઠાના ખાલસા ગામોમાં શરૂ થયો હતો. આ વિભાગમાં એક નવી પ્રથા જોવામાં આવી. આપણા તરફ જેમ વસ્તુઓ ગીરે મૂકાય છે તેમ આ બાજુ માણસો ગીરે મૂકાય છે. ગીરે મૂકવાને આ બાજુ અડાણે મૂક્યો એમ કહે છે. થોડા રૂપિયા લગ્ન કે એવા પ્રસંગે પછાતવર્ગો લે ને પછી જિંદગી સુધી તેને ત્યાં અડાણે રહે, તેમાંય એકલો પોતે જ નહિ પત્ની સુદ્ધાં એને ઘેર રહે. આ રાખનાર બધા વર્ગના લોકો હોય છે, પણ મુખ્યત્વે ખેડૂતો હોય છે. સુરત જિલ્લાની હાળી પ્રથાને પણ ચઢી જાય તેવી આ પ્રથા છે.

વડગામ અને પાલનપુર તાલુકામાં બીજો પ્રશ્ન છે આંબાનો. આ બાજુ હજારો નહિ પણ લાખો આંબાનાં વૃક્ષો છે. પણ તે વેપારીઓને ત્યાં અડાણે મૂકેલાં હોય છે. પૈસા જોઈએ એટલે વેપારીને ત્યાં જઈને મંડાવી આવે. કેટલાક વેચાણ પણ રાખે. પણ બન્યું છે એવું કે ખેતરનો માલિક જુદો, આંબાનો માલિક બીજો અને સાચવનાર ત્રીજો. એટલે કોઈ વાર ચોરી થાય તો માથે પડે ખેતરમાલિકને. વળી આંબાનો જે વણછો (ઝાડની છાયા) પડે તેથી પાકને નુકસાન થાય તેનો કંઈક બદલો (ભાગ) ખેતરમાલિકને આપવો જોઈએ તે નથી અપાતો એટલે અસંતોષ હતો તેમાં વળી હવે સ્વરાજ્ય આવ્યું એટલે દરેકને હક્કનું ભાન થયું; એટલે મોટો ઝઘડો ઊભો થયો છે. જ્યાં ને ત્યાં એ જ વાત ચર્ચાય છે. આના ઉકેલ માટે મહારાજશ્રીએ નીચે પ્રમાણે લવાદની સૂચના કરી છે :

એક કલેક્ટર સાહેબ, એક ખેડૂતમંડળનો સભ્ય, એક કોંગ્રેસી સભ્ય અને એક

આંબાના માલિક પૈકીનો સભ્ય. આ બધા મળીને યોગ્ય નિકાલ લાવશે. આ યોજના બધાને ગમી છે.

વડગામ વિભાગ બહુ નીચો પ્રદેશ છે. વળી હમણાં વહેણ રહે છે એટલે ખેતી ખૂબ સુંદર થાય છે. નહેર માટે મહેનત કરવી પડતી નથી. વહેણના ઊંચાણવાળા ભાગમાં બંધ બાંધી પાણી જોઈએ તેટલું વાળી લે છે. કેટલેક ઠેકાણે તો ખેતરના એક ભાગમાંથી કુદરતી ઝરણાં જ વહેતાં હોય છે; એટલે ત્રણ પાક ખુશીથી લઈ શકાય છે. કૂવા'પણ છીછરા થાયછે. લોકો અનાજ કરતાં કંટ્રોલ બહારની વસ્તુ બહુ વાવે છે. ચેણો પુષ્કળ થાય છે. ઈસબગુલ (ઊમતું જીરૂં), શેરડી, શાકભાજી, બટાટા, એરંડા વગેરે ખૂબ કરે છે. અનાજ વધુ ઉગાડોની વાત ગળે ઊતરતી નથી તેનાં આ સ્પષ્ટ કારણો છે.

વડગામથી બનાસકાંઠાના છેલ્લા ગામ સેભરવાસણા થઈ અમે તારંગા આવી પહોંચ્યા.

# શ્રી રવિશંકર મહારાજની વાતો

## દાદાનો અમૃતાનુભવ

પૂજ્ય રવિશંકર દાદા લગભગ તેર દિવસ અમારી સાથે પ્રવાસમાં રહ્યા. તે દરમિયાન તેમણે ચાલતાં ચાલતાં કેટલીય વાતો પોતાના અનુભવની કહી સંભળાવી. તેમાંની કેટલીક આપણને બધાને ઉપયોગી થાય તે સારુ અહીં આપું છું :

### ભણતર અને કેળવણી

''ભણતર અને કેળવણીમાં બહુ ફેર છે. આજે આપણે બાળકોને ભણતાં શીખવીએ છીએ, કેળવણી નથી આપતા. ભણતર એટલે બોલતાં શીખવું. ભણતરથી બુદ્ધિ આવે અને કેળવણીથી યોગ આવે. યોગ આવે તો જ બુદ્ધિ કામની. યોગ વગરની બુદ્ધિ બીજાનું શોષણ કરવાનું જ કામ કરે. જેમ આજના મોટાભાગના કાયદાશાસ્ત્રીઓનું બન્યું છે.

માબાપ અગર ગુરુથી વિહોણી કોઈ કેળવણી ના હોઈ શકે. પણ આજે ઊલટું છે. છોકરો શું ભણે છે તે માબાપ નથી જાણતાં, છાત્રાલયોમાં છોકરાં રહેતાં હોય છે પણ કંઈ ગતાગમ હોતી નથી. મોઢામાં દાતણનો કૂચો હોય અને વાંચતાં હોય છે, ટહેલતાં ટહેલતાં ગમે ત્યાં થૂંકે છે, ભોજન કરવા બેસે છે તો કેટલુંય એઠું મૂકતાં હોય છે. કામ કરતાં શરમ આવે છે. એટલે બીજાની મહેનતથી જીવતાં હોય છે. જો

કેળવણી લેતાં હોત તો આવું ન હોત. બહુ બોલતાં આવડે છે તેને આપણે વિદ્વાન કહીએ છીએ; પણ એવો માણસ જ્ઞાની ન હોઈ શકે. આચરતાં આવડતું હોય તો જ જ્ઞાની કહી શકાય. વિદ્વાન બહારથી દેખાય અને જ્ઞાની અંદરથી દેખાય. અંદરથી દેખાય તે મોટો, પહેલાંના વખતમાં ગુરુ વિદ્યાર્થીને માબાપથી દૂર લઈ જતા અને જ્ઞાન આપતા. ત્યાં પ્રથમ ટેવ પાડવા માટે વારંવાર આજ્ઞા કરતા. જેમ કે આમ કર તેમ કર, પાણી લઈ આવ, લાકડાં લઈ આવ, ભિક્ષા લઈ આવ વગેરે. આમ ૧૨ વરસ સુધી પોતાની સાથે રાખીને ટેવો પાડે. આ વખતે શિષ્ય કોઈ જાતની દલીલ ન કરે. ગુરુ જે કહે તે શ્રદ્ધાથી કર્યા કરે. આમ ટેવો પાડીને મોકલાવેલ વિદ્યાર્થી ગૃહસ્થાશ્રમમાં પડે ત્યારે જેમ જેમ પ્રસંગો પડતા જાય તેમ તેમ તેમાંથી જ્ઞાન થતું જાય. પેલા શિક્ષણને આચારમાં ઉતારવા માટે ગુરુએ પાડેલી પેલી ટેવો કામ આવે. આમ સુંદર રીતે ગૃહસ્થાશ્રમ ચલાવે. પછી ગૃહસ્થાશ્રમમાં નિપુણ થઈ જાય અને બાલબચ્ચાંની જંજાળ (આસક્તિ) કોટે ન વળગી જાય એટલે એ છોડીને બીજા અનુભવ માટે વાનપ્રસ્થી થઈ જાય. એમાં પણ નિપુણ થઈ જાય અને મોટાઈ, ખ્યાતિ વગેરે પ્રશંસક તત્ત્વો પાડી ન દે એટલે એ છોડીને સંન્યાસ સ્વીકારે. સંન્યાસ એટલે પરિવ્રાજકપણું દુનિયાને પોતાની માને તે જ ખરું પરિવ્રાજકપણું.

પોતાની માતાનો દાખલો આપતાં તેમણે જણાવ્યું કે અમે નાના હતા ત્યારે મારી બા ઘણીએ વાતો કરતાં. તેઓ કહેતાં કે નદીમાં સૌથી વહેલો અને પહેલો નહાય તેને વધુ પુણ્ય મળે અને પછી નહાય તો ભાગે પડતું મળે. માટે વહેલા ઊઠો અને પહેલાં નહાઈ આવો. ત્યારે નહોતું સમજાતું પણ એ ટેવ આજે બહુ કામમાં આવે છે.

પોતાના માતાજીએ કહેલી એક છોકરીની વાત કરતાં કહ્યું : એ છોકરીને બૂરી આદત પડેલી. તેને ખાવાનું બનાવી સૌથી પહેલું ખાઈ લેવાની ટેવ પડેલી. મા આ ટેવ ચલાવી લેતી. તે સમજતી કે ગમે તેમ તોય મારી દીકરી છે ને ? પણ પછી છોકરી મોટી થઈ એટલે પરણાવી, સાસરે ગઈ. પણ ત્યાં તો સાસુ મળી વાઘણ જેવી. સહેજસહેજમાં ઘરનાં બધાંયને ધમકાવે. એટલે છોડીને થયું કે અહીં સૌથી વહેલું શી રીતે ખાઈશ ? પણ મન તો વલવલાટ કર્યા કરે. એટલે ચૂલા આગળ એક ખૂણામાં બેસે ્ને પોતાના મોઢાને એક થાપોટ મારે પછી જીભને કહે ''આ તો નો'ય માનું ઘર, છાનીમાની બેસ.'' આ ઉપરથી મારી બા કહેવા એ માગતી હતી કે કુટેવો ઘરમાં તો કદાચ ચાલે પણ બહાર ન ચાલે. એટલે ડાહ્યા થઈને ફરો.

બીજી પણ કેટલીય નાનીનાની વાતો કરે. જેમકે બોલતાં બોલતાં ના હસાય. છીંક આડું જોઈને ખવાય, ખાતાં ખાતાં માથું ન ખંજવાળાય, ટૂંટિયું વાળીને ન સુવાય, દાતણ એક જગ્યાએ બેસીને થાય અને તે પણ બાર આંગળનું થાય. વળી આગળ કહે, ટાંટિયા ઘસતો કેમ ચાલે છે ? બેઠાં બેઠાં ઢીંચણ કેમ હલાવે છે ? મોઢેથી નખ કેમ ખોતરે છે ? આવી આવી ટેવો માતા મને પાડતી : તે વખતે મને એની કોઈ ગતાગમ નહોતી પડતી, પણ આજે જેમ જેમ પ્રસંગ આવે છે તેમ તેમ તેની સમજણ પડે છે.

## પ્રસાદ ધરાવ્યા વિના ન ખવાય

હું નાનો હતો ત્યારે મારી બા કહેતી, 'ભગવાનને પરસાદ ધરાવ્યા સિવાય ખાવાનું ના ખવાય. તે વખતે શ્રદ્ધા હતી, સમજણ નહોતી કે શા માટે ધરાવવું ? પણ મા ટેવ પાડતી. પછી ઉમર વધતાં જ્ઞાન થયું એટલે સમજ પડતી ગઈ કે જો 'પ્રસાદ ધરાવવો હોય તો તે પ્રથમ તો નીતિથી, મહેનતથી મેળવેલો હોવો જોઈએ, અને બીજાને ખવડાવ્યા વિના ન ખાવો જોઈએ. કેટલી ભવ્ય ભાવના અને કેટલો ગૂઢ અર્થ એમાં સમાયેલો હતો ?

મુનિશ્રી કહે છે તેમ આવું જ જૈન શાસ્ત્રોમાં પણ કહ્યું છે :

''સાધુઓએ સૂઝતો આહાર લેવો. સૂઝતો એટલે શુદ્ધ. કુદરતી સહજભાવે મળેલો આહાર લેવો. પણ આજે તો શુદ્ધનો અર્થ ચોખ્ખો કે ઠંડા પાણીથી નહિ અડેલો કરાય છે. તેનો ખરો ભાવ તો પવિત્ર રીતે મેળવેલો ખોરાક છે.

## સ્વદેશીની વ્યાખ્યા

એક દિવસ હું ગાંધીજી સાથે ફરતો હતો. તેમનાં ચંપલ ફાટી ગયાં હતાં. આગળથી પહોળાં થઈ ગયેલાં એટલે વારંવાર ઠોકરો વાગે. એવામાં મામા સાહેબ ફડકે આવેલા. તેમણે બે રૂપિયાની કીંમતના દેશી જોડા આણેલા. પણ બાપુજીએ કહ્યું, 'મારે ના જોઈએ. ચંપલ છે તે ચાલશે.' મેં કહ્યું જે 'બાપુ લાવો ત્યારે હું સંધાવી લાવું. ગામમાં કોઈ મોચી નહિ એટલે બહારગામથી સંધાવવાનાં હતાં. એટલે બાપુએ કહ્યું : 'ગામમાં સાંધનારો હશે તો સંધાવીશ.' બહારગામના મોચી પાસે સંધાવું તો એક અર્થમાં મારા સ્વદેશી વ્રતનો ભંગ થાય. છેવટે મોહનસીંગ કરીને એક દરજી ભાઈએ પોતાના સંચે જાડો ચામડાનો ટુકડો મારી આપ્યો. મેં કહ્યું : ''બાપુ ચંપલ બહુ ભારે થઈ ગયાં, તો કહે બહુ મજબૂત થયાં.'' આ વ્યાખ્યા સ્વદેશીની છે. એના અર્થ એ નથી કે દૂરવાળાનો તિરસ્કાર કરવો.

એક ખેડૂત ખેતી કરતો હોય છતાં પોતાના કુટુંબ પૂરતું કપડું સીવી લે તો વાંધો નથી, પણ બીજાનાં ન સીવે. બીજાનો ધંધો પડાવ્યો કે પરિગ્રહ આવ્યો છે. એ પરિગ્રહ જ પોતાને અને બીજાંઓને ભરખે છે.

**વસવાયાં**

સુથાર, લુહાર, વાળંદ, કુંભાર, હરિજન વગેરેને ગામઠી ભાષામાં વસવાયાં કહેવાય છે. વસવાયાં એટલે ગામ વસાવનાર. પ્રથમ એ વસે પછી ગામ વસે. ખેતીકાર ઉત્પન્ન કરે અને વસવાયાં ઉત્પન્ન કરવામાં મદદ કરે. બદલામાં ખેડૂત તેને પોષે. એ પોષણ કરવામાં ખેડૂત અભિમાન નહોતો કરતો, ઊલટું તેમનું બહુમાન કરતો અને વસવાયાં ખેડૂતનું બહુમાન કરતાં. તે વખતે વિનિમય રોકડ નાણાંથી નહોતા કરતા, પણ દાણાથી વહેવાર ચાલતો, જે આજે પણ કેટલેક ઠેકાણે સચવાઈ રહ્યો છે.

કુંભાર સૌથી મોટો વૈજ્ઞાનિક છે તેથી તેને પ્રજાપતિ નામ આપ્યું. બહુ જ ઓછી જરૂરિયતાથી જીવે, ટૂંકું કેડિયું પહેરે, ખેતરમાંથી ઝૈડાં લઈ આવે, માટી ખોદે અને વાસણ પકવે. એના ઉદ્યોગમાં કોઈ વસ્તુ પરદેશી ના વપરાય, એટલું જ નહિ, બીજા ગામની પણ ન વપરાય. ગમે તેટલું કીંમતી, ભલે સોનાનું વાસણ વાપરો પણ ઊનાળામાં પાણી ઠંડું પીવું હોય તો માટીના ગોળા સિવાય ના બને. સંપૂર્ણ ખોરાક પકાવવો હોય તો હાંડલી સિવાય ના બને. અનાજ સડ્યા વગરનું વરસો સુધી રાખવું હોય તો માટીની કોઠી સિવાય ના રાખી શકાય. આવી કીમતી વસ્તુઓ છતાં ઓછામાં ઓછી કિંમતે વેચે. તાવડી બે પૈસાની, પાણી પીવાનું ચૈડવું એક પૈસાનું અને દીવો કરવાનાં કોડિયાં પૈસાનાં ત્રણ. આવો ઉપયોગી વર્ગ હોવા છતાં આજે ગાળ બોલવી હોય તો કહે, 'કુંભાર જેવો છે.' આખી નજર ફરી ગઈ છે. ઊંડું ડોકિયું કરીએ તો જ તેની કિંમત સમજાય. આજે યંત્રવાદે તેનો ધંધો ઝપાટાભેર ભાંગવા માંડ્યો છે. ક્યાં જઈને અટકશે તે કહી શકાતું નથી.

સોની, દરજી અને ધોબી વસવાયાં નથી કહેવાતાં. એક રીતે આ ત્રણેય વર્ગ પ્રજાને બિનઉપયોગી છે. એ લોકો પ્રજાને વિલાસી બનાવવાનું કામ કરે છે.

## ધર્મનુ ચિંતન

જગતમાં આજે ચિંતનની બહુ જરૂર છે. વિસ્તાર વધે છે, પણ ઊંડાણ વધતું નથી. માણસ જ્યારે ધર્મનું ચિંતન કરે છે ત્યારે, મેં શું કર્યું, કેટલા દોષ કર્યા, કોને છેતર્યો વગેરે વાતનો વિચાર કરે છે. પ્રથમ પોતાનું અંતઃકરણ જુએ છે. બીજાનું ભલું કરવાની વાત પછી વિચારે છે. મહાત્મા ટૉલ્સ્ટૉયનો એક પ્રસંગ છે. પોતે હાથમાં પોટલું લઈને બહાર ગામ જઈ રહ્યા હતા. વચ્ચે એક ઘોડા ઉપર બેઠેલો માણસ મળ્યો. તેણે વિવેક ખાતર કહ્યું : 'લાવો પોટકું ઊંચકી લઉં.' ત્યારે ટૉલ્સ્ટૉયે જવાબ આપ્યો : 'ભાઈ, મારું ભલું ચાહતો હોય તો તું જ ઘોડા ઉપરથી નીચે ઊતરી જા.' બીજાની પીઠ પર બેસીને સેવા કે દયા ન થાય. આ વાત ધર્મના ચિંતનથી સમજાય.

## કાયદાનો આત્મા

ગાંધીજીનો એક પ્રસંગ છે. સન ૧૯૧૮ની વાત છે. તે વખતે રાષ્ટ્રીય આંદોલન ચાલતું હતું. તેમાં ચાંદ નામના એક જુવાન મુસ્લિમે એક યુરોપિયનને કાપી નાખ્યો. તેનો કેસ ચાલ્યો. કેસમાં ચાંદને ફાંસી થાય તેમ લાગતું હતું. આથી કાર્યકરોને વિચાર થયો કે કંઈક કરવું જોઈએ. શંકરલાલ બેંકર, અનસૂયાબહેન, સરદાર એ બધાને ચિંતા થાય પણ કોણ વાઈસરૉયને કહે ! અને ચુકાદાનેં એક દિવસની વાર હતી. તે વખતે બાપુ ત્યાં હતા. બધા ગયા તેમની પાસે અને વાત કરી. એટલે ગાંધીજીએ કહ્યું, "હું તાર કરું છું." તારમાં તેમણે કહ્યું, "હું દયા નથી માગતો, ચાંદના કાર્ય બદલ ફાંસી થવી જોઈએ અને એ એને જ લાયક છે, પણ હું તમારી પાસે ન્યાય માગું છું. ચાંદની સ્થિતિ એવી જ હતી કે તેને ખૂન કરવું પડે; એનાથી એમ જ થાય. કારણ કે વિના વાંકે પોતાના દેખતાં પોતાના પિતાને રેંસી નાખનાર ઉપર એની ભૂમિકામાં એનાથી બીજું શું થાય ! એટલે ફાંસી હોય જ નહિ." પરિણામે એને કાળા પાણીની સજા થઈ. ઘણીવાર દેખાય છે કે માણસને સંયોગો જ દુષ્ટ બનાવે છે.અને એથી જ જિસસે કહ્યું હશે કે, 'ડાબા ગાલ ઉપર ધોલ મારે ત્યારે જમણો પણ ધરી દેજે.'

**સાચો તપસ્વી**

હું એક ગામની ભાગોળે થઈને જતો હતો, ત્યાં એક માણસ કોસ હાંકતો હતો અને એનો છોકરો કોસ ઝીલતો હતો. હું પાણી પીવા ગયો. વાતવાતમાં મેં એને પૂછ્યું : 'કોસ હાંકવાના કેટલા પૈસા મળે છે ?' તો કહે, 'ઢોર દીઠ મહિને બશેર દાણા આપે છે, એટલે મહિને ચાર મણ પાંચ મણ દાણા થાય અને મોજથી જીવું છું.' એને કેટલાં ઢોર પાણી પીવે છે તેની ખબર નહોતી. આટલા દાણા આવે છે તેનું જ ભાન હતું. ત્યારે મને થયું કે આ કેટલો તપસ્વી છે ! છોકરાને ભણાવતો પણ નથી. ભણાવે તો કોસનું કામ કોણ કરે ! સેવા ભૂલી જાય. પૈસા લક્ષી કાર્યકર્તા હોય તો એને એવી સલાહ આપે કે, આટલા ઓછા વેતનથી તે કોસ જોડાતા હશે ? ઢોરનો હિસાબ રાખ, દાણા નહિ પણ પૈસા માગ.' એમ કહીને એની જરૂરિયાત વધારે અને બીજાને શોષવાનું પણ શીખવાડે. ખરી રીતે તો સાચા સેવકે તેના આ કાર્યની તારીફ કરવી જોઈએ અને આ કામ બદલ ધન્યવાદ આપવો જોઈએ. જે કંઈ મળતું હોય તેમાં સંતોષ જગાડવો એને યુવાનો ક્રાન્તિ કહે છે. લઢાલઢ કે મારફાડ ના આવે તેને ક્રાન્તિ કહી શકાય જ નહિ; એમ તે માને છે. કેવી વિચિત્રતા ?

**દ્વેષ અને ક્રોધ**

વિનોબાજી કહે છે : "દ્વેષ, કરતાં ક્રોધ સારો. ક્રોધથી બહુ નુકસાન નથી થતું. બહુ બહુ તો તુરત કોઈને નુકસાન કરે, પણ દ્વેષ તો પેઢીઓ સુધી નુકસાન કરે." એક રીતે જોતાં અંદર અંદરની રોજની ઝેરી લડાઈ સારી, કારણ કે એમાં અંગત દ્વેષનાં ઝેર ન હોય. બોમ્બ નાખે છે તેમાં દ્વેષ નથી હોતો. સામા પક્ષને મારી નાખવાની ફરજ માને છે.

વિનોબાજી બીજી વાત એ કહે છે કે પરિગ્રહ એ મૃત્યુ છે. એ મૃત્યુને સંઘરે છે.' આજે અમેરિકા પાસે ધન છે તે તેનું મોત છે ને ? અબજો રૂપિયાનું બજેટ આવે છે.

**શિક્ષણ કોણ આપી શકે ?**

સાધુવૃત્તિના શિક્ષકો હોય તે જ તેજસ્વી શિક્ષણ આપી શકે. ગોવામાં હું ગયો ત્યારે એક સાધુને મરાઠી ભણાવતા જોયા. આ રીતે સાધુઓ ભણાવાનું અને પૂજાનું

બન્ને કામ કરે અને થોડું વૈદકનું કામ કરે તો બન્નેને લાભ થાય. આજનો શિક્ષક પરાધિન છે. નક્કી કરેલી લીટીથી આગળ જઈ શકતો નથી, તેને સૂઝ પણ નથી. જે નવી દૃષ્ટિ જોઈએ તે નથી એટલે પગાર અને રજા સામે મોઢું જાય છે.

પુરાણમાં એક વાત આવે છે. એક ગુરુ કોપીન પહેરીને વિદ્યાર્થીઓને ભણાવે છે તે વખતે રાજા મળવા ગયો; પણ ગુરુએ સામું ન જોયું એટલે રાજાએ પોતે કહ્યું : ''હું આ ગામનો રાજા છું.'' તોયે ગુરુએ તો ભણાવવાનું જ ચાલુ રાખ્યું. રાજાએ ફરી પૂછ્યું, 'તમારે કંઈ જોઈએ છીએ ?' તે કહે, 'જોઈએ તે પ્રજા આપે છે.' રાજાએ પ્રજાને પૂછ્યું, 'ગુરુ માટે તમારે કંઈ જોઈએ છીએ ?' તો જવાબ મળ્યો, 'આમલીનાં પાન બાફીને આપીએ છીએ તો'ય ખાય છે, એટલે કંઈ જરૂર નથી.' રાજા પાછો જાય છે. આવા શિક્ષકો જ કાયાપલટ કરે તેવું શિક્ષણ આપી શકે.

## સાચી દૃષ્ટિ

એક ગ્રામસેવકે કહ્યું : 'ગામમાં સો માણસની વસતિ છે તેમાં અમે ખાડાજાજરૂનો પ્રયોગ કર્યો એથી માસિક વીસ રૂપિયાનું ઉત્પન્ન આવે છે.' મેં કહ્યું : 'માણસ દીઠ આશરે ત્રણ આના ઉત્પન્ન થયું.' ત્યાં દાદા વચ્ચે બોલી ઊઠ્યા : 'એમ ઉત્પન્ન ના ગણાય. એ ત્રણ આનાના ખાતરે અનાજ કેટલું ઉગાડ્યું તે ઉપર આવક ગણાય. ઓછામાં ઓછું સવાયું અનાજ તો વધે જ.' ધરતી આપણને આપે છે તેવું આપણે એને આપવું જોઈએ. માણસ જેટલું ખાય છે તેમાંથી લોહી થયા સિવાયનો ખોરાક મળ તરીકે નીકળી જાય છે. તેનો ખાતર તરીકે ઉપયોગ થાય તો ખાધેલા ખોરાક જેટલું અન્ન ઉપજાવી શકાય.

## પંચાયતની રચના

આજે પંચાયત ઉપરથી લાદવામાં આવે છે. ખરી રીતે તો જ્યારે ભૂખ લાગે ત્યારે ગામ પોતે જ પંચાયત ઊભી કરે. બધું ગામ એકત્ર થઈને વિચાર કરે કે આપણે ગામ ચોખ્ખું કરીશું, દીવાબત્તી કરીશું અને ઈચ્છા થાય તો કોણ એ કામ માથે લે છે ? આમ જવાબદારી માગીને લે તેને જ અપાય. અને કોઈ ના મળે તો બે ડાહ્યા માણસો કહે, ફલાણા કાકા તમારે આ કામ કરવાનું છે. પેલો ના કહે તો ભારપૂર્વક કહેવાય કે તમારે આ કામ કરવું જ પડશે. આમ

આપોઆપ પંચાયત ઊભી થાય. આજે તો સરકાર માથે મારે છે. કહે છે, નહિ રચો તો સરકાર રચી દેશે. એટલે ગમે તેવા ચૌદશિયા પેસી જાય છે. પછી એ લોકો ટોળાં બાંધે છે અને લખ્યા કરે છે.

પહેલાં આપણે સદાચાર, શ્રમ અને સંયમથી ધન કમાતા એટલે શ્રીમાન અને ધીમાન જેવાં વિશેષણો વપરાતાં. શ્રીમાન એટલે લક્ષ્મીવાન. આપણે કહીએ છીએ તે ધનવાળા નહિ પણ સંસ્કારની મૂડીવાળા, તેજવાળા અને ધીમાન એટલે બુદ્ધિમાન, બીજાનો ઉદય કરવાની ભાવનાવાળા. આજના ધીમાનો ઊલટે માર્ગે છે. બુદ્ધિનો ઉપયોગ ઝઘડા વધારવાના કામમાં કરે છે અને તે દ્વારા ધન એકઠું કરે છે. એ ધન પોતાનો જ નાશ કરે છે. કારણ કે એ દ્વારા માણસને નવા નવા ફેલ સૂઝે છે.

**● તા. ૨૧ થી ૨૪ ફેબ્રુઆરી ૧૯૫૧ : રાધનપુર**

ગોપનાથથી નીકળી રાધનપુર આવ્યા. અંતર પાંચ માઈલ. રવિશંકરદાદા સાથે હતા. બંને મહારાજોનું જૈન બેન્ડ સાથે સુંદર સ્વાગત કર્યું. અને સરઘસ કાઢ્યું.

રાત્રિસભામાં મહારાજશ્રીએ કહ્યું, અમો મંદિરો જોવા ગયા તેમાંથી ઘણું જાણવાનું મળ્યું. એક બે ઠેકાણે મંદિરો ઉપર મસ્જિદના ચિહ્નો જોયાં તે એટલા માટે હશે કે ધર્મઝનૂની લોકો મંદિરને બગાડે નહિ. પણ હું જુદો અર્થ કાઢું છું. ભારત બહારની જે પ્રજા આવી તે વિધવિધ ધર્મવાળી પ્રજા હતી. તેમને આર્ય ધર્મે અપનાવી લીધા. સાબરકાંઠામાં એક ઠેકાણે જૈન મંદિરમાં નમાઝ પઢવાની, માતાને વધાવવાની, હનુમાન, શિવ, વિષ્ણુ દરેક ધર્મનાં મુખ્ય પુરુષોનાં સ્થાનો હતાં. આ સમન્વયની ભાવના ખડી કરે છે.

તા. ૨૭ની રાત્રિસભા હરિજન વાસમાં રાખી હતી. તેમાં પ્રથમ દાદાએ જણાવ્યું કે, સંતબાલજીને તમે નહિ ઓળખતા હો. છાપાં વાંચતા હશે તેમને ખ્યાલ હશે. જે જ્ઞાન પોતાને થયું છે તે જ્ઞાન પ્રજાને આપવું તેમાંય પછાત કોમો કે જ્યાં કોઈ જતું નથી ત્યાં તેઓ પહેલાં જાય છે. તેઓ પગે વિહાર કરે છે. ગાડી-ઘોડા વાપરતા નથી. જ્યાં જાય છે ત્યાં હરિજનોને મળે છે. સુખ દુઃખ સાંભળે છે અને સીધી સક્રિય મદદ પણ કરે છે. સાણંદમાં સવર્ણોનો વિરોધ વહોરીને પણ હરિજનોનું બાલમંદિર કર્યું છે. બહેનો-બાળકોને ભણાવનાર એક

સંસ્કારી બહેન મણિબહેન પણ મળ્યાં છે. અહીં આવ્યા ત્યારે જ એવું નક્કી થયું કે એક દિવસ હરિજન વાસમાં રહેવું અને ત્યાં સભા કરવી. આજે છાત્રાલયમાં રહેશે. તમને બે શબ્દો કહેશે. તેનું તમે આચરણ કરજો.

મુનિશ્રીએ કહ્યું, રાધનપુરમાં આજે ત્રીજો દિવસ છે તે દરમિયાન દાદા જ્યાં રહે છે ત્યાંના લોકોનો ચાહીને તેમના દ્વારા લાભ લઈ રહ્યો છું. સવર્ણ ભાઈબહેનો પણ મોટી સંખ્યામાં આવ્યાં છે. તમો બધાં ભાવનાથી સાંભળવા આવ્યાં છો. હરિજન શબ્દ નરસિંહ મહેતાએ આપેલો શબ્દ છે. એ જૂનાગઢના નાગર હતા પણ સત્સંગ માટે હરિજનોને ત્યાં જતા, તે વખતે ભાન ભૂલી જતા. તે કહેતા હરિજનોને ના અડે તેના ફોગટ ફેરા રે. ન્યાતે તેમનો બહિષ્કાર કર્યો ત્યારે 'ભલુ થયું ભાંગી જંજાળ....' ત્યાર પછી દયાનંદ સરસ્વતિ અને સયાજીરાવ ગાયકવાડે પણ પ્રયત્ન કર્યો. પણ પાયાથી કામ ન થયું. અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું કલંક છે, એ આપણું પાપ છે. એ વાત બાપુજીએ ઉચ્ચારી. ગાંધીજીના જે ભક્ત કહેવાય તે તમારી પાસે આવતા હશે.આભડછેટ મૂળથી નીકળી જાય તે માટે સરકારે સમાનતાનો કાયદો કર્યો, નાગરિક હક્ક સર્વ કોમને માટે સરખા. હવે બાળકો નિશાળમાં એકત્ર બેસે છે, પાણી ભરવાનું પણ સરકારે તો એકત્ર કર્યું છે. તમે બધાં બરાબર જાણતાં હશો કે ભગવાન રામ અને કૃષ્ણની વાતો જાણવા માટે બે ગ્રંથો રામાયણ અને મહાભારત છે. શબરી અને ગૃહ શૂદ્ર હોવા છતાં રામે કેટલી એકતા સાધી હતી ! એ ઉપરથી જણાય છે કે ચારેય વર્ણમાં કોઈ જાતની આભડછેટ નહોતી. એટલું જ નહિ રોટી-બેટી વહેવાર પણ હતો. શાંતનું રાજા મત્સ્યગંધાને પરણ્યા હતા. ગીતામાં પણ ગુણ અને કર્મ પ્રમાણે ચાર વર્ણની વ્યાખ્યા કરી છે. જૈનોમાં મેતરાજ અંત્યજ અને હરિકેશી, ચંડાળ કોમના હતા. એટલે તમો હલકા છો એ વાત મનમાંથી કાઢી નાખજો.

દાદાએ જણાવ્યું કે હું તમને કંઈ કહું તે પહેલાં મહારાજશ્રીએ જે વાતો કરી તેને સમજી લેજો. તેમણે ખૂબ પાયાની વાતો કરી છે. અમે હલકા છીએ આ વાત કાઢી નાખજો. અમે માણસ છીએ, ઉપયોગી માણસ છીએ, મહેનત કરવાની હોય છે, પરસેવો ઊતારીને ખાવાની ટેવ છે, એ ઉત્તમ ગુણ જ્ઞાનપૂર્વક નહિ પણ અનાયાસે તમારામાં આવ્યો છે. જેના હાથમાં શ્રમ છે તેના હાથમાં

પદ્મ છે. એ જ્યાં હાથ નાખે ત્યાં બધું ભરાઈ જાય છે, બેઠાડુ હાથ નાખે ત્યાં બધું સુકાઈ જાય, ખાલી થઈ જાય. ઢીલું મોઢું કરીને માગવું એ શરમ છે, મહેનતની ચોરી ના કરવી. છેલ્લી વાત... સવર્ણો અહીં આવ્યા છે, તે ગમે છે, પણ ભંગી આવે તો જરા ઊંચા નીચા થઈ જઈએ છીએ. આ ભૂત આપણે કાઢીએ. દાદાના મુખમાંથી જે વાણી ઝરતી તે અમૃત જેવી હોવાથી વાચકોને ઉપયોગી થશે એમ માની અહીં આપી છે.

૧. લવારિયાં પરિગ્રહ કેટલો કરે ? ગાડામાં રહે એટલું જ એકત્ર કરે. ગોપાલક કે શિકારીને પરિગ્રહ ના હોય. પરિગ્રહ થયો એટલે સાચવવાની જરૂર પડી. હતું એમાંથી ગયું તો ચિંતા ઊભી થઈ.

૨. એક દિવસ હું અને મારો મિત્ર એક ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં ભૂલા પડ્યા. બપોરનો એક વાગ્યો હતો. તે વખતે મારા મિત્રની એક ઓળખીતી લોહાણા કોમની બાઈ મળી. તેણે કહ્યું, ચાલો મારે ઘેર. એટલે અમે ગયા તે વખતે હું કોઈનું ખાતો નહીં. એટલે સીધું આપ્યું. તે રાંધીને ખાધું. ખાતાં ખાતાં બાઈએ કહ્યું, 'મહારાજ ! અમે તો સત્સંગીને જ સીધું આપીએ. કુસંગી બ્રાહ્મણને સીધું ન અપાય. અમારા સાધુથી છાનું આપું છું. તે જાણે તો મને વઢે. હું વિચારમાં પડ્યો. ધર્મની વાડે કેટલું નુકસાન કર્યું છે ? સત્સંગી એટલે સત્યનો સંગી. આવો માણસ કુસંગીનો સંગ કરે તો તેને પણ સત્સંગી બનાવી દે. પારસમણિ લોઢાને અડે તો લોઢું સોનું ન બની જાય ! એમ સત્યના આગ્રહવાળો જ્યાં જાય ત્યાં સત્ય ફેલાવે અને જ્ઞાન પણ મેળવે.

એક દિવસ જૈન બોર્ડીંગ ચોકમાં જાહેર સભામાં મહારાજશ્રીએ કહ્યું કે, હું એક જૈન સાધુ છું. તેમ છતાં આ બધી ગામડાંની પ્રવૃત્તિઓ શા માટે કરું છું ? તેનું ટૂંકું નિવેદન કરીશ. સાથે સાથે દેશના સંજોગોનો પણ વિચાર કરીશું. ધર્મ એક સાગર છે. આપણી બધી મૂંઝવણો. બધા પ્રશ્નો, સ્ત્રીપુરુષના, રોટલાના જે મૂંઝવતા પ્રશ્નો છે, તેનો ઉકેલ આપવાની શક્તિ ધર્મરૂપી સાગરમાં છે. જો એ શક્તિ ના હોય તો ધર્મની વાતને આપણે દૂર રાખવી જોઈએ. પણ જુદા જુદા મહાનપુરુષોએ કહ્યું છે કે, જગતમાં કોઈ તારનારી, કલ્યાણકારી વસ્તુ હોય તો તે ધર્મ છે. આ એમનો દાવો છે. જો આ દાવો ખરેખર ખોટો હોય તો મહાન ચક્રવર્તીઓ બહુ મોટાં રાજ્યો છોડીને ધર્મનું અવલંબન ન લેત. રાજ્યો છોડ્યાં ન હોત.

કલેવર જુદી વસ્તુ છે, આત્મા (ચેતન) જુદી વસ્તુ છે. કંઠી, તિલક, માળા વ. ધર્મની ક્રિયા કહી શકાય પણ એ ધર્મ નથી. ચેતના ના હોય તો બાહ્ય ક્રિયા એકડા વગરના મીંડા બરાબર છે. જો આ વાત ખરી હોય તો જ્યારે મારી નજર તિજોરી ઉપર ગઈ કે ધર્મથી ધન થાય છે તે વાત સાચી કે ધનથી ધર્મ થાય છે તે વાત સાચી ? ધર્મ આગળ ધન ચરણ ચૂમે છે તે વાત સાચી છે. જગતની સર્વ રિદ્ધિસિદ્ધિ જેનાં ચરણ ચૂમે છે. તેને ચોકીદાર કેમ રાખવો પડે છે ? કેમ તેની સંભાળ રાખવી પડે છે ? ધર્મને તો કોઈ લૂંટી શકે નહિ. ચોર ચોરી શકે નહિ, ધર્મ તો પોતે જ આપે છે તે લેતો નથી.

મહાત્માજીએ જે કંઈ વિજય મેળવ્યો છે તે ધર્મથી મેળવ્યો છે. ધર્મ એ કઈ વસ્તુ ? ટોપી તિલક ? ના ! સત્યનો આગ્રહ. જે કંઈ સત્ય સમજાયું હોય તેને પકડી રાખવું તે ધર્મ ! ત્યારે સવાલ એ થયો કે પોતે માન્યું તે સાચું કે બીજાને લાગ્યું તે સાચું ? તેમાંથી સમન્વય આવ્યો. ધર્મ તો એવી ચીજ છે કે આવી હોય તો ખસેજ નહિ. આજનો ધર્મ બીએ છે બહુ, હું ક્યાંક જઈશ અને કદાચ તૂટી જશે તો ? કાચના વાસણની બીક લાગે તેમ એની એટલી બધી ચોકી રાખવી પડે આને અડે તો જડ થઈ જાય. પારસમણિ લોઢાને અડે તો સોનું થઈ જાય. તુલસીદાસે કહ્યું,

*'આધિ મેં આધી ઘડી આધી મેં પુની આધ,*
*તુલસી સંગત સાધુ કી કટે કોટી અપરાધ.'*

ત્યારે બહુ વિચારતાં મને લાગ્યું કે મારા આ વેશ (પહેરવેશ)માં હું કેટલું કરી શકું ? પાપનાં કારણો તો ચારે બાજુ ચાલ્યાં આવે છે, પણ જેટલી આસક્તિ એટલું પાપ એ સમજાયું. રેડિયાની ચાવી ખૂલી રાખીએ તો વાગે, બંધ કરો તો બંધ થાય. ત્યારે શું વ્યવસ્થા બંધ થઈ ગઈ હશે ? ના, ચાવી બંધ છે. કર્મ તો આજે ચારે બાજુથી ચાલ્યાં આવે છે, પણ આપણે ઇચ્છીએ ત્યારે આપણી પાસે આવે છે. આસક્તિ એ બંધન છે.

મહાત્માજી કહેતા, વિકારો-વિકલ્પો મને બહુ આવે ત્યારે મારો ચોકીદાર તેની ચોકી કરે છે. તે ના કહે તો ના ચાલે.

કાલિકાચાર્યે હથિયાર હાથમાં પકડીને શ્રાવિકાને છોડાવ્યાં પછી પ્રાયશ્ચિત કર્યું, એમણે હથિયાર ના છૂટકે લીધાં હતાં. એટલું સમજી જાઓ તો કંઈ વાંધો

નહિ, પણ જ્યારે ટકોરો મારવામાં પ્રજા સમજી જતી ત્યારે ઉપદેશ બરાબર હતો, પણ નગારાં વાગે તોય ના જગાય, અનીતિનું સામ્રાજ્ય વ્યાપ્યું હોય ત્યાં ધર્મગુરુએ ઊંડાં ઊતરવું પડે છે. હા ! શરત એટલી કે તરતાં આવડતું હોય ત્યાં લગી ઊંડે ઊતરે. ચેપ ન લાગે ત્યાંસુધી પ્રવૃત્તિ કરે. હેમચંદ્રાચાર્યે તો વસ્તુપાળને ઉપાશ્રયમાં સંતાડ્યા હતા. શિવાજીએ કહ્યું, મારે સાધુ થવું છે, તો રામદાસે કહ્યું, અત્યારે તારો ધર્મ પ્રજાની સેવા કરવાનો છે. રાજ્ય મારું, ચલાવનાર તું. ભગવો ઝંડો ત્યાગનું પ્રતીક રાખ્યું. તેણે કોમી લડાઈ નહોતી કરી જે કંઈ ખરાબ હોય તેની સામે તેનું યુદ્ધ હતું. એક બાઈ મુસ્લિમ હતી તેને શિવાજી પાસે હાજર કરી ત્યારે શિવાજીએ કહ્યું, 'અગર મારી મા પણ આટલી સુંદર હોત તો ! સેવકને આજ્ઞા આપી કે તેમને સલામત રીતે એમને સ્થાને પહોંચાડો.

પૈસાનું મૂલ્ય છે, તેનું ચલણ દુનિયામાં છે એટલે ઈન્કાર નથી પણ કઈ રીતે તે મેળવાય છે તે રીત સામે મારો વિરોધ છે. શ્રેણિક રાજા મહાવીરને પૂછે છે, પાપનું નિવારણ કેવી રીતે થાય ? ત્યારે મહાવીરે કહ્યું, પુણ્યો શ્રાવક તેની સામાયિકનું ફળ આપે ? જુઓ પૂછી જુઓ. રાજા એને ઘેર જાય છે ત્યારે પુણ્યો બેઠોબેઠો પૂણીઓ બનાવી સૂતર કાંતી રહ્યો હતો. રાજાએ તેને કહ્યું, પુણ્યા તારી આ સામાયિકનું ફળ આપ. 'ભલે બાપુ, માગો તેટલી સામાયિકનું ફળ આપું, પણ એ આપવા જેવી વસ્તુ નથી.' જાતે મેળવવાની વસ્તુ છે. કોઈ સૂર્યનું તેજ માગે તો ન મળે ! એ તો સ્વયં ઝીલવાની વસ્તુ છે. ધર્મ તો જાતે કરવાથી જ થાય. મહાવીરે રાજાને કેમ પુણ્યા પાસે મોકલ્યો ? કારણ કે ત્યાં ધન કરતાં ધર્મની કિંમત હતી. આજે ધનને પ્રથમ મૂકવામાં આવે છે.

વૈદિક ધર્મમાં રાંકા અને બાંકાની વાત આવે છે. તેઓ કદી વગર મહેનતનું ના ખાય. લાકડાં કાપી લાવે અને ગુજરાન ચલાવે. ભક્તિ બહુ કરે એટલે નારદને થયું કે ભગવાન આમની સામું કેમ જોતા નથી ? આજીજી કરી એટલે ભગવાને કહ્યું, તે વગર મહેનતનું ખાતાં નથી. વધુ કહ્યું એટલે ભગવાને સોનાનો હાર નાખ્યો. મહાભારતમાં વાત આવે છે, સુખિયો કોણ ? તો કહે જેને માથા પર ઋણ નથી જે અપ્રવાસી છે તે સુખી છે. આજે કરોડપતિ સુખી કહેવાય છે, પહેલું સુખ તે જાતે નર્યા. પેલો રાંકો આગળ ચાલતો હતો તેણે હાર જોયો એટલે પાછળ આવતી બાંકાની નજર ના બગડે તે માટે હાર ઉપર

ધૂળ વાળી દીધી. આગળ જતાં બાંકાને પૂછ્યું : 'રસ્તામાં કંઈ જોયું તો કહે હા, આંખો છે તો દેખાય જ ને ? શું જોયું ? ધૂળ ઉપર ધૂળ વાળી તે જોયું. અરે એ તો સોનું હતું. રાંકો કહે, તમારી નજરમાં સોનું છે ત્યાં સુધી ભૂલ થવાનો સંભવ છે. 'પરધન પથ્થર સમાન'. નારદે કહ્યું, બીજું કંઈ આપો તો ભગવાને લાંકડાં કાપીને તૈયાર રાખ્યાં. પેલાં બંને જણે જોયું બીજાની મહેનતનું આપણાથી ન લેવાય એટલે લાકડાં જાતે કાપીને લઈ ગયાં.

આપણે ત્યાં દેવદ્રવ્યની વાત આવે છે ત્યારે મને વિચાર આવે છે કે દેવને દ્રવ્ય જોઈએ ખરું ? કોઈપણ વિદ્વાન સાધુ ના નહિ કહી શકે. તીર્થ બનાવવા માટે ઉપયોગમાં લેવાય એમ એક કાળે તે સુંદર વસ્તુ હતી. પણ એક કાળે જે છોડવા જેવું હોય તે બીજા કાળે ગ્રહણ કરવા જેવું પણ હોય. આજે સમાજરૂપી દેવ માટે દેવદ્રવ્ય ઉપયોગમાં લઈ શકાય. દેવદ્રવ્યથી દેવભાવનાં વધે. પણ ધર્મભાવના એકલાં મંદિરો નહીં વધારી શકે. તેના પૂજારી અને પૂજનાર બન્નેમાં કંઈક તેજ હોય. ધનને આજે તેજ માન્યું છે. ધન ધર્મ નથી, પુણ્ય કહી શકાય. ત્યાગ અને તપ પાછળ દૃષ્ટિ નથી ત્યાં આગળ તે ન ટકી શકે. ક્રિયામાં પાપ નથી ક્રિયા પાછળની ભાવનામાં પાપ છે. ડાઘ મોઢા ઉપર પડ્યો હોય અને પછી આરસી લૂછ્યા કરીએ તો ડાઘ જાય ક્યાંથી ? સરકાર કૂવો નથી સરકાર હવાડો છે. તમે કૂવો છો. જો પ્રજાની તાકાત નહીં હોય, નીતિમત્તા નહીં હોય તો કોંગ્રેસ કે બીજી કોઈ સરકાર ભલું નહીં કરી શકે. દેવદ્રવ્ય લો. તપ લો, ત્યાગ લો, એ બધામાં ધર્મ હશે તો પ્રાણ આવશે. મંદિરમાં કારીગીરી સારી હશે, પ્રતિમા સુંદર હશે પણ ધર્મિષ્ઠમાં જેટલું તેજ હશે તેટલું તે દીપી ઊઠશે. સરકાર પણ આપણો પડછાયો છે. પ્રજા જેવી હશે તેવી તે આવશે. લાંચ પ્રજા નહિ આપશે તો લેનાર ક્યાંથી હશે ?

રવિશંકર દાદાએ કહ્યું :

ચાર દિવસ થયા, મુનિશ્રીએ ખૂબ વાતો કરી છે. તેમણે રાજકારણ, ધર્મ, બહેનો, વિદ્યાર્થીઓ, હરિજનો સૌને યોગ્ય વાતો કરી છે. તેઓ માત્ર કહેવા નથી આવ્યા. તેમનો મુખ્ય આશય શિખવવાનો છે. એમને લાગે છે કે કોઈ પણ સમાજ ધર્મદૃષ્ટિથી નહીં જીવે તો તે લાંબું નહીં ટકી શકે. મારા સંન્યાસી ગુરુ કહેતા, 'અમે લેવા જઈએ છીએ ત્યારે થોડું મૂકતા આવીએ છીએ. એ

સંપત્તિથી એ ઊજળો થાય. અને અમારી મૂડી કાયમ રહે. પ્રજાએ એ સંકલ્પ કરવો પડશે કે જે સજ્જનોને સંતોને પોષીએ છીએ તેણે સમાજનું કામ કરવું જોઈએ. કેટલીકવાર સાધુ સમાજને સુધારે છે તો કેટલીક વાર સમાજ સાધુને સુધારે છે. કોઠ ચાતુર્માસમાં એક બાઈએ ભિક્ષા વહોરાવી પણ પછી કહ્યું, તમારા વેશને વહોરાવું છું, તમને નથી વહોરાવતી કારણ કે મહારાજ તો હરિજનોને ત્યાં જાય છે. કૂવા અને તળાવની પાળો બંધાવે છે. આ બાઈનો દોષ નહોતો કોઈએ શીખવ્યું હશે કે આવું આવું પાળે તે સાધુ કહેવાય ?

અહીં રાધનપુરમાં ૨૫ દહેરાં અને ૨૫ અપાસરા છે. વિજયગચ્છનું જોર વધારે છે. ઉપાશ્રયની કારીગરીમાં વૈદિક ધર્મનાં ચિહ્નો છે અને ઉપર મસ્જિદના આકાર છે.

**● તા. ૨૫-૨-૫૧ : દેવ**

રાધનપુરથી નીકળી દેવ આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો. અહીં હીમજા માતાનું પ્રખ્યાત મંદિર છે. ઝારોળા વાણિયા બ્રાહ્મણોની કુળદેવી ગણાય છે. મહા સુદ ૧૫ મોટો મેળો ભરાય છે. અહીંનો કૂવો જૂનો અને ખૂબ મોટો છે. પણ તેમાં ૩૦-૪૦ ફૂટ ગાળ થઈ ગયો છે. એ ગાળ કાઢવા પૂ. દાદા ગઈ સાલ બધાં સાધન લાવ્યા, મશીન આવવાની તૈયારી હતી. તેવામાં માતાના કોઈ ભક્તે વાત ઊડાડી કે, માતાએ મને સ્વપ્નું આપ્યું છે કે કૂવાનો ગાળ ના કાઢશો, નહિ તો હું કોપીશ. દાદાએ ઘણું સમજાવ્યું પણ કોઈએ ના માન્યું અને દાદાની કરેલ બધી મહેનત નિષ્ફળ ગઈ. સામાન લાવવાના ૪૫ રૂપિયા, ભાડું નકામું ગયું. હજુ પાણીની ખેંચ છે. હવે આજીજી કરે છે કે સાફ કરાવી આપો.

રાત્રિ સભામાં ગોધલા બનાવવા વિષે ઠીકઠીક વાતો થઈ. ગોધલા બનાવવામાં પાપ માને છે, આર મારે વધુ ભાર ભરે, અને ભેંસના પાડા મારે તેમાં પાપ માનતા નથી.

**● તા. ૨૬-૨-૫૧ : ઊજમવાડા**

દેવથી નીકળી ઊજમવાડા આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો જગ્યામાં રાખ્યો. આ ગામ બ્રાહ્મણોનું છે. બધા જાગીરદારો છે. સરકારને કઈ ભરવાનું

નથી જાતે ખેતી કરે છે. ગામમાં એકેય માણસ ભણેલો નથી. અરજી કરવાની ખબર નથી.

● **તા. ૨૭-૨-૫૧ : ભાંભર**

ઊજમવાડાથી નીકળી ભાંભર આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો બ્રાહ્મણોની ધર્મશાળામાં રાખ્યો હતો. બપોરના ત્રણ વાગ્યે ખેડૂતોનું સંમેલન રાખ્યું હતું. ૧૮ ગામના લોકો આવ્યા હતા. લોકલ બોર્ડના પ્રમુખ ડાહ્યાભાઈ, ડીસાથી ડૉ. સરદારસિંહ વગેરે આવ્યા હતા. ખેડૂતો અને ખેતીના પ્રશ્નો ચર્ચાયા હતા.

અહીં સુધી દાદા સાથે રહ્યા હતા.

● **તા. ૨૮-૨-૫૧ : કુંકાવ**

ભાંભરથી કુંકાવ આવ્યા. અંતર સાડા છ માઈલ. રાત્રે સભા થઈ હતી.

● **તા. ૧-૩-૫૧ તથા ૨-૩-૫૧ : દિઓદર**

કુંકાવથી નીકળી દિઓદર આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો. જાહેર સભા ખૂબ સારી થઈ હતી.

● **તા. ૩-૩-૫૧ : જાડા**

દિઓદરથી નીકળી જાડા આવ્યા. અંતર સાડા ચાર માઈલ હશે. સભામાં કેટલાક ભાઈઓએ ચા નહિ પીવાની પ્રતિજ્ઞા લીધી.

● **તા. ૪-૩-૫૧ : પાલડી**

જાડાથી નીકળી પાલડી આવ્યા. અંતર સાડા ચાર માઈલ. ઉતારો મંદિર પાસે રાખ્યો હતો. અહીંના વેપારીઓને કોઈએ કહ્યું હતું કે મહારાજ રોઝ અને વાંદરા મારવાનું કહે છે. એટલે કોઈએ રસ ના લીધો, પણ ખુલાસો થયા પછી સારો રસ લીધેલો.

● **તા. ૪-૩-૫૧ : ચીભડા**

પાલડીથી નીકળી ચીભડા આવ્યા. અંતર સાડા પાંચ માઈલ હશે. જમીન ખૂબ જ રેતાળ છે. ખાડા ટેકરાવાળી છે. એટલે ગુવાર અને બાજરી બે જ વસ્તુ થાય છે. ચોમાસામાં લોકોને 'વાળા' (એક પ્રકારનું દર્દ) બહુ નીકળે છે.

**● તા. ૫-૩-૫૧ : સણાવીયા**

ચીભડાથી નીકળી સણાવીયા આવ્યા. અંતર ચાર માઈલ. થરાદનું જાગીરદારી ગામ છે. રાત્રિ સભામાં મહારાજશ્રીએ અહીંની પરિસ્થિતિના ઉકેલ માટે સારાં સૂચનો કર્યા.

**● તા. ૬-૩-૫૧ : ડોડગામ**

સણાવીયાથી ડોડગામ આવ્યા. અંતર છ માઈલ. બપોરના જાહેરસભા થઈ.

**● તા. ૭-૩-૫૧ : થરાદ**

ડોડગામથી નીકળી નાગલા ગામે થોડું રોકાઈ થરાદ આવ્યા. અંતર સાડા સાત માઈલ. બપોરે ખેડૂતોની સભા રાખી હતી. તેમાં ૧૩ ગામના લોકો આવ્યા હતા. સભામાં મહારાજશ્રીએ કહ્યું : સ્વરાજ આવ્યું છે, પણ જેનું સંગઠન હશે તે જ ફાવશે. ખેડૂતો અસંગઠિત છે, એટલે તેઓ કાળી મજૂરી કરે છે તે છતાં તેને પૂરો રોટલો મળતો નથી. સંગઠન માત્ર પૈસા વધારે મળે તે હેતુથી તો તે લાંબો વખત નહિ ચાલે. તેમાં નીતિનો પાયો મુખ્ય હોવો જોઈએ. ગામની વસ્તી ૮૦૦૦ તેમાં જૈનોનાં ૭૦૦ ઘર છે. મુખ્ય આગેવાન અમૃતલાલ કાળીદાસ દેસાઈ.

**● તા. ૮-૩-૫૧ : વડગામડા**

થરાદથી નીકળી વડગામડા આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો મહાદેવમાં રાખ્યો હતો. સભામાં આઠ માણસોએ જિંદગી સુધી ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**● તા. ૯-૩-૫૧ : ભોરડુ**

વડગામડાથી નીકળી ભોરડુ આવ્યા. અંતર છ માઈલ હશે. બપોરની જાહેર સભા રાખી હતી. આ બધાં જાગીરદારી ગામો છે. એટલે લોકોને અનેક પ્રકારની મુસીબતો હોય છે. સભામાં દસ જણે જિંદગી સુધી ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**● તા. ૧૧-૩-૫૧ : ઊંદસણા થઈ આસોદર**

ભોરડુથી નીકળી ઊંદસણા આવ્યા. અહીં હરિજનો પાસે ઢોર મરી જાય ત્યારે ઢસરડી જાય છે તેનું ચામડું પાછું લે છે અને મજૂરીના ચાર આના આપે

છે. અહીં થોડો વખત રોકાઈ ગામના પ્રશ્નો સમજી આસોદર આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો હતો. અહીં અમે ધર્મ કરવાની નવી રીત જોઈ. સવારમાં બાઈઓ ગામ સફાઈ કરતી હતી. પૂછ્યું તો કહે, અમે દ્વારકા જઈ આવ્યાં છીએ તેથી ધર્મ કરો. શ્રમથી પુણ્ય કરતાં. રાત્રે ભજન ગાયાં અને પ્રસાદ વહેંચ્યો. આગેવાન ભાણા જેહા પટેલ.

**● તા. ૧૧-૩-૫૧ : દેલનપુર-આસોદર**

આસોદરથી નીકળી દેલનપુર થોડું રોકાઈ આસોદર આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઢાળિયામાં રાખ્યો હતો. બપોરના જાહેર સભા થઈ હતી. તેમાં સાત ગામના લોકો આવ્યા હતા. સંગઠન કરવા, અસ્પૃશ્યતા દૂર કરવા અને વ્યસનો નાબૂદ કરવા કહ્યું હતું. આગેવાન સરદાર અગરસંગ દોલજી.

**● તા. ૧૨-૩-૫૧ : ડુઆ**

આસોદરથી ડુઆ આવ્યા. અંતર છ માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. અહીંની સભામાં દસ ગામના લોકો આવ્યા હતા. મહારાજશ્રીએ કહ્યું કે ગામમાં સંપ નહીં હોય તો કોઈ સુખી નહિ થાય. સંગઠન કરો તેમાં ખેડૂત, મજૂર, વહેપારી બધા જ જોડાય અને દરેક નીતિથી ચાલે. સ્વરાજ્ય આવ્યું છે પણ જાગ્રત નહીં બનો તો તેનો ફાયદો નહિ મળે. હરિજનોને આપણે નથી અડતા પણ પાકિસ્તાન કેમ થયું તેનો વિચાર કરીએ તો ખ્યાલ આવશે. બે ભાઈઓને મેળ ના થયો એટલે જુદા પડ્યા. આ ત્રીજા ભાઈ સાથે પણ મેળ ના રાખ્યો હોત તો ત્રીજો ભાગ પડત. હજુ પણ એ ભય ટળ્યો નથી. એ લોકો સાત કરોડ છે. સંગઠિત છે. તમે બધાં સાંઠો સાંઠો છો. મતદાનમાં તે લોકોની બહુમતી આવી જશે તો તમે લઘુમતીમાં થઈ જશો. પછી કાયદા તે કરશે, તમારે પાળવા પડશે. પેલા વહોરાજીએ નાડું પકડી રાખેલ તે કેવી દશા થઈ ?

**● તા. ૧૩-૩-૫૧ : જડીયાલી**

ડુવાથી નીકળી જડીયાલી આવ્યા. અંતર છ માઈલ. ઉતારો જીવાજીભાઈને ત્યાં રાખ્યો હતો. બપોરના જાહેર સભા રાખી હતી. ચૌદ ગામના લોકો આવ્યા હતા. આ બનાસકાંઠા પ્રદેશ જાગીરદારોનો છે તેથી લોકોને અનેક પ્રકારની મુસીબતો વેઠવી પડે છે. મહારાજશ્રીએ કહ્યું, તમારી વાતો સાંભળી તમો દુઃખી

છો તે જાણ્યું. બનાસકાંઠામાં પવિત્ર બનાસ નદી છે. આપણા દેશમાં ત્રણ વરસથી સ્વરાજ્ય આવ્યું છે. આ ચોથું ચાલે છે. પહેલાં યુરોપિયન રાજ્ય કરતા હતા. એ લોકો માત્ર રાજ્ય કરવા નહોતા આવ્યા, વેપાર કરવા આવ્યા હતા. પણ વેપાર કરવો હોય તો રાજ્ય સ્થાપવું. એ વિચારથી ધીમે ધીમે કળથી બળથી રાજ્ય સ્થાપ્યું. એમણે જે બળુકા લોકો હતા, રાજા હતા, જાગીરદાર હતા તેમને ધીમે ધીમે કબજે લીધા સહાયકારી યોજના આપી, ગુલામ બનાવ્યા. ધર્મ પણ આપણો ખોઈ નાખ્યો, વચનભંગ એ આપણું મૃત્યુ હતું, પણ એમણે શીખવ્યું. દારૂ, વેશ્યાગીરી, સટ્ટો વગેરેને જાહેર રીતે પરવાનો આપ્યો.

ગાંધીજી આવ્યા તેમણે કહ્યું ડરો મત. ૬૩ વરસ લડત ચલાવી પછી આઝાદી મળી. રાજાએ રાજ્ય છોડ્યાં. પછી જાગીરદારોનો વારો આવ્યો. ખેડે તેની જમીન કરી પણ કોંગ્રેસ સરકાર ધીરે ધીરે પગલું ભરે છે. કોંગ્રેસ એટલે કોઈ માણસ નહીં, પણ નીતિ અને સત પાળે તે કોંગ્રેસી કહેવાય. કોઈથી ડરશો નહીં ડરશો તો ડરાવનારા મળશે. સંગઠિત થઈને પોતાની સાચી વાતને પકડી રાખો. વિજય તમારો છે. ગોપાલન કરો. વ્યસનો છોડો. બાળકોને ભણાવો તો સુખી થશો. મુખ્ય આગેવાન કોળી કરમણ જોધા.

**● તા. ૧૪-૩-૫૧ : ધાનેરા**

જડીયાલીથી નીકવી ધાનેરા આવ્યા. અંતર નવ માઈલ હશે. ઉતારો કેસુભાઈના મકાનમાં રાખ્યો હતો. બપોરના ઉપાશ્રયમાં જાહેર સભા રાખી હતી. તેમાં સોળ ગામના લોકો આવ્યા હતા, રાત્રે જાહેર સભા થઈ હતી. અહીં જૈનોનાં ૩૦૦ ઘર છે. વોરા મુસલમાનના ૧૫૦ ઘર છે.

**● તા. ૧૫-૩-૫૧ : રામસણ**

ધાનેરાથી નીકળી રામસણ આવ્યા. અંતર આઠ માઈલ હશે. આ બાજુ દરેક ગામે મહારાજશ્રીના આગમન અંગેનો પ્રચાર ઘણો થાય છે. લોકોનો ઉત્સાહ ખૂબ છે. દરેક ગામે આજુબાજુના ગામોની જાહેર સભા થાય છે. અહીં નવ ગામના લોકો આવ્યા હતા. એક જૈન સાધુ - ખેડૂત, ખેતી, ગોપાલન, મજૂરીના દર, અસ્પૃશ્યતા નિવારણનું આટલું બધું કામ કરે છે તે

જોઈ જાણીને નવાઈ પામતા હતા. અહીંનું મંદિર જૈન તીર્થ કહેવાય છે. મૂર્તિ બહુ જૂની છે. ૧૦૮૪ની સાલમાં રઘુસેન રાજાએ પ્રતિષ્ઠા કરાવેલી તે પછી સંવત ૧૯૪૮માં હંસવિજયજી (તપાગચ્છ) મહારાજે પ્રતિષ્ઠા કરાવેલી. જાગીરદારોની વસતી વધારે છે.

**● તા. ૧૬-૩-૫૧ : કંસારી**

રામસણથી ઝેરડા આવ્યા. અંતર છ માઈલ. ઉતારો જૈન મંદિરમાં રાખ્યો હતો. સભામાં બાર ગામના લોકો આવ્યા હતા. અહીં પડતર જમીન વધુ છે એટલે નિરાશ્રિતોને વસાવવાના છે, તેમને સહકાર આપવા ગામને કહ્યું.

ઝેરડાથી સાંજના કંસારી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. રાત્રે સભામાં બાજુના ગામના લોકો પણ આવ્યા હતા.

**● તા. ૧૭/૧૮-૩-૫૧ : નવા ડીસા**

કંસારીથી નીકળી નવાડીસા આવ્યા. અંતર છ માઈલ ઉતારો લાઈબ્રેરીમાં રાખ્યો હતો. બપોરે મોટી જાહેરસભા થઈ, તેમાં ૪૨ ગામના લોકો આવ્યા હતા. કોંગ્રેસના કાર્યકરો, શ્રી રાવજીભાઈ પટેલ, નાનુભાઈ દેરાસરી અને બીજાઓ હતા. પ્રથમ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખે મહારાજશ્રીનું સ્વાગત કરી. તેમની પ્રવૃત્તિઓ અંગે બે શબ્દો કહ્યા હતા. મહારાજશ્રીએ કહ્યું તમો ભાગ્યશાળી છો કે દુકાળમાં રવિશંકર મહારાજે અહીં બહુ મોટું કામ કર્યું તેથી તમારો પરિચય થયો. હવે પાણીના પ્રશ્ન અંગે દાદા અહીં બેઠા છે.

રાવજીભાઈએ કહ્યું કે આપણી સામે પૂ.શ્રીએ બહુ સારી વાતો કરી. તેમને શોભે તે રીતે ધાર્મિક, સૌમ્ય ભાષામાં વાતો કરી. હું તમારા જેવો કાર્યકર છું. એટલે એવી ભાષા નહિ વાપરી શકું. આપણી સામે કેટકેટલી મુશ્કેલીઓ છે તે હું જોઉં છું. જાણું છું. મેં ઘણાં દુઃખસુખ જોયાં છે. આફ્રિકામાં અંધારી કોટડીમાં રહ્યો છું. થોડીવાર પછી પ્રકાશ પણ મળ્યો છે. આપણી સામે જે મુશ્કેલી વર્ણવાય છે તે એક વખતે જશે. મધ્યરાત્રે અંધારું હોય છે, પણ સૂર્ય ઊગે છે ત્યારે પ્રકાશ પથરાઈ જાય છે. મહાત્માજીએ ઘણો પ્રયત્ન કર્યો છે. તેમણે જોયું કે દેશની ૮૦ ટકા વસતિ ખેડૂત છે, તે સુખી ન થાય ત્યાં સુધી દેશ સુખી નથી.

કેટલાંય ભૂખે સૂવે છે. તે કેવી રીતે મરે તેનો સતત પ્રયત્ન કરતા. હવે આપણું રાજ્ય આવ્યું છે. પણ એથી આપણી જવાબદારી પણ વધી છે. સહકારથી કામ કરીશું તો વાંધો નહિ આવે.

બીજે દિવસે સવારના હરિજન વાસમાં સભા રાખી તેમના પ્રશ્નો ચર્ચ્યા. ત્યાંથી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન રાખ્યું હતું. રાવજીભાઈ સાથે જ હતા. બપોરના ૩-૩૦ વાગ્યે જિલ્લાના કાર્યકરોની મિટિંગ રાખી હતી. તેમાં પ્રદેશના પ્રશ્નો ચર્ચાયા હતા. મહારાજશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. રાવજીભાઈ પટેલે પણ કાર્યકરોને ગામડાંમાં પ્રશ્નો જલદી હલ થાય તેમ કરવા અનુરોધ કર્યો હતો.

**● તા. ૧૯-૩-૫૧ : સરાંઠી**

ડીસાથી નીકળી સરાંઠી આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો દરબારોના ઉતારે રાખ્યો હતો. લોકોએ સામે આવી ખૂબ જ સુંદર સ્વાગત કર્યું. ઢોલતાસાં, ભૂંગળ પણ લાવેલા. બહેનોએ વધામણાં લીધાં. વધામણાંમાં એક હરિજન બહેને પણ ભાગ લીધો હતો. ગામ લોકોએ તેને તક આપી સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બપોરના સારી સભા થઈ હતી.

**તા. ૨૦-૩-૫૧ : ગઢ**

સરાંઠીથી નીકળી ગઢ આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો મહાદેવમાં રાખ્યો હતો. બપોરની જાહેર સભામાં દસ ગામના લોકો આવ્યા હતા. વસતિ પટેલોની મુખ્ય છે.

**● તા. ૨૧-૩-૫૧ : ટાકરવાડા**

ગઢથી નીકળી ટાકરવાડા આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો મહાદેવમાં રાખ્યો હતો. સભામાં ૧૫ જણે વ્યસન નિષેધની પ્રતિજ્ઞા લીધી હતી.

**● તા. ૨૨-૩-૫૧ : સાગરાસણ**

ટાકરવાડાથી સાગરાસણ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ગોદડ શેઠને નિવાસે રાખ્યો હતો. રાત્રે પ્રાર્થના પછી જાહેર સભા થઈ હતી.

**● તા. ૨૩ થી ૨૮ : પાલનપુર**

સાગરાસણથી પાલનપુર આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો છોટુભાઈ હેમુભાઈ શેઠને બંગલે રાખ્યો હતો. તેઓ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પણ છે.

બપોરના લાઈબ્રેરીમાં મહિલા મંડળના આશ્રયે બહેનોની સભા રાખી હતી. તેમાં મહારાજશ્રીએ જણાવ્યું હતું કે - હમણાં એક બહેને મારો પરિચય આપ્યો. પરિચય એટલે ઓળખાણ. ઓળખાણ એવી વસ્તુ છે કે જ્યારે આપવાની કે લેવાની હોય ત્યારે તેમાં એક ખાસ શરત હોય છે. ઓળખાણ આપનારે વ્યક્તિ કરીકેનો ખ્યાલ ભૂલીને પોતાનો પરિચય આપવો. એ રીતે હું મારો પરિચય આપવા પ્રયત્ન કરીશ.

મારી ઉંમર ૪૭ વરસ, સંતબાલ તરીકે લોકો ઓળખે છે. સંતબાલ એટલે સંતોનું જે જીવન છે તે જીવનનો અભ્યાસ કરનાર. એમાં મને લાગ્યું કે દીક્ષા પહેલાંના જીવનમાં મેં જોયું કે માનવજીવનમાં એક ભવ્ય ભાવના પડી છે. મનુષ્ય કાયાનો યોગ મહાપુણ્ય પછી પ્રાપ્ત થાય છે. એનું રહસ્ય એ છે કે આત્માને જાણી લેવો. એ કેવી રીતે ઓળખાય, તો દાન, દયા, ક્ષમા, વગેરે ગુણોથી. દા.ત. કેવી રીતે ? કોણ કરી શકે ? હું પ્રથમ પૈસાથી દાન કરતો પણ પછી એમ લાગ્યું કે પૈસા કરતાં પ્રત્યક્ષ જીવનનું દાન આપવું સારું એ રીતે હું દીક્ષિત થયો. તેને ૨૩ મું વરસ ચાલે છે. અહીં આવ્યાને ૧૯મું વરસ છે. નાનચંદ્રજી મહારાજ એ મારા ગુરુદેવ છે. તેમની સાથે અજમેર સાધુ સંમેલન વખતે આવવાનું થયેલું. સાધુ દીક્ષામાં પણ જુદી જુદી કક્ષા હોય છે. જેમ દરેક પ્રદેશની જુદી ખાસિયત હોય છે તેમ. મારવાડમાં સ્ત્રી હાથ ઉપર ચૂડા પહેરે. અહીં કોઈ ના પહેરે, એમાં કોઈ કાંઈ ચઢતું ઊતરતું નથી. અહીં ઘૂમટો કાઢે મહારાષ્ટ્રમાં ના કાઢે. ના કાઢવા પાછળ ભવ્ય ભાવના પડેલી છે. છેલ્લા ૧૨ વરસથી ભાલમાં વિચરું છું. અને ધર્મદષ્ટિએ સમાજ રચના કરવા પ્રયત્ન કરું છું. ત્યાંની માનવ પ્રજા સાથે સંપર્કમાં આવ્યો. ભીક્ષા લેવાને કારણે બહેનોના સંપર્કમાં પણ અવાયું. આચારમાં ધર્મ લાવવો હોય તો બહેનો સારું વાહન થઈ શકે. શાસ્ત્રોમાં ઘણા દાખલા છે. બહેનોએ ધર્મ માટે પ્રાણ આપ્યા છે. ચિહ્નો એ ધર્મ નથી. ઓળખાણનું પ્રતીક છે. જેમ ભગવાં કે સફેદ વસ્ત્રો એ પ્રતીક છે. સાધુતા અંદર છે. બાળકને નિશાળે મૂકીએ ત્યારે પ્રથમ એકડો, પછી પહેલી, પછી

બીજી ચોપડી એમ ક્રમ છે. તેવી રીતે ધર્મમાં પણ ક્રમ છે. જૈન ધર્મ એ ફાઈનલ છે તો વૈદિક ધર્મ છઠ્ઠું ધોરણ છે. બન્નેની એકબીજા ઉપર અસર છે. જો સ્વતંત્ર રહે તો વાડો થઈ જાય છે. ધર્મ મંદિર, મસ્જિદ કે દેવળ અથવા પોષાકમાં નથી, પણ ધર્મ એ ભાવના છે. એ ભાવના ઊંચે લઈ જવા માટે છે. જૈનોમાં મિથ્યાત્વ અને સમકિતી કહે છે. તેવી રીતે વૈદિકમાં નાસ્તિક-આસ્તિક, કુસંગી, સત્સંગી, મુસ્લિમમાં કાફર. એમ જુદાં જુદાં નામ છે. જેના દોષો મંદ પડ્યા હોય અને ગુણોનું સ્થાપન થયું હોય તેવો કોઈ પણ માણસ સમકિતી થઈ શકે. શમ, શમવેગ, નિર્વેગ, અનુકંપા, આસ્થા આવાં લક્ષણ હોય તે સમકિતી કહી શકાય.

કોઈ લખેલ એ ધર્મ નથી. એ વિષે વિચારતાં મને માનવજાત તરફ જવાનું મન થયું. સત્યનો શોધક હોય છે તે અસત્યને ઓળખી લે છે. જેવી દૃષ્ટિ રાખે તેવું દેખાય. કોઈ કોઈ પૂછે છે : માનવસેવાથી આત્માનું દર્શન થાય ? માનવસેવા એટલે શું ?

પોતાની જાતના દુર્ગુણ કાઢવા, ચારિત્ર્યને ઊંચે લઈ જવું. પોતામાં રહેલા પ્રભુને બહાર કાઢવા. એ સેવામાં અને ધર્મમાં ક્યાં ભેદ છે ? પુણ્ય એ શુભ ભાવ છે. પાપ અશુભ આશ્રવો છે. ધર્મ એ ભાવના છે, તે વસ્તુ કે ક્રિયામાં નથી. **વસ્તુનો સ્વભાવ એ ધર્મ. હું કોણ ? શા માટે આવ્યો ? એ બધાનું ભાન થાય ત્યારે ધર્મ આવ્યો કહેવાય.** એમાંથી સેવા આવી છે. આપણે અહીં બેઠાં છીએ. પાસેની ધરતી ધ્રૂજી ઊઠી તો આપણે સલામત રહી શકીશું ખરા ? આપણને જગતની અસર થવાની જ છે. ભારત પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે જે બળાત્કારો થયા, જે કતલ થઈ તે જો સ્ત્રીઓ જાગતી હોત તો ના બનત. ભલે ઈસ્લામી સ્ત્રી હોય પણ તે ધણીને કહી શકત કે એ સ્ત્રી અમારી નાત છે તેનું અપમાન ના થાય. આવું અહીં પણ બન્યું છે. મુસ્લિમ સ્ત્રીઓને ગંગા યમુનામાં ઝબોળી તેમને કહેવામાં આવતું, હિન્દુ ધર્મને યાદ કર. અમદાવાદમાં **અલ્લાહો અકબર** અને **હરહર મહાદેવ** કહેનારા બન્ને પક્ષ લડતા. તેમને પોતે શું બોલે છે તેનું ભાન નહોતું. બન્ને ઈશ્વરનું નામ લેતા હતા. ચાવલ અને ચોખાની લડાઈ કરી. પહેરવેશને ધર્મ માન્યો. અંતરથી ધર્મ જાણવો જોઈએ.

આજે ધર્મ કરવો હોય તો કહીશું કે પૈસા જોઈશે. ખરી રીતે ધર્મ કરવામાં પૈસાની જરૂર નથી પડતી. ધન, શરીર, એ સાધન છે. સાધ્ય જુદી વસ્તુ છે.

જૈન સાધુઓ પાકિસ્તાનમાંથી વિમાન માર્ગે હિન્દમાં આવ્યા.એ રીતે સમકિત તો ભાંગ્યું તેમણે ત્યાં રહીને અહિંસાની વાત ફેલાવી હોત, સત્યનો માર્ગ બતાવ્યો હોત તો જીવન સાર્થક થાત !

સ્ત્રી અને પુરુષ મળીને એક અંગ થાય છે. સ્ત્રીઓને બધા જ અધિકારો આપ્યા છે. તીર્થંકરપદ પણ અપાવ્યું છે. ચંદનબાળા જેવી સાધ્વીને ૩૬ હજાર સાધ્વીઓ સોંપી. સ્વતંત્ર વ્યવસ્થા સોંપી. મંડનમિશ્ર અને શંકરાચાર્ય વચ્ચે સંવાદ થયો. એક બ્રહ્મજ્ઞાની એક ક્રિયાકાંડી. ચર્ચા ચાલી તેમાં ન્યાયાધીશ તરીકે મંડનમિશ્રનાં પત્ની ભારતી રહ્યાં. મંડનમિશ્રને હાર્યા જાહેર કરાયા પછી કહ્યું, હજુ અર્ધું અંગ બાકી છે. પોતે વાદ કર્યો અને જીત્યાં. રામસીતા નથી બોલાતું. શ્યામ રાધા નથી બોલાતું, બાપ મા નથી બોલાતું પણ માતાને પહેલું સ્થાન એ જનેતા જ લઈ શકે છે.

ઋષભદેવ ભગવાનના પહેલાં એમની માતા મરુદેવીને મોક્ષ મળ્યો. આ રીતે સ્ત્રીઓ માતા અને જનેતા બની શકે છે. હવે ઘરની ચોકી કરવાનો વખત આવી રહ્યો છે. અનીતિનું ના પેસી જાય તે જોવાનું છે. રાધનપુરમાં દુષ્કાળમાં એક વિધવા બાઈની દીકરી કામે જતી ત્યાં કોઈએ ગોળ વહેંચ્યો. પેલી દીકરીએ ગોળ લેવાની ના પાડી. વગર મજૂરીનું ખવાય ? હાથ પગ હલાવીને જીવવું જોઈએ. સ્વાવલંબી જીવન જીવવું જોઈએ. એમ કહ્યું. આજે બાઈ વિધવા થઈ તો આવી જ બન્યું. બધાં જ તિરસ્કાર કરે કોઈ એનો ભાવ ન પૂછે, ન કોઈ ધર્મની વાત કરે. ભગવાને ચોખ્ખું કહ્યું છે કે જે માર્ગાનુસારી છે તેણે વહેવારમાં ધર્મ જોવો જોઈએ. કંઠનું ભૂષણ ક્ષમા છે. હાથનું ભૂષણ દયા છે તેનું ચારિત્ર્ય જ આભૂષણ છે. શ્રમને મહત્ત્વ આપવું જોઈએ.

કાકા સાહેબ કહેતા કે કેટલીક સ્ત્રીઓ આખી હોય છે. ભરવાડ-રબારી કોમની. એ કોમની સ્ત્રીઓ ઘરનું બધું કામ કરે અને બહારનો વહેવાર પણ કરે કેટલીક સ્ત્રીઓ અડધી હોય છે. બાળકોને ઊછેરે ઘરકામ કરે અને પુરુષને મદદ કરે. કેટલીક સ્ત્રીઓ પડછાયા જેવી હોય છે. તે બેઠાડુ હોય અને ઘરનું ખાઈ જાય. ખર્ચા કર્યા જ કરે. શ્રમ આવશે તો જ ખડતલતા આવશે. સૌરાષ્ટ્રમાં બે બહેનો ઘાસ વાઢવા ગયેલી. ત્યાં એક ગુંડાની નજર બગડી. હાથ નાખ્યો. તો દાતરડું લઈને થઈ સામે. પેલો ભાગ્યો તો પેલી સ્ત્રીઓ દોડી પાછળ. ખો

ભૂલી ગયો. કેટલીય સ્ત્રીઓએ પુરુષને ફરજ ચૂકતા અટકાવ્યા છે. ઉત્તરાએ અભિમન્યુને કહ્યું : 'તમારો ધર્મ યુદ્ધ મેદાને છે, જાઓ.' ગામડાંમાં ઘણી હોંશિયાર બહેનો હોય છે, અમને મળે છે, પણ ગણી ગાંઠી હોય છે. એટલે કંઈ કરી શકતી નથી. હવે બધાં સંગઠિત થાઓ. આજે ઊકળતો પ્રશ્ન અનાજનો છે. તેને કેવી રીતે બચાવવું તે તમારા હાથમાં છે. એક ઘર રોજ દશ ઔંસ અનાજ બચાવે તો દેશમાં રોજનું સાડા આઠ લાખ કીલો બચે. આટલું થાય તો દેશમાં કોઈ ભૂખ્યું ના રહે. વિચારીને અમલ કરવા કહ્યું.

**● તા. ૨૪-૩-૫૧ : સેદરાસણ**

તા. ૨૪મીના રોજ અહીંથી છ માઈલ દૂર સેદરાસણ ગામે બનાસકાંઠા ખેડૂત મંડળનું અધિવેશન ભરાયું હતું. પ્રમુખ તરીકે રવિશંકર દાદા હતા. આ ગામ મહંતની જાગીર છે. મહંતે ખૂબ જ રસ લીધો હતો. ત્રણ હજાર માણસો જમી શકે તેવી પરમીટ મેળવી હતી. મહાદેવની જગ્યામાં વિશાળ શમિયાણો ઊભો કરવામાં આવ્યો હતો.

ભાલ નળકાંઠામાંથી અંબુભાઈ, ફુલજીભાઈ, કુરેશીભાઈ વ. આગેવાનો આવ્યા હતા. જિલ્લા કોંગ્રેસના પ્રમુખ, મંત્રી અને બીજા કાર્યકરો પણ આવ્યા હતા.

સ્વાગત પ્રમુખના પ્રવચન બાદ પૂ. સંતબાલજીએ જણાવ્યું હતું કે બનાસકાંઠામાં મારે આવવાનું થયું. રવિશંકર દાદા આ વિભાગમાં કામ કરે છે. હું ગામડામાં ફર્યો. ખેડૂતોનાં ટોળેટોળાં દરેક જગ્યાએ આવતાં હતાં. તે ઉપરથી તમારી ભૂખ કેટલી બધી છે તે સમજાય છે. તમો સદ્‌ભાગી છો કે દાદા જેવા પ્રમુખ મળ્યા છે આપણે જે સંગઠન કરવા માગીએ છીએ તે રાજ્ય સામે લડવા માટે નહિ, પણ પાયાના પ્રશ્નોમાં ન્યાય મળે તે માટે છે. ભાલ નળકાંઠા ખેડૂત મંડળની જે નીતિ છે તે જ અહીં રાખી છે. રાજકીય રીતે એક માત્ર કોંગ્રેસને ટેકો આપીએ છીએ, પણ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક બાબતોમાં તેની સ્વતંત્ર નીતિ છે. આથી કોંગ્રેસને પ્રેરણા અને પૂર્તિ બન્ને મળશે. અને ગામડામાં રાજકીય હરીફાઈ નહીં થાય.

ખેતી સાથે ગોપાલન જરૂરી છે. મેં જોયું કે ગાયો પુષ્કળ છે પણ ભેંસના શરીર ઉપર જે લોહી છે તેટલું ગાય ઉપર નથી. મરણની આશાએ જીવે છે.

આપણા દેશનું મુખ્ય ધન ગોધન છે. ભેંસ ધન નથી. માટે બળદ ઘેર કરો ઘણું કામ થાય. ભેંસ પાળવાથી બે નુકસાન થાય છે, પાડા નષ્ટ થાય છે અને ગાય પાળી શકાતી નથી. જે માણસ બળદ ઘેર કરે તેનો દંડ થાય છે હવે આ ક્રમ બદલવો જોઈએ. તમે હાથે કાંતો છો, વણો છો તે જોઈને આનંદ થાય છે.

ખેતી ઉત્પાદનના ભાવો પોષણકારક મળવા જોઈએ તે મળતા નથી, ઊલટું ખોટમાં ખેતી ચાલે છે. તેને માટે સંગઠિત રૂપે પ્રયત્ન કરવાનો છે.

આ પછી દાદા અને કોંગ્રેસી આગેવાનો બોલ્યા હતા. છેવટે કેટલાક ઠરાવો પસાર કરી સભાનું વિસર્જન થયું હતું.

સેદરાસણથી તા. ૨૫મીએ અમો આબુરોડ, દેલવાડા અને અંબાજી જઈ તા. ૨૭ મીએ પાછા આવ્યા હતા.

**● તા. ૨૮-૩-૫૧ : વગદા**

પાલનપુરથી સાંજના નીકળી વગદા આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેર સભામાં દસ માણસોએ ચા નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી.

**● તા. ૨૯-૩-૫૧ : વડગામ**

વગદાથી નીકળી વડગામ આવ્યા. અંતર સાડા છ માઈલ. ઉતારો ખેડૂત મંડળના મકાનમાં રાખ્યો હતો. બપોરના આજુબાજુના પચીસ ગામોના લોકોનું સંમેલન મળ્યું હતું. તેમાં ખેતી અને બીજા પ્રશ્નો માટે ખેડૂત મંડળ અંગે વાતો થઈ હતી. એક ગામમાં રાત્રિસભા હતી. તેમાં જૈનોની સંખ્યા ઠીકઠીક હતી. સભામાં મહારાજશ્રીએ પૂછ્યું કે કોઈને કંઈ કહેવું છે ? એટલે એક ભાઈએ પૂછ્યું, રોઝ અને તીડ મારવાં એ હિંસા ખરી કે નહી? અને હોય તો આ સરકાર શા માટે મરાવે છે ? આપ સરકારને ન મારવાનું જોરપૂર્વક કેમ નથી કહેતા.

મહારાજશ્રીએ જણાવ્યું કે આજે દરેક પ્રશ્નને બહુ લાંબી દૃષ્ટિથી વિચારવો જોઈએ. રોઝ કે તીડ મારવા એ હિંસા છે એમાં કોઈ પણ ના કહી શકશે નહિ. પણ ન મારવું એવું જોરપૂર્વક કહીએ તેની સાથે જ આપણી જવાબદારી પણ ઊભી થાય છે, એ ન ભૂલવું જોઈએ. આજ માત્ર બોલવાથી કે ધન આપવા

માત્રથી અહિંસા નહીં પાળી શકાય કે નહીં પળાવી શકાય. જો જવાબદારી ના લઈએ તો આપણને વિરોધ કરવાનો અધિકાર રહેતો નથી. આવું કહ્યું એટલે ચર્ચા થોડી વધારે ઉગ્ર બની. તો પછી આપ એમ કહો છો કે તીડને મારવા દેવાં ? મહારાજશ્રીએ કહ્યું કે હું એક જૈન સાધુ છું. અને પાણીનું ટીપુંય પણ નકામું ન બગાડવાનું જે ધર્મ કહેતો હોય. જે ધર્મ પાણીના બિંદુમાં પણ અસંખ્ય જીવ (વિજ્ઞાનપૂર્વક) છે. એમ માનતો હોય તે ધર્મનો નમ્ર અનુયાયી હું હિંસા કરવાનું કેમ કહી શકું ? પણ જ્યાં સુધી મારી પાસે અનાજ બચે અને તીડો પણ બચે એવો કોઈ ચોક્કસ ઉપાય ના હોય, કોઈ બતાવી શકતું ના હોય, ત્યાંસુધી સરકારને કયા બળ પર અટકાવી શકું ?

તીડોનો પ્રશ્ન, રોઝનો પ્રશ્ન અને વાંદરાઓનો પ્રશ્ન જુદા જુદા પ્રકારે વિચારવા જેવો છે. માત્ર ઇન્દ્રિય વિકાસની દૃષ્ટિએ નહીં, પણ નવી ઉત્પતિ અટકે, જૂનાના નિકાલમાં મુખ્યત્વે અહિંસાની દૃષ્ટિ રાખી નિકાલ કેમ થાય વગેરે વસ્તુ મને ગંભીર વિચારમાં મૂકે છે. હું સ્પષ્ટ માર્ગદર્શન આપી શકતો નથી ત્યાં લગી જેમ મારવામાં સંમતિ નથી આપતો તેમ ન મારવાનું પણ ભારપૂર્વક કહેતાં સંકોચાઉં છું. તમે પણ શોધનમાં મને મદદ કરો. જુઓ રોઝનો પ્રશ્ન મારી પાસે આવ્યો ત્યારે મને જે સૂઝ્યો તે રસ્તો મેં બતાવ્યો કે એ રોઝને બચાવવાં હોય તો મહાજનોએ પોતાના થોડાં કંપાઉન્ડ ઊભાં કરી નર અને માદાને અલગઅલગ રાખી જિંદગીપર્યંત પાળવાં જોઈએ. જો કે આમાં પણ હિંસા તો છે, પણ સરવાળે અહિંસા વધારે છે.[૧]

## ● તા. ૩૦-૩-૫૧ : સલીમકોટ

વડગામથી નીકળી સલીમકોટ આવ્યા. અંતર આઠ માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો.

## ● તા. ૩૧-૩-૫૧ : સંભરવાસણા

સલીમકોટથી સંભરવાસણા આવ્યા. અંતર ત્રણ માઈલ. વચ્ચે ભાખરી ગામમાં થોડું રોકાયા હતા. અહીં જાગીરદારી ત્રાસ ઘણો છે ત્રાસથી આઠ દસ ખેડૂત કુટુંબો ગામ છોડીને બીજે ગામમાં ગયાં છે.

૧. આ ભાષણનો પૂરો પાઠ પાન નં. ૧૨૭-૧૨૮ ઉપર આપેલ છે.

# ઉપસંહાર

અહીં બનાસકાંઠા જિલ્લાનો પ્રવાસ પૂરો થયો. જિલ્લામાં ૧૨૨૫ ગામ છે તેમાંથી લગભગ ૮૦૦ ગામો જાગીરી છે. ૧૨૨ ગામોમાં નિશાળ છે તેમાં ૪૨ ગામોમાં સરકારી મકાનો છે. ૮૦ નિશાળો ભાડાના મકાનમાં બેસે છે. ૧૦૭૮ ગામ નિશાળ વગરનાં છે. મોટો ભાગ જાગીરદારીનો હોવાથી પ્રજાનું શોષણ ખૂબ થાય છે.

એક ગામમાં અમારી સભા ચાલતી હતી ત્યાં એક વિધવા બાઈએ બે હાથ જોડીને પોતાની કથની કહી. પોતે નજીકના ગામડામાં રહેતી હતી. ધણી ચાર વરસથી ગુજરી ગયેલો. છોકરો નાનો એટલે ભાડે ખેતી કરાવતી પણ જાગીરદારની દાનત બગડી એટલે જમીન પડાવી લેવા માટે એક રબારીને ઊભો કર્યો. અને કેટલીક જમીન ખેડાવી નાખી અને બાઈને ધમકી આપી કે આ ગામ છોડીને ચાલી જા. નહીં તો ઘરમાં હાડકાં પડશે અને છાપરું સળગી જશે. બાઈ બીકની મારી તેના સગાંને ત્યાં રહેવા આવી હતી. હાડકું નાખવાની ધમકી આપનાર હરિજન હતો એટલે અમે જ્યારે એ ગામ ગયા ત્યારે ત્યાંના હરિજન વાસમાં જઈ તપાસ કરી તો વાત સાચી નીકળી. હરિજને કહ્યું, બાપુ ! ઠાકોર સાહેબે કહ્યું એટલે એમની સાથે ધમકી આપવા ગયો હતો. હવે નહીં જાઉં. પછી એ બાઈને અમે ડીસા બોલાવી હતી. અને પ્રાંત સાહેબ સમક્ષ આખી સ્થિતિનો ખ્યાલ આપી યોગ્ય કરવા જણાવ્યું હતું.

વડગામ બાજુ જમીન નીચી હોવાથી કેટલીક જગ્યાએ કુદરતી મીઠું પાણી ઓવર ફ્લો થાય છે. એટલે ઊંચી જગ્યાએ નાના બંધ બાંધી પાણી લઈ જાય છે. એટલે ખેતીવાડી સારી છે.

❑

> કેળવણીની સંસ્થાઓ દેશોદ્ધારનો પાયો છે. આજે સાંદીપની, વ્યાસ, વાલ્મીકિ, દ્રોણ કે વશિષ્ટ ભલે ન મળે, પણ વર્તમાન સમાજમાં છૂટાં છવાયાં જે રત્નો છે, તેને તારવી લઈ સાચી સ્વતંત્રતાથી કાર્ય કરવા દેવામાં આવે તો ભૂતકાળની પૂર્તિ કરે તેવી યોગ્યતાવાળી વ્યક્તિઓ પાકે, એ વિશે મને શંકા નથી. આને સારુ સૌએ મથવું જોઈએ. – **સંતબાલ**

# પુરવણી પરિશિષ્ટ

## પુરવણી-૧ : ખેડૂતમંડળ પ્રશ્નોત્તરી

*(ભાલનળકાંઠા ખેડૂત મંડળે, કેટલીક અગ્રણી ખેડૂત સંસ્થાઓ તેમજ વ્યક્તિઓના વિચાર જાણવા નવ પ્રશ્નોની પ્રશ્નાવલી તૈયાર કરી હતી, આ પ્રશ્નોનો મુનિશ્રીએ આપેલ જવાબો તેમની દૃષ્ટિ સમજવામાં ઉપયોગી હોવાથી આપ્યા છે.)*

**પ્રશ્ન-૧ :** ખેડૂત સંગઠનથી ઊભા થનાર બળનો ઉપયોગ ક્યા ક્ષેત્રમાં કરવો ?

**ઉત્તર-૧ :** તે જ સંગઠનમાં સાચું બળ આવે છે કે જે સંગઠન પાછળ ચોક્કસ અને મહાન આદર્શ હોય છે તેમ જ જે સંગઠનમાં ભળેલા સભ્યોના ચાલુ જીવનવ્યવહારોમાં નીતિ તથા ત્યાગ ઓતપ્રોત થાય છે. આવા સાચા બળનો ઉપયોગ જાતના વિકાસ કાજે જ શોભે અને સાચા બળની દિશા સર્વવ્યાપી હોય એ પણ સ્વાભાવિક જ છે. ખેડૂતો પોતાના માલના વધુ ભાવ ઉપજાવવા માટે કે સરકાર સામે ઝઘડવા માટે જ સંગઠન કરશે તો માત્ર અર્થવાદ, કોમવાદ, વર્ગવાદ કે આડોડિયાવાદ એવા વાદો ઊભા થશે. આખરે તો તેય ફાવવાના નથી. કોઈ ભય કે લાલચને લીધે સંગઠન તો તુરત થઈ જશે, પણ એ સંગઠન મજબૂત કાર્ય કરનારું કદી જ નહિ નીવડે. હા; એ ભય અને લાલચની રેતી પાછળથી સરી જાય કે સેરવી નખાય તો જુદી વાત છે. પણ તેય સમજણ અને વિવેકથી જ થઈ શકે. આ બધા વિચારો અને ઘણાં સંગઠનો જોયા પછી મને લાગ્યું છે કે; કુદરતની તદ્દન નજીકમાં રહેલા ખેડૂતે પોતાના સંગઠનની પાછળ સર્વોત્કૃષ્ટ ઉદાત્ત હેતુ રાખી એ સિદ્ધ કરી આપવું જોઈએ કે, 'એ ખરેખરો જગતાત છે.' જગતાત બળનો ઉપયોગ 'સર્વ જનહિતાય અને સર્વજન સુખાય' થવો જોઈએ.

**પ્રશ્ન-૨ :** ખેડૂત સંગઠનને રાજકારણથી અલિપ્ત રાખવામાં આપ માનો છો ? અલિપ્ત રાખવાના અને સીધી રીતે ભાગ લેવાના લાભાલાભ જણાવો.

**ઉત્તર-૨ :** માત્ર રાજકીય હેતુ માટે ખેડૂત સંગઠનો થાય તો કોંગ્રેસને બહુ મોટી ખલેલ પહોંચે. આજના સંજોગોમાં કોંગ્રેસની ખલેલ એ આખા દેશનો મોટામાં મોટો અલાભ ગણાય. બાકી રાજકીય હેતુ ખાતર નહિ તેમ માત્ર આર્થિક લાભ ખાતર પણ નહિ બલકે સમગ્ર દેશના ઉત્થાન ખાતર ખેડૂત સંગઠન થવું જોઈએ. આમ થાય તોય એમાં રાજકારણી સાથેના સંબંધો આપોઆપ આવવાના. એ રીતે રાજકારણથી છેક નિર્લેપ નહિ રહી શકાય, રહેવાની જરૂર પણ નથી. ખેડૂતોની વસતિ આ દેશમાં

જંગી બહુમતીની વસતિ છે. આવડી મોટી બહુમતીવાળી ખેડૂતજનતા રાજકારણમાં રસ ન લે તો તેમની સાથે દેશની ખુવારી જ થાય. પરિણામે કાં તો સામ્યવાદની હિંસા પ્રણાલી કે અંધાધૂધી આવે અથવા ફાસીવાદની સરમુખત્યારશાહી આવે. લોકમતને સ્વચ્છ રાખવા માટે આ જંગી બહુમતી ધરાવતા ખેડૂતોને રાજકારણમાં રસ લેતા કરવા જ જોઈએ. પણ તેઓ સાચા મતદાર બને, એટલી એના રાજકારણની સીમા બસ ગણવી જોઈએ. જો એંસી ટકા મતદારમાંનો સમજુ વર્ગ અને એ મતદારોને દોરનાર નેતાઓ અહિંસક વર્ગમેળ કે સમાનતાની નીતિ સ્વીકારે તો રાજકર્તા વર્ગમાં હિંસા કે એકહથ્થુ સત્તા આવવાનો સંભવ જ નથી. જો કે, એક વાર ચૂંટ્યા પછી લાગલગાટ ત્રણ કે પાંચ વર્ષ લગી એના એ સભ્યો ચાલુ રહે એવી કાયદામાં જોગવાઈ છે. પરંતુ ઉપર કહ્યું તેવું સંગઠન નૈતિક દબાણ જ એવું લાવે કે ધારાસભાઓમાં કે રાજતંત્રના હોદ્દાઓમાં ગયેલા પ્રતિનિધિઓથી પ્રજાને અમાન્ય એક કાયદો તો ન થઈ શકે, બલકે પ્રજાને અણગમતી એક અંગત ક્રિયા પણ ન થઈ શકે. આથી લાગે ભલે એવું તંત્ર પ્રધાનો ચલાવે છે, પણ વાસ્તવિક રીતે લોકમત જ એ તંત્ર ચલાવી રહ્યો હોય. આ પ્રશ્નનો ઉત્તર સાર એ છે કે ખેડૂત સંગઠનનો ઉપયોગ રાજકારણીય હોદ્દા ખાતર ન થવો જોઈએ. પણ રાજકારણને શીખવા અને પોતાની નૈતિક શુદ્ધિથી દોરવા માટે અવશ્ય થવો જોઈએ.

**પ્રશ્ન-૩ :** ખેડૂતોનાં વાજબી હિતોને કોઈ પણ સરકાર કે વર્ગ તરફથી અન્યાય થતો જણાય તો તેની સામે સત્ય અને અહિંસા જાળવીને સત્યાગ્રહ, અસહકાર કે સવિનયભંગ જેવાં ગાંધીજીનાં અહિંસક સાધનોથી એ અન્યાયનો પ્રતિકાર કરવામાં આપ માનો છો ?

**ઉત્તર-૩ :** ''સત્ય અને અહિંસા જાળવીને'' એ શરત એવી છે કે તે શરતને સાચવીને સત્યાગ્રહ, અસહકાર તથા સવિનયભંગનો અધિકાર કોઈ પણ વ્યક્તિને હોવો જોઈએ. ખુદ ખેડૂત સંસ્થા સામે પણ એ સંસ્થાનો સભ્ય સુદ્ધાં એ કરી શકે. સત્ય અને અહિંસા એ બન્ને શબ્દો એવા છે કે તે આવાં સાધન યોજનાર પાસે ઉચ્ચ ચારિત્ર્ય, આજ પહેલાંના અંગત જીવનની શુદ્ધિ અને આ માર્ગની અનિવાર્યતા વગેરે ઘણું માગે. ઉપરાંત એક વ્યક્તિને બદલે જ્યારે એક સંસ્થા કોઈ બીજી સંસ્થા સામે આવો માર્ગ લે, તે પહેલાં એણે સો ગળણે આ પાણીને ગળી લેવું જોઈએ. આટલું જોયા બાદ કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને કોઈ પણ મહાસમર્થ લેખાતી વિભૂતિના કે સંસ્થાના અન્યાય સામે અહિંસક પ્રતિકાર કરવાનો કુદરતી હક સાંપડે છે. મને ખાતરી છે કે એવો પ્રતિકાર અફળ પણ નથી જતો.

**પ્રશ્ન-૪ :** ખેડૂતોના સંગઠનને માત્ર ધંધાદારી સ્વરૂપ આપવામાં આપ માનો છો ?

**ઉત્તર-૪ :** ધંધાદારી સ્વરૂપનો અર્થ માત્ર પૈસા પૂરતો મર્યાદિત હોય તો તે સ્વરૂપમાં ખેડૂતોના સંગઠનનો ઉપયોગ થાય એને હું ખેડૂતોના કે દેશના હિતમાં માનતો નથી. મૂડીવાદને જડમૂળથી દૂર કરવા માટે ખેડૂત પોતાની ખેતીમાં ટકી રહે અને ખેતીની આબાદી કરી શકે તેટલા માટે તો આ સંગઠનનો ઉપયોગ કરવો જ જોઈશે. આને લીધે પ્રથમ પ્રથમ તો પૈસાને તરછોડ્યે નહિ ચાલ. છેવટે તો મને પોતાને લાગે છે કે, આપણા સંસ્કૃતિ પ્રધાન દેશમાં ગામડાંને કેંદ્રમાં રાખી સમગ્ર દેશનાં બધાં જ અંગો ગોઠવવાં પડશે અને એમાં આ સંગઠનનો ઉપયોગ કરવામાં હું માનું છું. આથી જ ખેડૂત-સંગઠનમાં નૈતિક પાયા ઉપર હું વિશેષ આગ્રહ રાખું છું. નૈતિક પાયા ઉપર સ્વાવલંબન, સંયમ અને સાચી સ્વતંત્રતાની ઈમારત ખડી થાય તો તે ટકી શકે. એકલદોકલ માણસ કે એકલદોકલ ગામડું આવા વિશાળ અને દૂરદર્શી હેતુને ન પહોંચી શકે માટે હું સો બસો ગામડાના જૂથને આ ગ્રામસંગઠનના મધ્યબિંદુ તરીકે સ્વીકારું છું કે જે ગામડાંઓ ભૌગોલિક, આર્થિક, સામાજિક, સાંપ્રદાયિક અને રાજકીય રીતે અરસપરસ ઓતપ્રોત હોય અને બહારનાં ઘણાંખરાં આવનારાં આક્રમણોને પહોંચી વળે તેટલાં સમર્થ હોય.

**પ્રશ્ન-૫ :** જમીન માલિક અને ગણોતિયાના તકરારી પ્રશ્નોમાં ખેડૂતસંગઠનનો ઉપયોગ કઈ રીતે કરવો કે જેથી બન્ને પક્ષનાં વાજબી હિતો જળવાય ?

**ઉત્તર-૫ :** જમીન માલિક જમીન પર પોતાનો માલિકી હક છે એટલા જ કારણસર જો બેસી રહીને ખેતી અંગેનાં શ્રમ અને આર્થિક જોખમો ઉઠાવી રહેલા પેલા જમીન ખેડનાર ગણોતિયા પર નભવા માગતો હોય તો ત્યાં એના વાજબી હિતનો પ્રશ્ન રહેતો નથી. બાકી જમીન માલિક જમીનમાંથી ઉત્પન્ન થતા પાકો ઉપર પોતાની માલિકીની જમીન ઉપરાંત શારીરિક શ્રમ ભલે ઓછો કરતો હોય પણ થોડા શરીરશ્રમની સાથોસાથ બૌદ્ધિક દોરવણી, અર્થ જોખમો અને પાકની રક્ષામાં વધુ ફાળો આપતો હોય તો ત્યાં બન્નેનાં વાજબી હિતોનો પ્રશ્ન જરૂર ઊભો થાય છે. ખેતી એટલે માત્ર શરીરશ્રમ નહિ પણ ગતાંકના અગ્રલેખમાં જણાવી ગયો છું તેમ ઘણી વસ્તુઓનો સરવાળો, એમ માનીએ તો મારા મતે સૌથી પ્રથમ સ્થાન આજે મધ્યમ ગણાતા ગણોતિયાને આપવું પડશે. આ ખેડૂતસંગઠનમાં તો ભૂલભરેલા મૂલ્યાંકન પ્રમાણે ગણાતા ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ત્રણેય હશે. આમાંના મોટા ભાગના મધ્યમો ઉત્તમમાં જશે અને મોટા ભાગના ઉત્તમો કનિષ્ઠમાં જશે. આટલું

પરિવર્તન થાય એટલે તકરારી પ્રશ્નોમાં લવાદીનું કામ આ નવેસર આવેલા ઉત્તમ કોટીના લોકો કરી શકશે અને બંને પક્ષોના વાજબી હિતની એની કસોટી મુખ્યપણે ખેતીની આબાદી અને ન્યાય બંને હશે, એટલે કોઈ પણ પક્ષનું અહિત થવાની ઓછી વકી છે. આ પરથી હું લવાદીના મૂળભૂત સિદ્ધાંતનો ખેડૂત સંગઠનના અંગમાં સમાવેશ કરવાનું વિધાન કરું છું. આમાં આજના કહેવાતા જમીન માલિકોને વધુ ઘસાવાનું આવે તે સ્વાભાવિક છે, પણ એ ઘસારા પાછળ સમજણ, સહકાર અને ન્યાયની ભૂમિકા હશે તો એ ઘસારો કઠશે નહિ કેટલાકને તો એમ પણ થશે કે આ ત્યાગ કરાવીને ખેડૂતમંડળોએ અમારા વાજબી હિતનો સાચો માર્ગ બતાવી દીધો છે. માનવીને સ્વધર્મનું ભાન કરાવવું એના કરતાં વાજબી હિતની જાળવણી બીજી વધુ કઈ હોઈ શકે ? વળી જે વર્ગને એ ઘસારાનો વહેલો લાભ મળશે તે એ ઘસારાના ઉપભોગથી ભોગ તરફ નહિ પણ ત્યાગ તરફ લલચાશે કારણ કે ત્યાગને માર્ગે આ સંગઠનનો ઝોક મુખ્યપણે હશે.

**પ્રશ્ન-૯ :** ગાંધીજીના ટ્રસ્ટીપણાના અને વર્ગમેળના સિદ્ધાંતમાં આપને વિશ્વાસ છે ? જવાબ હા હોય તો એના વ્યવહારું અમલ માટેની રીતો વિચારી છે ? જવાબ ના હોય તો તેનાં કારણો ?

**ઉત્તર-૯ :** ગાંધીજી જેનું જોરજોરથી નિરૂપણ કરતા તે ટ્રસ્ટીપણાના અને વર્ગમેળના સિદ્ધાંતમાં મને પૂરો વિશ્વાસ છે. ટ્રસ્ટીનો અર્થ હું એટલો કરું છું કે જે પોતાની ટ્રસ્ટીશિપ નીચે રહેલી સ્થાવર, જંગમ, પશુ કે માનવી સંપત્તિનો ઓછામાં ઓછો ઉપભોગ કરીને વધુમાં વધુ પોતાની શક્તિ અર્પનાર. ટ્રસ્ટીનો અપશબ્દ તટસ્થ એમ લઈએ તો આવો તટસ્થ એટલે દૂર રહેનાર નહિ તેમ લદબદ થનાર પણ નહિ. આવા ટ્રસ્ટીને કહેવાતા માલિક કરતાં પોતાના ટ્રસ્ટીપણા નીચે રહેલાં જાનમાલની ચિંતા વધુ હોય પણ અકરાંતિયાપણું કે ડર બેમાંથી કશું ન હોય. આવી વ્યક્તિ કે સમૂહ જે રીતે વર્તે તેમાં બધા વર્ગોનું વાજબી હિત જળવાય અને સૌ આવી વ્યક્તિ કે વર્ગના તરફ ખેંચાય તે દેખીતું છે. આના વ્યવહારુ અમલ માટે એકલી ભાવના, એકલી બુદ્ધિ કે એકલી ક્રિયા બસ નથી. એ ત્રણેનો સંગમ જોઈએ. આના વ્યવહારુ અમલ સારુ પાયારૂપે ક્યો મસાલો જોઈએ તે વિષે મેં પાંચમા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે. એની થોડી પુનરુક્તિ કરીને કહું : રીતોમાં મુખ્ય બે રીતો લાગે છે. (૧) પૈસા અને જમીન બાબતમાં મોટા ગણાતાએ નાના ખાતર પ્રેમથી ઘસાવું. (૨) ન્યાય આપવા અને અપાવવા માટે પોતાનાં જાનમાલ ઘસી છૂટવાં. ભાલનળકાંઠા ખેડૂતમંડળના બંધારણમાં આ બન્નેની જોગવાઈ છે. અને મંડળની દોરવણીવાવી સહકારી

મંડળીઓમાં પણ બન્ને સિદ્ધાંતો નિયમ સ્વરૂપે દાખલ કરાયા છે. સભ્યોના લવાજમમાં પણ વધુ મિલકત ધરાવનાર વધુ આપે એવો શિરસ્તો છે. જો કે આ રીતોને અમલમાં લાવવા માટે અનેક આવરણો છે. સહકારના સિદ્ધાંતનો આમાં આત્મા છે, તે સહકારને નામે ઊભી થયેલી મંડળીઓ, શહેરલક્ષી સરકારી તંત્રનાં બળો અને જમીનદારી કે મૂડીવાદી પદ્ધતિથી ટેવાયેલી ગામડાંની અને નગરની સર્વ જનતા ઘણા વખત સુધી આની સામે વિરોધી તરીકે જોશે, પરંતુ જો પૂરતા નૈતિકબળથી અને જે પાયાના સિદ્ધાંત સ્વીકાર્યો છે તેમાં આવા ખેડૂતમંડળો એટલે કે કાર્યકર્તા, ચાલકો અને સભાસદો-સૌ ટકી રહેશ તો તેઓ આગળ નીકળી જશે. પછી જેમ અહિંસાની શક્તિની ઠેકડી ઉડાડનારાઓએ મોંમાં આંગળાં નાખ્યાં, તેમ ટ્રસ્ટીશિપની હાંસી કરનારાઓનું પણ એવું જ થવાનું છે. એ વિશે મને તલભાર શંકા નથી.

**પ્રશ્ન-૭ :** ખેતીની પેદાશના વાજબી ભાવો નક્કી કરવામાં તમારો શો અભિપ્રાય છે ? એવા ભાવો નીકળી શકે ?

**ઉત્તર-૭ :** ભારત ખેતીપ્રધાન દેશ છે અને રહેવાનો. આ વાક્ય સ્વીકારશો તો એ પ્રધાન ધંધામાં લાગેલા ખેડૂતોનાં પેટ, પહેરણ અને પથારીની ચિંતા ઈતરપ્રજા અને દેશની સરકારે કર્યા વગર છૂટકો નથી.

આમાંથી ખેડૂતોને પાલવે તેવા ભાવ બાંધવાની ફરજ ઊભી થાય છે. મારો એ સ્પષ્ટ અને મક્કમ અભિપ્રાય છે કે ભારતના ખેડૂતો અને ખેતમજૂરોને બીજા ઉદ્યોગોમાં રોકાયેલાં બીજાં માણસોના જીવનધોરણના આંક કરતાં ઘણું ઓછું મળશે તો આપણી એકતા, શાન્તિ અને અહિંસાની ત્રિપુટી નહિ જળવાય, એમાંનું એક બે કે કદાચ ત્રણેય તૂટે. આપણે બીજા ઉદ્યોગો-કે જે મોટે ભાગે શહેરમાં ખીલી રહ્યા છે તે-નું નફાધોરણ ઝડપથી એવું વધારી દીધું છે અને વિકાસને નામે એને એટલું બધું પ્રોત્સાહનં આપી દીધું છે કે તે જીવનધોરણને ઘટાડવું એ ત્યાંની જનતા માટે અને એમ કહેવું તે સરકાર માટે મુશ્કેલી ભર્યું છે. હવે જો એ જ જીવનધોરણ ખેડૂતો અને ખેતમજૂરનું સ્વીકારાય તો આ શહેરી કાફલો તે બોજ ઊંચકવા સાફ ઈન્કાર કરી દે તેમ છે. એટલે ફરી ફરીને એ જવાબદારી સરકારને માથે આવે તેમ છે. કોઈપણ સરકાર આ જવાબદારી નહિ ઉઠાવી શકે. ભારત જેવા ગરીબ દેશમાં તો મિલકતની વહેંચણી કરવાથી પણ એ પ્રશ્ન પૂરેપૂરો ઉકલે તેમ નથી. આથી કાં તો ખેડૂતોની-એટલે કે ગામડાંની અર્થાત્ શહેરો પર ગામડાંઓની અસરવાળી સરકાર ખડી કરવી અને કાં તો શહેરી સરકાર અને ગામડાંની સરકાર એમ બે વિભાગ-એક મધ્યસ્થ સત્તા નીચે-આપવા. ગામડાંની સરકાર અંકુશ રાખવા ધારે તો રાખે, કાઢવા ધારે તો કાઢે. આથી

સ્વતંત્રતા અને સ્વમાન પછી ગામડાંઓ જીવનધોરણની શહેર સાથે હરીફાઈ કરતાં બંધ થશે અને શહેરોએ ગામડાંઓને પોષાણ થાય તેવા ભાવો આપવા પડશે. બન્ને સરકારોને અરસપરસ નૈતિક શરતો પાળવી રહેશે. આ તો મેં જરા દૂરની વાત કરી નાખી, પણ તે અનિવાર્ય છે.

આપણો દેશ હજુ તાજેતરમાં સ્વતંત્ર થયો છે, હજુ સ્થિર થવાનું કામ એનું બાકી છે. આમ માની આજે ચાલે છે, તેમ ચલાવવું હોય અને ગામડાંઓનો અસંતોષ દૂર કરવા હોય તો ખેડૂતોને પોષાણ થાય તેવા ભાવો આપવા પડશે. આ ભાવોનો આંક કાઢવામાં આકાશિયા ખેતી અને પિયત એવા વિભાગો તથા જુદી જુદી જમીનો વગેરેના વળો પાડવા પડશે. જો નાની નાની પ્રાદેશિક સરકારોને એટલે કે પ્રાંત પંચાયતોને આ ભાવ બાંધવાનાં અધિકારો હોય તો ભાવ બાંધવામાં કશો વાંધો ન આવે. પણ આજે મધ્યસ્થના જ હાથમાં એ બધા ભાવોનું મુખ્ય તંત્ર હોવાથી વાંધો આવે છે. અને આથી કહેવું પડે છે કે પૂર્ણ અંકુશિત તંત્ર રાખવું હોય તો ભાવ વધારાની આફત વહોરવી પડશે અને અર્ધઅંકુશિત કે બિનઅંકુશિત સ્થિતિ રહેશે તો શહેરના મધ્યમ વર્ગને અને શહેરી મજૂરોને વધુ ભાવ આપવાથી જ સારું અનાજ મળી શકશે. અનાજ ભાવનો આંક અવશ્ય નીકળી શકે, પણ ઉપર કહ્યું તે દૃષ્ટિએ ઊંડો અને વ્યાપક પ્રયત્ન કરવો જોઈએ; ઉપરછલ્લો અને અધકચરો નહિ. વળી એ આંકમાં ગામડાંઓએ પણ શહેરી જીવન ધોરણની ખોટી હરીફાઈનો માર્ગ ન લેતાં સમગ્ર દેશનું જીવનધોરણ જોઈ ત્યાગનો આદર્શ સ્વીકારવો જોઈએ; ભોગનો નહીં.

**પ્રશ્ન-૮ :** એવા સંગઠનમાં આપને વિશ્વાસ છે કે જેમાં ખેડૂત, ખેતમજૂર, વેપારી, કારીગર, ગોપાલક વગેરે વર્ગોનો સમાવેશ થઈ શકે અને સર્વોદયની ભાવનાથી કામ થાય ? આવા ઘણાં વર્ગીય હિતોના-એકસાથેના-જોડાણમાં કંઈ મુશ્કેલીઓ જણાય ખરી ?

**ઉત્તર-૮ :** જે સંગઠનમાં ભળેલા સભ્યો પૈકીનો મોટો ભાગ 'સર્વોદય'ના સિદ્ધાંત ઉપર શ્રદ્ધાળુ હશે તો તેવા બધા વર્ગોનું જોડાણ થઈ શકશે; એટલું જ નહિ, મજબૂતપણે થઈ શકશે. ભૂતકાળમાં આવા સમૂહોનું જોડાણ ગામડાના એકમમાં હતું જ. આ બધા વર્ગોના વર્ગીય હિતોની અથડામણ તો દૂર રહી બલકે ગ્રામધર્મ બજાવવા જતાં ગાયો માટે ક્ષત્રિયો કે ભરવાડો જ નહિ સેનવા હરિજનો પણ માથાં આપવા તત્પર રહેતા. આવા દાખલા નલકાંઠામાં ઠેરઠેર છે. અને માત્ર ગામડાને ન નહિ આખા ગૂજરાતને દુષ્કાળ પાર ઉતરાવનાર એ પણ ભાલનો વાણિયો-ખીમો હડાળિયો-ઇતિહાસમાં આપણી સામે મોજૂદ છે. આમ ગામડાના એકમની દીવાલનાં આ બધાં ઈંટ, ચૂનો અને રેતી

હતાં. ખેડૂત, કારીગર સૌ પોતપોતાનાં કર્મધર્મમાં બરાબર મશગૂલ રહેતાં. ગામડાંમાં એકબીજાં પોતાને એકબીજાનાં પૂરક તરીકે કાર્ય કરતા. ગોપાલક સમાજને આખલા (પ્રથમ ગોધલાનો વપરાશ ભાગ્યે જ હતો) અને દૂધ, ઘી, છાશ પૂરાં પાડતા. આ બધાની યોગ્ય વહેંચણી, ગ્રામધર્મની શિસ્ત અને વ્યવસ્થામાં વ્યાપારીવર્ગ દોરવણી આપતો. સૌને ખપજોગાં રહેવાનાં મકાન, પહેરવાજોગાં વસ્ત્ર અને ખાવાજોગો દાણો મળી રહેતો. શિક્ષણ અને રક્ષણ ગામજોગું ગામ કરતું. બહારનાં સામાન્ય આક્રમણો પણ ગામ ખાળી શકતું અને બાકીનું કામ ગામડાંઓના કેંદ્રરૂપ નગર કરતું, અને એ કામના બદલામાં ગામડું અનાજ, વસ્ત્ર વગેરે આપતું. અલબત્ત, આમાં રોકડ નાણાંનું સ્થાન ગૌણ હતું. આજે એ મુખ્ય બનવાથી ગામડાના આ બધા વર્ગો છૂટા પડી ગયા છે. સૌ માને છે કે, પૈસાથી બધું મળશે. આથી ચાલુ સમાજમાં આ બધાનાં વર્ગીયહિતો અરસપરસ અથડાવાનાં છે. પણ જો ગ્રામધર્મ અને એના પાયામાં નીતિ તથા ત્યાગ રાખી આ બધા વર્ગોનું એકીકરણ આમ એકસામટું ન થાય પણ નીતિમાન સંઘના નેજા નીચે સ્વતંત્ર વ્યક્તિત્વ સાચવીને થાય તો નવી અર્થવ્યવસ્થા ગોઠવવામાં અનુકૂળતા થાય અને પછી વગર અથડામણે ગ્રામધર્મ સમજીને એકતા આપોઆપ ઊભી થાય. મારી નજરમાં આ ચિત્ર બહુ સ્પષ્ટ છે અને ગામડું અને ગામડાના કેંદ્રરૂપ ભાલનળકાંઠા પ્રદેશ મારી સામે ગામડાંઓના જૂથ તરીકે રહ્યા કરે છે. આ પદ્ધતિમાં ઓછામાં ઓછી મુશ્કેલીમાં સર્વોદય આવે અને બધા વર્ગો વર્ગીયહિતોની મર્યાદા સાચવવા છતાં એકરૂપ બને એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

**પ્રશ્ન-૯ :** આપ ગૂજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના સમગ્ર મહાગૂજરાતનાં ખેડૂત સંગઠનોને એકત્રિત કરવાના મતના છો ? એમ કરવાનાં ભયસ્થાનો અને લાભાલાભ જણાવો.

**ઉત્તર-૯ :** મહાગૂજરાતનાં ખેડૂતમંડળોનું જ નહિ, બલકે ભારત, પાકિસ્તાનનાં-એટલે કે સંપૂર્ણ હિંદુસ્તાનનાં-ખેડૂતમંડળોનું એકીકરણ થાય એવો મારો પ્રબળ મત છે. દોઢસોથી બસો ગામડાંના જૂથવાર ઉપલે ધોરણે એ એકીકરણ બની શકે, સર્વસામાન્ય ધ્યેય અને સિદ્ધાંતો એક, વહીવટ જુદા જુદા અને પેટા નિયમો પ્રદેશ સ્થિતિ અનુસાર, મુખ્યપણે ખેડૂત, ગામડું ગામડાનું જૂથ, જૂથોની સમિતિ, સમિતિઓનું મહામંડળ અને છેવટે પ્રાંતોના પ્રતિનિધિઓની મુખ્ય કારોબારી. અને એમાંથી ચૂંટાયેલો પ્રમુખ. આ માર્ગે ગાંધીજીએ કલ્પેલું સાચું રામરાજ્ય આવી શકે. સામ્યવાદનો ભય સમૂળગો નાશ પામે. ઓછામાં ઓછા કાયદાઓએ, ઓછામાં ઓછી પોલીસે અને ઓછામાં ઓછા ખર્ચે આખા દેશનું તંત્ર ચાલે. બધા દેશો બૉમ્બની અને યુદ્ધોની

બલામાંથી છૂટી જાય. આ માર્ગનાં બે મોટાં ભયસ્થળો છે. (૧) શહેરોની મૂડીવાદી પકડ (૨) ખોટી માન્યતાઓની પકડ. આ બન્નેથી ગામડાઓને સુરક્ષિત રાખવા માટે ધર્મમય-અહિંસક-જીવન જીવતી તપોમૂર્તિઓ જોઈએ. પ્રાંતપ્રાંતવાર ઓછામાં ઓછી પાંચેક પૂરેપૂરી સમજ ધરાવતી તપોમૂર્તિઓ હોય તો આવું બનવું બિલકુલ અશક્ય નથી. આ માર્ગે ગમે તેટલો અલાભ થાય તોય લાભનું પલ્લું અલાભ કરતાં વધવાનું જ, એ નક્કી.

વિશ્વવાત્સલ્ય : ૧૯૫૦ **-સંતબાલ**

## પુરવણી-૨ : થાંભલો ભાંગ્યો

'ભાલનો થાંભલો ભાંગ્યો' મહારાજશ્રીએ ધીમે સાદે કરુણ ઉદ્દગાર કાઢ્યા. અને ખરેખર મહારાજશ્રીના ધર્મદષ્ટિએ સમાજ રચનાની ઈમારતનો એક અગત્યનો થાંભલો ધૂળમાં રગદોળાયો.

બપોરના બે વાગ્યાથી એક પછી એક ભાલમાં કામ કરતી જુદી જુદી સમિતિઓ પોતાનું કામ આટોપી રહી હતી. અઢી-પોણાત્રણે જલસહાયક સમિતિએ પોતાનું કામ આટોપ્યું. કાળુ પટેલ સભામાંથી ઊભા થયા. ટ્રેનને આવવાની હજુ વાર હતી. બીજી મિટિંગ ચાલુ હતી. એટલે તેઓ બીજે કામે બહાર નીકળ્યા. હસતાં હસતાં મહારાજશ્રી સાથે અને જતાં જતાં મારી સાથે વાત કરી. તમે એકવાર ધોળી આવો. અનાજનો ઢગલો કરી દઉં. 'બહેનને મોકલજો.' બોલતા બોલતા તે વિદાય થયા. હું પાછો સભામાં ગયો. દશ મિનિટ માંડ થઈ હશે ત્યાં તો એક માણસે દોડતા આવી સમાચાર આપ્યા. પણે કોઈ કાળુ પટેલને મારી રહ્યું છે. હું દોડ્યો, મહાદેવના મકાનથી થોડે જ છેટે પહોંચું છું ત્યાં થોડી જ ક્ષણ પહેલાં હસતી વિરાટ કાય પટેલની મૂર્તિ લોહીથી રગદોળાએલી પડી હતી. એક ક્ષણ શરીર ધ્રૂજી ગયું. દૂર સ્ટેશન પાસે બે માણસો દોડી ભાગી રહ્યા હતા. હવે પહોંચવું અશક્ય હતું. મોટર દાક્તરને તેડવા ગઈ, સભામાં બેઠેલા સૌ ત્યાં દોડી આવ્યા. બધાના ચહેલા પર નિરાશા છવાઈ ગઈ. ઘાતકી રીતે માથા ઉપર પ્રહાર કરવામાં આવ્યા હતા. ૐ શાંતિની ધૂન શરૂ થઈ. મહારાજશ્રી પણ ચાલતી સભાએ ત્યાં દોડી ગયા અને તેમનો હાથ હાથમાં લીધો. અને કલાકેકમાં કાંઈ પણ બોલ્યા સિવાય તેમના આત્માએ દેહ છોડ્યો.

આખા ગામમાં સનસનાટી ફેલાઈ ગઈ. રાત પડતાં ધોળીથી તેમના પુત્ર વગેરે આવી પહોંચ્યા. મહારાજશ્રીએ તેમને સાંત્વન આપી એમના ક્રોધને શાંત કર્યો. મોડી રાતે તેમનાં પત્ની પાર્વતીબહેન આવી પહોંચ્યા. પોતાના દીકરાના ખભે માથું નાખી

માત્ર બે આંસુ સાર્યાં. ત્યાં તો દીકરો રડી ઊઠ્યો. પાર્વતીબહેને કહ્યું : સંતબાલજી બાપુના પગ આગળ દેહ છૂટ્યો છે ને ? આથી સારું મોત ક્યાંથી આવવાનું હતું ? બેટા, હવે 'હિંમત હાર્યે શું વળે ?' કહી દીકરાને શાંત કર્યો.

બધી વિધિ પૂરી થઈ. પોલીસ, ફોજદાર વગેરે આવી પહોંચ્યા હતા. બીજે દિવસે પૂ. રવિશંકર મહારાજ પણ અચાનક સંતબાલજીને મળવાને આવ્યા હતા. સંતબાલજીએ કહ્યું : 'ખૂન થયું તો થયું, પણ આ વૈર આટલાથી શમશે નહિ.' તેમણે ગામના પાંચ આગેવાનોને બોલાવ્યા. સંતબાલજીએ પોતાના પ્રયોગની વાત કરી. સરકાર ખૂનીને શોધે તોપણ આ આગ બુઝાવાની નથી, જે પાપ થવાનું હતું તે થઈ ગયું. હવે તો એ વૈરમાંથી બીજાં અનિષ્ટો ન જન્મે અને ગુનેગાર પોતાનો ગુનો કબૂલે એટલે બસ. પ્રાયશ્ચિત જ પાપને ધોઈ શકે છે.' રવિશંકર મહારાજે દુઃખી ચહેરે કહ્યું : 'કેવી મરેલી પ્રજા !' આટલાં બધાં માણસ બાજુના ખેતરમાં કામ કરી રહ્યાં છે, સાથે પણ એક માણસ છે, છતાં કોઈ બૂમ પાડતું નથી. મદદે ધાતું નથી. કેટલી પામરતા ! આ માણસો આત્માથી મરેલા છે. દેહ ભલે જીવતો હોય. આવી અમાનવતા જોઈ આપણા દિલનાં રૂવાં ઊભાં થઈ જવાં જોઈએ. જુઓ, તમે બધા જાણતા હશો. હવે માત્ર અન્યાયનો સામનો કરવાની હિંમતની જ જરૂર છે.

ગામનાં આગેવાનોનાં દિલને આ વાત સ્પર્શી ગઈ. શકમંદ માણસોને તો પકડવામાં આવ્યા હતા.

થોડા દિવસ પર જ મહારાજશ્રી પાસે કાળુ પટેલ વિરુદ્ધ જમીનની ફરિયાદ લઈ બે માણસો આવ્યા હતા. તા. ૧૯મીની સવારે પણ તેઓ મહારાજશ્રીને મળ્યા હતા. અને મહારાજશ્રીએ કહ્યું હતું કે બપોરે કાળુ પટેલ આવશે એટલે પતાવીશું. પણ કોણ જાણતું હતું કે આ બપોર કારમી નીવડવાની હશે ?

ગામના આગેવાનો શકમંદ માણસોને મળીને પાછા આવ્યા બાદ મુનિશ્રી સંતબાલજી, પૂ. રવિશંકર મહારાજ અને હું તથા ગામના આગેવાનો તેમની પાસે ગયા. મહારાજશ્રીએ એ ભાઈઓને કહ્યું : 'જુઓ, જે થવાનું હતું તે તો થઈ ગયું. હવે, જે બન્યું હોય તે કહી દો.'

એક જણે કહ્યું : 'કાળમાં ને કાળમાં અમારાથી આ થઈ ગયું છે.'

બસ. થવાનું હતું તે થઈ ગયું. મુનિશ્રી સંતબાલજીએ કહ્યું : 'તમે તમારા થોડા લાભને ખાતર કેવું ભયંકર કૃત્ય કર્યું છે તેની તમને ખબર છે ? તમારી કોમનું એમણે કેટલું હિત કર્યું તે તમે વિચાર્યું હતું ? ખેર, હવે ઈશ્વર જ તમોને ઉગારનાર છે.

હિંસાનું પાપ તો થઈ ગયું. તમે હવે સાચું બોલશો તો બમણા પાપમાંથી બચશો. સાચા દિલથી હવે પ્રાયશ્ચિત કરી નાખો.'

'તો હવે તમે હથિયાર અને કપડાં બતાવી દો.' રવિશંકર મહારાજે કહ્યું. હવે દિલ ખોલ્યું છે તો બરાબર ખોલી નાખજો. એક મણ દૂધ હોય તેમાં અધોળ દહીં પડી જાય તો તે બધુંય ફાટી જાય છે. ઝેરનો એક છાંટો દૂધમાં પડી જાય તો તે બધું ઝેરરૂપ થઈ જાય છે. માટે હવે સાચું બોલવા માંડ્યું છે તો સહેજ પણ સંતાડશો નહિ. આ મહારાજશ્રી કહે છે તેમ તમારા પાપનું પ્રાયશ્ચિત કરી હળવા થાવ તમોને ગુનાની જે સજા થવાની હશે તે તો થશે. પણ તમે હળવા થઈ જશો.'

મુનિશ્રી સંતબાલજી તો તા. ૨૧ મીથી મૌન શરૂ કરવાના હતા એટલે અરણેજ જવા વિદાય થયા. એ ભાઈઓએ ખેતરમાં પોતાનાં છુપાવેલાં શસ્ત્રો અને કપડાં પંચ સમક્ષ પોલીસને સોંપી દીધાં.

સાંજે રવિશંકર મહારાજે કહ્યું : 'સંસ્કૃતમાં એક આ અર્થનો શ્લોક છે :

'મોત ક્યારે આવે છે તે કહી શકાતું નથી. તેથી મોતથી હું ડરતો નથી. પણ જ્યારે મારી અપકીર્તિ થાય છે ત્યારે હું મોતને ભાળું છું.'

અપકીર્તિ જ ખરેખરું મૃત્યુ છે. સેવાથી પ્રાપ્ત થતી શુભ કીર્તિ જ જીવન છે. આ રીતે કાળુ પટેલે, જેમના જેમના પ્રસંગમાં આવ્યા તે સૌના દિલમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. અનેક દબાએલા મનુષ્યોમાં પ્રાણ સિંચી તેમનામાં સ્વાભિમાન જાગૃત કર્યું છે.

એમના કુટુંબીઓ અને એ ધોળી ગામ, લોકપાલ કોમમાં એમણે પ્રગટાવેલી સેવા અને સ્વાર્પણની જ્યોતને જાગૃત રાખી એને ઉજ્જવળ કરે. એ જ એ વીર આત્માનું સાચું શ્રાદ્ધ છે.

એમનાં પત્નીએ તથા કુટુંબીઓએ જે ધીરજથી આ કારી ઘા સહ્યો અને પ્રભુસ્મરણ સાથે આખો અંતિમ વિધિ પૂરો કર્યો એ પણ ધન્યવાદને પાત્ર છે.

વિશ્વવાત્સલ્ય : ૧-૩-૧૯૫૦ - **નવલભાઈ શાહ**

જેમ સફાઈની આંખવાળો માણસ પોતાની આસપાસની ગંદકીને બીજા ખાતર નહીં, પણ પોતાના આનંદ ખાતર પણ સાફ કર્યા વિના રહી શકતો જ નથી, તેમ આ પરથી બીજો પાપી, ગંદો કે અનિષ્ટ ભરેલો દેખાય ત્યાં સત્યની સાપેક્ષતા લેવી અને વધુ પ્રેમ પાથરવો, પણ સુધારની પ્રવૃત્તિમાં સાપેક્ષતાનું બાનું લઈ અતડા કે આળસુ ન બનવું. એ અતડાઈ કે આળસુપણામાં વ્યવહારશુદ્ધિ પણ નથી અને આધ્યાત્મિકતાયે નથી. **સંતબાલ**

# પુરવણી ત્રણ : કાળુ પટેલ ખૂન અંગે મુનિશ્રીની શ્રદ્ધાંજલિ

(કુદરતને બે આંખો છે. (૧) સૌમ્ય (૨) રૌદ્ર. એકમાં કરુણા અને પ્રેમ વહે છે, બીજીમાં રોષ અને ક્રોધ ભભૂકે છે. વિચિત્રતા એ છે કે જમણી આંખના ખૂણા પર ઊભા રહેનારને ડાબીમાંથી જે નીકળતું દેખાય છે, તેવું જ ડાબી આંખના ખૂણા પાસે ઊભા રહેનારને જમણીમાંથી નીકળતું દેખાય છે. ટૂંકમાં એકને જ્યાં કરુણા અને પ્રેમ દેખાય છે, ત્યાં જ બીજાને રોષ અને ક્રોધ દેખાય છે. હવે સવાલ થાય છે કે આમાં સાચો કોણ ? એક રીતે બન્ને સાચા છે. બીજી રીતે બન્ને ખોટા છે. આ બન્નેય રીતો વચ્ચે ઊભા રહેનારને જ જોવા મળે છે. આથી કાં તો વચ્ચોવચ્ચ ઊભા રહેતાં શીખી લેવું અથવા રૌદ્ર ભાવમાં પણ સૌમ્યભાવ તારવવા પ્રયત્ન કરવો. સંસારમાં તો જ સ્વસ્થ રહેવાય. કાળુ પટેલના ખૂનના પ્રસંગમાંથી હું આવું તારવવા ફાંફાં મારું છું.)

આઠ નવ વર્ષ પહેલાં શિયાળ સંમેલનથી મારી અને કાળુ પટેલની પ્રથમ મુલાકાત થઈ. શિયાળ લોકપાલ સંમેલનના એ પ્રમુખ હતા. તેમના વતન ધોળીની મુલાકાત પછી ત્યાંના પાણી દુઃખને લીધે વધુ સંપર્ક થયો અને દિનેદિને વધતો જ ગયો. મીઠી તળપદી ભાષામાં સોંસરું પેસી જાય એવું એનું સચોટ કવન હતું. અંકેવાડિયાના તાલુકદારો સામે ગુલામ ભારતના સમયમાં પણ એ ખેડૂત હક માટે ઝઝૂમ્યા. એ એકબાજુથી હકને માટે લડતા અને બીજી બાજુ જમીનદાર અને ખેડનાર વચ્ચેના બાપદાદાના સંબંધોની સ્નેહભાવના જાળવતા. અંકેવાડિયાના તાલુકદારને ત્યાં મરણું થયું હોય ત્યારે દિલાસા માટે સૌથી પહેલા કાળુ પટેલ પહોંચી ગયા હોય ! આટલા પરિચયમાં મેં કદી એમનું મોઢું સોગિયું દીઠું નથી અને મારી સાથેના સંબંધીઓનો ખોટો લાભ એમણે લીધો જાણ્યો નથી. આપવા યોગ્ય સ્થળે પોતાના ગજાથી વધુ આપવાની દાનવૃત્તિ એમનામાં સહજ હતી. આકરાપણું અને ફૂલણપણું એ બે દોષ ઘણીવાર ઊભરાઈ આવતા. પણ મારા ઉપરની એમની અતૂટશ્રદ્ધા હતી. એનો લાભ લઈને પ્રસંગોપાત્ત હું ટોકતો. મેં જોયું હતું કે વચનોને આચારમાં લાવવા એ ઈંતેજાર રહેતા.

ઓગણીસમીની બપોર પછી એ વિદાય થયા, મરદાઈની રીતે એ મર્યા. અનુમાને લાગે છે કે ખૂનીઓ જે તીક્ષ્ણશસ્ત્રોથી એકદમ ત્રાટક્યા, તેની સામે હાકલા પડકારા કરતા એ ગયા. એમણે નહિ તો મદદની ચીસ પાડી હોય કે ન તો ભાગવાનાં ઝાવાં માર્યાં હોય. પેટમાં પડતાં ધારિયાંને પોતાની લાકડી વતી એણે ખાળ્યું જણાય છે.

સામનો કરતાં કરતાં પાછે પગે એ ફરે છે અને ખેતરની પાળી આવતાં પડી જાય છે. આથી ખૂનીઓને તક મળી જાય છે. સંખ્યાબંધ મરણતોલ ઘા પછી, લગભગ એક કલાક લગી એ જીવી શકે છે. કેવી એ વિશાળ અને ખડતલ કાયા ! કેવું એ મૃત્યુ ! અનેક સેવક સેવિકાઓ એને અંત વખતે સાંપડે છે. એના હાથને એના શ્રદ્ધાપાત્રે પોતાના હાથમાં લીધો છે, અને નાડ બંધ થવા માંડે છે.

ચાર વાગે ૐ શાન્તિની ધૂન સાથે શરીરની પણ ૐ શાન્તિ થઈ ગઈ. દીવો બુઝાઈ ગયો. સેવાકાર્ય નિમિત્તે આવતાં આવા વાતાવરણમાં આખરે એ દીવો રામ થયો. આ ટાણે એના પ્રવાસ સાથી ભારમલભાઈની ગેરહાજરી હતી. એ એકલો ગયો ! લોકપાલ કોમનો હીરો ગયો. ભાલનો ભડવીર ગયો. અહીંના ખેડૂતોનો અડીખમ આધાર ગયો. ભાંગ્યાનો ભેરુ ગયો. ભાલ વિભાગીય સૌરાષ્ટ્રનો કોંગ્રેસ કિલ્લો તૂટ્યો. અમારી ધર્મદૃષ્ટિએ સમાજરચનાનો થાંભલો ભાંગ્યો અને તાલુકદારોનો દાનો વિરોધી ગયો. મને લાગે છે જમીનદારોને તાતાં, સાચાં અને પ્રેરક વચનો કોણ સંભળાવશે ?

મને લાગે છે કે કાળુ પટેલ જવાથી વધુમાં વધુ હિતવક્તા ગિરાસદારોએ, જો તેઓ વિચારે તો ગુમાવ્યો છે. એ ગીતાનો પૂર્ણ ક્ષત્રિય ભલે ન હોય પણ આ પ્રદેશના મારા અનુભવમાં સૌથી વધુ ક્ષાત્રતેજ મેં એ મરદમાં ભાળ્યું હતું. જેમણે ખૂન કર્યું, તેવા કૈંકને આંખના ડોળા માત્રથી ધ્રુજાવનાર એમની કોમના બે માણસોથી આમ મરે ખરો ? એ એક કોયડો છે. બે ખૂનીઓએ ગુનો કબૂલ કર્યો છે. ખૂનીઓ જે કારણે ખૂન સુધી પ્રેરાયાનું કહે છે તે કારણ જ માત્ર આટલે હદ સુધી તેમને પ્રેરે તે મને હજુ ગળે ઊતરતું નથી. આખરે તો પૂર્ણ સત્યદર્શી અને કર્તાહર્તા એક તો ઈશ્વર જ છે. કાળા માથાનાં માનવીઓ તો નિમિત્ત માત્ર છે ને !

ખૂનીઓ હજુ વધુ ઊંડા ઊતરીને છેવટનું સત્ય તારવી લેશે તો તેમને પોતાને ચોખ્ખું દેખાશે કે તેમણે સૌથી પ્રથમ પોતાનું અને પછી પોતાની કોમનું ખૂન કર્યું છે. કાળુ પટેલ તો શ્રી રવિશંકર મહારાજ કહે છે તેમ અમર થયા છે. શબની અંતિમ વિધિ લગી એમનાં પત્નીએ જે ધીરજ રાખી તે નીચેના પત્રમાંથી નીરખતાં એક મરદની સહધર્મિણીનો ચિતાર ખડો થાય છે.

''પાર્વતીબહેનની અજબ હિંમત અને ધીરજ ભલભલા સમજુ અને ડાહ્યા ગણાતા ભાઈઓ પણ આટલી હિંમત ન રાખી શકે... કોઈ અજબ શક્તિશાળી, સમજુ સાથે વિવેકી. કેશુભાઈ (કાળુ પટેલના પુત્ર)ને પણ તે જ હિંમત આપતી હતી. નાનાંમોટાં સૌને હિંમત આપતી હતી. પહેલેથી છેવટ સુધી અડીખમ...

બહેનોમાં આવી મરદમાતા-આવી પરિસ્થિતિમાં આટલી હદ સુધી ધીરજ રાખનારી-મેં તો મારી જિંદગીમાં પહેલી જ જોઈ. બધી માતાઓમાં આવી હિમ્મત, ધીરજ, ડહાપણ આવશે તે દિવસ ધન્ય હશે; પછી ભલે તે બહેનમાં અક્ષરજ્ઞાન નથી પણ આવી હૈયા ઉકલત એ ઉત્તમ વસ્તુ છે. પટેલ તો ગયા પણ ઘરનું સાચું ઢાંકણ-ઘરનો મોભ-તો છે જ."

એમના પુત્રો પણ મને પત્રમાં લખે છે : "આપશ્રીએ અમારા પિતાશ્રીને મોટા કર્યા હતા અને આપની પાસે કાયમ આવતા, જતા ને ઉપદેશ સાંભળતા. તે તમામ જોતાં આપની પાસે મારા પિતાશ્રીનો દેહ પડ્યો, તે જોતાં અમો તેમને ભાગ્યશાળી માનીએ છીએ. આપની ભલામણ મુજબ ગરુડ પુરાણ વંચાવશું. પરમાત્માએ ચોક્કસ નિર્માણ કરેલ હોય તે જ પ્રમાણે રહેવાનું છે. નિમિત્ત પ્રમાણે રહેવાનું છે, મરનારના આત્માને પ્રભુ શાન્તિ આપે, તે જ પ્રાર્થના.. પટેલની હયાતીમાં અમારા કુટુંબભાઈઓમાં જે રાગ હતો, તેથી વિશેષ રાખશું"

કેવી ખાનદાની ! મારું મંથન તો હું જ જાણું છું. પણ આ રીતે-એમના નજીકના સંબંધીઓથી ટાઢક વળી છે.

એમના સાચા હિતેચ્છુઓએ ખૂનીઓ કે ખૂનીઓના મદદનીશ તરીકેનાં શંકાશીલ માણસો પરત્વે ખુન્નસ કે વેરવૃત્તિ રાખવાની નથી પણ સૌની હૃદયશુદ્ધિ માટે વધુ ને વધુ પ્રાર્થના કરવાની છે. કેસ સરકારમાં ગયો છે. ખૂનીઓએ ગૂંદીમાં જ ખૂનની કબૂલાત કરી છે. તેઓ હજુ વધુ ઊંડાણથી બધું જ સાંગોપાંગ સાચું કહે. સાક્ષીઓ પણ નિર્ભયપણે સાચી મદદ કરે તો એની પાછળનાં કેટલાંક બળોને તો સરકાર સરકારની રીતે પકડી પાડશે અને પોતાની રીતે ન્યાય કરશે. સાચો ઉકેલ તો જાણીતા અને અણજાણ ગુનેગારોના હૃદયના જાહેર પસ્તાવામાં અને આખી પરિસ્થિતિનો ઊંડો તાગ લઈ જનતાને સાચું માર્ગદર્શન આપવામાં છે. હું સત્ય, અહિંસા, મારી પરિસ્થિતિ વગેરેને લક્ષમાં રાખી, આ કિસ્સાને ઊંડાણથી જોવા ઇચ્છું છું. ધર્મદૃષ્ટિએ થનારી સમાજરચનામાં આવો અભ્યાસ અને એનો સાચો ઉકેલ અત્યંત ઉપયોગી નીવડશે. ઘરની થોડી સ્વાર્થની વાત. તેમાં થોડીથોડી થતી ઉશ્કેરણી અને એનું પરિણામ ઘરમાંથી નીકળી ગામ અને આખા પ્રદેશમાં કેટલું નુકસાન કરે છે, તે આમાં જોયું. હવે એ નુકસાન પછીની સંશુદ્ધિ કેટલો લાભ પહોંચાડે છે, તે જોવાની સ્થિતિ કુદરત સર્જાવે ! એ જ અભ્યર્થના.

વિશ્વવાત્સલ્ય : ૧૬-૩-૧૯૫૦ - **સંતબાલ**

# પુરવણી ૪ : પાંચ માસમાં પરિવર્તન

'જે પરિવર્તનની આશા હું અમારી કોમ પાસેથી પાંચ વર્ષમાં રાખતો હતો તે પાંચ માસમાં ફળી' આનંદથી ઊછળતે હૈયે સુરાભાઈએ કહ્યું.

સુરાભાઈ ભરવાડ કોમના યુવાન કાર્યકર છે. છેલ્લાં પાંચ માસથી તેઓ સર્વોદય યોજનામાં જોડાઈને ભરવાડ-રબારી કોમના ઉત્થાન માટે કામ કરે છે. કામનો આરંભ શિક્ષિત રબારી ભરવાડ ભાઈઓના સંમેલનથી થયો. ત્યાર બાદ વિભાગીય સંમેલનો ભર્યાં. રોજકા પરિષદમાં જ્ઞાતીય રિવાજોમાં સુધારાનું કામ આરંભાયું. ત્યાર બાદ રૂપાવટી ગામે પરિષદ મળી. એ પરિષદ પૂરીય નહોતી થઈ ત્યાં આંબલિયારાથી તેડું આવ્યું. બધાં પરગણાંની નાત મળી હતી. તેઓ ત્યાં પહોંચ્યાં.

ભરવાડ કોમને સૌથી વધુ મૂંઝવનારો પ્રશ્ન લખણાનો હતો. આમ તો તેઓ ગરીબ છે પણ લખણાનો આંકડો સાંભળી સારી સ્થિતિનો વર્ગ પણ અચંબો પામે.

કન્યાઓના લખણાનો આંકડો દશ હજાર સુધી પહોંચે છે. ઓછામાં ઓછા બે ત્રણ હજાર તો હોય જ. આટલી મોટી રકમ લાવવી ક્યાંથી ? છતાં લખણાં લખાય. અને જ્યાં સુધી એ રકમ ચૂકવાય નહિ ત્યાં સુધી કન્યા બીજે જઈ શકે નહિ.

રોજકા પરિષદમાં ઠરાવ કર્યો કે 'ધુમાડા સામે ધુમાડો' એનો અર્થ એ કે વર મરી જાય કે તરત જ કન્યા પરના બધા અધિકાર મટી જાય. આજે તો એવું બને છે કે વર મરી જાય પછી જ્યાં સુધી કન્યાનો બાપ મોટી રકમ આપી લખણું ન લખાવે ત્યાં સુધી સસરા પક્ષના છોડે નહિ અને કન્યાનો બાપ બીજે વળાવી શકે નહિ. વળી કન્યાના બાપને પણ બે પાંચ હજાર રૂપિયા મળે. એટલે યુવાન વયના વિધુરને પણ કન્યા મેળવતાં સહેજે છ થી આઠ હજાર રૂપિયા થાય.

રોજકા ગામના કેટલાક ભાઈઓએ એ ઠરાવ માન્ય રાખ્યો. પણ હજુ એનો પ્રત્યક્ષ વહેવાર તો થવાનો હતો. તેમાં એક કન્યાનું લખણું આપવાના પ્રશ્ન અંગે આંબલિયારીમાં પંચ મળ્યું. ૬૦૦૦ રૂપિયા આપવાની વાતચીત ચાલતી હતી. સુરાભાઈ બધું મુંગે મોઢે સાંભળી રહ્યા હતા. એમને માટે આવી મોટી નાતમાં હાજર રહેવાનો આ પહેલો જ પ્રસંગ હતો. ૪૨૫ રૂપિયા નાતને વહેંચવાના આપવાના ઠર્યા. પટેલોએ પચીસ પચીસ લીધા. તેમાં પાછી તકરારો ચાલી. નાત લંબાઈ. બીજે દિવસે સુરાભાઈએ વાત છેડી. ''આ એક ભયંકર કન્યાવિક્રય જ છે. આ પાપમાંથી આપણે ક્યારે છૂટીશું ?'' આમ બે દિવસ સુધી દેશ, દુનિયાની વાતો, જ્ઞાતિની સુધારણા પર વ્યાખ્યાનો કરી વાતાવરણ જમાવ્યું. રંગ બરાબર જામ્યો. અને એમની વાતો એ

લોકોને ગળે ઊતરી. 'કનૈયાલાલ કી જય' બોલતાં એક ભાઈ ઊભા થયા. જાવ મારે મારી દીકરીનું લખણું લેવું નથી. રાત્રે જ જેને ૬૦૦૦ મળવાના છે તે જ ભાઈએ સવાર પડતાં આ બધી રકમ છોડી દીધી. એટલું જ નહિ પોતાની દીકરીને પાઈ પણ લીધા વિના બીજે વળાવી અને પાંચ રૂપિયા કાપડાનાં આપ્યા. વાતાવરણ બરાબર જામ્યું હતું. અને પછી તો બીજા પટેલો પણ ઊભા થયા. નાતની સહી લેવાઈ. છ થી સાત કન્યાઓ બે ત્રણ દિવસમાં છૂટી થઈ ગઈ. એ બધાનો એક રમૂજી ઈતિહાસ છે. પણ ભરવાડ કોમે લીધેલું આ પગલું ખરેખર ધન્યવાદને પાત્ર છે. સુરાભાઈની સાથે જે ભાઈઓએ સહકાર આપી આખી કોમના હિતમાં પોતાનો લાભ જતો કર્યો છે અને તે દ્વારા બધાનું ભલું કર્યું છે, તે ભાઈઓને તો ધન્યવાદ આપીએ તેટલા ઓછા. આ પરિવર્તન આખી નાત સુધી પહોંચી ગયું છે. ગામડે ગામડે વાત પહોંચી ગઈ છે. હવે વર મરી જાય તો કન્યાના બાપે માત્ર એટલું જ પૂછવાનું : ગામમાં જો હેડીનો દિયર હોય તો બતાવો. એ ન હોય તો ૪૨૫ રૂ. આપી કન્યા બીજે વળાવી દેવાની. તે ભાઈ એ રકમ લેવાની ના પાડે તો તે ધર્માદા કરવાની. આ કામમાં લખણાનો જે કડક કાયદો હતો એને જેણે અનેકને ખુવાર કર્યા, તેણે વિદાય લીધી. ભરવાડ-રબારી જેવી રુઢિચુસ્ત કોમે પણ સમયને ઓળખી જે સામાજિક પરિવર્તનનું કામ આરંભ્યું છે તે ખરેખર એમના હિતમાં છે.

પાંચ માસમાં થએલું આ કામ જો આગળ ધપે તો અદ્‌ભુત કામ થયું ગણાય. એટલે આરંભ પછી એને આગળ ચલાવવાની મોટી જવાબદારી એમને શિરે છે. જે ભરવાડ ભાઈઓએ સુરાભાઈમાં વિશ્વાસ મૂકી નવો કાયદો કર્યો છે તે જ ભાઈઓ સુરાભાઈની સાથે ચાલશે તો પાંચ વર્ષમાં ઘણું નવું જોઈ શકશે. સામાજિક ક્રાંતિનું આ નાનકડું પગલું સદા વિકસતું જ રહો.

વિશ્વવાત્સલ્ય : ૧-૮-૧૯૫૦ - **નવલભાઈ**

❑

## ચિંતન એટલે શું ?

કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં અને પછી તત્ સંબંધી ખૂબ વિચારો આવે અને તેમાં આવેશ, રૂઢિ કે બીજા ખ્યાલો ન ભળેલા હોય, અને વિવેકશક્તિ દ્વારા તેનો સ્પષ્ટ નિષ્કર્ષ નીકળે તેનું નામ ચિંતન. **સંતબાલ**

# મુનિશ્રીની અનુબંધ વિચારધારા

શ્રાવણી પૂર્ણિમા, બળેવ, પવિત્ર ધાર્મિક દિવસ, મુનિશ્રી સંતબાલજીની જન્મતિથિ. મુનિશ્રીએ પોતાની જન્મતિથિના આ દિવસને 'અનુબંધ વિચારધારા દિન' કહ્યો. વ્યક્તિલક્ષીને બદલે વિચારલક્ષી શબ્દ પ્રયોજ્યો. આ વિચાર દ્વારા એમણે જે કહ્યું, કર્યું, કરવાની પ્રેરણા આપી માર્ગદર્શન આપ્યું, પ્રયોગો કર્યા અને સામાન્ય, ગરીબ, તેમ જ પછાત ગણાતા વર્ગના લોકો પાસેથી અસામાન્ય કહી શકાય એવાં વ્યાપક સમાજને હિતકારી કાર્યો કરાવ્યાં એનો સંકેત અને હાર્દ મુનિશ્રીની આ ૮૫મી જન્મતિથિના અનુબંધ વિચારધારા દિન નિમિત્તે યાદ કરવાની દૃષ્ટિએ ટૂંકાં સૂત્રરૂપે અહીં થોડું લખવું આજે પ્રસંગોચિત ગણાશે.

(૧) માણસ એ જીવસૃષ્ટિનું અવિભાજ્ય અને વધુમાં વધુ વિકસિત અંગ હોવાથી એ પોતાના વિકાસ સાથે સકળ જીવસૃષ્ટિને વિકસાવે અને એમાં સહાયરૂપ બને. (સ્વ-પર કલ્યાણ)

(૨) સમાજરચનાની બુનિયાદ ધન કે સત્તા નહિ પણ નીતિ અને સદાચાર તેથી પ્રતિષ્ઠા ધન અને સત્તાને નહિ, ન્યાય નીતિ અને સદાચારની હોય. (ધર્મદૃષ્ટિએ સમાજરચના.)

(૩) ન્યાયસંપન્ન આજીવિકા એ માનવતાનો પાયો છે.

(૪) ગામડું-ખોરાક, વસ્ત્ર, મકાન, શિક્ષણ, આરોગ્ય, ન્યાય અને ગ્રામરક્ષણમાં સ્વાવલંબી હો – સપ્ત સ્વાવલંબન.

(૫) આર્થિક, સામાજિક, રચનાત્મક શૈક્ષણિક કે સાંસ્કૃતિક ક્ષેત્રની સંસ્થાઓ રાજ્યશાસન અને રાજકીય પક્ષોના વર્ચસથી સંપૂર્ણ મુક્ત હોય.

(૬) સાચી વાતમાં સહયોગ આપવો, ખોટી વાતનો સામાજિક નૈતિક સમૂહ શક્તિથી શાંત પ્રતિકાર કરવો.

(૭) સંતો, સેવકો, સમાજ અને સરકાર એ ચારે પરિબળો વચ્ચે સંકલન અને સહયોગ.

(૮) આયોજનના પાયાનું ઘટક ગામડું.

(૯) રાજ્યોની નાબૂદી, રાષ્ટ્રની એક પાર્લમેન્ટ, પાયાનું ઘટક જિલ્લો.

(૧૦) પોષણક્ષમ ભાવનીતિ.

(૧૧) આવકની ટોચ મર્યાદા. એક પરિવાર એક ધંધો.

(૧૨) નારીજાતિ, પછાતવર્ગ અને ગામડાંનું ગૌરવ.

(૧૩) લોકલક્ષી લોકશાહી.

(૧૪) નૈતિક પાયા પર સંગઠન, અન્યાય પ્રતિકાર અને લોકશાહીનું શુદ્ધિકરણ.

(૧૫) સત્તાની બહાર રહીને સત્તા પર અંકુશ.

(૧૬) વિરોધી નહિ, પૂરક, પ્રેરક અને માર્ગદર્શક પક્ષની જરૂર.

(૧૭) સત્તાલક્ષી કોંગ્રેસનો વિકલ્પ એટલે કાયાકલ્પ, એટલે ગ્રામ કોંગ્રેસ.

(૧૮) સત્તા દ્વારા નહિ, સેવા દ્વારા સમાજપરિવર્તન.

(૧૯) યુગાનુકૂળ પરિવર્તનશીલતા અને સંસ્કૃતિ સાતત્યરક્ષા.

(૨૦) લોકશાહીમાં કાનૂનભંગ નહિ, કાનૂનરક્ષા અને સાથે કાનૂન સુધારણા.

(૨૧) તપોમય પ્રાર્થના સાથેનું નૈતિક સામાજિક દબાણનું સામૂહિક લોકશક્તિનું આંદોલન.

(૨૨) શુદ્ધિપ્રયોગ – લોકશાહીમાં સત્યાગ્રહનું અભિનવ સ્વરૂપ.

આ અને આવી સૂત્રાત્મક વાતો વિચાર અને વાણીમાં જ નહિ, કાર્યમાં પરિણમે એ માટે મુનિશ્રીએ પ્રયોગો કર્યા. કાર્યાનુભવ પછી પ્રયોગશીલ સાહિત્ય નિર્માણ કર્યું. અનિવાર્ય જણાયું ત્યાં તપ કર્યું અને જીવનના છેલ્લા શ્વાસ સુધી સાધના કરી ઉપયોગપૂર્વક જીવ્યા.


**સંત પરમ હિતકારી**

મનુ પંડિત

**મુનિશ્રી સાથેનાં અત્યંત કાવ્યમય પ્રસંગચિત્રણોનો સંપુટ.**
**વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને પ્રેરક અને માર્ગદર્શક.**

## સત્ય–પ્રેમ અને ન્યાયરૂપી સર્વવ્યાપી ઈશ્વરની શોધયાત્રા

આ ત્રીજો ભાગ સંવત ૨૦૦૫નું ચાતુર્માસ ગૂંદી ગામમાં થયેલ ત્યાંથી શરૂ થાય છે. ગૂંદી એ મુનિશ્રીની પ્રવૃત્તિઓનું ત્યાર પછી મુખ્ય કેન્દ્ર બની રહે છે. એ રીતે ૧૯૪૯ના જૂનથી માંડીને ૩૧ માર્ચ ૧૯૫૧ સુધી બનાસ-કાંઠાનો પ્રવાસ પૂરો કરે છે, એ ગાળાને અહીં આવરી લેવામાં આવ્યો છે.

મુનિશ્રીની લોકકેળવણીની આખી પદ્ધતિ તેમની આ વિહારયાત્રામાંથી આપણે જોઈ શકીએ છીએ. ગૂંદી આશ્રમમાં ખેડૂતોનો અઠવાડિક વર્ગ રાખ્યો હતો. પ્રથમ જ વર્ગ હતો. ખેડૂતો ચા-તમાકુ, બીડી વગેરેના વ્યસની પણ હતા, છતાં તેમને વર્ગમાં તાલીમ મળી. તેમનો મુખ્ય આશય હતો કે, ખેડૂત જો દેશ અને દુનિયાના પ્રશ્નો જાતે સમજતો નહી થાય તો ખેતીમાં ગમે તેટલો શ્રમ કરશે, ભોગ આપશે, પણ જ્ઞાન વિના જીવન ઉન્નત બનાવી નહીં શકે.

આવા ઘડતર માટે તેમની આ પ્રદેશની વિહારયાત્રા સતત ચાલુ જ રહેતી.

તેમની લોકઘડતરની એક ચોક્કસ પ્રકારની પરિપાટી હતી. માનવના પરિવર્તન માટે તેના હૃદયનો આંતરસ્પર્શ થવો જોઈએ એનો અર્થ એ કે વ્યક્તિગત સંપર્ક રહેવો જોઇએ. મહારાજશ્રીનો વ્યક્તિગત સંપર્ક અસાધારણ રહેતો, વિહારમાં ગામે ગામ અનેક લોકઆગેવાનોને પ્રત્યક્ષ રીતે તેઓ ઓળખતા.

આ વિહારયાત્રામાં તેમણે એ પ્રશ્નને મુખ્ય બનાવ્યા છે : કંટ્રોલ કાઢવા. પણ સંત કેવળ નકારાત્મક લડાઇ કેવી રીતે આપી શકે? ગાંધીજીએ પ્રજાને અસહકારનો મંત્ર આપ્યો, તો સાથે અઢારવિધ રચનાત્મક કાર્યો પણ આપ્યાં. તેમ મહારાજશ્રીએ સમજાવ્યું કે – કંટ્રોલનું અનિષ્ટ જરૂર છે, પણ તે કાઢવું હોય તો આપણે સ્વયં આપણી જાત ઉપર નિયંત્રણ મૂકવું જોઇએ. અને એ માટે ખેડૂતોનું સંગઠન જરૂરી છે. ગામડાના ઉદ્ધારમાં જ દેશના ઉદ્ધારની ચાવી છે. એવા ગામડાનું સંગઠન થવું જોઇએ. તેથી ગામેગામ ખેડૂતો, મંડળના સભ્ય બને, સ્વેચ્છાએ સભ્ય બને–એ જાતની સમજૂતી આપે છે. ખેડૂત મંડળના પાયામાં નૈતિકતા રહેલી છે. તેઓ કહે છે : કોઇપણ સંસ્થાના પાયામાં સર્વજન હિતનો ખ્યાલ નહીં હોય, તો તે મંડળનું નૈતિક બળ પૂરું નહીં ખીલી શકે, દરેક જણ એક બીજા માટે ઘસાઇ છૂટે તો જ તેમાંથી ત્યાગ અને સહકાર આવશે. (પ્રસ્તાવનામાંથી)

આવરણ : દીપક પ્રિન્ટરી રાયપુર અમદાવાદ–૧